પ્રસ્થેદ્રાચાર્ય ગોસ્વામિશ્રી જીવનાચાર્યજી મહારાજની
આજ્ઞાનુસાર

શ્રીમદ્ભગવદ્ગીતા.

શ્રી વલ્લભજી મહારાજ કૃત તત્ત્વદીપિકાટીકાને અનુસારે
શાસ્ત્રી છગનલાલ અમરજીએ સંક્ષેપમાં ગુજરાતી
ભાષાન્તરસહિત છપાવી પ્રસિદ્ધ કરી.

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ-મુંબઈ

સંવત ૧૯૬૮. શકે ૧૮૩૪. શ્રીવલ્લભાબ્દ ૪૩૪. સને ૧૯૧૨.

ન્યોછાવર રૂ. ૦-૧૨-૦ બાર આના.

પોરબંદરવાળા ગોસ્વામિશ્રી જીવનાચાર્યજીમહારાજની

આજ્ઞાનુસાર

श्रीमद्भगवद्गीता.

શ્રી વલ્લભજી મહારાજ કૃત તત્ત્વદીપિકાટીકાને અનુસારે

શાસ્ત્રી છગનલાલ અમરજીએ સંક્ષેપમાં ગુજરાતી

ભાષાન્તરસહિત છપાવી પ્રસિદ્ધ કરી.

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ-મુંબઈ.

સંવત્ ૧૯૬૮. શકે ૧૮૩૪. શ્રીવલ્લભાબ્દ ૪૩૪. સને ૧૯૧૨.

ન્યોછાવર રૂ. ૦-૧૨-૦ બાર આના.

સર્વે વૈષ્ણવોને સૂચના કરવામાં આવે છે કે, આ ગ્રંથ છપાવતી વખતે બનતી તજવીજ રાખી સુધારવામાં આવેલ છે; તોપણ દૃષ્ટિદોષથી કાંઈ કરેકશનની ચૂકો રહી ગઈ હોય, તે સુધારી વાંચવાની ભલામણ કરવામાં આવે છે.

આ ગીતાજીનું પુસ્તક પ્રસિદ્ધ થયે રૂ. ૩૦૦) ત્રણસોની સહાયતા આપવા ભાવનગરના શેઠ વ્રજલાલ ભગવાનભાઈ પારેખે સુરત વૈષ્ણવ પરિષદ્‌માં ઉદારતા જાહેર કરી છે, તેને માટે તેઓ શેઠને ધન્યવાદ આપવામાં આવે છે.

શાસ્ત્રી છગનલાલ અમરજી.

PRINTED BY I. S. DESAI,
GUJARATI PRINTING PRESS
SASSOON BUILDING—FORT.
BOMBAY:
AND PUBLISHED BY
SHASTRI CHHAGANLAL AMARJI
PORBUNDER KATHIAWAD

श्रीहरिः

श्रीकृष्णायनमः

ननु वक्तृविशेषनिःस्पृहा गुणगृह्या वचने विपश्चितः ।

(કિરાતાર્જુનીય.)

ભૂમિકા.

સમગ્ર અલૌકિક કલ્યાણ ગુણના આશ્રયરૂપ, ચતુર્વ્યૂહ સહિત, પરમ કારુણિક, અર્જુનના સમર્થ સહાયરૂપ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણ વિવેક, ધૈર્ય અને આશ્રયના અભાવને લીધે મૂઢ થયેલ ભગવદીય અર્જુનને ભગવદીયનો શો ધર્મ છે? તે બાબતમાં સંદિગ્ધ થયેલ તથા લોક અને વેદની રીતિને હું જાણનારો છું એમ તે માનતો હોવાથી સાંખ્યયોગ અને ભક્તિનો આશ્રય કરી રહેલ બ્રહ્મવિદ્યાના ઉપદેશથી ભગવદીયના ધર્મમાં તેને પ્રવિષ્ટ કરી જેમણે મુક્ત કર્યા છે, તેમાં પ્રથમ પુરુષોત્તમ શ્રીકૃષ્ણે પોતાની પુષ્ટિ (અનુગ્રહ) મિશ્ર ભક્ત અર્જુનને પ્રથમ વિવેકવાળી સાંખ્યસંબંધી બુદ્ધિવડે કરીને ધર્મમાં જોડ્યા, તેમાં તેને રુચિ નહીં થવાથી ધૈર્યવાળી યોગબુદ્ધિથી સ્વધર્મમાં પોતાના છ ગુણરૂપ છ અધ્યાયોથી જોડ્યા, તો પણ તેમની બુદ્ધિમાં કાંઈ પણ સંદેહ રહેલો જોઈને મોક્ષ આપનાર શ્રીહરિએ માહાત્મ્યભક્તિથી બાર અધ્યાય કહીને સ્વધર્મમાં જોડ્યા, ગીતાજીના કુલ ૧૮ અઢાર અધ્યાય છે, તેમાં પ્રથમના છ અધ્યાય સૂત્રરૂપ છે, તેથી જ છઠ્ઠા અધ્યાયના છેલ્લા શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાને આજ્ઞા કરી છે કે

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।

श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ॥

અર્થ-(આની પહેલાંના શ્લોકમાં તપસ્વી, જ્ઞાની અને કર્મ કરનારાઓથી યોગી અધિક છે એમ કહીને આ શ્લોકમાં કહે છે.) સર્વ યોગિઓમાં પણ મારામાં અન્તરાત્મા રાખીને શ્રદ્ધાવાન્ થઈને જે મારું ભજન કરે છે તેને અત્યન્ત યુક્ત માનેલો છે, એમ કહ્યું છે, તેથી પહેલા છ અધ્યાયમાં પણ છેવટે ભક્તિમાં જ ઉપસંહાર કર્યો છે, ત્યાર પછી બીજા છ અધ્યાય વૃત્તિ (સંક્ષિપ્ત (નહાની) ટીકા)ની માફક છે, તેથી જ બારમા અધ્યાયના છેલ્લા શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાને આજ્ઞા કરી છે કે

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।

श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥

અર્થ-(બારમા અધ્યાયના પ્રારંભમાં અર્જુને પ્રશ્ન કરેલ છે કે જેઓ નિરન્તર આપમાં જોડાયેલા ભક્તો આપની ચોતરફથી ઉપાસના કરે છે અને જેઓ અવ્યક્ત (નહીં જાણી શકાય) એવા અક્ષરની ઉપાસના કરે છે, તે બેમાં યોગને જાણનારમાં ઉત્તમ કોણ? એ પ્રશ્નના ઉત્તરમાં અક્ષરબ્રહ્મના ઉપાસક (જ્ઞાની) કરતાં ભક્તો ઉત્તમ છે તેનું વિવેચન સમગ્ર અધ્યાયમાં કરીને છેવટે આ શ્લોકમાં આજ્ઞા કરે છે કે) જેઓ આ ધર્મરૂપ અમૃતતુલ્ય

મારી ભક્તિનું વિવેચન તમને કહી સંભળાવ્યું તેનું મારા કહેવા પ્રમાણે સમજીને ઉપાસન (પાલન) કરે છે તેઓ શ્રદ્ધા રાખનારા અને મને પરાયણ થયેલ હોઇને મને અત્યન્ત પ્રિય છે એમ કહ્યું છે ત્યાં પણ ભક્તિમાં જ ઉપસંહાર કર્યો છે, અને સહુથી છેલ્લા છ અધ્યાય ભાષ્યરૂપ છે, અર્થાત્ સૂત્ર અને વૃત્તિના વિસ્તારથી વિવેચનરૂપ છે તેથી જ અઢારમા અધ્યાયમાં ઉપદેશની સમાપ્તિ કરતાં સર્વથી અત્યન્ત જે ગુહ્ય છે તે તું સાંભળ એમ કહીને શ્રીકૃષ્ણ ભગવાને આજ્ઞા કરી છે કે

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यन्ते प्रतिजाने प्रियोऽसि मे ॥

અર્થ–(સર્વ ગુહ્યમાં પણ ગુહ્ય આ પરમ વચન કહું છું કારણ કે તું દૃઢ મને પ્રિય છે તે સારુ હું તારું હિત કહીશ એમ આની પહેલાના શ્લોકમાં કહીને પછી આ શ્લોક કહ્યો છે, તેનો અભિપ્રાય એવો છે કે) તું મારામાં મન રાખનારો અને મારું યજન કરનારો મારો ભક્ત થા; અને મને નમન કર એમ કરીશ તો તું મને જ પ્રાપ્ત થઈશ, તું મને પ્રિય છો માટે હું તારી પાસે સત્ય પ્રતિજ્ઞા કરું છું, એવી રીતે સત્ય પ્રતિજ્ઞા કરીને શ્રીકૃષ્ણ ભગવાને આજ્ઞા કરી છે તેમાં પણ ભક્તિના પર્યવસાનમાં જ ઉપસંહાર કર્યો છે, અને ત્યાર પછી તેવી રીતે સઘળી ઇન્દ્રિયો ભગવાન્‌માં જોડાય તેવી ક્રિયા અર્જુનથી બની શકે નહીં તો તેના અનુકલ્પ રીતે સર્વ ધર્મોને છોડીને પોતાની શરણે આવવાનો ઉપદેશ કરીને સમાપ્તિ કરી છે, તે ઉપરથી પણ સિદ્ધ થાય છે કે છેવટના છ અધ્યાયનું તાત્પર્ય ભક્તિમાં જ છે, એમ ત્રણે ષટ્કનું તાત્પર્ય કેવલ ભક્તિમાં જ છે, સાંખ્યથી મિશ્રપણાવડે કરીને યોગનું જે પ્રથમ નિરૂપણ કરેલું છે તે અર્જુન પુષ્ટિમિશ્ર ભક્ત છે એમ બતાવવા માટે છે, કારણ કે તાત્ત્વિક પરિચર્યા શ્રીભાગવતના બારમા સ્કંધમાં નિરૂપણ કરી છે ત્યાં સાંખ્ય અને યોગ ભગવાન્‌ના મકરાકૃતિ કુંડલ છે, તે સાંખ્ય તથા યોગથી યુક્ત મુખારવિન્દરૂપ ભક્તિનું નિરૂપણ કરેલું છે, તે પોતાને અભિપ્રેત પુષ્ટિભક્તિનું સ્વરૂપ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે, અને શ્રીકૃષ્ણ ભગવાને આ મારા છે એવી રીતે પાંડવોનો સ્વીકાર કરેલો છે તેથી શરણમાર્ગે કરીને સેવાનો ધર્મ બતાવ્યો છે. આ ગીતાજીમાં ઉપદેશના સત્તર અધ્યાય છે તેમાં પ્રથમ વિવેક, પછી ધૈર્ય અને છેવટે આશ્રયનો ઉપદેશ કરેલ છે, એમ બતાવવા માટે શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીએ "વિવેકધૈર્યાશ્રય નિરૂપણ" નામના ગ્રન્થમાં સત્તર શ્લોકો કહ્યા છે, પ્રથમાધ્યાયમાં અર્જુનના ખેદનું નિરૂપણ છે, તે નિવૃત્ત કરવા માટે બીજા અધ્યાયમાં સાંખ્યયોગનો ઉપદેશ કરીને તેને સુખ પ્રાપ્ત કર્યું છે. ત્યારપછી આઠ અધ્યાયમાં વાણીથી ઉપદેશ કર્યો તે મર્યાદારૂપ છે અને અગીઆરમા અધ્યાયમાં પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું છે તેથી અગીઆરમા અધ્યાયથી પુષ્ટિભક્તિનું નિરૂપણ છે, અને અન્તમાં સર્વ ત્યાગ બતાવીને પોતાનો આશ્રય રાખી સેવાની કૃતિ કરવી એમ બતાવ્યું છે. એ પ્રમાણે જેઓ પુષ્ટિ ધર્મ પ્રમાણે વર્તે, તેઓને સર્વથા મુક્તિ થાય છે. એવી રીતે ગીતાજીના અઢાર અધ્યાયે કરીને શ્રીકૃષ્ણ ભગવાને શાસ્ત્રનિરૂપિત પોતાના તત્ત્વનો ઉપદેશ કર્યો છે, માટે ભક્તિથી ભગવાન્‌ને અધીન થઈ રહેવું, એ સમગ્ર ગીતાનો સાર છે.

શાસ્ત્રી છગનલાલ અમરજી.

ઉપોદ્ઘાત.

સર્વ સુજ્ઞજનોને વિદિત છે કે સર્વ આચાર્યોએ વેદ, વ્યાસસૂત્ર અને શ્રીમદ્ભગવદ્ગીતા એ ત્રણને પ્રસ્થાનો માનેલાં છે, તેથી જ તેઓનાપર સર્વ આચાર્યોએ પોતાના સિદ્ધાન્ત પ્રમાણે એકવાક્યતા કરી ભાષ્ય કરેલ છે, તેવી રીતે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ ઉપર લખેલાં ત્રણે પ્રસ્થાનો શિવાય ચોથું પ્રસ્થાન શ્રીમદ્ભાગવત માનેલ છે, એ સર્વ સાંપ્રદાયિક વિદ્વાનોના જાણવામાં છે, તેમાં વેદ તથા વ્યાસસૂત્રનો અભિપ્રાય ગંભીર હોવાથી લોકોના જાણવામાં સરલતાથી આવી શકે એમ નથી, તેથી શ્રીમદ્ભગવદ્ગીતા-પર જ ઘણા લોકોની પ્રવૃત્તિ જોવામાં આવે છે, માટે અર્થમાં કોઈ પ્રકારનો આગ્રહ નહીં કરતાં જે શબ્દાર્થ સહજ રીતે જાણવામાં આવે તેવો જ અર્થ કરી પોતાનો સિદ્ધાન્ત સિદ્ધ કરવો એ વધારે માન્ય થઈ શકે એમ સહુ કોઈ સુજ્ઞવર્ગ સહજમાં જાણી શકશે, તેવો અર્થ બતાવવા માટે જ તત્વદીપિકાનામ્ની શ્રીમદ્વલ્લભવિરચિત ટીકા છે તેને અનુસારે સંક્ષેપમાં ગીતાજીનો અર્થ બતાવી સાધારણ વર્ગના લોકોને પણ ખરો અભિપ્રાય જણાવવા માટે પોરબંદરનિવાસી ગોસ્વામી શ્રીવલ્લભાત્મજ શ્રીજીવનાચાર્યજી મહારાજની આજ્ઞાનુસાર સંક્ષિપ્ત ભાષાન્તર કરવાનો આ પ્રયત્ન છે, તે વિષે માલતીમાધવમાં કહેલ છે કે—

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां जानन्तु ते किमपि तान् प्रति नैष यत्नः।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥

અર્થ—જે કોઈ આંહી અમારી અવજ્ઞાનો વિસ્તાર કરે છે તે કાંઈ પણ જાણતા હોય તો ભલે જાણો, કારણ કે અવજ્ઞા કરનારાઓના ઉદ્દેશથી આ અમારો પ્રયત્ન નથી, (પરન્તુ અમારો પ્રયત્ન તેવાઓના ઉદ્દેશથી છે કે) આ ચાલતો કાલ સમાપ્ત થાય તેમ નથી, તેથી મારા અંતઃકરણમાં જેવી ધર્મની લાગણી છે તેવી લાગણીવાળો કોઈ પણ પેદા થશે. તેમ જ આ પૃથ્વી બહોળા વિસ્તારવાળી છે, તેથી તેવા પુરુષોનું અસ્તિત્વ હોવાનો પણ સંભવ છે તેને માટે આ યત્ન છે.

ગીતાતાત્પર્યનો સાર.

શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીમદ્ભગવદ્ગીતાનું તાત્પર્ય શું છે? તે સ્પષ્ટ બતાવી આપ્યું છે તે સમગ્ર આંહી લખીએ તો વિસ્તાર થઈ જાય તે સારુ સંક્ષેપમાં આંહી સાર માત્ર બતાવીએ છીએ કે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને માટે પોતાના તત્વનો ઉપદેશ ગીતાજીમાં કર્યો છે, તેના પ્રારંભમાં અભક્ત એવા ધૃતરાષ્ટ્રના વચનથી ઉપક્રમ કરવો યુક્ત નથી તેમ તેના પુત્ર દુર્યોધનની કથા પ્રથમ કહેવી તે પણ યુક્ત નથી, તેવી જ રીતે યુદ્ધ કરવાનો સમય પ્રાપ્ત થાય તે સમયે મહાશૂરવીર એવા અર્જુનને ખેદ થાય એ પણ યોગ્ય નથી. આંહી કેટલાકનું કહેવું એમ છે કે અર્જુન ઉપદેશ દેવાને યોગ્ય છે તેનું કારણ બતાવવા માટે અર્જુનના ખેદની કથા છે તો તેમ કહેવું પણ યોગ્ય નથી,

કેમકે તે સમયમાં અર્જુનના ખેદની કથાથી એવું જાણવામાં આવે છે કે અર્જુન વિક્ષેપાત્મા હતો પણ શાન્ત્યાદિ ગુણો તે સમયમાં અર્જુનના જણાવનાર કોઈ પણ વાક્ય નથી, તેથી જ્ઞાનનો ઉપદેશ કરવાનો અધિકાર અર્જુનમાં દેખાતો નથી, માટે તેને લૌકિકકથા કહેવી યોગ્ય હતી પણ જ્ઞાનોપદેશ કરવો યોગ્ય નહતો. વળી બીજો પણ એવો સંદેહ થાય છે કે બ્રહ્મવિદ્યા સાંભળવાથી વૈરાગ્ય થઇને સર્વનો ત્યાગ કરવો એ જ અર્જુનને યોગ્ય હતું, પણ ગુરુ, પિતામહ વિગેરેને મારવા અને રાજ્ય ભોગવવું એ બ્રહ્મવિદ્યાના શ્રવણ પછી અર્જુનને યોગ્ય નહતું, એવી જ રીતે આગળ પાછળની કથા વિરુદ્ધ જેવી લાગે છે, તેમ શ્રીકૃષ્ણ ભગવાન્ તેવો ઉપદેશ કરે એ પણ સંભવતું નથી, એવો સંશય થાય ત્યાં શ્રીહરિની કૃપાથી ગીતાજીનું તાત્પર્ય અમારા હૃદયમાં જે આવ્યું છે, તે આંહી બતાવીએ છીએ.

ભક્તિમાર્ગની રીતિ અલૌકિક છે તેનો નિર્ણય સાધારણ રીતિએ કરી શકાય તેમ નથી. આ પાંડવો મારા છે એવી રીતે શ્રીકૃષ્ણ ભગવાને તેઓનો ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે, તેથી જ શ્રીભાગવતના તૃતીયસ્કંધના પ્રથમાધ્યાયમાં વિદુરજીએ પોતાના ભાઈ ધૃતરાષ્ટ્રને કહ્યું છે કે पार्थास्तु देवो भगवान् मुकुन्दो गृहीतवान् (મોક્ષને આપનાર ભગવાન્ શ્રીકૃષ્ણે પાંડવો મારા છે એમ પોતાપણાથી તેઓનું ગ્રહણ કરેલ છે) તેવી જ રીતે શ્રીકૃષ્ણે પાંડવોનો પોતાપણાથી સ્વીકાર કર્યો છે છતાં જો ક્ષત્રિયોના ધર્મ પ્રમાણે ભ્રાતા હોય તે પણ ભ્રાતાને મારે છે એ ન્યાયથી બીજા લોકની રીતે શત્રુઓને મારીને પોતે રાજ્ય કરે તો તે રાજ્યમાં ભગવાન્નો સંબન્ધ રહે નહીં, તેવા રાજ્યનો ભોગ કરવામાં તેનું ભગવદીયપણું રહે નહીં, તે સારુ આંહી ક્ષત્રિય ધર્મથી યુદ્ધ કરવાની તેઓની ઇચ્છા નહીં હોવાથી યુદ્ધથી નિવૃત્ત થવાની કથા કહી છે એટલે લૌકિક રીતિ પ્રમાણે ક્ષત્રિય ધર્મ પ્રમાણે તેણે યુદ્ધ કર્યું નથી, નહીં તો ક્ષત્રિયોનો એવો ધર્મ છે કે યુદ્ધ ઉપસ્થિત થાય ત્યારે વીરરસ ઉત્પન્ન થવો જોઇએ પણ વૈરાગ્ય ઉત્પન્ન થવું નહીં જોઇએ. તે છતાં મહાશૂરવીર અર્જુનને વૈરાગ્ય ઉત્પન્ન થયું તેમાં કારણ ભગવદીયપણું જ છે અને તેમ જો ન હોય તો ધૃતરાષ્ટ્રના પુત્રોને પણ વૈરાગ્ય થવું જોઇએ તે થયું નથી પણ ઉલટો તેઓને ઉત્સાહ થયો છે એમ બતાવવા માટે પ્રથમ ધૃતરાષ્ટ્રના પુત્રોની કથા છે, તેમ ભગવદીય હોય તેને ભગવાન્ના ઇચ્છિત કાર્યોમાં પ્રવૃત્ત થવાની મતિ થાય, એ જ ભગવદીયની સુમતિ કહેવાય, તેથી વિરુદ્ધમતિ એ કુમતિ કહેવાય, તે બતાવવા માટે જ શ્રીમદ્ભાગવતના પ્રથમસ્કંધના નવમા અધ્યાયમાં ભીષ્મજીએ સ્તુતિ કરતાં કહ્યું છે કે

व्यवहितपृतनामुखं निरीक्ष्य स्वजनवधाद्विमुखस्य दोषबुद्ध्या ।
कुमतिमहरदात्मविद्यया यश्चरणरतिः परमस्य तस्यमेऽस्तु ॥

અર્થ—સામે યુદ્ધ કરવાને ઉપસ્થિત થયેલ સેનાનું મુખ જોઇને પોતાના સંબન્ધીઓને મારવા એ દોષરૂપ છે એવી બુદ્ધિ થવાથી યુદ્ધથી નિવૃત્ત થયેલા અર્જુનની કુમતિ જેણે આત્મવિદ્યાનો ઉપદેશ કરી નિવૃત્ત કરી તે પરમ શ્રીકૃષ્ણના ચરણમાં મારી પ્રીતિ થાઓ.

એવી રીતે શ્રીકૃષ્ણ ભગવાન્‌ની ભીષ્મપિતામહે સ્તુતિ કરી છે ત્યાં અર્જુનની ગુરુ વિગેરેને નહીં મારવાની બુદ્ધિને કુમતિ કહી છે, તે પરથી એવું જ સિદ્ધ થાય છે કે પૃથ્વીના ભારરૂપ જે આસુર જીવો* છે તેઓને મરાવવાની જ ભગવાન્‌ની ઈચ્છા છે. તે ઈચ્છાથી વિરુદ્ધ અર્જુનની મતિ થઈ હતી તેથી તેને કુમતિ કહી છે. તે કુમતિને જ શ્રીકૃષ્ણ ભગવાને ગીતાજીના ઉપદેશથી નિવૃત્ત કરી છે એ પણ ભીષ્મજીના વાક્યથી સિદ્ધ થાય છે, તે ઉપરથી ગીતાજીનું તાત્પર્ય ભગવાન્‌ની ઈચ્છા પ્રમાણે વર્તવું એટલું જ સિદ્ધ થાય છે અને ખરી રીતે ત્યાગ પણ એ જ છે કે, ભગવાન્ સિવાય લૌકિક વૈદિક કંઈ પણ ફલની ઇચ્છા રાખવી નહીં, કેવલ ભગવાનની જ ઈચ્છા રાખવી, તેથી જ છેવટ સમાપ્તિમાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને પૂછ્યું છે કે, આ મેં જે ઉપદેશ કર્યો છે તે તેં એકાગ્રચિત્તથી સાંભળ્યો કે કેમ? અને અજ્ઞાનથી થતો મોહ નષ્ટ થયો કે કેમ? તેના જવાબમાં અર્જુને કહ્યું છે કે

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाऽच्युत ! ॥
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥

અર્થ–આપના પ્રસાદથી મોહ નષ્ટ થયો અને આપની ઈચ્છા પ્રમાણે મારે વર્તવું જોઈએ એ સ્મૃતિ મને પ્રાપ્ત થઈ માટે સંદેહ મૂકીને હું ઉભો છું, હવે આપનું વચન (આજ્ઞા) જે પ્રમાણે થશે તે પ્રમાણે હું કરીશ.

એ પ્રમાણે અર્જુને ઉત્તર આપેલ છે તેમાં પણ ભગવાન્‌ની આજ્ઞા પ્રમાણે વર્તવું એ જ સમગ્ર ગીતાજીનું તાત્પર્ય છે એમ અર્જુનને સમજાયું છે, તેથી જ પાંડવોએ રાજ્ય કરેલ છે તે શ્રીકૃષ્ણ ભગવાન્‌ની આજ્ઞાથી કરેલ છે પણ ભોગની ઇચ્છાથી કરેલ નથી.

ઉપર પ્રમાણે સંક્ષેપમાં ગીતાજીનું તાત્પર્ય બતાવ્યું છે જે વાંચવાથી સુજ્ઞ લોકો સમજી શકશે કે આ તાત્પર્યમાં કોઈ પ્રકારનો આગ્રહ રાખવામાં આવ્યો નથી પણ પૂર્વાપર સંદર્ભથી જે તાત્પર્ય સિદ્ધ થાય છે તે જ દર્શાવવામાં આવ્યું છે, તેવી રીતે સમગ્ર ગીતાજીનો સંક્ષેપમાં અર્થ આગ્રહ વગર દેખાડવામાં આવ્યો છે, તો પણ તે વાંચીને જેઓના મનમાં કાંઇ સંદેહ થાય તો કોઈ જાતની વૈતણ્ડિક કલ્પના મનમાં નહીં રાખતાં શુદ્ધ અંતઃકરણથી ખુલાસો પૂછવામાં આવશે તો તેઓને સંતોષ થાય એવો જ યથાયોગ્ય ખુલાસો કરવામાં આવશે. इत्यलम्.

શાસ્ત્રી છગનલાલ અમરજી.

---

* ભીષ્મપિતામહ તથા દ્રોણાચાર્ય વિગેરે જો કે આસુર નહિ હતા તોપણ દુર્યોધન વિગેરે આસુર (રાજાના વેષમાં) હતા તેને અનુસરનારા થયા તેથી તેઓની ગણના પણ આસુરમાં થઈ છે એટલે જ તેઓને મારવા પડ્યા છે.

ગોસ્વામિશ્રી જીવનાચાર્યજી મહારાજના મંદિરમાં
નીચે પ્રમાણે પુસ્તકો મળે છે.

	રૂ. આ. પૈ.
૧ વૈષ્ણવદ્વિજાહ્નિક સંસ્કૃત મંત્રો સહિત ગુજરાતી તથા વ્રજ ભાષામાં (જુદું જુદું) દરેકની ન્યોંછાવર....	૧– ૦–૦
૨ વૈષ્ણવસંક્ષિપ્તાહ્નિક (અસંસ્કૃત ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોને ઉપયોગી)	૦– ૪–૦
૩ ઉપદેશમીમાંસા (ઉપદેશસંબંધી થતી શંકાઓનું નિવારણ)	૦–૧૦–૦
૪ મૂર્ત્તિપૂજા (મૂર્ત્તિને નહિં માનનારાઓની તમામ શંકાઓનું નિવારણ) હિંદી ભાષામાં	૧– ૦–૦
૫ અવતારમીમાંસા (અવતારોને નહિં માનનારાઓની શંકાઓનું નિવારણ) હિંદી ભાષામાં....	૦–૧૨–૦

નીચેના ચાર ગ્રન્થોમાં શારદામઠના શંકરાચાર્ય માધવતીર્થતરફથી થયેલા આક્ષેપોના ખુલાસા છે.

૬ આમ્નાયતત્ત્વભાસ્કર	૦– ૫–૦
૭ શંકરજયંતીની વ્યાખ્યાનમાલાનું અવલોકન.	૦–૧૪–૦
૮ વૈદિકત્વાવૈદિકત્વવિચાર	૦– ૨–૦
૯ શારદામઠધર્મપ્રકરણાન્યાયનીહારભાસ્કર	૧– ૪–૦

ઉપર લખેલાં પુસ્તકો રોકડી કીંમતે મળશે અથવા વેલ્યુપેએબલથી મંગાવશે, તેને મોકલવામાં આવશે.

આ પુસ્તક નીચે લખ્યા ઠેકાણે રોકડી કીંમતે મળશે.

૧ પોરબંદર–શ્રીજીવનલાલજી મહારાજની હવેલીમાં.

૨ મુંબઈ–શ્રીચીમનલાલજી મહારાજવાળા મંદિરમાં. પંડિત જ્યેષ્ટારામ મુકુંદજીની દુકાને, તેલવાડીના નાકાપર. પંડિત નારાયણ મૂલજીની દુકાને, તેલવાડીના નાકાપર.

૩ નડીયાદ–શાહ ત્રિભુવનદાસ પીતાંબરદાસ પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના મંત્રી.

ઉપર લખ્યા ઠેકાણે ન્યોંછાવર રૂ. ૦।।। પોણાથી મળશે.

શાસ્ત્રી છગનલાલ અમરજી.

અધ્યાયોનું સાંકલીયું.

श्रीहरिः

श्रीकृष्णाय नमः

श्रीगोपीजनवल्लभाय नमः

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું

સંક્ષિપ્ત ગુજરાતી ભાષાન્તર.

જ્યારે કૌરવ અને પાંડવોનું યુદ્ધ ઉપસ્થિત થયું ત્યારે શ્રીભગવાન્ વાસુદેવ શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ થયા, એ અર્જુનનો અસાધારણ ઉત્કર્ષ જાણીને પણ સર્વાત્માએ કરીને અંધ ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રનો વિજય થવામાં સંદિગ્ધ થઇને સંજયને પૂછે છે.

धृतराष्ट्र उवाचः—धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत संजय! ॥ १ ॥

અર્થ—ધર્મક્ષેત્ર એવા કુરુક્ષેત્રમાં યુદ્ધ કરવાની ઇચ્છાથી મળેલા મ્હારા (દુર્યોધનાદિ) અને પાંડવો શું કરવા લાગ્યા? એમ ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે, કારણ કે સંજયને વરદાનથી સર્વજ્ઞપણું મળેલ છે, પાંડવો ધર્મપ્રિય છે અને આ ક્ષેત્ર ધર્મક્ષેત્ર છે તેમાં પાંડવો ગુરુ, પિતામહ અને સંબંધીઓને નહિ મારે એવા અભિપ્રાયથી ધૃતરાષ્ટ્રે પ્રશ્ન કરેલ છે. (૧)

શ્રીકૃષ્ણ ભગવાને આ કર્તવ્ય છે એમ અર્જુનને બોધ કર્યો છે તેથી યુદ્ધ કરી તેઓને મારવા એ અધર્મ નથી એમ કહેવા માટે સંજય સંગતિના અઢાર શ્લોક કહે છે, તેમાં પ્રથમ દુર્યોધન વિગેરે અપરાધી છે, છતાં યુદ્ધમાં તેઓ પ્રથમ પ્રવૃત્ત થયા છે એમ બતાવવા માટે દશ શ્લોકોથી દુર્યોધનની કથા કહે છે.

संजय उवाचः—दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसङ्गम्य राजा वचनमब्रवीत् ॥ २ ॥

અર્થ—પાંડવોનું સૈન્ય વ્યૂહરચનાથી ઉભેલું જોઇને દુર્યોધન રાજા દ્રોણાચાર્ય પાસે જઇને આવું વચન બોલ્યો. (૨)

पश्यैतां पाण्डुपुत्राणामाचार्य! महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता॥ ॥ ३ ॥

અર્થ–આચાર્ય ! પાંડવોની મોટી સેના તમારા શિષ્ય બુદ્ધિમાન્ દ્રુપદના પુત્રે વ્યૂહરચનાથી ઉભી રાખી છે તેને જુઓ. (૩)

(સૈન્યમાં ભીષ્મપિતામહનો મુખ્યપણાએ અભિષેક કર્યો છે તેથી તેમને પોતાની મેળેજ ઉત્સાહ છે, અને દ્રોણાચાર્ય કૌરવ તથા પાંડવોને સમાન હોવાથી તેઓ ઉદાસીન રહેશે એમ જાણીને પાંડવોના પક્ષમાં મહોટા યોદ્ધાઓ છે એમ બતાવી પોતા તરફ યુદ્ધમાં ઉત્સાહ રાખવા માટે દ્રોણાચાર્યને દુર્યોધન સમજાવે છે કે તમો બન્નેને સમાન છો તોપણ તેઓની સેના પ્રબલ છે માટે અમારો પક્ષપાત કરો, કારણ કે પાંડવોની સેનાનું રક્ષણ કરનાર ધૃષ્ટદ્યુમ્ન છે તેનું નિરાકરણ તમારા શિવાય બીજાથી થઇ શકે તેમ નથી.)

अत्र शूरा महेश्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥ ४ ॥

અર્થ–પાંડવોની આ સેનામાં મહોટા ધનુષ્વાળા ભીમ અને અર્જુનની બરોબર તમામ યોદ્ધાઓ છે, એમ કહીને તેઓમાના મુખ્ય મુખ્યનાં નામ ગણે છે, સાત્યકિ, વિરાટ્ રાજા, મહારથ દ્રુપદ રાજા, (૪)

धृष्टकेतुश्चेकितानः काशीराजश्च वीर्यवान् ।
पुरुजित् कुंतिभोजश्च शैब्यश्च नरपुंगवः ॥ ५ ॥

અર્થ–ધૃષ્ટકેતુ, ચેકિતાન, કાશીરાજ, વીર્યવાન્ પુરુજીત્ કુંતિભોજ, મનુષ્યમાં શ્રેષ્ઠ શૈબ્ય રાજા, (૫)

युधामन्युश्च विक्रान्त उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्वएव महारथाः ॥ ६ ॥

અર્થ–પરાક્રમી યુધામન્યુ, વીર્યવાન્ ઉત્તમૌજા, અભિમન્યુ અને પાંચ પાંડવોથી દ્રૌપદીમાં ઉત્પન્ન થયેલા પાંચે પુત્રો એ સર્વ મહારથ છે. (૬)

(એક પુરુષ શસ્ત્ર તથા અસ્ત્રના શાસ્ત્રમાં પ્રવીણ થઇને દશ હજાર યોદ્ધાઓ સાથે જે લડાઈ કરે છે તે મહારથ કહેવાય છે અને અસંખ્ય લોકો સાથે લડાઈ કરે છે તે અતિરથ કહેવાય છે.)

अस्माकन्तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ! ।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान् ब्रवीमि ते ॥ ७ ॥

અર્થ–આપણા સૈન્યમાં જેઓ મુખ્ય મુખ્ય નાયક છે તેઓનાં નામ તમોને યાદ રાખવા માટે કહું છું તે તમો ધ્યાનમાં રાખો એટલે તમારા ઉપયોગમાં આવે. (૭)

भवान् भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः ।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥ ८ ॥

અર્થ–ભીષ્મ, કર્ણ, સંગ્રામને જીતનારા કૃપાચાર્ય, અશ્વત્થામા, વિકર્ણ અને ભૂરિશ્રવા એ સઘળાઓ તમો અમારા પક્ષમાં છો. (૮)

अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥ ९ ॥

અર્થ–બીજાઓ પણ મારે માટે જીવિત છોડીદઇને યુદ્ધમાં આવેલા જુદા જુદા પ્રકારના શસ્ત્રો મારવામાં કુશલ, યુદ્ધ કરવામાં ચતુર એવા શૂરવીરો છે. (૯)

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥ १० ॥
अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्वएव हि ॥ ११ ॥

અર્થ–અધિક (અગીઆર અક્ષૌહિણી) સંખ્યાવાળું આપણું સૈન્ય છતાં ભીષ્મજીએ ચોતરફથી રક્ષિત છે તોપણ પાંડવોના સૈન્યને પૂરું પડે તેમ નથી, અને પાંડવોનું સૈન્ય થોડી (સાત અક્ષૌહિણી) સેનાવાળું છતાં ભીમે રક્ષિત હોવાથી અમારી સેનાને પૂરું પડે એમ છે, (૧૦) તેથી તમોને સૂચના આપું છું કે સઘળાઓ તમો વ્યૂહમાં પ્રવેશ થવાના સર્વ માર્ગોમાં વિભાગપ્રમાણે ઉભા રહીને ભીષ્મની રક્ષા કરો, કારણકે સૈન્યની રક્ષા કરવામાં તથા યુદ્ધ કરવામાં વ્યગ્ર હોવાથી પોતાની રક્ષામાં ઉદાસીન રહેવાની સંભાવના થાય છે અને શત્રુઓ છિદ્રને શોધતા હોય તેથી ભીષ્મનું ચિત્ત વ્યગ્ર જાણે કે, તેનાપર પ્રહાર કરે. (૧૧)

એવી રીતની પોતાની રક્ષા માટે દુર્યોધન રાજાની ચિન્તા જોઇને ભીષ્મે શંખનાદ કર્યો તે ઉપરથી બન્ને સેનાવાળાઓએ શંખનાદ કર્યા તે આઠ શ્લોકથી બતાવે છે.

तस्य संजनयन् हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शंखं दध्मौ प्रतापवान् ॥ १२ ॥
ततः शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाऽभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥ १३ ॥
ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
माधवः पाण्डवश्चैव दिव्यौ शंखौ प्रदध्मतुः ॥ १४ ॥
पाञ्चजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ।
पौंड्रं दध्मौ महाशंखं भीमकर्मा वृकोदरः ॥ १५ ॥

અર્થ—તે દુર્યોધનને સારી રીતે હર્ષ કર્તા કુરુમાં વૃદ્ધ અને પ્રતાપી ભીષ્મ પિતામહે ઉચ્ચ સ્વરથી ગર્જના કરી શંખનાદ કર્યો. (૧૨) તે પછી શંખ, ભેરી, પણવ, આનક અને ગોમુખ વગેરે યુદ્ધનાં વાદિત્રો એકદમ વાગવા લાગ્યાં. તે શબ્દ મિશ્રિત થયો. (૧૩) ત્યાર પછી કૌરવોનો યુદ્ધનો ઉદ્યમ જોઇને પાંડવોને મૌન રહેવું એ યોગ્ય નથી તેથી પૃથ્વીના ભારને ઉતારવા માટે પ્રવૃત્ત થયેલા નર અને નારાયણનો યુદ્ધનો ઉત્સવ કહે છે કે કૌરવોના સૈન્યમાં શંખ વગેરે વાદિત્રો વાગવા લાગ્યાં ત્યાર પછી શ્વેત અશ્વથી યુક્ત મોટા રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ અને અર્જુને દિવ્ય શંખનો નાદ કર્યો. (૧૪) તેમાંથી હૃષીકેશ શ્રીકૃષ્ણે પાંચજન્ય શંખનો નાદ કર્યો. અને અર્જુને દેવદત્ત નામના શંખનો નાદ કર્યો, ભયંકર કામ કરનાર ભીમે પૌંડ્ર નામના મોટા શંખનો નાદ કર્યો. (આંહી શ્રીકૃષ્ણનું નામ હૃષીકેશ કહેવાથી એવું સૂચવ્યું છે કે સર્વેની ઇન્દ્રિયોના પ્રવર્તક શ્રી કૃષ્ણની યુદ્ધમાં પ્રવૃત્તિ થઈ ત્યારે સર્વેની ઇન્દ્રિયો તેમની ઈચ્છા પ્રમાણે યુદ્ધમાં પ્રવૃત્ત થશે, અને ભીમસેનનું નામ વૃકોદર કહેવાથી ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, બુદ્ધિ, સ્મરણશક્તિ, ધૈર્ય, સ્થૈર્ય, યોગ, પ્રાણ અને બળ તે દશપ્રકારનો વાયુ છે તે વાયુરૂપ ભીમસેન છે માટે તેનું નામ વૃકોદર છે. (૧૫)

अनन्तविजयं राजा कुंतीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥ १६ ॥
काश्यश्च परमेष्वासः शिखंडी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥ १७ ॥
द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ! ।
सौभद्रश्च महाबाहुः शंखान् दध्मुः पृथक् पृथक् ॥ १८ ॥
स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥ १९ ॥

અર્થ—કુંતીપુત્ર યુધિષ્ઠિર રાજાએ અનન્તવિજય નામના શંખનો નાદ કર્યો, નકુલ અને સહદેવે સુઘોષ અને મણિપુષ્પક નામના શંખનો નાદ કર્યો, (યુધિષ્ઠિરના શંખને અનન્તવિજય કહીને તેણે ઘણાનો જય મેળવ્યો છે. એમ સૂચવ્યું છે. યુદ્ધમાં સ્થિર રહેનાર છે એમ બતાવવા માટે યુધિષ્ઠિર એ નામ આપ્યું છે.) (૧૬) ઉત્તમ ધનુષ્‌વાળા કાશીરાજા) મહારથ શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન; વિરાટરાજા, કોઈ દિવસે પરાજય નહિ પામેલા સાત્યકિ, (૧૭) દ્રુપદરાજા, દ્રૌપદીના પાંચે પુત્રો અને સુભદ્રાના પુત્ર મહાબાહુ અભિમન્યુ એ સઘળાઓએ જુદા જુદા ચોતરફથી શંખના નાદ કર્યા.

(૧૮) તે શંખોનો શબ્દ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધન વગેરેના હૃદયનું ભેદન કરતો મિશ્રિત થઇને આકાશ તથા પૃથ્વીને, ગર્જાવવા લાગ્યો. (૧૯)

એવી રીતે બન્ને સૈન્યમાં શંખનાદ થયા પછી શ્રીકૃષ્ણની આજ્ઞાથી યુદ્ધમાં પ્રવૃત્ત થયેલ અર્જુનની યુદ્ધમાં પ્રવૃત્ત થયાપછી યુદ્ધ કરવાથી સર્વ બંધુઓનો નાશ થશે, એમ જાણી અર્જુનને વૈરાગ્ય થયું, તે કહેવા માટે અર્જુને કારણ સહિત શ્રીકૃષ્ણ ભગવાનને પ્રેરણા કરી, તેમાં પ્રથમ અર્જુનના વાક્યનો ઉપક્રમ દોઢ શ્લોકથી કહીને અઢી શ્લોકથી અર્જુનનાં વાક્યો કહે છે.–

अथ व्यवस्थितान् दृष्ट्वा धार्तराष्ट्रान् कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पांडवः ॥ २० ॥
हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते! ।
अर्जुन उवाचः–सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत! ॥ २१ ॥
यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥ २२ ॥
योत्स्यमानानवेक्षेऽहं यएतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥ २३ ॥

અર્થ–શંખનાદ થયા પછી સામે યુદ્ધ કરવાને ઉભેલા ધૃતરાષ્ટ્રના પુત્રો (દુર્યોધન વગેરે) ને જોઇને શસ્ત્રનો સંપાત પ્રવૃત્ત થયો છે તે સમયે ધનુષ્ ઉગામીને પાંડુના પુત્ર અર્જુને હૃષીકેશ ભગવાનને નીચે પ્રમાણે કહ્યું, અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને કહે છે કે આપ પોતાના સ્વરૂપમાંથી ખસો નહિ એવા છો (અર્થાત્ મારા રથનું સારથિપણું કરો છો તોપણ સહજ ઐશ્વર્યાદિ ગુણોથી જેવા પૂર્ણ છો તેવાજ છો), તેથી આપના સ્વરૂપમાં રહીને આ રણના સમાગમમાં મારે કોની સાથે યુદ્ધ કરવું? એવી રીતે યુદ્ધ કરવાની ઇચ્છાથી સામે ઉભેલા યોદ્ધાઓને જયાં સુધી હું જોઉં છું ત્યાં સુધી બન્ને સેનાની વચ્ચે મારા રથને સ્થાપન કરો, (૨૦–૨૧–૨૨) કે જેથી દુર્બુદ્ધિવાળા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનું પ્રિય કરવાની ઈચ્છા રાખનારા યુદ્ધકરનારા જેઓ આંહી આવ્યા છે તેઓને હું જોઈ શકું. (૨૩)

એ કથા સંજય ધૃતરાષ્ટ્રને ચાર શ્લોકથી કહે છે.

संजय उवाचः–एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत! ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥ २४ ॥
भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षताम् ।
उवाच पार्थ! पश्यैतान् समवेतान् कुरूनिति ॥ २५ ॥

तत्रापश्यत् स्थितान् पार्थः पितॄनथ पितामहान् ।
आचार्यान् मातुलान् भ्रातॄन् पुत्रान् पौत्रान् सखींस्तथा ।
श्वशुरान् सुहृदश्चैव सेनयोरुभयोरपि ॥ २६ ॥
तान् समीक्ष्य स कौन्तेयः सर्वान् बन्धूनवस्थितान् ।
कृपया परयाऽऽविष्टो विषीदन्निदमब्रवीत् ॥ २७ ॥

અર્થ–સંજય ધૃતરાષ્ટ્રને કહે છે કે ગુડાકેશ અર્જુને એવી રીતે હૃષીકેશ શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યું ત્યારે બન્ને સેનાની વચમાં ઉત્તમ રથને સ્થાપીને ભીષ્મ અને દ્રોણાચાર્યના પ્રમુખપણા નીચે સર્વે રાજાઓને બતાવીને કહ્યું કે, અરે અર્જુન ! યુદ્ધ કરવા એકઠા થયેલા આ સર્વે કૌરવોના પક્ષવાળાને જો, ત્યારે અર્જુને કૌરવોના સૈન્યમાં જ્યાં દૃષ્ટિ ફેરવી ત્યાં મુરબ્બી પિતાતુલ્ય કૃપાચાર્ય વગેરે તથા પિતામહ ભીષ્મ વગેરે, આચાર્ય દ્રોણાચાર્ય વગેરે, માતુલ શલ્ય વગેરે ભાઇઓ દુર્યોધન વગેરેને તથા તેના પુત્ર અને પૌત્રોને, સખાઓને, સસરાઓને તથા બીજા સંબંધીઓને બન્ને સેનામાં ઉભેલા તે યોદ્ધાઓને જોઇને આ સઘળા બન્ધુઓ છે એમ જાણીને કુંતાજીના પુત્ર અર્જુન અત્યન્ત કૃપાથી પરિપૂર્ણ થઈ, ખેદ કરતાં શ્રીકૃષ્ણ ભગવાનને આવી રીતે કહેવા લાગ્યા. (૨૪–૨૫–૨૬–૨૭)

હવે અઢાર શ્લોકથી અર્જુનના ખેદની કથા કહેવામાં આવે છે,

अर्जुन उवाचः–दृष्ट्वेमं स्वजनं कृष्ण! युयुत्सुं समुपस्थितम् ।
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ॥ २८ ॥
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ।
गांडीवं स्रंसते हस्तात् त्वक् चैव परिदह्यते ॥ २९ ॥
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ।
निमित्तानि च पश्यामि विपरीतानि केशव! ॥ ३० ॥
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ।
न कांक्षे विजयं कृष्ण! न च राज्यं सुखानि च ॥ ३१ ॥
किं नो राज्येन गोविन्द! किं भोगैर्जीवितेन वा ।
येषामर्थे कांक्षितं नो राज्यं भोगाः सुखानि च ॥ ३२ ॥
तइमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च ।
आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ॥ ३३ ॥
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः संबन्धिनस्तथा ।
एतान्न हन्तुमिच्छामि घ्नतोऽपि मधुसूदन! ॥ ३४ ॥

अपि त्रैलोक्यराज्यस्य हेतोः किन्नु महीकृते ।
निहत्य धार्तराष्ट्रान् नः का प्रीतिः स्याज्जनार्दन! ॥ ३५ ॥
पापमेवाश्रयेदस्मान् हत्वैतानाततायिनः ।
तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान् स्वबांधवान् ।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ! ॥ ३६ ॥
यद्यप्येते न पश्यन्ति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥ ३७ ॥
कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्त्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ! ॥ ३८ ॥
कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥ ३९ ॥
अधर्माऽभिभवात् कृष्ण ! प्रदुष्यन्ति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय ! जायते वर्णसंकरः ॥ ४० ॥
संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ।
पतन्ति पितरो ह्येषां लुप्तपिण्डोदकक्रियाः ॥ ४१ ॥
दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥ ४२ ॥
उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन! ।
नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम ॥ ४३ ॥
अहो बत महत् पापं कर्त्तुं व्यवसिता वयम् ।
यद् राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ॥ ४४ ॥
यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥ ४५ ॥

અર્થ—અર્જુન શ્રીકૃષ્ણને કહે છે કે સામે યુદ્ધ કરવાને ઉભેલા આ સ્વજનને જોઇને મારા અવયવો કંપાયમાન થાય છે અને મુખ સુકાઈ જાય છે. (૨૮) શરીરમાં કંપ ઉઠે છે, તમામ રુંવાડાં ઉભાં થાય છે, હાથમાંથી ગાંડીવ ધનુષ્ પડવા માંડે છે અને ત્વચામાં દાહ થાય છે. (૨૯) હું સામે ઉભવાને સમર્થ થતો નથી, મારું મન ભ્રમિતજેવું થઈગયું છે અને વિપરીત શકુનો જોઉં છું. (૩૦) હું શ્રેય થાય એમ જોતો નથી, સંગ્રામમાં સ્વજનને મારીને વિજય, રાજ્ય કે સુખોને હું ઇચ્છતો નથી. (૩૧) ગોવિન્દ ! રાજ્ય ભોગ અને જીવતરથી શું કરવાનું છે? કે જેઓને માટે આપણને રાજ્ય, ભોગ અને સુખ મેળવવાની ઇચ્છા થાય છે (૩૨) તેઓ પોતે

પોતાના પ્રાણ અને ધનની આશા છોડીદઇને યુદ્ધમાં સામે ઉભા છે, જેમકે આચાર્યો, પિતાતુલ્ય માન્ય બીજાઓ, પુત્રો, પિતામહો, (૩૩) મધુસૂદન! મામાઓ, સસરાઓ, પૌત્રો, સાળાઓ તથા સંબન્ધીઓ એ સઘળા સામે ઉભા છે તેઓ મને મારશે તોપણ, તેઓને મારવાને હું ઇચ્છતો નથી. (૩૪) જનાર્દન! પૃથ્વીના રાજ્ય માટે તો શું, પણ ત્રૈલોક્યના રાજ્યના કારણે પણ ધૃતરાષ્ટ્રના પુત્રોને મારીને આપણને કઇ પ્રીતિ મેળવવાની છે? (૩૫) સામે યુદ્ધ કરવાને ઉભેલાઓને મારીને આપણને પાપજ લાગવાનું છે, માટે પોતાના બાંધવરૂપ ધૃતરાષ્ટ્રના પુત્રોને મારવા આપણે યોગ્ય નથી, માધવ! સ્વજનને મારીને આપણે સુખી કેમ થઈએ? (૩૬) જો કે લોભથી તેઓનું ચિત્ત નષ્ટ થઈગયું છે, તેથી તે લોકો કુલક્ષયથી થતા દોષને તથા મિત્રદ્રોહથી થતા પાતકને જોતા નથી, (૩૭) તોપણ જનાર્દન! કુલક્ષયથી થતા દોષને જોનારા હોઇને આપણે આ પાપથી નિવૃત્ત થવા માટે કેમ ન જાણવું? (૩૮) કુલક્ષય થવાથી સનાતન કુલધર્મો નષ્ટ થાય છે, ધર્મ નષ્ટ થવાથી સઘળા કુલને અધર્મ પરાભવ કરે છે. (૩૯) કૃષ્ણ! કુલને અધર્મનો પરાભાવ થવાથી કુલસ્ત્રીઓ દૂષિત થાય છે અને વાર્ષ્ણેય! સ્ત્રીઓ દુષ્ટ થવાથી કુલમાં વર્ણસંકર પેદા થાય છે, (૪૦) કુલમાં થયેલો તે વર્ણસંકર કુલનો નાશ કરનારાઓને અને કુલને નરકની પ્રાપ્તિના કારણરૂપ થાય છે, કારણ કે તે કુલના પિતૃઓ પોતાની પિણ્ડોદક ક્રિયા લુપ્ત થવાથી નરકમાં પડે છે, (૪૧) વર્ણસંકરને પેદા કરનારા કુલનાશકના એ દોષોથી જાતિધર્મો તથા કુલધર્મો સનાતન ચાલતા આવતા નષ્ટ થાય છે. (૪૨) જનાર્દન! જેઓના કુલધર્મો નષ્ટ થયા છે, તેવા મનુષ્યોનો હમેશાં નરકમાં વાસ રહે છે એમ અમોએ સાંભળ્યું છે. (૪૩) અહો! ખેદની વાત છે કે અમો મોટું પાપ કરવાને તત્પર થયા છીએં, જે રાજ્યસુખના લોભથી સ્વજનને મારવા તૈય્યાર થયા છીએ. (૪૪) મારે તો હાથમાં શસ્ત્ર રાખવું નથી અને સામાને મારવાનો ઉપાય કરવો નથી, તેથી ધૃતરાષ્ટ્રના પુત્રો હાથમાં શસ્ત્ર રાખીને સંગ્રામમાં મને મારે તો તે મને અત્યન્ત કલ્યાણરૂપ થાય. (૪૫)

એવી રીતે અર્જુને કહીને સંગ્રામ નહીં કરવાનો નિશ્ચય કર્યો એમ સંજય ધૃતરાષ્ટ્રને કહે છે.

संजय उवाच—एवमुक्त्वाऽर्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥ ४६ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे अर्जुनविषादयोगो नाम प्रथमोऽध्यायः ॥ १ ॥

અર્થ—સંજય ધૃતરાષ્ટ્રને કહે છે કે એવી રીતે અર્જુન સંગ્રામમાં (શ્રીકૃષ્ણને) કહીને બાણસહિત ધનુષ્‌ને છોડીને શોકમાં ડુબી ગયેલા મનથી રથપર બેશી ગયો,

અર્થાત્ પોતાને કોની સાથે યુદ્ધ કરવું છે? એમ જોવા માટે ઉભો થયેલ હતો તે શોકમાં ડુબીને રથપર બેશી ગયો, (અર્જુન મહા દયાયુક્ત છે અને લોક તથા વેદના ધર્મને પોતાને જાણનારો માનીને કોમળ મનથી સામે યુદ્ધમાં મરનાર આપણા બન્ધુઓ છે એમ જોઇને તેઓના ઉપરના સ્નેહથી તેઓને મારવામાં અધર્મ છે એમ ભય લાગવાથી રુંવાડાં ઉભાં થઈ શરીરમાં પસીનો આવી ગયો છે અને સર્વથા હું યુદ્ધ કરીશ નહીં એમ શ્રીકૃષ્ણ ભગવાનને કહીને રથમાં બેશી ગયો એ અર્જુનનું આર્તપણું બતાવ્યું છે.) (૪૬)

ઇતિ શ્રીભગવદ્‌ગીતા ભાષાન્તરમાં અર્જુનના ખેદનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ થયો. (૧)

પ્રથમના અધ્યાયમાં વૈરાગ્યરૂપ અર્જુનના દુઃખનું નિરૂપણ કર્યું તેથી સાંખ્ય, તથા યોગનું નિરૂપણ કરવામાં અર્જુન આધિકારી છે એમ સિદ્ધ કર્યું છે, વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને ભક્તિ એ પાંચ વિદ્યાના પર્વ છે, તેમાં સાંખ્ય અને યોગ પણ પર્વરૂપ હોવાથી અંતઃકરણમાં ભગવાનનો આવેશ કરવામાં સહાયભૂત છે, તે એવી રીતે કે આત્માના સ્વરૂપનું વિજ્ઞાન થવાની સ્થિરબુદ્ધિના પ્રયોજનરૂપ છે, તે સાંખ્ય તથા યોગનું જ્ઞાન થવાથી જીવ ભગવાનનો અંશ છે એમ સારી રીતે સ્ફૂર્તિ થઇને ભગવાનનો આશ્રય કરવામાં આદર થાય છે, અને જેને ભગવાનનો આશ્રય થયો હોય તેનું, ભગવાનની આજ્ઞારૂપ ધર્મનું પાલન કરવું એ જ કાર્ય છે, તેથી ભગવાનની આજ્ઞારૂપ ધર્મથી અર્જુને યુદ્ધાદિક કરેલ છે, જે ભક્ત પુષ્ટિમિશ્ર હોય તેને સાંખ્યમાત્રમાંજ રુચિ થાય નહિં; તેથી જ્યાં સુધી રુચિ થઇ નથી ત્યાં સુધી પ્રશ્ન કરતો ગયો છે, સાંખ્ય અને યોગના મધ્યમાં ભગવાને સ્વધર્મમાં રહેવાનું અર્જુનને જે કહ્યું છે તેનાથી અર્જુનના હૃદયમાં પુષ્ટિનો પ્રકાર સ્થિર થશે, તે માટે આ બીજા અધ્યાયમાં પ્રથમ અર્જુનના ખેદની વાત કહીને પછી સાંખ્યનું નિરૂપણ કર્યું છે, ત્યાર પછી સ્વધર્મનું નિરૂપણ કરીને યોગનું નિરૂપણ કરી સ્થિરબુદ્ધિ થવાનું પ્રયોજન બતાવ્યું છે.

પૂર્વના અધ્યાયમાં અર્જુન શોકમાં મગ્ન થઇને શસ્ત્ર તથા અસ્ત્ર છોડીદઇને રથમાં બેઠો ત્યાર પછી શું કર્યું? એમ જાણવાની ઇચ્છા થાય તે સારુ સંજય ધૃતરાષ્ટ્રને કહે છે,

संजय उवाच–तं तथा कृपयाऽऽविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ १ ॥

અર્થ–એવી રીતે કૃપાથી આવિષ્ટ થયેલા અને અશ્રુથી પૂર્ણ તથા વ્યાકુલ નેત્રવાળા અને ખેદ કરતા અર્જુનને મોહરૂપી મધુદૈત્યને નાશ કરનાર શ્રીકૃષ્ણ ભગવાન્ આવું વાક્ય કહેવા લાગ્યાઃ—

श्रीभगवानुवाच–कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ! ॥ २ ॥
क्लैब्यं मास्मगमः पार्थ ! नैतत् त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परन्तप ! ॥ ३ ॥

અર્થ–શ્રીકૃષ્ણ ભગવાન્ અર્જુનને કહે છે કે તારું નામ અર્જુન છે તેથી તું શુદ્ધ સ્વરૂપ[1] છો, છતાં આવા સંકટમાં તને દુઃખ ક્યાંથી પ્રાપ્ત થયું? તે દુઃખ અનાર્ય પુરુષોને થાય તેવું, સ્વર્ગમાં જવા નહીં આપે એવું તથા અપકીર્તિ કરનારું છે. (૨) માટે પરન્તપ! પાર્થ! નપુંસકપણાને પ્રાપ્ત ન થા, એ તારામાં ઘટે નહીં. ક્ષુદ્ર હૃદયની નબળાશ છોડીને (યુદ્ધ કરવાને) ઉભો થા. (૩)

એવી રીતે ભગવાનનાં વચન સાંભળી તેનો અભિપ્રાય નહીં જાણી પોતાના હૃદયમાં જે સંદેહ છે તે બતાવીને શ્રેયનું સ્વરૂપ જાણવા માટે શ્રીકૃષ્ણ ભગવાનનો શિષ્ય થઇને તથા શરણે થઇને પોતાને ઉપદેશ કરવાની પ્રાર્થના કરે છે.

अर्जुन उवाच–कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ! ।
इषुभिः प्रतियोत्स्यामि? पूजार्हावरिसूदन ! ॥ ४ ॥
गुरूनहत्वा हि महानुभावान् श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।
हत्वाऽर्थकामांस्तु गुरूनिहैव भुंजीय भोगान् रुधिरप्रदिग्धान् ॥ ५ ॥
न चैतद् विद्मः कतरन्नो गरीयो यद्वा जयेम यदि वा नो जयेयुः ।
यानेव हत्वा न जिजीविषामस्तेऽवस्थिताः प्रमुखे धार्त्तराष्ट्राः ॥ ६ ॥
कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥ ७ ॥
नहि प्रपश्यामि ममापनुद्याद् यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम् ।
अवाप्य भूमावसपत्नमृद्धं राज्यं सुराणामपि चाधिपत्यम् ॥ ८ ॥

અર્થ–અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને કહે છે કે, અરિસૂદન! ભીષ્મ અને દ્રોણાચાર્ય પૂજા કરવા યોગ્ય છે તેઓને હું બાણથી કેમ મારું? (૪) એ મોહરૂપી મધુદૈત્યને મારનારા આપ છો તે મારો મોહ નિવૃત્ત કરો, અર્થ અને કામ એ બન્ને પુરુષાર્થના સ્વરૂપભૂત ગુરુઓને મારીને તેઓના લોહીથી ખરડાયેલા ભોગો ભોગવવા કરતાં મહાનુભાવ ગુરુઓને માર્યા શિવાય ભીખ માંગીને જીવન ચલાવવું એ લોકમાં સારું ગણાય, (૫) આ યુદ્ધમાં અમો જીતીએ અથવા તો તેઓ જીતે તેમાં ઉત્તમ શું છે? તે હું જાણતો નથી, કારણ કે જેઓને મારીને આપણે જીવવાની ઇચ્છા

---

[1] શ્વેત વર્ણનું નામ અર્જુન છે અને તે શ્વેત વર્ણ સ્વાભાવિક છે તેવી રીતે તું શુદ્ધસ્વરૂપ છે એમ બતાવવા માટે અર્જુન નામ કહ્યું છે.

રાખીએ નહીં તેઓ ધૃતરાષ્ટ્રના પુત્રો યુદ્ધમાં (મરવા માટે) સામે ઉભેલા છે, (૬) માટે કાર્પણ્યદોષથી મારો સ્વભાવ હણાઇ ગયો છે અને ધર્મમાં મારું ચિત્ત મૂઢ થઇગયું છે, તેથી જે કંઈ નિશ્ચય સારો જણાય તે મને કહો. હું આપનો શિષ્ય છું, હું આપને શરણે આવ્યો છું માટે મને ઉપદેશ કરો (૭) મને પૃથ્વી ઉપર શત્રુ વગરનું સમૃદ્ધિવાળું રાજ્ય મળે કે દેવતાઓનું અધિપતિપણું (ઇન્દ્રપણું) મળે તોપણ મારી ઇન્દ્રિયોને સૂકાવનાર મારા શોકને મટાડે એમ હું જોતો નથી, (૮)

એવી રીતે અર્જુનનાં વચન સાંભળી શ્રીકૃષ્ણભગવાન્ તેને કહે છે, તે સંગતિ મેળવવા માટે સંજય ધૃતરાષ્ટ્રને બે શ્લોકથી કહે છે–

संजय उवाच–एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परन्तप! ।
न योत्स्यइति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव ह ॥ ९ ॥
तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत! ।
सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदं वचः ॥ १० ॥

અર્થ–સર્વની ઇન્દ્રિયોના ઈશ શ્રીકૃષ્ણ ભગવાન્‌ને તન્દ્રારહિત અર્જુન એટલાં વચનો કહીને હું યુદ્ધ નહીં કરું એમ ગોવિન્દ ભગવાન્‌ને કહી મૌન પકડીને બેશી રહ્યા (૯) તેની ઇન્દ્રિયોના નિયન્તા ભગવાન્ (મારી ઇચ્છા પ્રમાણે જ સર્વની ઈન્દ્રિયો કાર્યમાં પ્રવૃત્ત થાય છે તે ભૂલી જઇને અર્જુન દૃઢ નિશ્ચય કરીને બેસે છે એમ) હાસ્ય કર્તા હોય તેમ બન્ને સૈન્યોની વચ્ચે ખેદ કર્તા અર્જુનને આવાં વચનો કહે છે. (૧૦)

श्रीभगवानुवाच–अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥ ११ ॥
न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥ १२ ॥
देहिनोऽस्मिन् यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥ १३ ॥
मात्रास्पर्शास्तु कौन्तेय! शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत! ॥ १४ ॥
यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ! ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥ १५ ॥
नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोन्तस्त्वनयोस्तत्वदर्शिभिः ॥ १६ ॥

अविनाशि तु तद् विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित् कर्तुमर्हति ॥ १७ ॥
अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद् युध्यस्व भारत ! ॥ १८ ॥
य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ १९ ॥
न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥ २० ॥
वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ! कं घातयति हन्ति कम् ॥ २१ ॥
वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥२२॥
नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ २३ ॥
अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतस्थाणुरचलोऽयं सनातनः ॥ २४ ॥
अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥ २५ ॥

અર્થ—અર્જુનને શોક તથા મોહની નિવૃત્તિ કરવા માટે શ્રીકૃષ્ણ ભગવાન્ સાંખ્યબુદ્ધિનો ઉપદેશ કરે છે, તે સાંખ્ય ઘણા પ્રકારનું છે, તેમાં અઠ્ઠાવીશ તત્વનું સ્વરૂપ ભગવાન્ જ છે એવી રીતનું જે સાંખ્ય છે તે સત્પુરુષોએ પ્રમાણરૂપ માનેલું છે, બીજા સાંખ્યનો વ્યાસસૂત્રમાં નિષેધ કર્યો છે તેવી જ રીતે જે સબીજ યોગમાં ભગવાનનું ધ્યાન છે તે સબીજ યોગ અને નિર્બીજ યોગમાં ભગવાનના સ્વરૂપનો બોધ કરેલો છે તે યોગનો સત્પુરુષોએ આદર કરેલો છે, વૈરાગ્ય, જ્ઞાન, યોગ, પ્રેમ અને તપ એ પાંચ પર્વમાંથી એક દૃઢ પર્વથી ભગવાનનું ભજન કરે તોપણ તે માણસ સિદ્ધિને પામે છે, માટે અર્જુનની કુમતિ મટાડવા સારુ સાંખ્ય અને યોગ કહ્યા છે, સાંખ્યમાં ત્યાગ અને યોગમાં અત્યાગ એવા બે ભેદ છે, તેમાં સાંખ્યમાં અહંતામમતાનો નાશ થયા પછી સર્વથા અહંકારરહિત થઇને પોતાના સ્વરૂપમાં જ્યારે જીવ રહે ત્યારે કૃતાર્થ થઇને હરિનો આશ્રય કરે, યોગમાર્ગમાં અત્યાગ કહ્યો છે અને ત્યાગ જે છે તે મનવડે કરીનેજ છે. યમ નિયમાદિક યોગના અંગો છે તે યોગમાર્ગમાં કર્તવ્ય છે, તે યોગ સિદ્ધ થાય ત્યારે કૃતાર્થ થાય. ઈશ્વરનું આલંબન

રાખી ધ્યાન કરનારનો યોગ ભગવાનમાં ચિત્ત લગાવીને ઘણા જન્મોના વિપાકથી નિશ્ચલભક્તિ ઉત્પન્ન કરે છે, અને સાંખ્યમાં પણ સર્વે તત્ત્વો ભગવદ્રૂપ છે એમ સમજી ભગવાનમાં ચિત્ત લગાડે તો ઘણા જન્મે ભક્તિ ઉત્પન્ન થાય, સર્વ કર્મો ભગવાનને અર્પણ કરવાથી નૈષ્ટિકી ભક્તિ થાય છે, માટે પ્રથમ સાંખ્યની બુદ્ધિથી ધર્મની નિષ્ઠાનું નિરૂપણ કરે છે,

ભગવાન્ અર્જુનને કહે છે કે, તું નહીં શોક કરવા યોગ્ય લોકોનો શોક કરતો હતો, અને બુદ્ધિમાન્ લોકોની માફક વાતો કરે છે, પંડિત લોકો, મરેલાઓ માટે (મરી ગયા પછી મરનારાઓની શી ગતિ થશે?) તેમ જીવતાઓ માટે (મુઆ પાછળ જીવતા રહેનારાઓની શી ગતિ થશે) એવો વિચાર લાવી શોક કરતા નથી. (૧૧) હું હતો નહીં એમ નહીં હતું (મતલબ કે હું હમેશાં છું) તું નથી, આ રાજાઓ નથી, સઘળા આપણે હવે પછી નહીં થશું એમ નથી (અર્થાત્ સર્વદા સર્વે છે અને છે) (૧૨) પ્રાણીમાત્રને જેમ કુમારઅવસ્થા, યુવાવસ્થા અને જરાવસ્થા આવે છે (તેમાં તો કોઈ પણ શોક કરતું નથી) તેની માફક બીજા દેહની પ્રાપ્તિ થાય છે તેમાં ધીર પુરુષ મુંઝાતો નથી, (૧૩) ભરતકુલમાં ઉત્પન્ન અર્જુન! રૂપવગેરે માત્રા[1] (વિષય) ને સ્પર્શ કરનારી ઇન્દ્રિયોની સાથે સંબન્ધ કરનાર શીતોષ્ણાદિ સુખદુઃખો કોઇ સ્થલમાં અને કોઈ કાળમાં સુખ આપે છે અને કોઈ સ્થલમાં અને કોઈ કાળમાં દુઃખ આપે છે, તે ઇન્દ્રિયોના અભ્યાસને લીધે જે સુખ દુઃખ માનવામાં આવે છે તે અનિત્ય છે. માટે સહન કર. (૧૪) સુખ તથા દુઃખમાં સમતા રાખનાર જે ધીરપુરુષને એ માત્રા (વિષયો) સ્પર્શો વ્યથા કરતા નથી તે પુરુષ અમૃતપણા માટે કલ્પાય છે (મતલબ કે મોક્ષ- પામે છે) (૧૫) અસદ્વાદનું નિરાકરણ કરવા માટે ભગવાન્ કહે છે કે, કાલત્રયમાં પણ જે પદાર્થો (ખપુષ્પ વિગેરે) નથી તેની સત્તા થતી નથી અને કાલત્રયમાં જે આત્મા વિદ્યમાન છે તેનો અભાવ થતો નથી, જો દેહાદિક નાશાત્મક છે એમ માનતો હો તો તેની સત્તા કહી શકાતી નથી અને ઉત્પન્ન થાય છે માટે અસત્તા પણ કહેવાતી નથી કારણ કે અસત્‌ની ઉત્પત્તિ થાય નહિ, ત્યારે સત્ અને અસત્ એ બન્ને કહેવાં જોઇએ તેમાંથી સત્‌નો કે અસત્‌નો નાશ થઇ શકે નહિ, તેપરથી એમ સમજવું કે દેહાદિકનો નાશ દેખાય છે તોપણ તે કાર્યકરનાર છે તેથી તેનું સત્પણું માનવું જોઇએ એ માટે પ્રાગભાવ અને ધ્વંસનું પ્રતિયોગીપણું માનીને જ દેહાદિક અસત્ય કહેવાય છે અને પ્રકૃતિના કારણભૂત સચ્ચિદાનન્દાત્મક અક્ષર બ્રહ્મની સાથે અનન્ય છે એવી દૃષ્ટિથી નિત્યપણું છે, તેથી જ વિષ્ણુપુરાણમાં જગતને અક્ષર બ્રહ્મ- રૂપ કહેલ છે અથવા એ શ્લોકનો બીજો અર્થ એવી રીતનો પણ થાય છે કે, સત્ શુદ્ધ

[1] આંહી માત્રાસ્પર્શ શબ્દ કહેવાથી વિષયોમાં લંપટ થવું તે માતાની સાથે સ્પર્શ કરવા જેવું મહાપાતક છે એમ વ્યંગ્યથી બતાવ્યું છે.

અને અશુદ્ધ એમ બે પ્રકારનું છે, તેમાં આત્મામાં રહેલુ સત્ શુદ્ધ છે અને જડમાં રહેલું સત્ અશુદ્ધ છે, એટલે આત્માની અપેક્ષાએ શુદ્ધ સત્પણાથી રહિત જડ એવા દેહાદિકનો ભાવ એટલે શુદ્ધ સત્ત્વ થતું નથી, અને શુદ્ધ સત્વાળો જે આત્મા છે તેના શુદ્ધ સત્ત્વનો અભાવ કોઇ દિવસ થતો નથી તે શુદ્ધ સત્ત્વ અને અશુદ્ધ સત્ત્વ બન્નેનો નિર્ણય તત્ત્વદર્શીઓએ જોયેલો છે (૧૬) એવી રીતે અસ્તિ, વૃદ્ધિ અને વિપરિણામ એ ત્રણે વિકારોનું નિરાકરણ કરી હવે ક્ષય તથા વિનાશનું નિરાકરણ કરે છે, કે જેનાથી આ સર્વ વ્યાપ્ત થઇને રહ્યું છે, તે બ્રહ્મસ્વરૂપને અવિનાશી જાણ, જેનો નાશ થઈશકે નહિ એવા બ્રહ્મસ્વરૂપનો નાશ કોઈ પણ કરી શકે એમ નથી, (૧૭) આ દેહનો નાશ થવાથી શોક કરતો હો તો તેપણ કરવો નહિ કારણ કે દેહમાં રહેલ દેહી અવિનાશી નિત્ય છે તે અપ્રમેયના દેહ અન્તવાળા છે, તેથી દેહનો નાશ થવો જરૂરનો છે, માટે તું યુદ્ધ કર. (૧૮) આત્માનો નાશ થાય એમ તું માનતો હો તો આત્માનો નાશ સમજનાર અને આત્મા મારે છે એમ સમજનાર કાંઇ પણ જાણતો નથી, કારણ કે આ આત્મા કોઇને મારતો નથી અને કોઈથી મરાતો નથી, (૧૯) આત્માનો નાશ થતો નથી એ બાબતમાં કઠોપનિષદ્ની શ્રુતિ પ્રમાણમાં આપે છે કે, આત્મા કયારેય ઉત્પન્ન થતો નથી અને મરતો નથી તથા ઉત્પન્ન થઇને પાછો થવાનો નથી. તે અજન્મા છે, નિત્ય છે, સર્વદા રહેનાર જુનો છે, શરીરનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી, એવી રીતે જે આત્માને નિત્ય જાણે છે તેનું ફલ કહે છે. કે જે એ આત્માને નિત્ય અવિનાશી તથા અજન્મા જાણે છે તે પુરુષ પાર્થ ! કેવી રીતે કોને મરાવે છે અને કોને મારે છે? (૨૧) જુનાં વસ્ત્રોને છોડીદઇ માણસ જેમ બીજાં નવાં વસ્ત્રને ગ્રહણ કરે છે તેવી રીતે જીવ જુના શરીરને છોડી દઇને બીજાં નવાં શરીરને ગ્રહણ કરે છે, (૨૨) તે જીવને શસ્ત્ર કાપતાં નથી, અગ્નિ બાળતો નથી, જળ ભીંજવતું નથી, વાયુ સૂકાવતો નથી. (૨૩) એ જીવ કપાય નહીં એવો, બળે નહીં એવો, ભીંજાય નહીં એવો તથા સૂકાય નહીં એવો, નિત્ય સર્વ દેહમાં રહેનાર, સ્થિર, અચલ અને સનાતન છે. (આંહી સ્થિર અને અચલ એ બન્ને શબ્દો એક અર્થને કહેનારા હોવાથી પુનરુક્તિ દોષ આવે છે. તેની નિવૃત્તિ કરવા માટે સર્વગતસ્થાણુ એવું સમસ્તપદ માનીને સર્વગત એવાં બ્રહ્મની સાથે રહેનાર અને અણુ જીવ છે એવો અર્થ કરવામાં આવે છે,) (૨૪) આ જીવ અવ્યક્ત (અક્ષરબ્રહ્મરૂપ) અચિન્ત્ય અને વિકારરહિત કહેવાય છે, માટે એવી રીતે જીવને જાણીને તેની પાછલ શોક કરવાને તું યોગ્ય નથી. (૨૫)

હવે બીજા પક્ષથી શોક નહીં કરવા માટે શ્રીકૃષ્ણ ભગવાન્ અર્જુનને પાંચ શ્લોકથી બોધ કરે છે,

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथाऽपि त्वं महाबाहो! नैनं शोचितुमर्हसि ॥ २६ ॥
जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ २७ ॥
अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत! ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना? ॥ २८ ॥
आश्चर्यवत् पश्यति कश्चिदेनमाश्चर्यवद् वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति श्रुत्वाऽप्येनं वेद न चैव कश्चित् ॥२९॥
देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत! ।
तस्मात् सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥ ३० ॥

અર્થ—મહાબાહુ! લોકાયતિકના મતમાં રહીને આત્મા નિત્ય છે ને તે સદા ઉત્પન્ન થાય છે, અને મરે છે એમ તું માનતો હો તો પણ તું શોક કરવાને યોગ્ય નથી (૨૬) કારણ કે જે ઉત્પન્ન થયો તેનું મરણ થવુંજ જોઇએ અને જેનું મરણ થયું તેનો જન્મ થવોજ જોઇએ એ નિશ્ચય છે માટે કોઈનાથી નિવૃત્તિ ન થાય એવી બાબતમાં તારે શોક કરવો નહીં જોઇએ, (૨૭) ફરીને સાંખ્યની રીતિપ્રમાણે ઉપદેશ કરે છે કે, આ સધળાં ભૂત અવ્યક્ત હતાં, મધ્યમાં વ્યક્ત થયાં અને છેવટે લય પણ અવ્યક્તમાંજ થવાનો, એમાં ભૂત શબ્દથી તું કાર્યશરીર માનતો હો તો અવ્યક્તશબ્દથી પ્રકૃતિ સમજવી, અને જો ભૂત શબ્દથી આત્મા માનતો હો તો અવ્યક્તશબ્દથી અક્ષરબ્રહ્મ સમજવું એટલે જે પ્રથમ અવ્યક્ત (અસ્પષ્ટ) હતાં અને વચમાં વ્યક્ત (સ્પષ્ટ) થયાં તે ફરીને અવ્યક્ત (અસ્પષ્ટ) થાય તો તેમાં ચિન્તા કરવાનું શું કારણ? કેવલ વ્યક્તમાં અભિમાન રાખવાથીજ ખેદ થાય છે, માટે અભિમાનને છોડી દેવું એટલે પછી શી બાબતની ચિન્તા થાય? (૨૮) આ આત્માને કોઈ આશ્ચર્યની માફક જુએ છે તો બીજો આશ્ચર્યની માફક કહે છે વળી અન્ય આશ્ચર્યની માફક સાંભળે છે અને કોઈ સાંભળીને પણ એ આત્માને જાણતો નથી, (૨૯) સર્વ પ્રાણીઓના શરીરમાં આ આત્મા હમેશાં અવધ્ય (નહીં મારી શકાય તેવો) છે માટે ભારત! સર્વ ભૂતોનો શોક કરવાને તું યોગ્ય નથી. (૩૦)

શ્રીકૃષ્ણ ભગવાન્ ક્ષત્રિયોના ધર્મ પ્રમાણે અર્જુનને બે શ્લોકથી બોધ કરે છે,

स्वधर्ममपि चावेक्ष्य न विकंपितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत् क्षत्रियस्य न विद्यते ॥ ३१ ॥
यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ! लभन्ते युद्धमीदृशम् ॥ ३२ ॥

અર્થ—"તેં એમ કહ્યું કે મારા શરીરમાં કંપ થાય છે" તે ક્ષત્રિયોના ધર્મથી વિરુદ્ધ છે, તું ક્ષત્રિયોના ધર્મને જાણે છે, તે ધર્મ તરફ દ્રષ્ટિ કરીશ તો પણ કંપ થવો યોગ્ય નથી, કારણ કે ધર્મથી પ્રાપ્ત થયેલ યુદ્ધ કરતાં બીજું શ્રેય ક્ષત્રિયોને નથી. (૩૧) દૈવેચ્છાથી સ્વર્ગનું દ્વાર ખુલ્લું થયું છે, માટે પાર્થ! ધર્મથી પ્રાપ્ત થયેલાં આવાં યુદ્ધને સુખી ક્ષત્રિયો મેળવી શકે છે. (૩૨)

હવે યુદ્ધ નહિં કરવામાં બાધક છે તે ચાર શ્લોકોથી કહિને બે શ્લોકોથી યુદ્ધ કરવામાં ફલ શ્રીભગવાન્ અર્જુનને કહે છે.

अथ चेत् त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्त्तिं च हित्वा पापमवाप्स्यसि ॥ ३३ ॥
अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥ ३४ ॥
भयाद् रणादुपरतं मंस्यन्ते त्वां महारथाः ।
येषां च त्वं बहु मतो भूत्वा यास्यसि लाघवम् ॥ ३५ ॥
अवाच्यवादांश्च बहून् वदिष्यन्ति तवाहिताः ।
निन्दन्तस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ॥ ३६ ॥
हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौन्तेय! युद्धाय कृतनिश्चयः ॥ ३७ ॥
सुखदुःखे समे कृत्वा लाभाऽलाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ ३८ ॥

અર્થ—ક્ષત્રિયોના ધર્મરૂપ આ યુદ્ધ પ્રાપ્ત થયું છે તેને તું નહિ કર તો તેનાથી તારા ધર્મ તથા કીર્તિની હાનિ થશે અને પોતાના ધર્મરૂપ યુદ્ધ નહિ કરવાથી તેના પ્રત્ય-વાયરૂપ પાપ લાગશે. (૩૩) સર્વ પ્રાણી માત્ર તારી કોઇ દિવસ બંધ નહી પડે એવી અપકીર્તિ કરશે અને યુદ્ધમાં પ્રસિદ્ધ થયેલાની અપકીર્તિ મરણ કરતાં વધારે છે. (૩૪) જો કે તું સર્વ સંબન્ધીઓને મારવામાં દોષ લાગે એવા ભયથી તું યુદ્ધ કરતો નથી તોપણ યુદ્ધમાં ઉભેલા સઘળા યોદ્ધાઓ મહારથ છે તે (મહારથીઓને) જોઇને અર્જુન ભયથી સંગ્રામ કરતો અટકી ગયો એમ માનશે, જેઓની આગળ તું મોટો લડવૈયો ગણાયો છે, તેઓની પાસેજ તું હલકાઇને પામીશ, (૩૫) તારા શત્રુઓ તારાં સામ-ર્થ્યની નિન્દા કરીને નહિ બોલાય એવાં દુર્વચનો કહેશે તો તેનાથી વધારે અધિક શું દુઃખ છે? (૩૬) અને યુદ્ધ કરતાં કરતાં તું મરી ગયો તો સ્વર્ગને પ્રાપ્ત થઇશ અને જીતીશ તો રાજ્ય ભોગવીશ, માટે કૌન્તેય! યુદ્ધ કરવાનો નિશ્ચય કરી ઉભો થા

(એટલે યુદ્ધ કરવું ઉત્તમ કે નહિ કરવું ઉત્તમ એ હું જાણતો નથી એમ તેં કહ્યું છે તો તેના ઉત્તરમાં યુદ્ધ કરવામાં તને બન્ને રીતે લાભ છે એમ શ્રીકૃષ્ણ–ભગવાને બતાવ્યું છે) (૩૭)

"સંબન્ધીઓને મારવામાં અમોને પાપ લાગે" એમ તેં કહ્યું છે તો તે બાબતમાં તારે સમજવું જોઇએ કે પુણ્ય અને પાપનાં ફલ–સુખ અને દુઃખ છે. તે સુખદુઃખનાં લાભ અલાભ અને જય તથા પરાજય સમાન છે એમ અંતઃકરણમાં નિશ્ચય કરીને યુદ્ધને માટે જોડા અને તેવી બુદ્ધિ રાખવાથી તને પાપ લાગશે નહિ. (૩૮)

એવી રીતે શોકને નિવૃત્ત થવા માટે શ્રીભગવાને સાંખ્યનો ઉપદેશ કર્યો, તેમાં અર્જુનની રુચિ લાગી નહિ તેથી તેના મનનું સમાધાન કરવા માટે આત્મયોગનો ઉપદેશ પંદર શ્લોકથી કરે છે,

एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु ।
बुद्ध्या युक्तो यया पार्थ! कर्मबन्धं प्रहास्यसि ॥ ३९ ॥
नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥ ४० ॥
व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन! ।
बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥ ४१ ॥
यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ! नान्यदस्तीति वादिनः ॥ ४२ ॥
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥ ४३ ॥
भोगैश्वर्यप्रसक्तानां तयाऽपहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥ ४४ ॥
त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन! ।
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥ ४५ ॥
यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।
तावान् सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥ ४६ ॥
कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥ ४७ ॥
योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय! ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥ ४८ ॥

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ! ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥ ४९ ॥
बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद् योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥ ५० ॥
कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयम् ॥ ५१ ॥
यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥ ५२ ॥
श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥ ५३ ॥

અર્થ—આટલા વખત સુધી જે ઉપદેશ કર્યો છે તે સાંખ્યરીતિથી કર્યો છે, હવે મનના નિરોધરૂપ યોગમાં સ્વધર્માચરણને અભિમત બુદ્ધિ કહું છું તે સાંભળ, જે બુદ્ધિથી યુક્ત એવો તું પુણ્ય અને પાપરૂપ કર્મના બંધનમાંથી છુટો થઈશ, (૩૯) સાંખ્યાદિકથી યોગમાં સુગમતા બતાવે છે કે જેણે યોગબુદ્ધિમાં ધર્મનો જે પ્રારંભ કર્યો હોય તેનો નાશ થતો નથી તે ધર્મનું થોડું આચરણ કર્યું હોય તો પણ તે મહોટા ભયથી બચાવે છે. (૪૦) કુરુનંદન ! આ યોગમાં નિશ્ચયાત્મક એક જ બુદ્ધિ છે અને નિશ્ચયવગરના લોકોની બુદ્ધિ ઘણીશાખાવાળી અને અનંત થાય છે. (૪૧) પાર્થ ! વેદના અભિપ્રાયને નહિ જાણનારા વેદના અભિપ્રાયના વાદ કરવામાં પ્રીતિ રાખનારા અને વેદબોધિત કર્મનું ફળ સ્વર્ગાદિક છે બીજું નથી એમ કહેનારા વેદની વાણીને પુષ્પિત કહે છે (અર્થાત્ સ્વર્ગસુખનો અર્થ આત્મસુખ છે એમ ઉપનિષદ્‌માં પ્રતિપાદન કરેલ છે તેને નહિ સમજી સ્વર્ગમાં સુખ ભોગવવાની ઈચ્છાથી સ્વર્ગલોકને જ ફળરૂપ માને છે). (૪૨) ભોગ અને ઐશ્વર્ય મળે એવી કામનાવાળાઓ હોવાથી સ્વર્ગલોકજ ફળરૂપ છે એમ તેઓ માને છે, વેદની વાણીમાં કર્મ કરવાના ભેદ ઘણા હોવાથી તે વાણી સારો જન્મ અને સારાં કર્મરૂપ ફળ આપે છે. (૪૩) ભોગ અને ઐશ્વર્યમાં આસક્ત થયેલા અને સ્વર્ગાદિકનું ફળ સૂચવનારી વેદવાણીથી જેઓનું ચિત્ત હરાઈગયું છે એવા મીમાંસક લોકોને સમાધિમાં નિશ્ચયાત્મક બુદ્ધિ થતી નથી. (૪૪) એમ કહીને શ્રીકૃષ્ણ—ભગવાન્ વેદનું તાત્પર્ય કહે છે કે ત્રણે ગુણના અધિકારી તથા કામનાવાળા પુરુષોને ત્રિગુણરૂપ ફળ આપનાર (સ્વર્ગલોક, પશુ, પુત્ર, સ્ત્રી અને ધન વિગેરે તથા સ્વર્ગલોકાદિક મળવાનાં કર્મો બતાવનાર) વેદની વાણી ત્રણ ગુણના વિષયરૂપ છે અને અર્જુન ! તું તો ત્રણે ગુણોથી રહિત મારામાં આસક્તિવાળો થા, સુખદુ:ખથી રહિત, નિત્ય, શુદ્ધ—સત્વમાં રહીને યોગક્ષેમની

ચિન્તા છોડીદઇને ધૈર્યરાખનાર થા (આયોગને અનુસારે ભગવાને બતાવ્યું છે પણ તેનો અભિપ્રાય એવો છે કે ભગવદીયને તો ભક્તિયોગને અનુસારે ભગવાનને આધીન યોગક્ષેમ રાખીનેજ રહેવું જોઇએ એમ સૂચવ્યું છે). (૪૫) તળાવમાં કે મીઠા સમુદ્રમાં તૃષાવાળાને જેટલું ઉપયુક્ત છે તેટલું જ જલ ગ્રહણ કરવામાં આવે છે, તેવી રીતે વેદના અર્થજાણનાર બ્રાહ્મણને જેટલું પોતાના આત્માને સિદ્ધિનું સાધન હોય તેટલુંજ ગ્રહણ કરવાનું છે.) (૪૬) વેદરૂપ સમુદ્રમાંથી મારે શું ગ્રહણ કરવું? એમ જાણવાની અર્જુનની ઈચ્છા થાય ત્યાં શ્રીકૃષ્ણ–ભગવાન્ કહે છેકે તને કર્મમાં જ અધિકાર છે પણ કર્મના ફળમાં અધિકાર નથી. અર્થાત્ કર્મના ફળની આસક્તિ છોડીદઇને નિષ્કામ કર્મ કર, કર્મના ફળના કારણરૂપ તું કોઈ દિવસ થઇશ નહિ અને નિષિદ્ધ કર્મ કે પરધર્મનો સંગ તને મ થાઓ. (૪૭) ધનંજય! (ત્યારે કેવી રીતે કર્મ કરવું? તે જાણવાની ઇચ્છા થાય ત્યાં ભગવાન્ કહે છે કે) યોગમાં રહીને કર્મમાં આસક્તિ છોડીદઇને કર્મ કર. સિદ્ધિ અને અસિદ્ધિમાં સરખી બુદ્ધિ રાખવી તેનું નામ યોગ છે તેયોગમાં રહીને કર્મ કરવું, (૪૮) ધનંજય! અયુક્ત કર્મ, નિશ્ચયાત્મક બુદ્ધિયોગથી હીન છે માટે નિશ્ચયાત્મક બુદ્ધિ થવા સારૂ મારા આશ્રયનું ગ્રહણ કર. જેફલનું કારણ મનમાં રાખીને કર્મ કરે તે કૃપણ કહેવાય. અર્થાત્ ફળ મળે તોપણ તૃષ્ણાવાળા રહે છે. (૪૯) એવી રીતના બુદ્ધિયોગથી સુખદુઃખના કારણરૂપ પુણ્ય તથા પાપને છોડીદે છે, માટે બન્ધન ન થાય તેવી રીતે તું કુશલતા રાખવારૂપ યોગયુક્ત થા. (૫૦) એવી રીતેનો યોગ રાખવાથી બુદ્ધિયુક્ત ડાહ્યા પુરુષો કર્મથી થતાં ફળને છોડીદઇને જન્મના બન્ધનથી મુક્ત થઇને દુઃખરહિત સ્થાનને પ્રાપ્ત થાય છે. (૫૧) જ્યારે વિવેકધૈર્યાદિવાળી તારી બુદ્ધિ મોહની મેલાશને છોડીદઇને નિશ્ચયાત્મક થશે ત્યારે સાંભળવાનું અને સાંભળેલું જેટલું છે તેમાં વૈરાગ્યને પામશે. (૫૨) વેદના વચનોથી ભ્રમિત થયેલી તારી બુદ્ધિ જ્યારે નિશ્ચલ થઇને સમાધિમાં અચલ રહેશે ત્યારે તું યોગને પ્રાપ્ત થઇશ. (૫૩)

એવી રીતે ભગવાનના કહ્યા પછી અર્જુન પૂર્વશ્લોકમાં કહેલ સ્થિરપ્રજ્ઞનું સ્વરૂપ તથા તે કરવાનો પ્રકાર પૂછે છે;

अर्जुन उवाच–स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ? ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥ ५४ ॥

અર્થ–કેશવ! સમાધિસ્થ સ્થિતપ્રજ્ઞ કોને કહેવો? સ્થિતધી કેમ બોલે છે? કેમ બેસે છે? તથા કેમ ચાલે છે? (૫૪)

હવે શ્રીભગવાન્ અર્જુનના પ્રશ્નનો ખુલાસો આ અધ્યાયની સમાપ્તિસુધી કરે છે;

श्रीभगवानुवाच–प्रजहाति यदा कामान् सर्वान् पार्थ! मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ ५५ ॥
दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ५६ ॥
यः सर्वत्राऽनभिस्नेहस्तत्तत् प्राप्य शुभाशुभम् ।
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५७ ॥
यदा संहरते चायं कूर्मोंऽगानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५८ ॥
विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥ ५९ ॥
यततो ह्यपि कौन्तेय! पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥ ६० ॥
तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६१ ॥
ध्यायतो विषयान् पुंसः संगस्तेषूपजायते ।
संगात् संजायते कामः कामात् क्रोधोऽभिजायते ॥ ६२ ॥
क्रोधाद् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥ ६३ ॥
रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥ ६४ ॥
प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥ ६५ ॥
नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥ ६६ ॥
इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवांभसि ॥ ६७ ॥
तस्माद्यस्य महाबाहो ! निगृहीतानि सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६८ ॥
या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ ६९ ॥

आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत् कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी ॥ ७० ॥
विहाय कामान् यः सर्वान् पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥ ७१ ॥
एषा ब्राह्मी स्थितिः पार्थ! नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वाऽस्यामन्तकालेऽपि ब्रह्म निर्वाणमृच्छति ॥ ७२ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
सांख्ययोगनिरूपणं नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

અર્થ—પાર્થ! સ્થિતપ્રજ્ઞનું સ્વરૂપ એવી રીતે સમજવું કે જયારે મનમાં રહેલા સર્વ કામોને છોડીદેછે અને આત્માએ કરીને આત્મામાંજ સંતુષ્ટ રહે છે, ત્યારે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. (૫૫) દુઃખોમાં મન ઉદ્વિગ્ન ન રહે અને સુખોમાં ઇચ્છા ન રહે, રાગ, ભય અને ક્રોધ જેમાં રહેતા નથી તે સ્થિતધી મુનિ કહેવાય છે. (૫૬) શું બોલે છે? એમ પૂછ્યું છે તેનો જવાબ કહે છે કે શુભ અને અશુભ મળે તોપણ સર્વમાં જેને સ્નેહ લાગેલો નથી તેવો શુભ મળે તો રાજી થતો નથી અને અશુભ મળેતો ખેદ પામતો નથી તેની બુદ્ધિ સ્થિર થઇ છે એમ સમજવું.(૫૭) કેવી રીતે બેસે છે? તે પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે, જેમ કાચબો પોતાના બહાર દેખાતાં અંગોને ખેંચીને અંદર લેઇલેછે તેવી રીતે આ જયારે ઇન્દ્રિયોના અર્થોમાંથી ઇન્દ્રિયોને ખેંચીલેછે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થઇ છે એમ સમજવું (૫૮) જયારે પુરુષ આહાર છોડીદે ત્યારે રસ-શિવાય સઘળી ઇન્દ્રિયો નિવૃત્ત થાય છે કારણ કે આહાર કર્યા શિવાય કોઇ પણ ઇન્દ્રિયો પોતાના કાર્યમાં પ્રવૃત્ત થઇશકતી નથી પરન્તુ રસના ઇન્દ્રિયને જુદા જુદા પ્રકારના રસનો સ્વાદ લેવામાં અભિલાષા વધતીજાય છે, તે અભિલાષા પરમાત્માના આનંદનો અનુભવ કરે ત્યારે નિવૃત્ત થાયછે, કેમકે પરમાત્માના આનંદને લીધે અલ્પ લૌકિક આનંદને આપનાર વસ્તુમાં પ્રવૃત્તિ ન થાય તે યોગ્ય જ છે, (૫૯) કૌન્તેય! ઇન્દ્રિયોને વશ કરવામાં વિદ્વાન્ પુરુષ યત્ન કરતો હોય તોપણ ઇન્દ્રિયો મનનું મથન કરનારી હોવાથી તે મનને હરીલેછે, (૬૦) તે ઇન્દ્રિયોને બલાત્કારથી નિયમમાં રાખીને મારી પરાયણ થઇને મારામાં જોડાયેલો થઇને જે રહે છે તેની બુદ્ધિ સ્થિર થઇ છે એમ સમ-જવું (૬૧) એવી રીતે બાહ્યઇન્દ્રિયોનો નિયમ ન થાય તો તેમાં દોષ—પ્રાપ્ત થાય છે તે બતાવીને મનનો નિરોધ નકરે તો યોગબુદ્ધિના ભ્રંશરૂપ દોષ થાય છે, તે સારુ મનનો નિરોધ રાખે તેનું સ્થિરબુદ્ધિપણું ચાર શ્લોકથી બતાવે છે કે શબ્દાદિક વિષયોનો વિચાર કરનાર પુરુષને તે વિષયોમાં આસક્તિ થાય છે, અને વિષયોની આસક્તિથી તેમાં કામના રહે છે, તે કામના પૂર્ણ કરવામાં જે આડો આવે તેનાપર ક્રોધ થાય છે

(૬૨) અને ક્રોધ થવાથી મોહ થાય છે અર્થાત્ વિવેક મટીજાય છે અને વિવેકનો નાશ થયો એટલે શાસ્ત્ર અને ગુરુના ઉપદેશની સ્મૃતિ રહેતી નથી અને સ્મૃતિનો નાશ થયો ત્યારે નિશ્ચયાત્મકબુદ્ધિનો નાશ થાય છે અને નિશ્ચયાત્મકબુદ્ધિનો નાશ થવાથી પોતાનો નાશ થાય છે અર્થાત્ પોતે પ્રાકૃતજેવો થઈજાય છે. (૬૩)

ઇન્દ્રિયોનો સ્વભાવ વિષયોની સન્મુખ જવાનો છે એટલે ઇન્દ્રિયો પોતાની મેળે વિષયો તરફ જાય છે, તેને જ્યાં સૂધી અટકાવી શકે નહિ ત્યાં સૂધી સ્થિર-બુદ્ધિ થઈશકે નહિ તે સારુ તેને અટકાવવાનો રસ્તો બતાવે છે કે અંતઃકરણમાં રાગદ્વેષાદિક નહિ રાખીને ઇન્દ્રિયોવડે વિષયોનો ભોગ કરે છે તેને ઇન્દ્રિયો વશ હોવાથી જે પોતાનું કર્ત્તવ્ય છે તેમાં જ ચિત્ત લગાડે છે તે અંતઃકરણના પ્રસાદને પ્રાપ્ત થાય છે અર્થાત્ તેનું અંતઃકરણ સદા પ્રસન્ન રહે છે, (૬૪) જેનું અંતઃકરણ સર્વદા પ્રસન્ન રહે છે. તેનાં સર્વ દુઃખો નિવૃત્ત થાય છે, તેમજ પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ તુરત સ્થિર થાય છે. (૬૫) મારામાં જે જોડાયેલો નથી તેને સ્થિરબુદ્ધિ થતી નથી, અને નિશ્ચયાત્મક ભાવના થતી નથી. ભાવના થઈ નહિ એટલે શાન્તિ થતી નથી, અને શાન્તિ નથી તો સુખ ક્યાંથી થાય? (ન જ થાય.) (૬૬) ઇન્દ્રિયો વિષય તરફ જતી હોય તો તેની પાછળ મન ચાલ્યુંજાય તો તે મન, વાયુ સમુદ્રમાં જેમ નાવને ખેંચીજાય છે તેમ તેની બુદ્ધિને ખેંચીજાય છે, (૬૭) માટે મહાબાહો! સર્વ વિષયથી ઇદ્રિયોને ખેંચીને જેઓએ પોતાના વશમાં કરેલ છે તેઓની બુદ્ધિ સ્થિર થઈ એમ સમજવું. (૬૮) સર્વભૂતપ્રાણીઓની જે રાત્રિ છે (અર્થાત્ રાત્રિમાં નિદ્રા કરે ત્યારે કોઈ પણ ઇન્દ્રિયો બહાર વિષય તરફ જતી નથી તેવી રીતે મારામાં જોડાયેલા પુરુષની બુદ્ધિ સ્થિર થવાથી ઇન્દ્રિયોને નિયમમાં રાખનાર તે પુરુષ) તેમાં જાગ્રત્ રહે છે, અને જે સમયમાં પ્રાણીમાત્રો જાગે છે તેને મોહમાં પડેલા જોનાર સ્થિરબુદ્ધિવાળો મુનિ તેને રાત્રિમાં સુતા છે એમ દેખે છે. (૬૯) જળથી પરિપૂર્ણ તથા મર્યાદામાં રહેનાર સમુદ્રમાં જેમ સર્વ જળ પ્રવેશ કરી લીન થાય છે તેમ સર્વ કામનાઓ જેનાં અંતઃકરણમાં પ્રવેશ કરી લીન થાય છે તે શાન્તિને પામે છે અને કામનાની ઇચ્છાવાળો માણસ શાન્તિને પામતો નથી, (૭૦) માટે સર્વ કામનાઓને છોડીદઇને નિઃસ્પૃહ અને અહંતામમતારહિત થઇને જે પુરુષ રહે છે તે શાન્તિને પ્રાપ્ત થાય છે. (૭૧) પાર્થ! આ ઉપર કહી તે બ્રહ્મસંબંધી સ્થિતિ છે, એ સ્થિતિ પ્રાપ્ત થયા પછી મોહમાં પડતો નથી, અને અંતકાળમાં પણ એ સ્થિતિમાં રહીને મોક્ષરૂપ બ્રહ્મસુખને પ્રાપ્ત થાય છે. (૭૨)

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ભાષાન્તરમાં સાંખ્ય તથા યોગના
નિરૂપણનો બીજો અધ્યાય પૂર્ણ થયો. ૨

અથ તૃતીયોધ્યાયઃ

હવે પછીના આઠ અધ્યાયોથી ભગવાનના માહાત્મ્યના જ્ઞાનરૂપ ભક્તિને કરનાર વેદધર્મ ભગવાને અર્જુનને માટે વચનવડે જે કહ્યો છે તેમર્યાદારૂપ કહેવાય છે.

પ્રથમ સાંખ્ય અને યોગનું નિરૂપણ (બીજા અધ્યાયમાં) કરીને ત્રીજા અધ્યાયમાં ત્યાગ અને અત્યાગ એવા ભેદે કરીને ધર્મનો નિર્ણય કહેવાય છે, તેમાં ત્યાગની અપેક્ષાએ અત્યાગ ઉત્તમ છે, જ્યાં સુધી શરીરનો સંબંધ છે ત્યાં સુધી ત્યાગ થઇ-શકતો નથી, માટે ત્યાગ કરવા સારૂ ભગવાનની આજ્ઞાથી કૃતિ કરવી એ ઉત્તમ છે, કર્મના માર્ગરૂપ યોગમાં સાંખ્યની માફક ત્યાગ કરવામાં ઉપસંહાર કર્યો છે એમ જાણીને અર્જુનને નિશ્ચય નહીં થવાથી પ્રશ્ન કરે છે.

જો કે શ્રીકૃષ્ણ–ભગવાને પ્રથમ આજ્ઞા કરી કે સાંખ્યબુદ્ધિથી તને ઉપદેશ કર્યો છે અને હવે યોગની રીતિથી ઉપદેશ કરૂં છું તે સાંભળ, એમ યોગનો ઉપક્રમ કરીને તે યોગમાં પોતાના કર્મ કરવાનો ઉપદેશ ફલાશારહિતપણાનો કર્યો છે, તો પણ અંતમાં સ્થિરબુદ્ધિના પ્રસંગમાં પાછો કર્મનો ત્યાગ કરવાનો ઉપદેશ કરીને ઉપસંહાર કર્યો છે, તે નિર્ણયને નહીં જાણીને અર્જુન પૂછે છે;–

अर्जुन उवाच–ज्यायसी चेत् कर्मणस्ते मता बुद्धिर्जनार्दन! ।
तत् किं कर्मणि घोरे मां नियोजयसि केशव! ॥ १ ॥
व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥ २ ॥

અર્થ–જનાર્દન (અવિદ્યાનાશક શ્રીકૃષ્ણ)! કર્મ કરવા કરતાં નિશ્ચયાત્મક બુદ્ધિ ઉત્તમ છે એમ જો તમોએ માનેલ હોય તો, કેશવ! યુદ્ધાત્મક ઘોરકર્મમાં મને કેમ જોડો છો? (૧)

ક્ષત્રિયને ધર્મપ્રાપ્ત યુદ્ધ કરવા કરતાં બીજું શ્રેય નથી એવી રીતે કર્મની ઉત્તમતા કહી છે એમ જો કહેતા હો તો આપનું વાક્ય મિશ્રિત થયું (અર્થાત્ કર્મને પણ ઉત્તમ કહ્યું અને નિશ્ચયાત્મક બુદ્ધિને પણ ઉત્તમ કહી) એવા મિશ્રિત વાક્યથી મને મોહ કરતા હો એમ જણાય છે, માટે તે બન્નેમાંથી શ્રેય કયું છે? તે નિશ્ચય કરીને એક કહો કે જેનાથી હું શ્રેયને પ્રાપ્ત થાઉં, (૨)

એવી રીતે અર્જુનના પ્રશ્નનો ખુલાસો શ્રીકૃષ્ણ–ભગવાન્ ચૌદ શ્લોકથી કરે છે,

श्रीभगवानुवाच–लोकेऽस्मिन् द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयाऽनघ! ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥ ३ ॥
न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥ ४ ॥

न हि कश्चित् क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥ ५ ॥
कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥ ६ ॥
यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन! ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥ ७ ॥
नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्राऽपि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥ ८ ॥
यज्ञार्थात् कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ।
तदर्थं कर्म कौन्तेय! मुक्तसङ्गः समाचर ॥ ९ ॥
सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥ १० ॥
देवान् भावयताऽनेन ते देवा भावयन्तु वः ।
परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥ ११ ॥
इष्टान् भोगान् हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ॥ १२ ॥
यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥ १३ ॥
अन्नाद् भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद् भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥ १४ ॥
कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात् सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥ १५ ॥
एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ! स जीवति ॥ १६ ॥

અર્થ—શ્રીકૃષ્ણ—ભગવાન્ અર્જુનને ઉત્તર આપે છે કે મેં જે તને બીજા અધ્યાયમાં ઉપદેશ કર્યો છે, તે બરાબર તારા મગજમાં આવ્યો નથી, કારણ કે આલોકમાં મેં બે પ્રકારની નિષ્ઠા કહેલી છે તે એવી રીતેં કે જે સાંખ્યમાં નિષ્ઠાવાળા છે તેઓને જ્ઞાનયોગે કરીને સર્વનો ત્યાગ કરવારૂપ સ્થિતિ કહી છે, અને જેઓ ઉપર કહેલા યોગના સ્વરૂપના અધિકારી છે, તેઓને મારા કહેવા પ્રમાણે કર્મયોગે કરીને સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેવી રીતેં પોતપોતાના અધિકારને અનુસારે સર્વ યોગ્ય છે તેમાં બુદ્ધિનો વ્યામોહ કરવો નહીં, (૩) જે મારા કહેવા પ્રમાણે યોગના અધિકારી છે,

તેઓને કર્મનો આરંભ કર્યા વિના નૈષ્કર્મ્ય પ્રાપ્ત થતું નથી, તારા જેવા કર્મના અધિકારીઓને સાંખ્ય (અર્થાત્ કર્મના ત્યાગ)થી સિદ્ધિ થતી નથી. (૪) કોઇ માણસ ક્ષણમાત્ર પણ કયારે કર્મ કર્યા વગર રહેતો નથી, પ્રકૃતિથી થયેલા ગુણોએ પરવશ કરેલો (જીવન્મુક્તિપર્યન્ત) હોવાથી સર્વને કર્મ કરવુંપડે છે. (૫) જે માણસ કર્મેન્દ્રિયોને નિયમમાં રાખીને મનવડે વિષયોનું સ્મરણ કરે છે તે વિમૂઢાત્મા મિથ્યાચાર કહેવાય છે. (કર્મનો ત્યાગ કરીને સંન્યાસ કરે તો પણ દૃઢ વૈરાગ્ય નહિ થવાથી મનમાં શબ્દાદિક વિષયોનું સ્મરણ થાય તો તે પ્રત્યવાયી થાય છે માટે દૃઢ વૈરાગ્ય વગર કર્મનો ત્યાગ કરવા કરતાં કર્મ કરવું એ ઉત્તમ છે) (૬) યોગથી શુદ્ધ—મને કરીને ઇન્દ્રિયોને નિયમમાં રાખીને આસક્તિ વગર કર્મેન્દ્રિયોથી જે કર્મ કરે તે ઉત્તમ છે (૮) તું કર્મયોગમાં અધિકારી છો માટે કર્મમાં આસક્તિ વગર અવશ્ય કર્તવ્ય કર્મ કર. તારી શરીર—યાત્રાપણ કર્મ કર્યા વગર સિદ્ધ થાય એમ નથી માટે કર્મ છોડીદેવા કરતાં આસક્તિ[૧] વગર કર્મ કરવું એ ઉત્તમ છે (૮) સાંખ્યમાં આસક્તિવાળા પુરુષો આત્મા શિવાય તમામને બંધપણું સમજીને કર્મ નહીં કરવાનો ઉપદેશ કરે છે, પરન્તુ તે વેદસિદ્ધ નથી; કારણકે યજ્ઞને માટે કર્મ કરવાથી બંધન થતું નથી તે શિવાયના કર્મોથી લોકોને બંધન થાય છે, ભગવાનનું યજન કરવું એ યજ્ઞ કહેવાય છે, વેદમાં "यज्ञो वै विष्णुः" એ શ્રુતિથી યજ્ઞ ભગવદ્‌રૂપ છે એમ સિદ્ધ થાય છે, માટે વેદમાં મુખ્ય કર્મ યજ્ઞજ છે તે નિત્યકર્મરૂપ યજ્ઞને આસક્તિવગર સાધનસહિત ભગવદ્‌રૂપ સમજી નિત્ય યજ્ઞરૂપ કર્મ કરવાથી બંધન થતું નથી, માટે કૌન્તેય! કર્મનો સંગ છોડીદઇને નિત્ય યાગરૂપી કર્મનું આચરણ કર, તો તે કર્મ બંધનકરનારું થશે નહિ, (૯) પૂર્વે બ્રહ્માજીએ યજ્ઞના અધિકારીરૂપ બ્રાહ્મણો વિગેરે પ્રજા સૃજીને એવી રીતે કહ્યું છે કે આ યજ્ઞ તમને ઇચ્છિત આપનારો થાઓ એમ વરદાન આપેલું છે, અને આ યજ્ઞવડે કરીને તમો ઉત્તરોત્તર વૃદ્ધિને પામો, (૧૦) આ યજ્ઞેકરીને તમો દેવતાઓની આરાધના કરો અને તે દેવતાઓ તમારું પોષણ કરે એમ પરસ્પર એકબીજાનું આરાધન કરવાથી આત્યન્તિક શ્રેયને પ્રાપ્ત થશો, (૧૧) યજ્ઞોએકરીને જે દેવતાઓને ભાગ આપી પુષ્ટ કર્યા છે તે દેવતાઓ વૃષ્ટિવિગેરેથી તમોને અન્ન વિગેરે આપે છે, છતાં તેઓને ભાગ આપ્યાવગર જે પોતે ભોગ ભોગવે છે, તે ચોરજ છે, (૧૨) યજ્ઞ કરીને બચેલું અન્ન ખાનારા ગૃહી સત્પુરુષો સર્વ પાપથી[૨] મુક્ત થાય છે, અને જે પોતાને માટે જ પાક કરે છે (અર્થાત્ ભગવદર્થે કરતા નથી) તેઓ જે અન્ન ખાય છે તે પાપ ખાય

૧ ભગવદ્‌ભક્તને તો સર્વ કર્મ ભગવદર્થે કરવાનું છે પોતાના સ્વાર્થ માટે કરવાનું નથી.

૨ ભગવદ્‌ભક્તને ભગવત્પ્રસાદથીજ નિર્વાહ કરવાનો છે; માટે ભગવદર્થેજ પાક થાય છે. તે યજ્ઞથી પણ ઉત્તમ છે.

છે, (૧૩) ઉત્પત્તિના અંગપણાવડે કરીને પણ યજ્ઞ કરીને બાકી રહેલા અન્નને ખાવાની આવશ્યકતા બે શ્લોકથી બતાવે છે કે અન્નથી પ્રાણીઓ થાય છે, અન્નની ઉત્પત્તિ વરસાદથી થાય છે, વરસાદ યજ્ઞ કરવાથી થાય છે, અને યજ્ઞ કર્મથી ઉત્પન્ન થાય છે, (૧૪) કર્મ વેદથી ઉત્પન્ન થયું છે એમ સમજ અને વેદ અક્ષરબ્રહ્મથી ઉત્પન્ન થયા છે, માટે વ્યાપક એવું અક્ષરબ્રહ્મ હમેશાં યજ્ઞમાં રહ્યું છે, (૧૫) એવી રીતે બ્રહ્માજીએ પ્રવર્ત્તાવેલ ચક્રને અનુસરીને જે ચાલતો નથી તેનું આયુષ્ પાપરૂપ થાય છે અને તે ઇન્દ્રિયોમાં આનંદ માનતો વ્યર્થ જીવે છે. (૧૬)

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥ १७ ॥
नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥ १८ ॥

યોગમાર્ગની રીતે વિહિત કર્મ કર્તવ્ય છે એમ શ્રીકૃષ્ણ–ભગવાને કહ્યું, સાંખ્ય-માર્ગવાળાને તો નાના પ્રકારનું જ્ઞાન જ કર્મમાં ઉપયોગી છે એમ બેશ્લોકથી કહે છે કે આત્મામાંજ જેને પ્રીતિ છે અને આત્મામાં જે તૃપ્ત છે તેમ આત્મામાંજ સંતોષવાળો છે તેને કાંઈ કર્તવ્ય રહેતું નથી (૧૭) કારણ કે તેને વિહિત કર્મ કરવાથી સુખ નથી અને નિષિદ્ધ કર્મ કરવાથી દુઃખ નથી એમ કર્મથી કોઈ જાતનું ફલ નથી, તેમ કોઈ જાતના અર્થમાટે સર્વપ્રાણીમાત્રોમાં તેઓને કોઇનો આશ્રય કરવો પડતો નથી.

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन् कर्म परमाप्नोति पूरुषः ॥ १९ ॥
कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवाऽपि संपश्यन् कर्तुमर्हसि ॥ २० ॥
यद् यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ २१ ॥
न मे पार्थाऽस्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्तएव च कर्मणि ॥ २२ ॥
यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ ! सर्वशः ॥ २३ ॥
उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥ २४ ॥
सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत ! ।
कुर्याद् विद्वांस्तथाऽसक्ताश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥ २५ ॥

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत् सर्वकर्माणि विद्वान् युक्तः समाचरन् ॥ २६ ॥
प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहङ्कारविमूढात्मा कर्ताऽहमिति मन्यते ॥ २७ ॥
तत्त्ववित्तु महाबाहो ! गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तन्तइति मत्वा न सज्जते ॥ २८ ॥
प्रकृतेर्गुणसंमूढाः सज्जन्ते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मन्दान् कृत्स्नविन्न विचालयेत् ॥ २९ ॥
मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युद्धयस्व विगतज्वरः ॥ ३० ॥

અર્થ—(તું સાંખ્યજ્ઞાનવાળો નથી માટે) કર્મમાં આસક્તિ રાખ્યા વગર કર્તવ્ય કર્મ કર. અથવા "અસક્ત"નો એવો પણ અર્થ થાય છે કે "અ" એટલે ભગવાન્ તેમાં સક્ત થઇને કર્તવ્ય કર્મ કર, ભગવાન્‌માં પ્રીતિ રાખી કર્મકરનારો પુરુષ સર્વથી પર એવા ભગવાન્‌ને પ્રાપ્ત થાય છે (૧૯) જનકાદિક કર્મેકરીનેજ સારી રીતે સિદ્ધિ (જીવન્મુક્તિદશા)ને પ્રાપ્ત થયા છે, માટે તને સિદ્ધપણાનું અભિમાન હોય તો પણ કર્મ કરવું જ જોઇએ એમ પ્રાપ્ત થાય છે, લોકસંગ્રહને જોઇને પણ કર્મ કરવાને યોગ્ય છો (અર્થાત્ તને કર્મ કરતાં જોઇને બીજા કર્મ કરે એટલે ભ્રષ્ટ થાય નહીં અને તું જો કર્મ ન કર તો તને જોઇને બીજા પણ કર્મ છોડીદે તો ભ્રષ્ટ થાય તેસારુ બીજાઓને કર્મથી ભ્રષ્ટ નહીં થવાદેવામાટે તારે પણ કર્મ કરવું જોઇએ.) (૨૦) કારણ કે લોકમાં જે શ્રેષ્ઠ કહેવાતો હોય તે જેવું જેવું આચરણ કરે છે તેને જોઈને બીજો માણસ પણ તેવું તેવું આચરણ કરે છે, અને તે જેને પ્રમાણ માને છે તેને લોક પણ અનુસરે છે (૨૧) તેબાબતમાં પોતાનોજ દાખલો બેશ્લોકથી આપે છે કે પાર્થ! ત્રણે લોકમાં મારે કાંઈ કર્તવ્ય નથી, તેમ મને નહિ મેળવેલું એવું કાંઈ નથી કે જે હવે પછી મેળવવું પડે તો પણ હું કર્મ કરું છું, (૨૨) જો હું આલસ્યરહિત થઇને ક્યારે પણ કર્મમાં ન વર્તું તો પાર્થ! સર્વ મનુષ્યો મારે રસ્તે ચાલવા લાગીજાય, (અર્થાત્ કર્મ છોડીદે) (૨૩) માટે જો હું કર્મ કરું નહીં તો આ સર્વ લોક ઉચ્છિન્ન થઇજાય, તેથી વર્ણાશ્રમનું સાંકર્ય થઈજાય અને તેનો કર્તા હું ઠરુ અને તેને લીધે પ્રજાને નષ્ટકરનાર પણ હું થાઉં (૨૪) ભારત! અજ્ઞાનીલોકો જેમ કર્મમાં આસક્તિ રાખીને કર્મ કરે છે તેમ જ્ઞાનીલોક આસક્તિ રાખ્યાવગર લોકને કર્મમાં ચલાવવા માટે કર્મ કરે, (૨૫) કર્મમાં આસક્તિ રાખનાર અજ્ઞાની પુરુષો કર્મ કરતા હોય તેની બુદ્ધિને કર્મમાંથી ખસેડવી નહીં, જ્ઞાનીનો એવો ધર્મ છે કે પોતે કર્મમાં

આસક્ત ન હોય છતાં અજ્ઞાનીને સર્વ કર્મ શીખવે અને તેમાં તેની પ્રવૃત્તિ રખાવે. (૨૬) સાંખ્યની રીતિપ્રમાણે પ્રકૃતિના ગુણોથી કરાતાં સર્વ કર્મોને પુરુષ લેપરહિત છતાં અહંકારથી વિમૂઢાત્મા બની હું કર્તા છું એમ માને છે અને મહાબાહો! તત્ત્વને જાણનાર પુરુષ તો ગુણ અને કર્મના વિભાગમાં ગુણો ગુણમાં પ્રવૃત્ત થાય છે, એમ માની તેમાં અહંતા રાખી બંધાતો નથી. (૨૮) પ્રકૃતિના ગુણોથી મૂઢ થયેલા પુરુષો ગુણથી થતાં કર્મમાં બંધાય છે. તે સમગ્ર વેદનો અભિપ્રાય જાણતા નથી. તેવા મંદ લોકોને સમગ્ર વેદનો અભિપ્રાય જાણનારો પુરુષ ચલાયમાન કરે નહીં (અર્થાત્ કર્મ કર્તવ્ય નથી એવો ઉપદેશ કરે નહીં,) (૨૯) અધ્યાત્મચિત્તે કરીને સર્વ કર્મ મને અર્પણ કરીને કાંઇ પણ આશા રાખ્યાવગર મમતા છોડીને તાપરહિત થઈને યુદ્ધ કર. (અર્થાત્ કર્મના ફલનો, કર્મની મમતાનો અને કર્મમાં કર્તાપણાનો એમ ત્રણે પ્રકારનો ત્યાગ કરી કર્મ કર.) (૩૦)

ઉપર કહ્યા પ્રમાણે અનુષ્ઠાન કરવામાં જે ગુણ છે, તે પાંચ શ્લોકથી કહે છેઃ—

ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ।
श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥ ३१ ॥
ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठन्ति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान् विद्धि नष्टानचेतसः ॥ ३२ ॥
सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ? ॥ ३३ ॥
इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपंथिनौ ॥ ३४ ॥
श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ ३५ ॥

અર્થ—જે મનુષ્યો શ્રદ્ધાવાળા થઈ તથા અદેખાઇ મૂકીને કર્મકરવાના મારા અભિપ્રાયને અનુસરે છે, તે લોકો પણ કર્મ કરવાથી મુક્તિને પામે છે. (૩૧) હવે નીચલા શ્લોકથી કર્મ નહીં કરવામાં દોષ બતાવે છે—જે લોકો અદેખાઇથી મારાં કર્મ કરવાના અભિપ્રાયને અનુસરતા નથી, તે લોકોને સર્વ જ્ઞાનથી વિમૂઢ, નષ્ટ થયેલા અને ભાનવગરના (હયાફુટા) સમજ. (૩૨) સર્વે પંડિતો આપે કહેલા મતને કેમ અનુસરતા નથી, એવી શંકા અર્જુન કરે તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ—ભગવાન્ આજ્ઞા કરે છે કે, (શ્રીકૃષ્ણ—ભગવાનને કર્મ અર્પણ કરવાથી તે બંધકરનાર થતું નથી, એમ જાણતો હોય તો પણ) ગુણરૂપે પરિણામપામેલી પોતાની પ્રકૃતિને અનુસારે સર્વ ચેષ્ટા કરે છે, પ્રાણી માત્ર પ્રકૃતિને અનુસારે ચાલે છે, તેને શિક્ષણ દેવાથી કે ઇન્દ્રિયનો નિગ્રહ

કરાવવાથી શું ફલ થવાનું છે? કારણ કે પ્રકૃતિ અત્યન્ત બળવાળી છે (૩૩) જ્યારે શિક્ષણથી કંઈ ફલ થાય નહીં ત્યારે શાસ્ત્રમાં જે વિધિનિષેધ કહ્યો છે તેની વ્યર્થતા થાય એવી અર્જુનને શંકા થાય તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ-ભગવાન્ આજ્ઞા કરે છે કે વિધિનિષેધ તત્ત્વજ્ઞાનવાળાઓને કે અત્યન્ત અજ્ઞાનીઓને પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરાવનારા નથી, તત્ત્વજ્ઞાની હોય તે પોતે સમજીનેજ વિધિનિષેધપ્રમાણે વર્તે છે, અને અત્યન્ત મૂઢ હોય તેને ગમે તેટલો બોધ કરો તેની કાંઈ અસર થતી નથી, પણ મધ્યમાધિકારી માટે વિધિનિષેધનો ઉપદેશ છે; માટે ઇન્દ્રિયોના અર્થ શબ્દાદિક વિષયોમાં રાગદ્વેષ રહેલ છે, જેમકે રસના ઇન્દ્રિયને પ્રિય રસમાં રાગ અને અપ્રિય અર્થમાં દ્વેષ થાય છે, માટે ઇન્દ્રિયો બાધક નથી પણ ઇન્દ્રિયોના વિષયને અધીન થવું, એજ બાધક છે, તેથી રાગદ્વેષને વશ થવું નહીં. કારણ કે વિવેકવાળા ચિત્તના રાગદ્વેષ કટ્ટા શત્રુ છે, (અર્થાત્ અવળે માર્ગે લઈજનાર છે). (૩૪) માટે રાગદ્વેષને વશ થઈને કોઈ પણ પ્રકારના ધર્મમાં પ્રવૃત્તિ કરવી નહીં. પણ રાગદ્વેષ છોડીને પ્રાકૃત માણસે સ્વધર્મ છોડવો નહીં અને પરધર્મ ગ્રહણ કરવો નહિ. કારણ કે સ્વધર્મનું સંપૂર્ણ અનુષ્ઠાન થઈશકે નહિ તો પણ સારી રીતે અનુષ્ઠાન કરાયેલા પરધર્મથી શ્રેષ્ઠ છે. સ્વધર્મમાં ચાલતાં મરણ થાય તો પણ સારું છે અને પરધર્મ પાળવાથી તે ભય આપનારો થાય છે, (૩૫)

પરધર્મ પાળવાથી પાપ છે અને સ્વધર્મ પાળવાથી પુણ્ય છે, એ બાબતમાં અર્જુનને સંદેહ થવાથી પ્રશ્ન કરે છેઃ—

अर्जुन उवाच—अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय ! बलादिव नियोजितः ॥ ३६ ॥

અર્થ—હવે વૃષ્ણિના કુલમાં ઉત્પન્ન થયેલ! પાપ કરવાની પોતાની ઇચ્છા નહીં છતાં બલાત્કારથી દબાણમાં આવેલો પુરુષ કોની પ્રેરણાથી પાપ કરે છે? (૩૬)

श्रीभगवानुवाच—काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥ ३७ ॥
धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥ ३८ ॥
आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौन्तेय ! दुष्पूरेणानलेन च ॥ ३९ ॥
इन्द्रियाणि मनोबुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥ ४० ॥

तस्मात् त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ! ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥ ४१ ॥
इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ ४२ ॥
एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो ! कामरूपं दुरासदम् ॥ ४३ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु कर्मयोगो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

અર્થ—શ્રીભગવાન્ કહે છે કે આંહીઆં રાગ એજ કામરૂપછે અને રજોગુણથી ઉત્પન્ન થયેલો ક્રોધ (પણ) કામરૂપ છે. રાગ એ બહુ ખાનારો તથા મહાપાપી શત્રુ છે એમ તું સમજ. (૩૭) અગ્નિ જેમ ધુમાડાથી ઢંકાઇજાય છે, અરીસો જેમ મેલથી ઢંકાઇજાય છે અને ગર્ભ જેમ પછેડા (ઓળ)થી વીંટાઇજાય છે તેમ આ જગત્ કામથી ઢંકાઇગયેલ છે. (૩૮) અર્જુન! પૂરીશકાય નહીં એવા અગ્નિરૂપ તથા હમેશના વૈરીકામથી જ્ઞાનીનું જ્ઞાન ઢંકાઇગયેલું છે, (૩૯) ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ એઓ કામને રહેવાની જગ્યા કહેવાય છે, અને એ કામ ઇન્દ્રિયે અને મન તથા બુદ્ધિથી જ્ઞાનને ઢાંકીને લોકોને ગભરાવે છે. (૪૦) ભરતકુલમાં ઉત્પન્ન થયેલ અર્જુન! માટે તું પહેલાં ઈન્દ્રિયોપર કાબુ ધરાવી પાપી અને જ્ઞાન તથા અનુભવનો નાશકરનાર કામનો ત્યાગ કર. (૪૧) જ્ઞાનને આડે આવનારા પદાર્થોમાં કયા પદાર્થો મોટો હિસ્સો લે છે ? એ હવે બતાવે છે. મહાબાહો ! જ્ઞાનને આડે આવનારા પદાર્થોમાં ઇન્દ્રિયો મોટો હિસ્સો લે છે, ઇન્દ્રિયો કરતાં મન મોટો હિસ્સો લે છે, મન કરતાં બુદ્ધિ મોટો હિસ્સો લે છે અને બુદ્ધિ કરતાં[1] કામ મોટો હિસ્સો લે છે. (૪૨) એ પ્રમાણે કામ બુદ્ધિના પણ કાબુબહાર છે, એમ સમજીને પોતાની મેળે આત્માને રોકીને પોંહોચીશકાય નહીં એવા કામરૂપ શત્રુનો ત્યાગ કર. (૪૩)

બુદ્ધિને નાશ કરનારા કામ અને ક્રોધ છે, માટે તેનો તથા સઘળી ઇન્દ્રિયોને નિગ્રહ કરવાનો ભગવાને ઉપદેશ કર્યો છે. માટે કર્મનો ત્યાગ નહીં કરવો એવી ભગવાનની ઇચ્છા હોય તો ત્યાગ નહીં કરવાથી સુખ થાય છે, અને ત્યાગ કરાવવાની ભગવાન્‌ની ઇચ્છા હોય તો કર્મનો ત્યાગ કરવો એવા ધર્મનો બોધ કર્યો છે. ભગવાન્

૧ આંહી બુદ્ધિથી પર આત્માછે એમ बुद्धेरात्मा महान्परः એ કઠવલ્લીની શ્રુતિને આધારે કેટલાક અર્થ કરે છે, પરન્તુ એ કઠવલ્લીની શ્રુતિમાં તો બુદ્ધિથીપર મહતતત્વ લખેલું છે તેનાથીપર અવ્યક્ત અને તેનાથી પર પુરુષ એમ લખેલ છે. આત્મા સર્વથી પર લખ્યો નથી, તેમ જ્ઞાન થવામાં આડે આવનાર કોણુ કોણુ પદાર્થો છે ? તેની ગણુના કરતાં જ્ઞાનના વિરોધી ગણાવ્યા છે, તેમાં સર્વથી મુખ્ય વિરોધી કામછે એમ જ ઉપસંહાર કર્યો છે માટે આંહીઆ ઇન્દ્રિયોથી માંડીને મુખ્ય મુખ્ય વિરોધીઓને પરશબ્દથી ઓળખાવેલ છે, માટે પરશબ્દથી આત્મા આવીશકે એમ નથી.

પોતે પોતાથી કર્મ કરાવતા હોય ત્યાં કર્મથી બંધન થવાનો સંભવ નથી. તેથી કર્મ કરવું જોઇએ. ભક્તિમાર્ગરૂપ આત્મયોગમાં પ્રભુને જે કર્તવ્ય હોય, તેમાં ભક્તોએ કાંઇ વિચાર કરવો નહીં એમ જણાવ્યું છે.

ઇતિ શ્રીભગવદ્‌ગીતાના ભાષાન્તરમાં કર્મયોગ નામનો ૩ જો અધ્યાય સંપૂર્ણ.

અથ ચતુર્થોઽધ્યાયઃ

ત્રીજા અધ્યાયમાં યોગીને કર્મ કરવું એપ્રમાણે નિરૂપણ કર્યું. હવે ચોથા અધ્યાયમાં અર્જુનને યોગનો જે ઉપદેશ કર્યો, તેની પ્રતીતિ થવા માટે તેની પરંપરા કહે છે. વિષ્ણુ યોગના વક્તા છે જેનાથી સૂર્યને ઉપદેશ મળ્યો છે અને સૂર્યથી મનુને ઉપદેશ મળ્યો અને મનુથી ઇક્ષ્વાકુને ઉપદેશ મળ્યો. જેના વંશમાં શ્રીરામચંદ્રજી પ્રકટ થયા, તેવો યોગ નિત્ય છે એમ બતાવવા માટે યોગના કર્તવ્યનો ઉપદેશ કર્યો છે. સર્વત્ર બ્રહ્મભાવ રાખીને કાંઇ પણ ફલાદિકનો ભાવ નહીં રાખીને ભગવાનના આશ્રયથીજ યોગી વિદ્યાથી અમૃત ભોગવે છે, એવી રીતે બેઅધ્યાયેકરીને યોગમાં મોક્ષનું સાધન સ્વધર્મ છે એમ ઉપદેશ કર્યો છે. તેજ યોગને બ્રહ્મભાવથી વિસ્તાર કરી બતાવવાસારુ પ્રથમ આયોગ પરંપરાપ્રાપ્ત છે, એમ શ્રી કૃષ્ણ–ભગવાન્ બતાવીને ત્રણ શ્લોકથી યોગની ઉત્તમતા કહે છે.

श्रीभगवानुवाच–इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान् मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥ १ ॥
एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परन्तप ! ॥ २ ॥
स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥ ३ ॥

અર્થ–મેં અવિનાશી ફલઆપનાર આ યોગ વિવસ્વત્ (સૂર્ય)ને કહ્યો હતો. સૂર્યે મનુને કહ્યો હતો અને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો હતો (૧) પરંતપ! એવી રીતે પરંપરાપ્રાપ્ત આયોગને રાજર્ષિઓ જાણવા લાગ્યા અને તે યોગ ઘણા વખતના જવાસાથે નષ્ટ થઇગયો હતો. (૨) તું મારો ભક્ત અને ભાઇબંધ હોવાથી મેં તને તેજ પ્રાચીન યોગ કહ્યો છે. આયોગનો વિષય રહસ્યરૂપ તથા ઉત્તમ છે. (૩)

અહીં ભગવાનના અવતારનું યથાર્થ સ્વરૂપ જાણવાની ઈચ્છાવાળો અર્જુન સૂર્યને આપનો ઉપદેશ સંભવે નહીં, એવા મિષથી પૂછે છેઃ—

अर्जुन उवाच–अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।
कथमेतद् विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥ ४ ॥

અર્થ–આપનો જન્મ અર્વાચીન છે અને સૂર્યનો જન્મ પ્રાચીન છે, તેને આપે પૂર્વે પ્રથમ ઉપદેશ કર્યો, તે હું કેમ સમજી શકું? (૪)

મેં બીજા સ્વરૂપથી ઉપદેશ કર્યો છે તે એવી રીતે અવતારના સ્વરૂપથી અર્જુનનો સંશય નિવૃત્ત કરતાં શ્રીકૃષ્ણ–ભગવાન્ અગીઆર શ્લોકથી ઉત્તર આપે છેઃ–

श्रीभगवानुवाच–बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन! ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परन्तप! ॥ ५ ॥
अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥ ६ ॥
यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत! ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ ७ ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ ८ ॥
जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन! ॥ ९ ॥
वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥ १० ॥
ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ! सर्वशः ॥ ११ ॥
कांक्षंतः कर्मणां सिद्धिं यजन्त–इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥ १२ ॥
चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्ध्यकर्त्तारमव्ययम् ॥ १३ ॥
न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बद्ध्यते ॥ १४ ॥
एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात् त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥ १५ ॥

અર્થ–પરન્તપ! મારા અવતાર ઘણા થયા, અને તારા પણ ઘણા થયા. હું નિત્ય જ્ઞાનસિદ્ધ છું અને સર્વાંશથી પૂર્ણ અવતારી છું, તેથી હું જાણું છું, પણ તું

જાણતો નથી. (૫) હું અજ છું, અવ્યયાત્મા છું, સર્વ ભૂતનો ઈશ્વર, કર્મના પરતંત્રપણાથી રહિત છું તો પણ સર્વ પ્રકારે થવારૂપ મારા સામર્થ્યથી હું પ્રકટ થાઉં છું. (૬) ભારત! જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મની ઉત્પત્તિ થાય છે ત્યારે પોતાના આત્મારૂપ ભક્તો ઉપર પોતાના સ્નેહરૂપ પોતાની માયાથી હું મારાં સ્વરૂપને સૃજું છું. (પોતે પોતાનો આત્મા પોતાની ઇચ્છાથી સરજ્યો, એમ કહેવાથી પરતંત્રતા રહેતી નથી પણ હું સ્વતંત્ર ઇચ્છાથી પ્રકટ થાઉં છું એમ જણાવ્યું છે.) (૭) સત્પુરુષોની રક્ષા કરવામાટે, નીચલોકોને મારવામાટે અને ધર્મનું સ્થાપન કરવા માટે દરેક યુગમાં પ્રકટ થાઉં છું, માતા હોય તે છોકરાંને લાડ લડાવે અને વાંકમાં આવે તો તાડન કરે તેમાં માતા દયારહિત છે એમ કહીશકાય નહિ તેવી રીતે સારાં કર્મકરનારને પ્રભુ સારૂં ફલ આપે અને નઠારાં કર્મકરનારને નઠારૂં ફળ આપે, તેમાં પરમેશ્વરને નિર્દયતાનો દોષ સ્પર્શ પણ કરતો નથી. (૮) વૈષ્ણવતંત્રમાં ત્રણ પ્રકારની ઉત્પત્તિ કહી છે જેમકે ઉત્પત્તિ તથા નાશ જેનો દેખાય તેનું ઉત્પત્તિનું નામ જનન છે અને જે નિત્ય તથા પરિચ્છિન્ન હોય તેની ઉત્પત્તિ થાય એ સમાગમ કહેવાય છે. તેમજ જે નિત્ય તથા વ્યાપક હોય તેની ઉત્પત્તિ પ્રાકટ્ય કહેવાય છે. તે એવી રીતે કે એક મોટું તળાવ જેમ જળથી ભર્યું હોય તેની ઉપર નીલ જામી ગયું હોય તેથી જલ દેખાતું ન હોય. તે નીલ ગોળ, લાંબુ, તથા ચોરસ જેવા આકારથી ખેસવવામાં આવે તેવા આકારવાળું જલ દેખાય છે. તેવી રીતે ભગવાન્ સર્વત્ર વ્યાપક છતાં આપણી દૃષ્ટિ અને ભગવત્સ્વરૂપ એ બન્નેની વચમાં માયા આડી આવે તેથી આપણે ભગવાન્‌ના દર્શન કરીશકતા નથી. પરન્તુ ભગવાન્‌ની ઇચ્છાથી જેવા આકારમાં અને જેટલા ભાગમાં માયા ખસીજાય છે તેટલા આકારમાં તેવા સ્વરૂપવાળા ભગવાનનું દર્શન થાય છે. તેથી વ્યાપક હોય તે પરિચ્છિન્ન થઇ શકે નહિ એવો કુતર્કકરનારા આ જલ તથા નીલના દૃષ્ટાંતથી વ્યાપકતા તથા પરિચ્છિન્નતા બન્ને સિદ્ધ રહે છે એટલું સમજીશકતા નથી. એવી રીતે વ્યાપકનું પરિચ્છિન્નરૂપે પ્રાકટ્ય થાય છે. એવી રીતનું જે મારું દિવ્ય જન્મ અને દિવ્ય કર્મને જે તત્ત્વથી જાણે છે તેને અર્જુન! આ દેહ છોડીને પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી પણ મને પ્રાપ્ત થાય છે. (૯) રાગ, ભય અને ક્રોધ જેઓના નિવૃત્ત થયા છે, તેઓ મારો આશ્રય કરીને મારામાં તન્મય થયેલા મારા ભાવને પ્રાપ્ત થયેલા ઘણા પુરુષો જ્ઞાનરૂપ તપથી પવિત્ર થયા છે. (૧૦) જે જેવી રીતે મારી શરણે આવે છે, તેઓને તેવી રીતે હું ભજું છું. પાર્થ! સર્વ પ્રકારે[૧] મનુષ્યો મારા માર્ગને અનુસરે છે. (૧૧)

---

૧ અંશ, વિભૂતિ, કર્મ, સ્નેહ કે દ્વેષાદિકથી મારું ભજન કરે છે તેને તેના ભજનને અનુસારે હું ફલ આપું છું અર્થાત્ જેવી જેની ભાવના હોય તેવું તેને ફળ આપું છું.

કર્મની સિદ્ધિ ઇચ્છનારા પુરુષો આંહી દેવતાઓનું યજન કરે છે, અને મનુષ્યલોકમાં કર્મથી સિદ્ધિ શીઘ્ર થાય છે, (૧૨) બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો એ ચારે વર્ણો તે તે વર્ણના ગુણ અને કર્મના વિભાગથી સરજેલા છે, તેમાં સત્ત્વપ્રધાન બ્રાહ્મણો છે, તેના શમદમાદિક કર્મો સ્વભાવથી જ છે, સત્ત્વગુણ તથા રજોગુણપ્રધાન ક્ષત્રિયો સરજ્યા છે, તેના શૌર્યાદિક કર્મો સ્વાભાવિક છે, રજોગુણ તથા તમોગુણ પ્રધાન વૈશ્યો સરજ્યા છે તેના કૃષિ અને વાણિજ્યાદિક કર્મો સ્વાભાવિક કહ્યાં છે અને તમોગુણપ્રધાન શૂદ્ર સરજ્યા છે તેઓને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રની સેવા કરવી એ કર્મ તેઓનું સ્વાભાવિક છે, તેવી રીતે ગુણકર્મના વિભાગસહિત ચારે વર્ણો મેં બનાવ્યા છે તે બનાવનાર હું છું તો પણ ગુણને લીધે તેવા થાય છે તેથી હું અકર્તા અને અવ્યય છું. (૧૩) મને કર્મ લિપ્ત કરતાં નથી અને કર્મના ફલમાં મને ઇચ્છા થતી નથી તેવી રીતના મારા સ્વરૂપનું અભિજ્ઞાન થાય છે તે કર્મથી બંધાતો નથી, (૧૪) એવી રીતે મારા સ્વરૂપને જાણીને પૂર્વે મુમુક્ષુલોકોએ કર્મ કરેલ છે. માટે તું પણ કર્મના ફલની ઈચ્છા છોડીદઇને પૂર્વે થઇગયેલા જનકાદિકે જેવી રીતે કર્મ કરેલાં છે, તેવી રીતે તું કર્મ કર. (૧૫)

લોકની પરંપરામાત્રથી કર્મ કર્તવ્ય નથી કિન્તુ કર્મનું સ્વરૂપ અને કેવી રીતે કરવું, તે સમજીને કર્મ કર, એમ નવ શ્લોકથી શ્રીકૃષ્ણ–ભગવાન્ અર્જુનને ઉપદેશ કરે છે,

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ १६ ॥
कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥ १७ ॥
कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु सयुक्तः कृत्स्नकर्मकृत् ॥ १८ ॥
यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥ १९ ॥
त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित् करोति सः ॥ २० ॥
निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ २१ ॥
यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वाऽपि न निबद्ध्यते ॥ २२ ॥

गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥ २३ ॥
ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥ २४ ॥

અર્થ—કયું વિહિત કર્મ છે? અને કયું અવિહિત કર્મ છે? એમ સમજવામાં બુદ્ધિમાન્ લોકો પણ થાપ ખાઇગયા છે; માટે તે કર્મ કહીશ કે જે જાણીને ત્રીજા પ્રતિષિદ્ધ અશુભ કર્મથી છુટો થઈશકીશ (૧૬) માટે વિહિતકર્મ, પ્રતિષિદ્ધકર્મ અને અવિહિતકર્મોનું સ્વરૂપ જાણવું જોઇએ; કારણ કે કર્મનું સ્વરૂપ જાણવું મુશ્કેલ છે (૧૭) જે માણસ વેદવિહિત કર્મને બંધનકારક નથી એમ સમજે તથા પ્રતિષિદ્ધ કર્મને બંધનકારક છે એમ સમજે તે માણસ સઘળા મનુષ્યોમાં બુદ્ધિમાન્ બ્રહ્મ અને યોગમાં નિપુણ અને સઘળાં કર્મને કરનારો સમજવો, હીનાધિકારીને જે કર્તવ્ય કર્મ છે તે ઉત્તમ અધિકારીને અકર્તવ્ય છે એમ અન્યોન્ય ભાવની બુદ્ધિમાં ભેદ થવાને લીધે ફલમાં વિલક્ષણતા થાય એ યુક્ત જ છે. એવી રીતે કર્મનું સ્વરૂપ જે જુએ છે તે સર્વમનુષ્યોમાં બુદ્ધિમાન્ છે તથા યોગમાં જોડાયેલો છે અને સર્વકર્મને કરનારો છે, (૧૮) જેના કર્મકરવાના સઘળા આરંભો કામના અને કામનાથી થતા સંકલ્પોથી રહિત હોય છે તેણે જ્ઞાનાગ્નિથી કર્મ બાળી નાંખ્યા છે તેને વિદ્વાનો પણ્ડિત કહે છે. (૧૯) કર્મના ફલની આસક્તિ છોડીદઇને, નિત્ય તૃપ્ત હોઇને કર્મના આશ્રયવગર કર્મ કરતો હોય તોપણ (ઈશ્વરની માફક) કાંઈ કર્મ કરતો નથી એમ સમજવું, (૨૦) સ્વર્ગાદિકની આશા નહીં રાખનારો, યોગે કરીને ચિત્ત તથા દેહને નિયમમાં રાખનારો તથા સર્વ પરિગ્રહને છોડનારો કેવલ શરીરથી નિવૃત્તથનાર કર્મોને કરતો હોય અને તેમાં અહન્તા રાખતો ન હોય તો તે સારું કે નરસું કર્મ કરવાથી પુણ્ય તથા પાપભાગી થતો નથી (૨૧) દૈવેચ્છાથી જે મળે તેમાં સંતોષ માનનારો, સુખદુઃખરૂપ દ્વંદ્વથી અતીત થયેલો, મત્સરરહિત અને સિદ્ધિ તથા અસિદ્ધિમાં સમાન બુદ્ધિ રાખનારો માણસ કર્મ કરે તો પણ બંધાતો નથી. (૨૨) કર્મનો સંગ નહિરાખનાર મુક્ત અને જ્ઞાનની સ્થિતિમાં જેનું ચિત્ત રહેલું છે તે યજ્ઞને માટે કર્મ કરે તો તે કર્મ લીન થઈજાય છે, (અર્થાત્ તેનું ફલ ભોગવવું પડતું નથી) (૨૩) કર્મલયથવાનું સ્વરૂપ બતાવે છે કે અગ્નિહોત્ર, દર્શપૌર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય અને સોમ એ પાંચ નિત્ય યજ્ઞ છે, અને હરિના સ્વરૂપાત્મક છે, તેમ જ સૃક્ અને સરવો એ પણ હરિનાં સ્વરૂપ છે,.તે કર્મ પ્રકૃતિસિદ્ધ હોવાથી નિત્ય છે અને કામ્ય કર્મ વિકારવાળું છે, એવું કર્મનું સ્વરૂપ જાણીને કર્મ કરે તો યજ્ઞરૂપ વિષ્ણુ—ભગવાનનું પ્રાકટ્ય થાય છે અને તેવી રીતે કર્મકરે તેનો ક્રમથી મોક્ષ થાય છે, તે નિત્યકર્મ

કરવાનું સ્વરૂપ બતાવે છે કે આ કર્મ બ્રહ્મને અર્પણ કરવાનું છે હવિષ્ વિગેરે સઘળું બ્રહ્મરૂપ છે, અને તે જેમાં હોમાય છે તે અગ્નિ પણ બ્રહ્મરૂપ છે, હોમનાર બ્રહ્મરૂપ છે અને તેમાંથી પ્રાપ્ત થવાનું બ્રહ્મજ છે, એવી રીતે અનેક પ્રકારની બ્રહ્મોપાસનામાં અભેદની ભાવના થાય ત્યારે ભગવાનના સત્ ચિત્ અને આનંદ એ ત્રણ અંશરૂપ કાર્યાત્મક જગત્ કારણરૂપ બ્રહ્મથી અનન્ય દેખાય એ બ્રહ્મવાદી જ્ઞાનીનો બ્રહ્મયજ્ઞ જ છે એમ નિરૂપણ કર્યું છે. (૨૪)

એવી રીતે નિત્યકર્મ બ્રહ્મભાવનું જ્ઞાન થવામાં કારણરૂપ છે એમ પ્રતિપાદન કરીને અધિકારીના ભેદથી બીજા પણ ઘણા યજ્ઞોનું આઠ શ્લોકથી પ્રતિપાદન કરે છે,

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति ॥ २५ ॥
श्रोत्रादीनीन्द्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन् विषयानन्ये इन्द्रियाग्निषु जुह्वति ॥ २६ ॥
सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥ २७ ॥
द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथाऽपरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥ २८ ॥
अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथाऽपरे ।
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥ २९ ॥
अपरे नियताहाराः प्राणान् प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥ ३० ॥
यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम! ॥ ३१ ॥
एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान् विद्धि तान् सर्वान् एवं ज्ञात्वा विमोक्ष्यसे ॥ ३२ ॥

અર્થ—ઉપર બતાવેલાં યોગયુક્ત કર્મકરનારા જુદા જુદા દેવતાઓના આરાધનરૂપ યજ્ઞાત્મક કર્મ કરે છે, જ્ઞાનીઓ ઉપર કહેલા યજ્ઞાત્મક કર્મને બ્રહ્મની ભાવનાવડે કરીને બ્રહ્મરૂપ અગ્નિમાં હોમે છે (અર્થાત્ લીન કરે છે) (૨૫) કેટલાક નૈષ્ઠિક—બ્રહ્મચારીઓ પોતાની શ્રોત્રવિગેરે સઘળી ઇન્દ્રિયોને સંયમરૂપ અગ્નિમાં હોમે છે. (અર્થાત્ સર્વ ઇન્દ્રિયોને નિયમમાં રાખે છે,) ઉપકુર્વાણ બ્રહ્મચારીઓ શબ્દાદિક વિષયોને તે તે ઇન્દ્રિયોરૂપ અગ્નિમાં હોમે છે (૨૬) ધ્યાનનિષ્ઠાવાળા સર્વ ઇન્દ્રિ-

યોના કર્મને તથા પ્રાણના કર્મને જ્ઞાનથી દીપ્ત થયેલ આત્માના સંયમરૂપ યોગાગ્નિમાં હોમે છે, એપ્રમાણે નૈષ્ઠિક, ઉપકુર્વાણ અને ધ્યાનનિષ્ઠ એ ત્રણ યજ્ઞકરનારા મધ્યમ, હીન અને ઉત્તમ ક્રમપ્રમાણે જાણવા, (૨૭) દ્રવ્યયજ્ઞકરનારા ગૃહસ્થાશ્રમી, તપોયજ્ઞકરનારા વાનપ્રસ્થ સમાધિપર્યન્ત યોગયજ્ઞકરનાર યોગીઓ, સ્વાધ્યાયયજ્ઞ-કરનારા બ્રહ્મચારીઓ અને જ્ઞાનયજ્ઞકરનારા શાસ્ત્રમાં કહેલા વ્રતને કરનારા કહેવાય છે, (૨૮) પ્રાણ અને અપાનની ગતિને રોકી પ્રાણાયામકરનારા અપાનમાં પ્રાણને હોમે છે, તે પ્રાણની અધોવૃત્તિકરનારા અને અપાનને પ્રાણમાં હોમે છે, તે ઉર્ધ્વ-વૃત્તિકરનારા છે. (૨૯) કેટલાએક આહારનો નિયમરાખનારા પ્રાણની વૃત્તિઓને પ્રાણમાં લીન કરે છે, તે સર્વ યજ્ઞને જાણનારા અને યજ્ઞોવડે કરીને પાપનિવૃત્ત કરેલ છે, (૩૦) અને યજ્ઞોનું બાકી રહેલાં અમૃતને ભોગવનારા સનાતન ધર્મને પ્રાપ્ત થાય છે. (કોઈ સાક્ષાત્ અને કોઈ પરંપરાથી બ્રહ્મને પ્રાપ્ત થાય છે) એવી રીતે સર્વ પોતાના કર્મમાં યજ્ઞની ભાવના ન કરે તો તેને અલ્પ આનંદ આપનારો આ લોક પણ સુખરૂપ થતો નથી, તો કુરુસત્તમ! પરલોક પ્રાપ્ત કરવાની આશાજ શી કરવી? (૩૧) એવી રીતે વેદમાં પ્રારંભથીજ ઘણા પ્રકારના યજ્ઞો વિસ્તારથી કહેલા છે, તે સર્વ યજ્ઞો કર્મથી થનારા છે એમ તું જાણ. એવી રીતે યજ્ઞોનું સ્વરૂપ જાણવાથી તું મુક્ત થઈશ, (અર્થાત્ મોક્ષને પામીશ.) (૩૨)

સર્વે યજ્ઞો કરતાં બ્રહ્માત્મકપણારૂપ જ્ઞાનયજ્ઞની ભાવનાવાળાની ઉત્તમતા કહીને તેના પ્રસંગમાં દશ શ્લોક કહી અધ્યાયની સમાપ્તિ કરે છે.

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परन्तप ! ।
सर्वं कर्माखिलं पार्थ ! ज्ञाने परिसमाप्यते ॥ ३३ ॥
तद् विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥ ३४ ॥
यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव ! ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥ ३५ ॥
अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥ ३६ ॥
यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात् कुरुतेऽर्जुन ! ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा ॥ ३७ ॥
नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥ ३८ ॥

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥ ३९ ॥
अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥ ४० ॥
योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।
आत्मवन्तं न कर्माणि निबध्नन्ति धनंजय ! ॥ ४१ ॥
तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनाऽऽत्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ! ॥ ४२ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु कर्मयोगो नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અર્થ—શત્રુને તપાવનાર પાર્થ! સાંખ્ય અને યોગમાં એકાર્થરૂપ બ્રહ્માત્મકજ્ઞાન દ્રવ્યમયયજ્ઞકરતાં સારું છે કારણ કે ફલસહિત સઘળું કર્મ તેવા જ્ઞાનના પેટામાં આવીજાય છે. (૩૩) શારીર પ્રણામથી, નમ્રતાપૂર્વક પ્રશ્નથી તથા સેવા કરવાથી તત્ત્વવેત્તા જ્ઞાનીલોકો તેજ્ઞાનનો તને ઉપદેશ કરશે (તે જ્ઞાન મેળવવાની તારી ઇચ્છા હશે તો!) (૩૪) પાંડવ! જે જાણ્યા પછી ફરીથી મોહને પામીશ નહિં અને જે જ્ઞાનથી સઘળાં પ્રાણીઓને આત્મારૂપ મારા વિષે જોઈશકીશ. (૩૫) જો તું તને સઘળાં પાપકરતાં પણ વધારે પાપ કરનારો માનતો હો તો પણ સઘળાં પાપને જ્ઞાનરૂપ વહાણથી તરીશકીશ (૩૬) અર્જુન! જેમ દીપ્ત અગ્નિ લાકડાંને તમામ અંશથી બાળી રાખ્યરૂપ કરે છે તેમ જ્ઞાનાગ્નિ પ્રારબ્ધ કર્મશિવાયના સંચિત અને ક્રિયમાણકર્મનો નાશ કરે છે, (૩૭) તપ અને ધ્યાનવિગેરેમાં કોઈ સાંખ્ય અને યોગના એકાર્થરૂપ જ્ઞાનની બરોબર પવિત્ર નથી, કારણ કે તે સાંખ્યથી ઉત્પન્ન થયેલું પણ જ્ઞાન યોગ સિદ્ધ થાય ત્યારેજ સમયની અનુકૂલતાથી આત્મામાં પ્રાપ્ત થાય છે. અહિં તો કોઈ એકલા સાંખ્ય જ્ઞાનનેજ પ્રાપ્ત થાય અને કોઈ યોગનેજ પ્રાપ્ત થાય છેઃ માટે મેં કહેલ છે તે-પ્રમાણે સાંખ્ય અને યોગની એકતા કરીને મારો અનુગ્રહ મેળવી જ્ઞાન પ્રાપ્ત કરી-શકે છે. (૩૮) એવું જ્ઞાન કોને આપવું? તે પરીક્ષા ગુરુએ શિષ્યની શ્રદ્ધા ઉપર કરવાની છેઃ માટે કહે છે કે ગુરુને પરાયણ થઈ, ઇન્દ્રિયોને નિયમમાં રાખી, ગુરુના વચનમાં શ્રદ્ધા રાખે તે તેવા જ્ઞાનને મેળવીને થોડા સમયમાં ઉત્તમ ચિત્તની શાન્તિને પામે છે. (૩૯) અજ્ઞમાણસ, શ્રદ્ધાવગરનો માણસ તથા સંશયવાળો માણસ નષ્ટ થઇજાય છે, જેનો આત્મા સંશયરૂપ છે તેને આ લોક, પરલોક તથા સુખ પ્રાપ્ત થતાં નથી. (૪૦) અર્જુન! યોગે કરીને અન્તરમાં જેણે કર્મનો ત્યાગ કર્યો છે અને સાંખ્ય-જ્ઞાનથી આત્માનાત્મવિવેક પ્રાપ્ત થવાથી જેના સંશય કપાઈગયા છે તેવા જ્ઞાની-પુરુષને કર્મ બંધન કરતાં નથી (૪૧) માટે ભારત! તું પણ સાંખ્યની બુદ્ધિથી

અનાત્મભૂત સંશયને કાપીને મેં કહેલા યોગમાં સ્થિતિ રાખ અને ક્ષત્રિયના કર્મરૂપ યુદ્ધને માટે તત્પર થા તો પણ તે કર્મથી તને બંધન થવાનું નથી, (૪૨)

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ભાષાન્તરનો ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)

અથ પાંચમો અધ્યાય.

સાંખ્ય તથા યોગમાં એકાર્થથી માનેલું પોતાનું કર્મ બહારથી કરવું એવા અભિપ્રાયને નહિં જાણીને અર્જુન પોતાના શ્રેયને માટે પ્રશ્ન કરે છે,

अर्जुन उवाच—सन्न्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥ १ ॥

અર્થ—કૃષ્ણ? સાંખ્યની રીતિપ્રમાણે કર્મનો સન્યાસ કરવો એમ આજ્ઞા કરો છો અને ફરીને યોગનો ઉપદેશ કરો છો, તો તે બન્નેમાં સારી રીતે નિશ્ચય કરેલું જે એક શ્રેયરૂપ હોય તે મને કહો. (અર્થાત્ કર્મનો સંન્યાસ અને કર્મયોગ એ બન્ને એક સમયમાં એકજણથી બનીશકે નહિં એવો અર્જુનનો આશય છે.)

ઉપર પ્રમાણે અર્જુન સંશયમાં પડેલ છે તે પુષ્ટિમિશ્ર ભક્ત હોવાથી તેને યોગ તથા સાંખ્યનો સાર ગ્રહણકરાવવાસારૂ પ્રથમ ઉપદેશકરેલ કર્મયોગની સ્થિતિનું સ્વરૂપ ચાર શ્લોકથી બતાવે છે.

श्रीभगवानुवाच—सन्न्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसन्न्यासात् कर्मयोगो विशिष्यते ॥ २ ॥
ज्ञेयः स नित्यसन्न्यासी यो न द्वेष्टि न कांक्षति ।
निर्द्वंद्वो हि महाबाहो! सुखं बन्धात् प्रमुच्यते ॥ ३ ॥
सांख्ययोगौ पृथग् बालाः प्रवदन्ति न पण्डिताः ।
एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ॥ ४ ॥
यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ॥ ५ ॥

અર્થ—સન્ન્યાસ અને કર્મયોગ એ બન્ને પુરુષાર્થસિદ્ધકરનારા છે, પરન્તુ બહારના કર્મનો ત્યાગ કરવો તેના કરતાં બહાર કર્મ કરવું અને અંતરનો ત્યાગ કરવો એ ઉત્તમ છે, (૨) મહાબાહો! જે દ્વેષ ન કરે અને કાંઇ ઇચ્છા ન રાખે તેને નિત્યસંન્યાસી જાણવો, સુખ અને દુઃખને સહનકરવાથી અને ભગવન્નિષ્ઠાએ કર્મકરવાથી યોગી પણ સંન્યાસી જ છે, તે સહેલાઈએ બંધનથી મુક્ત

થાય છે, (૩) બાલકો સાંખ્ય તથા યોગને જુદા કહે છે પણ પંડિતો જુદા કહેતા નથી, કારણ કે સાંખ્યમાં કર્મનો સંન્યાસ છે અને યોગમાં કર્મનું ગ્રહણ છે એમ ભેદ છે તોપણ સુખદુઃખને સહનકરી કર્મ કરવું એ અર્થ બન્નેનો એક છે, તેથી બન્નેનું ફળ તેને પ્રાપ્ત થાય છે અને બન્ને શાસ્ત્રો જુદાં હોવાથી સુખદુઃખને સહન કરી એકશાસ્ત્રમાં રહે તો પણ પુરુષાર્થને પ્રાપ્તથાય છે, એમ કહીને શ્રીકૃષ્ણ પોતાનો મત કહે છે કે બન્નેનો એક અભિપ્રાય ગ્રહણ કરી સુખદુઃખને સહન કરવું અને અંદરથી આસક્તિ નહિં રાખી કર્મકરવું. એ સાંખ્ય તથા યોગની એકતા રાખી વર્તે તો બન્નેનું ફલ સારી રીતે પ્રાપ્ત કરે છે, (૪) સાંખ્યમાં રહેલાને જે સ્થાન પ્રાપ્ત થાય છે તે સ્થાન યોગનિષ્ઠાથી પણ મેળવીશકાય છે માટે જે સાંખ્ય તથા યોગ એ બન્નેને એક સમજે છે તે ખરો સમજનાર છે. (૫)

સાંખ્યમાં અભિપ્રેત સંન્યાસ કર્યાવગર પણ યોગથી પણ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પરન્તુ યોગવિના કેવળ કર્મસંન્યાસથી સિદ્ધિ થતી નથી. એવી મતલબનો ઉપદેશ આખા અધ્યાયથી શ્રી કૃષ્ણ ભગવાન્ કરે છે.

सन्न्यासस्तु महाबाहो! दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥ ६ ॥
योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥ ७ ॥
नैव किञ्चित् करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्छृण्वन् स्पृशञ्जिघ्रन्नश्नन् गच्छान् स्वपञ्श्वसन् ॥ ८ ॥
प्रलपन् विसृजन् गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्तइति धारयन् ॥ ९ ॥
ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥ १० ॥
कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि ।
योगिनः कर्म कुर्वन्ति संगं त्यक्त्वाऽऽत्मशुद्धये ॥ ११ ॥
युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ॥ १२ ॥
सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥ १३ ॥
न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥

नादत्ते कस्यचित् पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥ १५ ॥
ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥ १६ ॥
तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥ १७ ॥
विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥ १८ ॥
इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ॥ १९ ॥
न प्रहृष्येत् प्रियं प्राप्य नोद्विजेत् प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद् ब्रह्मणि स्थितः ॥ २० ॥
बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥ २१ ॥
ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय ! न तेषु रमते बुधः ॥ २२ ॥
शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥ २३ ॥
योऽन्तःसुखोन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्म निर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥ २४ ॥
लभन्ते ब्रह्म निर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥ २५ ॥
कामक्रोधविमुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्म निर्वाणं वर्तते विदितात्मनाम् ॥ २६ ॥
स्पर्शान् कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ ॥ २७ ॥
यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥ २८ ॥
भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥ २९ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
संन्यासयोगो नाम पंचमोऽध्यायः ॥ ५ ॥

અર્થ—મહાબાહો! કર્મસંન્યાસ યોગશિવાય મેળવવાને અશકય છે, માટે યોગથી યુક્ત, મુનિ થોડા વખતમાં બ્રહ્મને પામે છે. (અર્થાત્‌ નિષ્કામ કર્મનો યોગ કરનાર સાંખ્યસ્થિતિવાળો મુનિ પણ થોડા સમયમાં બ્રહ્મને પ્રાપ્ત થાય છે એવું મારું મત છે; કારણ કે કર્મ કરતો હોય તો જ તેનો ત્યાગ થઇશકે પણ કર્મજ ન કરતો હોય તો તેનો ત્યાગ શી રીતે કહેવાય!) (૬) યોગથી યુક્ત, શુદ્ધ અંતઃકરણવાળો, મનને જીતનાર તથા ઇન્દ્રિયોને જીતનાર અને સર્વ પ્રાણીઓના આત્મરૂપ આત્મા હોઇને કર્મ કરતા છતાં પણ તેમાં કર્તૃત્વવિગેરે અભિમાનના અભાવને લીધે પોતે તેનાથી લેપાતો નથી (૭) હું કાંઇપણ કરતો નથી એવી રીતે યોગયુક્ત તથા તત્ત્વવેત્તા (સાંખ્યસિદ્ધાન્તને જાણનાર મુનિ) માને. તે એવી રીતે કે જોતો હોય, સાંભળતો હોય, સ્પર્શ કરતો હોય, સુંઘતો હોય, ખાતો હોય, ચાલતો હોય, સૂતો હોય, શ્વાસ લેતો હોય, (૮) બોલતો હોય, છોડતો હોય, ગ્રહણ કરતો હોય, આંખ્યો વાંચતો હોય, અથવા તો ઉઘાડતો હોય તો પણ ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના પદાર્થોમાં વર્તે છે એવી ધારણા રાખીને (૯) આસક્તિવગર સર્વ કર્મો બ્રહ્મમાં જોડીને જે કર્મ કરે છે, તે જલથી કમલપત્ર જેમ લેપાતું નથી તેમ તેકર્મથી લેપાતો નથી (૧૦) શરીરથી, આસન વિગેરેથી, મનવડે ધ્યાનાદિકથી અને બુદ્ધિવડે તત્ત્વના નિશ્ચયથી, અભિનિવેશ રહિત ઇન્દ્રિયોએ કરીને આસક્તિ રાખ્યા વગર આત્માની શુદ્ધિ માટે યોગીઓ કર્મ કરે છે (અર્થાત્‌ શ્રવણ કીર્તનાદિક કર્મ નારદાદિક ફલાનુસંધાન રહિત થઇને કરે છે, જે સાંખ્યમાં નિષ્ઠાવાળા છે તે કર્મનો ત્યાગ કરવાનો સિદ્ધાન્ત સમજે છે અને જે યોગીઓ છે તે નિષ્કામ પણાથી કર્મ કરવું એમ માને છે) (૧૧) એવી રીતે નારદાદિક તથા યોગીઓના માનવા પ્રમાણે ફલની આશા છોડીને કર્મ કરનારો નૈષ્ઠિકી શાન્તિને પામે છે, અને નિષ્કામ યોગ વગર કર્મમાં આસક્તિ રાખનારને બંધન થાય છે (૧૨) માટે યોગમાં મનથી કર્મનો ત્યાગ રાખવો અને બહારથી કર્મ કરવું એવો અભિપ્રાય છે, તે પ્રમાણે નહિ કરતાં બહારથી કર્મ છોડીદે તો તે મિથ્યાચાર કહેવાય છે, એ બતાવવા માટે શ્રીકૃષ્ણ—ભગવાન્‌ ઉપદેશ કરે છે કે મનથી કર્મનો ત્યાગ કરીને બાહ્યથી કર્મકરનાર જે રહે છે, તે સુખથી રહે છે અને સઘળી ઇન્દ્રિયો તેના વશમાં રહે છે, તે એવી રીતે કે નવદ્વારવાળાં દેહરૂપી શહેરમાં રહેનાર દેહી મનથી ત્યાગ હોવાને લીધે પોતે કાંઈ કરતો નથી અને કાંઈ કરાવતો નથી, જગત્‌ને સરજનાર પ્રભુ કોઇનું કર્તાપણું કે સકામ કર્મો અને કર્મના ફલનો સંયોગ સરજતા નથી, પરન્તુ લોકનો સ્વભાવ સ્વતઃ તેમાં પ્રવૃત્ત થાય છે, (૧૩–૧૪) કોઇના પાપને કે કોઇના પુણ્યને પ્રભુ ગ્રહણ કરતા નથી પરન્તુ બુદ્ધિ, ઇન્દ્રિયો મન અને પ્રાણ પ્રભુએ સરજેલ છે, તેની પ્રવૃત્તિ શેમાં કરવી? તેના જ્ઞાનને લીધે સ્વભાવ તેને પ્રવર્તાવે છે, તેથી ખરું

જ્ઞાન નહિં થવાથી ક્ષુદ્ર જેવો મોહ પામે છે, (૧૫) આત્માના અજ્ઞાનથી ખરું જ્ઞાન નાશ થયું છે તે શુદ્ધ સર્વ જગત્ અક્ષરબ્રહ્માત્મક છે એવું જ્ઞાન થવાથી અજ્ઞાન નષ્ટ થાય ત્યારે સૂર્યની માફક તે જ્ઞાન ખરાં સ્વરૂપનો પ્રકાશ કરે છે. (૧૬) તે જ્ઞાનમાં બુદ્ધિવાળા, તે જ્ઞાનમાં મનવાળા તે જ્ઞાનમાં નિષ્ઠાવાળા અને તે જ્ઞાનને પરાયણ થયેલા જ્ઞાનથી પાપને નાશ કરનારા મુક્તિને પામે છે (૧૭) વિદ્યા અને વિનયથી યુક્ત બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરો તથા ચાંડાલ એ સર્વ બ્રહ્મરૂપ છે એમ માનનારા પંડિત કહેવાય છે (૧૮) જેનું મન સમપણામાં સ્થિર થયું છે તેઓએ આંહીજ પ્રવાહ માર્ગ (લૌકિકમાં આસક્તિવાળા નો સર્ગ) જીતેલો છે કારણ કે નિર્દોષ અને સમ એ બ્રહ્મનું નામ છે, તેથી સમપણામાં રહેલા હોય તે બ્રહ્મમાં રહેલા ગણાય છે એવી રીતે જેઓ બ્રહ્મમાં રહેલા હોય તેઓને પરમાનન્દની પ્રાપ્તિ થાય છે તેને બતાવનાર બે શ્લોકથી તેઓનું લક્ષણ કહે છે, પ્રિય પદાર્થ મળે તેમાં હર્ષ પામતો નથી અને અપ્રિય પદાર્થ મળે તેમાં ઉદ્વેગ પામતો નથી, તે મોહરહિત સ્થિરબુદ્ધિવાળો બ્રહ્મને જાણનાર બ્રહ્મમાં રહેલો છે, (૧૯–૨૦) બાહ્યના વિષયોમાં જેનું અંતઃકરણ આસક્તિવાળું હોતું નથી તે પુરુષ આત્મામાં જે સુખ મેળવે છે તે બ્રહ્મયોગે કરીને યુક્ત આત્માવાળો અક્ષય સુખને મેળવે છે. (૨૧) કૌન્તેય! બ્રાહ્ય વિષયના સ્પર્શથી જે ભોગો મળે છે તે સર્વ દુઃખને પેદા કરનારા છે, અને આદિ તથા અંતવાળા છે. (અર્થાત્ બાહ્ય વિષયના સુખની ઉત્પત્તિ તથા નાશ થાય છે અને બ્રહ્માનન્દ સર્વ કાળ રહે છે. માટે જે પંડિત હોય તે બાહ્યના વિષયમાં રમણ કરે નહિં, (૨૨) શરીરના ત્યાગની પહેલાં જ કામ ક્રોધાદિકથી થતા મનના વેગને સહન કરીને જે મોક્ષના સાધનને છોડતો નથી, તે યુક્તયોગી કહેવાય છે, અને બ્રહ્માનંદવાળો થાય છે. (૨૩) કેવળ કામક્રોધના વેગને સહન કરવાથી જ મોક્ષની પ્રાપ્તિથતી નથી પણ અન્તરાત્મામાં જેને સુખ છે, અન્તરાત્મામાં જે આનંદ ભોગવે છે અને અન્તરાત્માજ જેનો પ્રકાશિત રહે છે, બ્રહ્મભૂત તે યોગી મોક્ષરૂપ બ્રહ્મને પ્રાપ્ત થાય છે (૨૪) તેમાં સત્પુરુષોના આચરણ પ્રમાણમાં આપે છે કે જેઓનું પાપ ક્ષીણ થયેલું છે, દ્વૈતભાવ જેઓનો નિવૃત્ત થયેલો છે અને આત્મા જેનો નિયમમાં રહેલો છે, તેવા ઋષિઓ મંત્રના દૃષ્ટા હોવાથી સર્વજ્ઞ થઇને સર્વ સંશયને કાપી બ્રહ્માનંદને પ્રાપ્ત થાય છે, (૨૫) કામક્રોધના યોગથી જેઓ દૂર રહ્યા છે અને જેઓનું ચિત્ત તેવી સ્થિતિના યત્નમાંજ રહે છે, તેવા યતિઓને જીવતાં તથા મરણ પછી મોક્ષરૂપ બ્રહ્મસુખ રહે છે. કારણ કે તેઓએ આત્માનું સ્વરૂપ જાણેલું છે (૨૬) બાહ્ય વિષયોને દૂર કરીને નેત્રને ભ્રકુટિના મધ્યમાં કરીને અર્ધાં ઉઘાડેલાં નેત્રોથી મનને એકાગ્ર કરીને નાસાની અંદર પ્રાણ તથા અપાનને સરખાં કરીને (૨૭) ઇન્દ્રિય, મન તથા બુદ્ધિને નિયમમાં રાખનાર, મોક્ષમાં પરાયણ

મુનિ, ઇચ્છા, ભય અને ક્રોધથી જે રહિત થાય છે તે સદા મુક્તજ છે. (૨૮) કેવલ ઇન્દ્રિય વિગેરેને નિયમમાં રાખવાથી મુક્ત થતો નથી પણ ભગવાનની મોટાઇના જ્ઞાનદ્વારા મોક્ષને પામે છે એમ બતાવવા માટે શ્રીકૃષ્ણ–ભગવાન્ કહે છે કે, હું યજ્ઞ તથા તપનો ભોક્તા છું (અર્થાત્ કર્મકાંડના તાત્પર્યરૂપ હું છું) સર્વ લોકનો મહેશ્વર છું (અર્થાત્ ઉપાસનાકાંડના તાત્પર્યરૂપ છું,) અને સર્વ ભૂતનો હું મિત્ર છું (અર્થાત્ જ્ઞાનકાંડના તાત્પર્યરૂપ હું છું) એવું મારું સ્વરૂપ જાણીને શાન્તિને પ્રાપ્ત થાય છે. (૨૯)

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાના ગુજરાતી ભાષાન્તરનો અધ્યાય ૫ મો સંપૂર્ણ.

આત્માના સંયમરૂપ ધર્મથી ઉપર કહેલ સાંખ્ય તથા યોગ બન્નેની એકાર્થતાની સિદ્ધિ થાય છે એમ શ્રીકૃષ્ણ–ભગવાન્ બત્રીશ શ્લોકથી અર્જુનને ઉપદેશ કરે છે.

અથ ષષ્ઠોઽધ્યાય.

श्रीभगवानुवाच–अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥ १ ॥
यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पांडव ! ।
न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन ॥ २ ॥
आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥ ३ ॥
यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥ ४ ॥
उद्धरेदात्मनाऽऽत्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥ ५ ॥
बन्धुरात्माऽऽत्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६ ॥
जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥ ७ ॥
ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः ।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकांचनः ॥ ८ ॥
सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ ९ ॥

योगी युंजीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥ १० ॥
शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥ ११ ॥
तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ।
उपविश्यासने युंज्याद्योगमात्मविशुद्धये ॥ १२ ॥
समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥ १३ ॥
प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।
मनः संयम्य मच्चितो युक्त आसीत मत्परः ॥ १४ ॥
युंजन्नेवं सदाऽऽत्मानं योगी नियतमानसः ।
शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥ १५ ॥
नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ! ॥ १६ ॥
युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥ १७ ॥
यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥ १८ ॥
यथा दीपो निवातस्थो नेंगते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युंजतो योगमात्मनः ॥ १९ ॥
यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनाऽऽत्मानं पश्यन्नात्मनि तुष्यति ॥ २० ॥
सुखमात्यन्तिकं यत् तद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥ २१ ॥
यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणाऽपि विचाल्यते ॥ २२ ॥
तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगो निर्विण्णचेतसा ॥ २३ ॥
संकल्पप्रभवान् कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेन्द्रियग्रामं विनियम्य समंततः ॥ २४ ॥
शनैःशनैरुपरमेद् बुद्ध्या धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तयेत् ॥ २५ ॥

यतो यतो निश्चरति मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥ २६ ॥
प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ २७ ॥
युंजन्नेवं सदाऽऽत्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥ २८ ॥
सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ २९ ॥
यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥ ३० ॥
सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्त्तते ॥ ३१ ॥
आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन! ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥ ३२ ॥

અર્થ–શ્રીકૃષ્ણ–ભગવાન્ અર્જુનને આજ્ઞા કરે છે કે, કર્મયોગમાં સાંખ્ય તથા યોગની એકાર્થતા એવી રીતે સમજવી કે અગ્નિહોત્રાદિક કર્મ કર્તવ્ય હોવાથી કર્મના ફલનો આશ્રય નહિં કરીને જે અગ્નિહોત્રાદિક કર્મ કરે છે તે ફલનો ત્યાગ કરવાથી સાંખ્યની અને કર્મ કરવાથી યોગની એકાર્થતા થઈને સંન્યાસી તથા યોગી કહેવાય છે, પણ અગ્નિહોત્રાદિક કર્મો ન કરે તે સંન્યાસી કે યોગી કહેવાતો નથી, (૧) કારણ કે ઋષિઓ જેને સંન્યાસ કહે છે, તેને પાંડવ! યોગજ સમજ, સંકલ્પનો જેણે ત્યાગ કર્યો નથી તે યોગી થતોજ નથી માટે કર્મ કરીને ફલની ઈચ્છા ન રાખે તે યોગીજ છે. (૨) આત્માને નિયમમાં રાખવારૂપ સ્થાન ઉપર ચડવાની ઈચ્છા રાખનાર માણસ અને સ્વધર્મરૂપ કર્મ કારણરૂપ છે, અને તેવા યોગ ઉપર ચડેલા તેજ પુરુષને કર્મના ફલનો પરિત્યાગ કરવો તે યોગારુઢ રહેવામાં કારણરૂપ છે (૩) જ્યારે ઇન્દ્રિયોના અર્થરૂપ કર્મમાં આસક્તિ રાખતો નથી અને સર્વ કર્મના સંકલ્પનો ત્યાગ કરે છે, ત્યારે તે યોગારૂઢ કહેવાય છે. (૪) માટે વિષયોમાં આસક્તિ ન થાય તેવું કર્મ કરીનેજ પોતાના આત્માથીજ પોતાના આત્માનો ઉદ્ધાર કરે (આસક્તિ વગર કર્મ કરવું એ પોતાનું કર્તવ્ય છે) પોતાના આત્માને કર્મમાં આસક્તિ કરી દુઃખમાં નાખે નહિં, કારણ કે આત્માજ આત્માનો બંધુ છે અને આત્માજ આત્માનો શત્રુ છે. (૫) માટે જેણે પોતાના આત્માથી પોતાનો આત્મા જીત્યો છે તે આત્મા પોતાનો બંધુ છે અને જેનો આત્મા વશ નહિં રહી વિષયોમાં આસક્ત થાય છે તે

આત્મા પોતાનો શત્રુ છે, (૬) એમ બતાવવા માટે જીતાત્માનું બંધુપણું સ્ફુટ કરે છે કે, જેણે આત્મા જીત્યો છે અને જે શાન્ત થયો છે, તેનો જીવાત્મા અંતર્યામી જેવો સાક્ષીરૂપ થાય છે, ત્યારે શીત, ઉષ્ણ, સુખ, દુઃખ તથા માન અપમાનમાં તે સાક્ષીરૂપ રહે છે, (૭) જ્ઞાન તથા વિજ્ઞાનથી તૃપ્ત થયેલો આત્મા સાક્ષીરૂપ થઇને સર્વ ઇન્દ્રિયોને જીતીને યુક્ત[1] યોગી થાય છે, તેને માટીનું ઢેફું, પથ્થર અને સુવર્ણમાં સરખી બુદ્ધિ થાય છે (૮) તેમ જ સંબન્ધી, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ્ય, બન્ધુ, સાધુ પુરુષ અને પાપી પુરુષોમાં સરખી બુદ્ધિવાળો હોઇને વિશેષ ગણાય છે (૯) એવી રીતે યોગારૂઢનું સ્વરૂપ કહીને યોગમાં આરૂઢ થવાની ઇચ્છા રાખનાર સાંગ યોગ કરે છે, તેને સિદ્ધિ થાય છે, તે કહે છે કે એકાન્તમાં બેઠેલો યોગી એકલો રહીને ચિત્ત તથા આત્માને નિયમમાં રાખીને કાંઈ પણ આશા વગર પરિગ્રહ નહિં રાખીને પોતાના જીવાત્માને મારામાં જોડે (૧૦) તે એવી રીતે કે પવિત્ર દેશમાં પોતાનું સ્થિર આસન રાખીને તે આસન બહુ ઉંચું તથા બહુ નીચું નહિં હોવું જોઇએ, અને ચિત્તની સ્થિરતા થવા માટે સહુથી ઉપર વસ્ત્ર તેની નીચે મૃગચર્મ અને તેની નીચે દર્ભનું આસન રાખવું (એટલે કોમલ આસન થવાથી ચિત્તમાં વ્યગ્રતા થાય નહિં) (૧૧) તેવા આસનપર બેશીને એકાગ્ર મન કરીને ચિત્ત તથા સર્વ ઇન્દ્રિયોની ક્રિયાને નિયમમાં રાખીને આત્માની શુદ્ધિ માટે મારામાં યોગ જોડવો. (૧૨) તે એવી રીતે કે શરીર, મસ્તક અને ગળાંને સરખાં અચલ રાખીને સ્થિર થઇને પોતાની નાસિકાના અગ્રભાગ તરફ નજર રાખીને દિશાઓ તરફ જોવું નહિં (મતલબ કે આડું અવળું જોવું નહિં) (૧૩) જેનો આત્મા શાન્ત થયેલ છે, ભય માત્ર નિવૃત્ત થયેલ છે, બ્રહ્મચારીના વ્રતમાં પોતે રહેલો છે, કે મારામાં ચિત્ત રાખીને મનને નિયમમાં રાખી મને પરાયણ થઈ યુક્ત થઇને બેસે (૧૪) મનને નિયમમાં રાખીને સદા એવી રીતે મારામાં પોતાના આત્માને જોડનાર યોગી મોક્ષ જેનું ફળ છે એવી મારામાં સ્થિતિરૂપ શાન્તિને પામે છે. (૧૫) અર્જુન ! અત્યન્ત ખાનારને, અતિ ઉપવાસ કરનારને, અતિ નિદ્રા કરનારને અને અતિ જાગરણ કરનારને યોગ સિદ્ધ થતો નથી (૧૬) યોગ્ય આહાર તથા યોગ્ય વિહાર કરનાર, કર્મમાં યોગ્ય ચેષ્ટા રાખનાર, યોગ્ય નિદ્રા તથા યોગ્ય જાગરણ કરનાર પુરુષને યોગ દુઃખ મટાડનાર થાય છે. (૧૭) જ્યારે નિર્બીજ અસંપ્રજ્ઞાત સમાધિરૂપ યોગ સિદ્ધ થાય છે ત્યારે સર્વ કામનાઓથી નિઃસ્પૃહ થઇને નિયમમાં રાખેલું ચિત્ત આત્મામાંજ સ્થિર થઇને રહે છે તે યુક્ત યોગી કહેવાય છે. (૧૮) તેમાં દૃષ્ટાન્ત આપે છે કે વાયુ વગરના સ્થાનમાં રહેલા દીવાની શિખા જેમ સ્થિર રહે છે તે ઉપમા ચિત્તને નિયમમાં રાખનાર આત્માના યોગને જોડનાર યોગીની સમજવી. (અર્થાત્ દીવાની શિખા પવન વગરની જગ્યામાં જેમ હલતી નથી તેમ યોગીનું ચિત્ત લૌકિક તરફ જતું નથી પણ મારામાં જ રહે

છે.) (૧૯) તે યોગનું સ્વરૂપ કહે છે કે યોગની સેવાથી નિરુદ્ધ થયેલું ચિત્ત જે મારા સ્વરૂપમાં શાન્ત થઇને રહે છે અને જ્યાં પોતાના આત્માવડે કરીને આત્મારૂપ મારા સ્વરૂપને જોઇને પોતાના આત્મામાં પ્રસન્ન થઇને રહે છે. (૨૦) જે આત્યંતિક અતીન્દ્રિય સુખ કહેવાય છે, તે સુખ બુદ્ધિથી ગ્રહણ કરીને જાણે છે, જ્યાં તત્ત્વથી સ્થિર થઇને રહેલો એ યોગી ચલાયમાન થતો નથી. (૨૧) જે સુખને પ્રાપ્ત થઇને તેથી અધિક બીજા સુખને લાભરૂપ માનતો નથી, અને જે સુખમાં રહેલો ગંભીર દુઃખથી પણ ચલાયમાન થતો નથી. (૨૨) માટે એવો મહાફલ આપનાર યોગ છે તેથી તે યોગનો જ બહુ જ કાળજીથી અભ્યાસ કરવો એમ દોઢ શ્લોકથી ભગવાન્ આજ્ઞા કરે છે, માટેજ દુઃખના સંયોગને છુટો પાડનાર છે તોપણ તેનું યોગ એવું નામ છે એટલે તે યોગ ચિત્તમાં વૈરાગ્ય રાખી નિશ્ચયથી મારામાં જોડવો, (૨૩) સંકલ્પથી ઉત્પન્ન થયેલી સઘળી ઈચ્છાઓનો સર્વાંશે ત્યાગ કરી તથા મનથીજ ચોતરફ ઇન્દ્રિયોના ટોળાંને કાબુમાં રાખીને (૨૪) આસ્તે આસ્તે યોગથી બંધ પડવું, અને ધીરજથી કાબુમાં આવેલ બુદ્ધિથી મનને પોતામાં રાખીને કોઈપણ વસ્તુનું ધ્યાન નહિં કરવું. (૨૫) (સંકલ્પથી થતા કામો છોડીને મનને આત્મામાં વશ કરીને ક્યાંય પણ લઈ જવું નહિં એમ કરવાથી) જે જે વિષયો તરફ મન જાય ત્યાંથી ખેંચીને આત્મામાં વશ રાખવું. (૨૬) એવી રીતે આત્મામાં મનને વશ રાખનાર તથા જેનો રજોગુણ શાન્ત થયો છે તેવા બ્રહ્મભૂત પાપરહિત યોગીને ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે, (૨૭) એવી રીતે મારામાં સદા આત્માને જોડનાર પાપરહિત યોગી અક્ષરબ્રહ્મનો અત્યન્ત સ્પર્શ થવાથી (અર્થાત્ પોતાની અક્ષર બ્રહ્મથી જુદાઈ નહિં જાણીને) વગર મહેનતે સુખને ભોગવે છે. (૨૮) સર્વ ઠેકાણે સમદૃષ્ટિવાળો યોગી સર્વ ભૂતમાં રહેલા પોતાના આત્માને અને આત્મામાં રહેલા સર્વ ભૂતોને પોતે યોગયુક્તાત્મા હોવાથી ([1] વામદેવની પેઠે) દેખે છે (૨૯) જે મને જ સર્વ ઠેકાણે દેખે છે અને મારામાં સર્વને દેખે છે તેનો હું નાશ કરતો નથી અને તે મારો હોઇને નાશ પામતો નથી (પ્રથમના શ્લોકમાં અક્ષરબ્રહ્મવિષયક સર્વાત્મભાવ કહ્યો અને આ શ્લોકમાં ભગવદ્વિષયક સર્વાત્મભાવ કહ્યો તેમાં પ્રથમની અભેદોપાસના તામસી છે તેથી તે અભેદોપાસનાથી જુદી રીતે અર્જુનને આ શ્લોકથી બતાવીને કહ્યું કે તેને હું અદૃશ્ય થતો નથી અને તે મને અદૃશ્ય થતો નથી તેથી તેનો નાશ નથી એમ કહ્યું છે,) (૩૦) એકપણાનો સ્વીકાર કરનાર પણ જે યોગી સઘળા પ્રાણીઓમાં રહેલ વાસુદેવરૂપ મને ભજે છે (મતલબ કે મારામાં ચિત્તને જોડે છે) તે ગમે તેવી રીતે વર્તન ચલાવતો હોય તો પણ મારા દાસ શુકદેવજી

---

૧ બૃહદારણ્યક ઉપનિષદ્‌માં વામદેવ ઋષિને સર્વરૂપ જ્ઞાન થવાનું લખ્યું છે તે પ્રમાણે.

અને ઉદ્ધવજીની માફક મારું શરણ લે છે. (૩૧) અર્જુન! જે યોગી સુખ તથા દુઃખ પોતાને (કેવું પ્રિય તથા અપ્રિય લાગે છે) એ પોતાનું દૃષ્ટાન્ત લઇને ચોતરફ (સામાના) સુખદુઃખતરફ નજર રાખે છે તે ઉત્તમ યોગી છે એમ મારું માનવું છે. (૩૨)

ઉપર કહેવામાં આવેલ લક્ષણવાળા યોગનો અસંભવ માનીને અર્જુન શ્રી ભગવાનને બે શ્લોકથી પ્રશ્ન કરે છે કે—

अर्जुन उवाच—योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन!।
एतस्याहं न पश्यामि चंचलत्वात् स्थितिं स्थिराम् ॥ ३३ ॥
चञ्चलं हि मनः कृष्ण! प्रमाथि बलवद् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥ ३४ ॥

અર્થ—મધુસૂદન! આપે સમપણાથી ચિત્તના નિરોધરૂપ, જે યોગ કહ્યો છે તે યોગની મજબૂત સ્થિતિ મનના ચંચલપણાથી હું જોઈશકતો નથી, (૩૩) કારણ કે કૃષ્ણ! મન ચંચલ છે, મથીનાખનાર છે અને મજબૂત બલધરાવનાર છે, તો જેમ આકાશમાં સુસવાટીમારતા પવનનો ઘડા વિગેરેમાં નિરોધ થઈશકતો નથી તેમ તે મનનો નિરોધ અત્યન્ત મુશ્કેલ છે એમ હું માનું છું. કારણ કે આગ્નીધ્રવિગેરે રાજાઓ તથા સૌભરિવિગેરે ઋષિયોની ખરાબી મનના અનિરોધથી જોવામાં આવી છે. (૩૪)

એપ્રમાણે અર્જુનના કહેવાનો સ્વીકાર કરીને મનને રોકવાનો ઉપાય ભગવાન્ બતાવે છે.

श्रीभगवानुवाच—असंशयं महाबाहो! मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय! वैराग्येण च गृह्यते ॥ ३५ ॥
असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥ ३६ ॥

અર્થ—મહાબાહુ કૌન્તેય! જો કે મન ચંચલ હોવાથી તેને કાબુમાં રાખીશકવું અશક્ય છે એ વિષય નિર્વિવાદ છે, તોપણ અભ્યાસ અને વૈરાગ્યથી કાબુમાં રાખીશકાય છે. (૩૫) એવી રીતે મનનો નિરોધ કરી સર્વમાં સમબુદ્ધિ રાખે તેને તે યોગ પ્રાપ્ત થાય છે. તેશિવાય થતો નથી. એવા અભિપ્રાયથી શ્રીકૃષ્ણ—ભગવાન્ અર્જુનને કહે છે કે જેણે પોતાના મનનો નિરોધ કર્યો નથી તેનાથી તે યોગ પામીશકાતો નથી એવી મારી મતિ છે, અને જેને મન વશ થયું છે તેવા યત્નકરનાર યોગીઓએ ઉપાય કરવાથી યોગ પ્રાપ્ત કરીશકાય છે. (૩૬)

મનનો નિરોધ થયો ન હોય અને ઉપાયથી પણ નિરોધ કરવાનો યત્ન પણ ન કરતો હોય તેને શું ફળ પ્રાપ્ત થાય? એવો સંદેહ થવાથી અર્જુન ત્રણ શ્લોકકરીને ભગવાનને પૂછે છે.

अर्जुन उवाच–अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण! गच्छति ॥ ३७ ॥
कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठो महाबाहो! विमूढो ब्रह्मणः पथि ॥ ३८ ॥
एतन्मे संशयं कृष्ण! छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता नह्युपपद्यते ॥ ३९ ॥

અર્થ–કૃષ્ણ! કર્મનો સંન્યાસકરનાર નથી તેમ અભ્યાસનો યત્નકરનાર પણ નથી અને યોગથી જેનું મન ચલિત થઇગયું છે તેવો પુરુષ યોગની સિદ્ધિને નહિં પામીને કઇ ગતિને પ્રાપ્ત થાય છે? (૩૭) અર્જુન પોતાનો અભિપ્રાય કહે છે કે મહાબાહો! બ્રહ્મના માર્ગમાં સ્થિર નહિં થયેલો અને વિમૂઢ તે પુરુષ, જેમ આકાશમાં રહેલું વાદળ આકાશમાંજ નષ્ટ થઇજાય છે તેમ આ લોક તથા પરલોકના સુખથી શું ભ્રષ્ટ તો થતો નથી? (૩૮) કૃષ્ણ! આ મારો સંશય સમૂલ કાપવાને આપ યોગ્ય છો, આપશિવાય બીજો આ સંશયને કાપનાર મળે તેમ નથી. (૩૯)

એના ઉત્તરમાં ભગવાન્ આઠ શ્લોકથી ખુલાસો કરે છે.

श्रीभगवानुवाच–पार्थ! नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात! गच्छति ॥ ४० ॥
प्राप्य पुण्यकृताँल्लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥ ४१ ॥
अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥ ४२ ॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन! ॥ ४३ ॥
पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥ ४४ ॥
प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥ ४५ ॥
तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन! ॥ ४६ ॥

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ॥ ४७ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे अध्यात्मयोगो नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

અર્થ–પાર્થ ! એવી રીતે યોગભ્રષ્ટ થયેલા પુરુષનો આ લોક તથા પરલોકમાં નાશ થતો નથી, કારણ કે તાત ! કલ્યાણકરનાર કોઇ દુર્ગતિને પ્રાપ્ત થતો નથી. (૪૦) કિન્તુ જેટલો યોગ થયો છે તેના બલથી પ્રાપ્ત થયેલા ઉત્તમ લોકમાં ઘણાં વર્ષો સુધી વસીને યોગભ્રષ્ટ થયેલો પુરુષ પવિત્ર પૈસાવાળાઓને ત્યાં (ભરતની માફક) જન્મ લે છે (૪૧) અથવા તો જડભરતની માફક બુદ્ધિવાળા યોગીઓના કુળમાં જન્મ લે છે. (પ્રથમના શ્લોકમાં પવિત્ર પૈસાવાળાને ત્યાં જન્મ લેવાનું કહ્યું છે તે ભરતરાજાની માફક વનમાં જઇ સાધન કરવું તેને બાકી રહે છે અને આ શ્લોકમાં યોગીને ત્યાં જન્મ લેવાનું કહ્યું છે તે યોગસિદ્ધ પુરુષનો દાખલો બતાવવા માટે જડભરતનો દાખલો આપવામાં આવ્યો છે,) (૪૨) તેજન્મમાં પૂર્વદેહના તેબુદ્ધિના સંયોગને પ્રાપ્ત થાય છે; તેથી કુરુનન્દન ! સિદ્ધિ થવા માટે ફરી યત્ન કરે છે, (૪૩) તેજ પૂર્વના અભ્યાસે કરીને પરવશ છતાં વિષયોથી પાછો ફરે છે, યોગનો એવો પ્રભાવ છે કે યોગને જાણવાની ઇચ્છારાખનાર પુરુષ હોય તે પણ વેદરૂપ શબ્દબ્રહ્મના તાત્પર્યરૂપ અક્ષરબ્રહ્મના જ્ઞાનવાળો થાય છે, (આ હકીકત યોગભ્રષ્ટ થયેલા અયતિની કહી છે) (૪૪) પ્રયત્નથી યત્નકરનાર પુરુષ તો યોગથી જેનાં પાપ શુદ્ધ થયાં છે અને અનેક જન્મથી તત્ત્વજ્ઞાનવાન્ થઇને અક્ષરબ્રહ્મને પ્રાપ્ત થાય છે. અથવા તો અનેક જન્મના વિપાકેકરીને ભક્તિવાળો થઇને ત્યાર પછી પરગતિ (વૈકુંઠ) ને પ્રાપ્ત થાય છે. (૪૫) માટે કાયાને ક્લેશ આપનાર તપસ્વિઓ કરતાં, સાંખ્યજ્ઞાનીઓ કરતાં અને કેવળ કર્મકરનારાકરતાં યોગી ઉત્તમ છે માટે અર્જુન ! તું યોગી થા. (અર્થાત્ મનના નિરોધરૂપ. યોગવાળો થા) (૪૬) (આ યોગ બાહ્યનો કહ્યો નથી પણ પોતાના સ્વરૂપમાં ચિત્તનો નિરોધ કરનાર ભક્તિરૂપ યોગ શ્રીકૃષ્ણ–ભગવાને કહ્યો છે, તે જણાવે છે કે) સર્વે યોગીઓના મધ્યમાં પણ મારા અનુગ્રહવાળો પુષ્ટિભક્તિપરાયણ ઉત્તમ છે તે જેમ મારામાં ચિત્ત રાખે છે, તેવી રીતે મારામાં ચિત્ત રાખીને પુષ્ટિભક્તિના ઉપદેશક આચાર્યોના વાક્યોમાં શ્રદ્ધા રાખીને મારું જે સેવન કરે છે તેને મેં અત્યન્ત યુક્ત માનેલો છે; માટે મારામાં ચિત્તના નિરોધરૂપ યોગથી સિદ્ધથયેલી શરણભક્તિવાળો થા. (૪૭) (આ ૭ અધ્યાયથી પ્રથમ સાંખ્યયોગનું નિરુપણ કરીને અર્જુનનો મોહ મટાડીને ભક્તિરૂપી અમૃતનું પાનકરનાર અર્જુનને શ્રીકૃષ્ણે કહેલ છે, આ ૭ અધ્યાયમાં

વિવેક અને ધૈર્યે કરીને સાંખ્ય તથા યોગમાં ભક્તિ રાખીને સ્વધર્મ કરવાનો બોધ કર્યો છે એમ સૂત્રની માફક સૂક્ષ્મ રીતે ભક્તિનો ઉપદેશ કર્યો છે.)

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાના ગુજરાતી ભાષાન્તરનો અધ્યાય ૬ ઠ્ઠો સંપૂર્ણ.

પહેલાના ૭ અધ્યાયમાં સાંખ્ય તથા યોગની કૃતિનું ફલ આત્માનું સ્વરૂપ જાણવાનું બતાવ્યું છે અને હવે પછી ભગવાનનો મહિમા જાણીને ભક્તિનું નિરૂપણ ૭ અધ્યાયથી કરે છે, કારણ કે ભગવાનનું માહાત્મ્ય જાણીને સર્વ પ્રેયપદાર્થથી અધિક અને સુદૃઢ પ્રભુમાં સ્નેહ થાય તેનું નામ નારદપંચરાત્રમાં ભક્તિ કહ્યું છે અને તેભક્તિથીજ મુક્તિ થાય છે પણ તે શિવાય થતી નથી, ભક્તિશબ્દમાં भज् ધાતુનો અર્થ ઉત્તમ સેવા છે અને "क्तिन्" પ્રત્યયનો અર્થ દૃઢ સ્નેહરૂપ છે તેવી રીતે પ્રકૃતિ (ધાતુ) તથા પ્રત્યયના અર્થરૂપ ભક્તિનું નિરૂપણ નિબન્ધમાં કર્યું છે, અહિં યોગીઓને વાસુદેવના મહાત્મ્યનું વિજ્ઞાન અંતે સિદ્ધિઆપનાર છે પણ બીજું નથી તેથી તેના ઉપદેશનો પ્રયત્ન છે, પ્રયાણકાળમાં ભગવાનનું સ્મરણકરનાર સર્વ ભક્તોને સાંગ શ્રીપુરુષોત્તમના માહાત્મ્યનું વિજ્ઞાન ઉત્તમ ફળરૂપ છે, પ્રથમ યોગ-ધર્મથી ભગવાનના મહિમાનું જ્ઞાન ઉત્તમ છે, ત્યારપછી ભગવાનની શરણાગતિ અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ઉત્તમ છે કારણ કે ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળાની શ્રેષ્ઠતા છે, ઈશ્વરના જ્ઞાનવાળો શ્રેષ્ઠ છે, પણ આત્માના વિજ્ઞાનવાળો શ્રેષ્ઠ નથી કારણ કે પોતાના આત્માના જ્ઞાનવાળાઓ પણ રાતદિવસ ઈશ્વરની સેવા કરે છે.

હવે જેની સેવા કરવી જોઇએ તે હું કેવા મહાત્મ્યવાળો છું તે જાણ્યું હોય તો મારો અપરાધ થાય નહિં તેવા વિચારથી શ્રીકૃષ્ણ-ભગવાન્ પોતાના માહાત્મ્યનો ઉપદેશ અર્જુનને કરે છે,

અથ સપ્તમોઽધ્યાય.

श्रीभगवानुवाच—मय्यासक्तमनाः पार्थ ! योगं युंजन् मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥ १ ॥

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज् ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥ २ ॥
मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥ ३ ॥
भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ ४ ॥

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो! ययेदं धार्यते जगत् ॥ ५ ॥
एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।
अहं कृत्स्नस्य (सर्वस्य) जगतः प्रभवः प्रलयस्तथा ॥ ६ ॥
मत्तः परतरं नान्यत् किंचिदस्ति धनंजय! ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७ ॥
रसोऽहमप्सु कौन्तेय! प्रभाऽस्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥ ८ ॥
पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥ ९ ॥
बीजं मां सर्वभूतानां विद्धि पार्थ! सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥ १० ॥
बलं बलवतामस्मि (चाहं) कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ! ॥ ११ ॥
ये चैव सात्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥ १२ ॥
त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥ १३ ॥
दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ १४ ॥
न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।
माययाऽपहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥ १५ ॥
चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन! ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ! ॥ १६ ॥
तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥ १७ ॥
उदाराः सर्वएवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥ १८ ॥
बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥ १९ ॥

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥ २० ॥
यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥ २१ ॥
स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान् मयैव विहितान् हि तान् ॥ २२ ॥
अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान् देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ॥ २३ ॥
अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥ २४ ॥
नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥ २५ ॥
वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ! ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥ २६ ॥
इच्छाद्वेषसमुत्थेन द्वंद्वमोहेन भारत ! ।
सर्वभूतानि संमोहं सर्गे यान्ति परन्तप ! ॥ २७ ॥
येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वंद्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥ २८ ॥
जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥ २९ ॥
साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥ ३० ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
ज्ञानयोगो (मय्यासक्तयोगो) नाम सप्तमोऽध्यायः ॥ ७ ॥

પાર્થ ! સર્વ ધર્મના આશ્રયરૂપ, નિરતિશય અલૌકિક લીલાકરનાર, પરમ નિયન્તા તથા કરુણાશીલ પરમાત્મા એવો હું છું તેમાં ઉપર કહેલા યોગને જોડી અને મારો આશ્રય કરીને રહેલો તું સંશયરહિત નિરતિશય અલૌકિકગુણપૂર્ણ નિરુપધિ મહિમાવાળા મારાં સ્વરૂપને એવી રીતે જાણીશ તે તને કહું છું તે સાંભળ. (સૂત્રની વૃત્તિરૂપ હવે ઉપદેશ કરે છે) (૧)

જુદા જુદા પ્રકારથી, ચિત્ તથા અચિત્રૂપપણાયેં કરીને, તેતેવિભૂતિના ધર્મરૂપપણાયે કરીને અને અવાન્તર ભેદોયે કરીને સહિત મારું માહાત્મ્યવિષયક

જ્ઞાન હું તને સમગ્ર કહીશ જે જાણીને અહિં બીજું જાણવાનું બાકી રહેશે નહિં. (૨) હજારો મનુષ્યોમાં આત્માનું તત્ત્વ જાણવા માટે કોઇક યત્ન કરે છે અને આત્માનું તત્ત્વજાણનારા સિદ્ધ થયેલા જ્ઞાનીઓમાં પણ નિરતિશય મહિમાપણાથી સર્વધર્મના આશ્રયરૂપ મારા ધર્મને તત્ત્વથી કોઇક જ જાણે છે, (૩) તેવા પ્રકારના પોતાના મહિમાનો બ્રહ્મવાદને અનુસારે પોતે જ ઉપદેશ કરે છે કે "क्षीरवद्धि" તથા "आत्मकृतेः परिणामात्" ઇત્યાદિ વ્યાસસૂત્રોમાં કહ્યા પ્રમાણે અભિન્નનિમિત્તોપાદાન કારણ બ્રહ્મ છે, તેવો ઉપદેશ કરવા માટે પર અને અપર પ્રકૃતિરૂપ પોતાના સ્વરૂપથી સૃષ્ટિ વિગેરે કાર્યકરવારૂપ માહાત્મ્ય જણાવવા માટે પોતાની બે પ્રકૃતિનું સ્વરૂપ કહે છે કે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચપ્રકારે સ્થૂલભાવને પ્રાપ્ત થયેલ અને મન, બુદ્ધિ અને અહંકાર એ ત્રણ અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન તથા સંકર્ષણના અધિષ્ઠાનરૂપ સૂક્ષ્મ પ્રકૃતિ એવી રીતે આઠ પ્રકારની અપરા પ્રકૃતિ બ્રહ્મના સદંશરૂપ છે (૪) એ અપરા પ્રકૃતિથી બીજી પરા નામની પ્રકૃતિ છે કે જે ચિદંશરૂપ છે અને તે પુરુષપણાથી કહેવાય છે, (અર્થાત્ જીવપણું અવિદ્યાએ કરેલું નથી પણ ભગવાને પોતાની ઇચ્છાથી કરેલું છે) પુરુષોત્તમની માયા બેપ્રકારની છે, એક પોતાના સર્વભવનસામર્થ્યરૂપ છે અને બીજી ચિદ્ધર્મની છે, તે ચિદ્ધર્મની માયા પુરુષને મોહ પમાડીને જીવપણું કરે છે એટલે કેવળ તે પ્રાણધારણના પ્રયત્નવાળો રહે છે, જે સૂત્રાત્મક દશપ્રકારના પ્રાણરૂપ આસન્ય છે તેનો અવલંબ કરીને રહે છે તેથી જીવ કહેવાય છે, પ્રાણધારણના અર્થમાં "जीव" ધાતુને અન્પ્રત્યય થવાથી "જીવ" શબ્દ થાય છે, આ જીવ બોધરૂપ છે તોપણ આનંદ તિરોહિત થયો છે તેથી આનંદ મળવા માટે તેની ઇચ્છા થાય છે, પણ ચિદ્રૂપની વ્યામોહિકા જે માયા છે, તેણે મોહિત કરેલો માયાના સંબંધથી આનંદ પ્રાપ્ત થશે એવી બુદ્ધિથી વ્યામોહિકા માયાની સાથે સંબંધ કરે છે. આ જડ જીવનો વિભાગ "बहुस्यां प्रजायेय" (હું એક છું તે ઘણો થઉં એટલે જડ જીવાદિરૂપે ઉત્પન્ન થાઉં) એ પ્રકારની ઇચ્છાથી થયેલ છે સર્વ થવાને સમર્થ એવી ઇચ્છા પણ પરમાત્માનું સ્વરૂપ જ છે, તે ધર્મરૂપે થઇને ઇચ્છારૂપથી પણ થાય છે, તેમાં સદંશની ક્રિયારૂપ શક્તિ છે. ચિદંશની વ્યામોહિકા માયા છે અને આનંદરૂપની જગત્‌કારણભૂત માયા છે. એ ત્રણસ્વરૂપવાળી શક્તિ સચ્ચિદાનંદરૂપ બ્રહ્મનો ભાવ છે, કારણકે ભાવસ્વરૂપથી જ તેનું નિર્માણ કરેલું છે, તે નિર્માણ કરવાનો જ્યારે સમય આવે ત્યારે જ તે થાય છે પણ સર્વદા થતી નથી, જ્યારે તેવો સમય આવે છે, ત્યારે તેનું નિર્માણ કરવાની ઇચ્છા થાય છે, તે ઇચ્છાદિક પણ તેના અંશભૂત ધર્મોને સદા એકરૂપ કરીરાખે છે તે શક્તિના અંશને જે ગ્રહણ કરે છે તે ઇચ્છારૂપ ભગવાન્ છે, જે શ્રુતિમાં "सोऽकामयत" (તે ઇચ્છા કરવા લાગ્યા) એમ કામસ્વરૂપ કહેલ છે, તે ભેદરૂપ થવાની તે ઇચ્છાએ

કરીને સત્, ચિત્ અને આનંદ એ ત્રણે બ્રહ્મના ધર્મો પોતે ભેદ પામતા સતા પોતાના આશ્રયરૂપ બ્રહ્મને પણ જુદું કરે છે, ત્યારે બ્રહ્મસ્વરૂપ ભગવાન્ सर्वतः पाणिपादान्त (ચોતરફ હાથ પગવાળા) થઇને અલૌકિક આકારપણાને પ્રાપ્ત થાય છે તે મૂલ સ્વરૂપથી ભિન્ન થયેલ છે, તોપણ સચ્ચિદાનન્દરૂપથી મળેલા અભિન્નની માફક અખંડ થાય છે, કારણકે તેની અપેક્ષાએ કાર્યસ્વરૂપ અલ્પ છે તે સત્, ચિત્ અને આનંદ એ ત્રણે ધર્મો પૂર્ણ શબ્દથી કહેવાય છે, તેથી જ સદ્રૂપ ધર્મનું દરેક કાર્યમાં પર્યવસાયિપણું છે અર્થાત્ સદ્રૂપ ધર્મ દરેક કાર્યમાં રહ્યા છે, "प्रजायेय" (ઉચ્ચ નીચપણાથી વિચિત્રરૂપે હું પ્રકટ થાઉં) એવી ઇચ્છાથી ઉંચનીચપણે પરમાત્મા પ્રકટ થયા, તેમાં આનંદ ઉત્કૃષ્ટ હોવાથી સત્ અને ચિત્ તેને સેવનારા થયા, ત્યારે સત્ અને ચિત્ના ધર્મરૂપ ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ આનંદમાં જવાથી આનંદ જ્ઞાન તથા ક્રિયાશક્તિવાળો થયો, ત્યારે ચિદંશની જ્ઞાનરૂપ શક્તિ આનંદમાં ગઇ ત્યારે વ્યામોહિકા માયાએ તેને મોહિત કર્યો, તેથી તે ચિદંશને જીવરૂપપણું થયું, સદંશની ક્રિયાશક્તિ પણ આનંદમાં ગઇ, ત્યારે સદંશ અવ્યક્તપણાને પ્રાપ્ત થયો, ત્યારપછી મૂલભૂત ક્રિયાના અંશરૂપ ક્રિયાઓથી જ્યાં જેવી યોગ્યતા હોય, ત્યાં તેવી અભિવ્યક્તિ થાય છે. ત્યારપછી મૂલભૂત ક્રિયા અને તે ક્રિયાએ કરેલો ધર્મ તિરોહિત થાય છે. ત્યારે સદંશ પણ તિરોહિત થાય છે, ત્યારે તે ક્રિયાશક્તિમાં "बहुस्यां प्रजायेय" એ મૂલ ઇચ્છાએ કરીને થયેલો શબ્દ જીવમાં જીવબુદ્ધિ અને ભગવાન્માં ભગવદ્બુદ્ધિરૂપ અભિવ્યક્ત થયેલો રહે છે, એવી રીતે ચિદ્રૂપ–ધર્મ પણ જ્ઞાનશક્તિના અંશભૂત જ્ઞાનોથી અભિવ્યક્ત થાય છે, અને તિરોહિત થાય છે તેનો પ્રયત્ન પરાધીન નથી તેથી તે પ્રાણધારણને ગ્રહણ કરવા સારુ સર્વદા રહે છે, તે ભગવાન્ જ્યારે તેને પૂર્ણ જ્ઞાનશક્તિ આપે ત્યારે તે વ્યામોહિકામાયાને અને પ્રયત્નને છોડીદઇને પોતાના સ્વરૂપમાં સ્થિત રહે છે, ત્યારે તે પરાધીન રહેતો નથી. જગત્ કરવાપણું તેનામાં થતું નથી. કારણ કે સર્વભવનસામર્થ્યરૂપ શક્તિ ભગવાન્માં છે પણ જીવમાં નથી. આનંદ ઉત્કૃષ્ટ છે તે પ્રકટ થાય છે, ત્યારે ઉપરની જ ન્યૂનતા દેખાય છે. આનંદની સાથે તેનો આનંદ મળે છે, ત્યારે ભગવાન્નો આનંદ પોતાના ધર્મથી જો તે આનંદને ગ્રહણ કરે તો જગત્કર્ત્તૃત્વાદિ ગુણો જે ખાસ ભગવદ્ધર્મો છે તે શિવાયના સત્ ચિત્ અને આનંદરૂપ બ્રહ્મધર્મ જીવમાં પ્રકટ થવાથી થોડી જ ન્યૂનતા રહે છે તે વિષે વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે "વિશ્નુશક્તિ પરા કહેલી છે, ક્ષેત્રજ્ઞ જેનું નામ છે એવી બીજી શક્તિ છે અને કર્મ જેનું નામ છે એવી ત્રીજી અવિદ્યા શક્તિ છે." આ પ્રક્રિયા સર્વ શ્રુતિ વાક્યોના અનુસારે श्रुतार्थापत्तिसिद्ध છે; એટલે જેમ આ સ્થૂલ દેવદત્ત દિવસે ખાતો નથી. એમ કોય કહે ત્યાં દેવદત્ત સ્થૂલ છે તે ખાધા વગર સ્થૂલ હોય નહિ એ दृष्टार्थापत्ति થી રાત્રએ ખાય છે એમ સિદ્ધ થાય છે તેમ

અનેક શ્રુતિઓમાં બ્રહ્મથી સૃષ્ટિ થવાનું કહ્યું છે તે બ્રહ્મથી સૃષ્ટિ થઈ ન હોય તો શ્રુતિયો કહે નહિ. એ શ્રુતાર્થાપત્તિસિદ્ધ પ્રક્રિયા છે. આ પ્રક્રિયાને નહિ માની બીજી રીતે પ્રક્રિયા માનવામાં આવે તો સર્વ શ્રુતિવાક્યોનો બાધ થાય છે; (માટે ઉપર લખેલી પ્રક્રિયા જ સર્વસ્થળે ઉપયોગમાં આવે છે.) તે જીવ ભગવાનનો અંશ છે અને તે પરા-પ્રકૃતિ કહેવાય છે જે પ્રકૃતિથી આ જગત્ સદસન્મિશ્રિત જડશરીર વિરાટ્રૂપ ધારણ કરાય છે, (૫) સર્વભૂતોનું કારણ એ બે પ્રકૃતિ છે (અર્થાત્ ભગવાનની પ્રકૃષ્ઠ કૃતિ છે તેથી પ્રકૃતિ એવું નામ છે) એમ તું સમજ. માટે સર્વ જગતની ઉત્પત્તિનું સ્થાન તથા લયનું સ્થાન હું છું તેથી સર્વની ઉત્પત્તિ તથા લયના સ્થાનરૂપ મારું માહાત્મ્ય તું જાણ. (૬) ધનંજય! મારાથી અત્યન્ત જૂદું કાંઈ નથી, સૂત્રમાં જેમ મણિના પારા પરોવેલા હોય છે તેમ આ સઘળું જગત્ મહારામાં પરોવાઈ રહેલું છે પણ અવિદ્યાકલ્પિત નથી, (કેમકે અન્તર્યામી બ્રાહ્મણમાં સર્વના અન્તરાત્મા પરબ્રહ્મ છે એમ નિરૂપણ કર્યું છે તે જો આ જગત્ અવિદ્યાકલ્પિત હોય તો તેના અંતર્યામી પરમાત્મા છે એમ શ્રુતિઓ કહે નહિં). (૭) પોતાનું સર્વના કારણરૂપપણું કહ્યું તે મુખ્ય કે ગૌણ? એવી શંકા થાય તેને માટે “स आत्मानं स्वयमकुरुत” એ તૈત્તિરીયશ્રુતિમાં “स हैतावानास” એ બૃહદારણ્યક ઉપનિષદ્ના પુરુષવિધબ્રાહ્મણની શ્રુતિમાં કહ્યાપ્રમાણે મુખ્ય કારણપણું છે. તેવી જ રીતે ભગવાનની વિભૂતિના મહિમાનું જ્ઞાન સમજાવવા માટે કહે છે કે, કૌન્તેય! જલમાં રસરૂપ હું છું, ચંદ્ર અને સૂર્યમાં કાંતિરૂપ હું છું, સર્વ વેદોમાં પ્રણવરૂપ હું છું, આકાશમાં શબ્દરૂપ તથા મનુષ્યોમાં પુરુષાર્થરૂપ હું છું. (૮) પૃથ્વીમાં સારા ગંધરૂપ, અગ્નિમાં તેજરૂપ, સર્વ પ્રાણીઓમાં જીવનરૂપ અને તપસ્વિઓમાં તપરૂપ હું છું, (૯) પાર્થ! સર્વ ભૂતોના સનાતન બીજરૂપ મને જાણ, બુદ્ધિવાળાઓમાં બુદ્ધિ અને તેજસ્વિઓનું તેજ હું છું, (૧૦) બળવાળાઓનું કામ તથા રાગથી રહિત બળ હું છું. ભરતર્ષભ! સર્વ પ્રાણીઓમાં ધર્મથી અવિરુદ્ધ (ઋતુમાં સ્ત્રીપાસે જવારૂપ) કામ હું છું. (૧૧) જેઓ સાત્વિક, રાજસ અને તામસ ભાવ છે તેઓ મારાથી જ થાય છે એમ તું જાણ, તે સર્વ મારામાં રહ્યા છે પરન્તુ હું તેનામાં રહ્યો નથી. (૧૨) એ સર્વ ભાવનો સંસર્ગ મને લાગતો નથી એમ બતાવવા માટે કહે છે કે આ સઘળું જગત્ એ ગુણમય ભાવોથી મોહિત થયેલું હોવાને લીધે એ ગુણોથી રહિત અવ્યય હું છું તેને કોઈ જાણતું નથી, (૧૩) ત્રણ ગુણવાળી દૈવી માયા તરી નહિ શકાય એવી છે. પરન્તુ જેઓ મારી જ શરણે આવે છે તેઓ તે માયાને તરે છે (અહીં “मामेव” અહીંઆં “એવકાર” કહેવાથી પોતાની શરણાગતિ શિવાય બીજા કોઇ ઉપાયથી માયા તરી શકાય એમ નથી એમ જણાવ્યું છે. (૧૪) આપની શરણાગતિથી જ માયા તરાતી હોય તો સઘળાઓ આપની શરણે શા માટે આવતા નથી ? એવી અર્જુનને શંકા થાય તેની નિવૃત્તિ માટે શ્રીકૃષ્ણ—ભગવાન્ તેને આજ્ઞા કરે છે કે દુષ્ટ કૃતિ-

વાળા મનુષ્યોમાં અધમ, માયાથી જેનું જ્ઞાન હરાઈ ગયું છે અને આસુરભાવનો આશ્રય કરીરહ્યા છે તેઓ મારી શરણે આવતા નથી, (૧૫) સુકૃતી પુરુષો મારું ભજન કરે છે એમ બતાવવા માટે કહે છે કે અર્જુન ! આર્ત, જિજ્ઞાસુ, પ્રયોજનવાળો અને જ્ઞાની, (ગજેન્દ્ર, શૌનક, ધ્રુવ અને શુકદેવજીની માફક) ચારપ્રકારના મારું ભજન કરે છે (૧૬) એ ચારના મધ્યમાં મોક્ષપામવાની ઇચ્છાવાળો અને મારું ભજનકરનારો જ્ઞાની ઉત્તમ છે. કારણ કે તે નિત્ય મારામાં જોડાઈ રહે છે, અને મારા મહિમાના જ્ઞાનવાળો છે, પરમાત્મારૂપ મારામાં જેની નિરપેક્ષ ભક્તિ છે, તે જ્ઞાની મને પ્રિય છે અને હું તેને પ્રિય છું, (૧૭) એ ચારે પ્રકારના મારા ભક્તો બીજા દેવોના ઉપાસકોથી ઉત્તમ છે, કારણ કે પોતાનું સર્વસ્વ મને અર્પણકરનારા છે, પરન્તુ વ્યવહારની રીતિએ તે ભજન હોવાથી તે ત્રણનું પ્રિયપણું કહ્યું નથી, અને જ્ઞાની નિષ્કામ હોવાથી તેનું પરસ્પર પ્રિયપણું કહ્યું છે. અને કામ, ક્રોધ તથા ભયાદિકથી પણ ભગવાનનો સંબન્ધ થાય અને તેમનામાં જેનું ચિત્ત લાગીજાય તે મુક્ત થાય છે એવાં વાક્યો છે જેથી તેને ઉદાર કહેલ છે અને જ્ઞાની બ્રહ્મવાદને અનુસારે આ સર્વ જગત્ ભગવદ્રૂપ છે એમ સમજી તેમનું ભજન કરતો હોય તેને પોતાના આત્મારૂપ કહેલ છે, જેનાથી કોઈ ઉત્તમ ગતિ નથી એવાં મારાં સ્વરૂપમાં કાયા, વાણી અને મનથી મારામાં રહેલ હોવાથી મારો આત્મા છે એમ કહ્યું છે. (૧૮) સર્વ બ્રહ્મરૂપ છે એવા જ્ઞાનવાળો ઘણા જન્મોને અંતે સર્વ વાસુદેવરૂપ છે એમ જાણી મારી શરણે આવે છે તે મહાત્મા અત્યન્ત દુર્લભ છે, (પોતાના આત્મારૂપ સર્વ છે એમ નહિ પણ આ સર્વ ભગવદ્રૂપ છે એમ શ્રીકૃષ્ણાત્મક અખંડ–જ્ઞાન જેને થયું છે તે મહાત્મા અત્યન્ત દુર્લભ છે) (૧૯) એવી રીતે અલૌકિક મહિમાવાળો હું છું તેને ગમે તેવી રીતે શરણે આવે છે તે સિદ્ધિને પામીને અંતે તરે છે એવું પોતાનું માહાત્મ્ય બતાવીને જે બીજા દેવતાઓની શરણે જાય છે, તે માયામોહિત થઇને જન્મ તથા મરણને પ્રાપ્ત થયાકરે છે એમ બતાવવા માટે કહે છે કે જેઓનું જ્ઞાન તે તે કામનાથી હણાઈગયું છે, તેઓ પોતાની પ્રકૃતિને વશ થયેલા તે દેવતાઓના ભજનના નિયમમાં રહીને બીજા દેવતાઓની શરણે જાય છે (૨૦) આખું બ્રહ્માંડ ભગવદ્રૂપ હોવાથી જે જે દેવતારૂપ ભગવાન્ છે, તેનું તેનું શ્રદ્ધાથી અર્ચન કરવાની જે જે ઇચ્છા કરે છે, તેની તેની તે તે શ્રદ્ધાને હું અચલ કરું છું (૨૧) અને તે તે શ્રદ્ધાથી યુક્ત તે તે પુરુષ તે તે દેવનું આરાધન કરે છે, અને તે તે દેવ પાસેથી ઇચ્છિત કામનાઓને પામે છે, પણ તે કામનાઓને હું જ આપું છું. (૨૨) પરન્તુ બીજા દેવતાઓની આરાધના કરનારા અલ્પબુદ્ધિવાળા લોકોને ફલ નાશાત્મક થાય છે, કારણ કે દેવતાઓનું યજનકરનારા દેવતાઓને પ્રાપ્ત થાય છે (દેવતાઓનો જ્યારે નાશ* થાય

* જો કે દેવતાઓનું "અમર" એવું નામ હોવાથી તેઓનો નાશ સંભવતો નથી તો પણ

ત્યારે તેઓનો પણ નાશ થાય છે તેથી તે ફલ નાશાત્મક કહ્યું છે, અને મારા ભક્તો તો મને પામે છે (માટે તેઓનો નાશ થવાનો સંભવ જ નથી). (૨૩) મારું ભજન નહિં કરતાં બીજા દેવતાઓનું ભજન કરવામાં મારાં સ્વરૂપના માહાત્મ્યનું અજ્ઞાન-જ કારણ છે, તે કહે છે કે હું કોઇનાથી વ્યક્ત થાઉં એમ નથી, તે નિખિલગુણસહિત પ્રકટ થયો છું તે મારા ઉત્તમ, નાશરહિત તથા જેનાથી કોઇ ઉત્તમ નથી એવા મારા ભાવને નહિં જાણનારા બુદ્ધિરહિત માણસો (જીવોની માફક) મને જન્મ પામેલો માને છે. (૨૪) ક્રીડાનો યોગ કરનારી મારી માયા મારાં સ્વરૂપનું જ્ઞાન થવામાં લોકોને આડે આવવાથી સર્વ લોકોને મારાં સ્વરૂપનો પ્રકાશ થતો નથી તેથી આ મૂઢલોક હું અજન્મા તથા નાશરહિત છું એમ જાણતો નથી (કારણ કે તે લોક અંશાંશીભાવરૂપ સ્થિતિકરનારી યોગશક્તિરૂપ મારી માયાથી વીંટાયેલો છે). (૨૫) અર્જુન! જે ભૂતપ્રાણીઓ થઇગયા છે, જેઓ વર્તમાન છે અને જેઓ થવાના છે તેઓને હું જાણું છું પણ મને કોઇ પણ જાણતો નથી, તેથી તેવા લોકો મારી શરણે આવતા નથી. (૨૬) પરન્તપ ભારત! ઈચ્છા તથા દ્વેષથી ઉત્પન્ન થયેલ સુખદુઃખના મોહથી સર્વ ભૂત (પ્રાણીઓ) મારાં સ્વરૂપના અજ્ઞાનરૂપી મોહને પ્રાપ્ત થાય છે, (૨૭) પુણ્યકર્મવાળા જે જનોના પાપનો અંત આવ્યો છે તે સુખદુઃખના મોહથી નિર્મુક્ત થઈ દૃઢ સંકલ્પથી મારું ભજન કરે છે. (૨૮) પોતાના સ્વરૂપનું માહાત્મ્ય જણાવવા માટે અર્જુનને જીજ્ઞાસા ઉત્પન્ન કરે છે કે મારો આશ્રય કરીને જરા તથા મરણથી મુક્ત થવા માટે જેઓ યત્ન કરે છે તેઓ બ્રહ્મના સમગ્ર સ્વરૂપને, અધ્યાત્મજ્ઞાનને અને સમગ્ર કર્મના સ્વરૂપને જાણે છે, (૨૯) અધિભૂત, અધિદૈવ તથા અધિયજ્ઞ સહિત મારાં સ્વરૂપને જેઓ જાણે છે તેઓ યુક્તચિત્તવાળા થઇને પ્રયાણકાળમાં પણ મારાં સ્વરૂપને જાણે છે. (૩૦)

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ગુજરાતી ભાષાન્તરનો સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)

બ્રહ્મ અને કર્માદિક પ્રાજ્ઞ પુરુષોને જાણવાનું છે પણ અમારે કાંઈ જાણવાનું નથી એ જાણવાની ઇચ્છાને લીધે બે શ્લોકથી અર્જુન પ્રશ્ન કરે છે.

તેઓના આયુષ્યની ગણનામાં મનુષ્યોના એક વર્ષે દેવતાઓનો એક દિવસ ગણાય છે તેવી રીતે સો વર્ષે તેનો નાશ થાય છે પરન્તુ આપણી અપેક્ષાએ ઘણું વધારે હોવાથી જ તેઓને અમર કહેલ છે.

અથ અષ્ટમોઽધ્યાય.

अर्जुन उवाच–किं तद् ब्रह्म? किमध्यात्मं? किं कर्म? पुरुषोत्तम! ।
अधिभूतं च किं? प्रोक्तमधिदैवं किमुच्यते? ॥ १ ॥
अधियज्ञः कथं? कोऽत्र? देहेऽस्मिन् मधुसूदन! ।
प्रयाणकाले च कथं? ज्ञेयोऽसि नियतात्मभिः ॥ २ ॥

અર્થ–અર્જુન પ્રશ્ન કરે છે કે પૂર્વના લોકો તમોને જાણીને અમૃતને પ્રાપ્ત થયા છે, તે જ્ઞેય બ્રહ્મ અધ્યાત્મ અથવા કર્મ એશું છે? એ કહેવું જોઇએ અને હવે પછીના લોકોને જાણવાનું અધિભૂત તથા અધિદૈવ શું કહેવાય છે? (૧) મધુસૂદન! અધિયજ્ઞ કોણ? અને તે અધિયજ્ઞ આ દેહમાં શી રીતે જણાયા? અને આત્માને નિયમમાં રાખનારા પુરુષોથી કેમ જાણી શકાયા? (તે સમજાવો). (૨)

અર્જુનના પ્રશ્નના ક્રમે કરીને શ્રીભગવાન્ ચૌદ શ્લોકથી ઉત્તર આપે છે.

श्रीभगवानुवाच–अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥ ३ ॥
अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतांवर! ॥ ४ ॥
अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥ ५ ॥
यं यं वाऽपि स्मरन् भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय! सदा तद्भावभावितः ॥ ६ ॥
तस्मात् सर्वेषु कालेषु मामनुस्मर युद्ध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयः (म्) ॥ ७ ॥
अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥ ८ ॥
कविं पुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिन्त्यरूपमादित्यवर्णं तमसः परस्तात् ॥ ९ ॥
प्रयाणकाले मनसाऽचलेन भक्त्यायुक्तो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यम् ॥ १०॥
यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥ ११ ॥
सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुद्ध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥ १२ ॥

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन् देहं स याति परमां गतिम् ॥ १३ ॥
अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ! नित्ययुक्तस्य योगिनः ॥ १४ ॥
मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥ १५ ॥
आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्त्तिनोऽर्जुन! ।
मामुपेत्य तु कौन्तेय! पुनर्जन्म न विद्यते ॥ १६ ॥

અર્થ—ઉત્કૃષ્ટ અક્ષર શબ્દથી જે ઓળખાય છે તે બ્રહ્મ છે, અને જે સ્વભાવ છે તે આત્મામાં રહેલો હોવાથી અધ્યાત્મ કહેવાય છે, પ્રાણીમાત્રને ઉત્પન્નકરનાર વિસર્ગ છે, તેનું નામ કર્મ છે (કારણ કે છાંદોગ્ય તથા બૃહદારણ્યક ઉપનિષદોમાં જ્ઞાનયોગ્ય દેહને પ્રાપ્તકરનાર પંચાહુતિ (પાંચ આહુતિ)નું નિરૂપણ છે, જેનું વિવેચન વ્યાસસૂત્રમાં તૃતીયાધ્યાયના પ્રથમપાદમાં કરેલું છે કે તેમાં પાંચમી આહુતિએ ગર્ભ થાય છે. એ શ્રુતિમાં જેનું પ્રતિપાદન કરેલું છે તે કર્મશબ્દનો અર્થ છે, તેથી આંહિ શ્રીકૃષ્ણે વિસર્ગશબ્દથી કર્મને ઓળખાવેલ છે) એ પૂર્વે થયેલા લોકો જેને જાણતા હતા, તેનો નિર્ણય કર્યો. (૩) હવે આગળના લોકોને જાણવાનું શ્રીકૃષ્ણ–ભગવાન્ બતાવે છે કે, તારાથી આરંભીને વિરાટ્પર્યન્ત વારંવાર ઉત્પન્નથનાર ક્ષર કહેવાય છે તે અધિભૂત છે, તેમાં અધિદૈવ પુરુષ (જીવ) છે, અને આ દેહમાં અધિયજ્ઞ હું જ છું. (અર્થાત્ યજ્ઞનો અધિષ્ઠાતા, સર્વ યજ્ઞોથી જેનું આરાધન થાય છે તે હું સઘળા પ્રાણીઓમાં અન્તર્યામીરૂપે કરીને રહ્યો છું) તું જીજ્ઞાસુ દેહધારી હોવાથી દેહધારણકરનારમાં તું ઉત્તમ છે, એમ જણાવવા માટે "देहभृतांवर" એ સંબોધન આપ્યું છે. (૪) પ્રયાણકાળમાં કેવી રીતે જાણવા તેનો ઉત્તર કહે છે કે અન્તકાલમાં મારું જ સ્મરણ કરતાં જે દેહને છોડે છે તે મારાં સ્વરૂપને પ્રાપ્ત થાય છે, એમાં સંશય નથી, (૫) અન્તકાલના સમયે સ્મરણ કરવાનો એવો નિયમ છે કે જે વખતે અન્તકાલ પ્રાપ્ત થાય તે વખતે જે જે ભાવનું સ્મરણ કરતાં કરતાં દેહને છોડે તેનું અન્તઃકરણ તેના ભાવરૂપ થઇગયેલું હોવાથી તેભાવને પ્રાપ્ત થાય છે, (દૃષ્ટાન્ત તરીકે પુરંજને મરતી વખતે સ્ત્રીનું જ ધ્યાન કરેલું હોવાથી તે સ્ત્રીરૂપ થઇગયો હતો), (૬) માટે સર્વ કાલમાં મારું સ્મરણ કર્યા કર અને સ્વધર્મરૂપ યુદ્ધ કર. એવી રીતે મારામાં મન તથા બુદ્ધિનું અર્પણ કરીને સ્વધર્મ કરીશ તો પણ મને પ્રાપ્ત થઇશ એમાં સંશય નથી, (૭) એવી રીતે અર્જુનના પ્રશ્નનો ઉત્તર આપીને યોગીઓ, જ્ઞાનીઓ અને ભક્તોને તે તે સ્વરૂપાત્મક ફલની પ્રાપ્તિ થવાનો પ્રકાર કહે છે કે

અભ્યાસયોગે કરીને યુક્ત ચિત્ત હોય અને બીજે ક્યાંય ન જતું હોય (અર્થાત્ વિષયાદિકમાં કે અક્ષરબ્રહ્માદિકમાં પણ ચિત્ત નહિં જતાં દિવ્ય પરમપુરુષ મારાં સ્વરૂપનું જે ચિંતન કરે છે તે પાર્થ! તેસ્વરૂપને પ્રાપ્ત થાય છે, (૮) જેસ્વરૂપનું ધ્યાન કરવું તેનું વિવેચન કરે છે કે સર્ગમર્યાદાના અધિદૈવ પરમાત્મા અણુમાં પણ અણુ સર્વથી પ્રાચીન સર્વને બનાવનાર, અચિન્ત્યરૂપવાળા સૂર્ય જેવું પ્રકાશમાન જેનું રૂપ છે, અને પુરુષસૂક્તમાં કહ્યા પ્રમાણે જે તમથી પર છે, તેનું જે સ્મરણ કરે છે (૯) તે પ્રયાણકાળમાં અચલ મન રાખીને ભક્તિયુક્ત થઇને યોગના બલથી તે ભ્રૂકુટિના મધ્યમાં પ્રાણને રાખીને સારી રીતે પ્રયાણકાળમાં સ્મરણકરનાર તે પુરુષ દિવ્ય પરપુરુષને પ્રાપ્ત થાય છે. (૧૦) વેદજાણનાર જેને અક્ષરબ્રહ્મ કહે છે, વીતરાગી સન્યાસીઓ અંતકાળે જેમાં પ્રવેશ કરે છે, અને જેની ઇચ્છારાખનાર મુનિઓ બ્રહ્મચર્ય રાખે છે, તે મારા પદ (ચરણ)નું સ્વરૂપ હું તને સંક્ષેપમાં કહીશ (૧૧) તે સ્વરૂપની પ્રાપ્તિ માટે બે શ્લોકથી અંગસહિત ઉપાય કહે છે, સઘળાં દ્વારને રોકીને મનને હૃદયમાં રાખીને, પોતાના પ્રાણને બ્રહ્મરંધ્રમાં લઇજઇને યોગધારણામાં સ્થિર રહીને પ્રણવરૂપ એકાક્ષરબ્રહ્મનો ઉચ્ચાર કરતાં કરતાં મારું સ્મરણ કરી જે દેહને છોડે છે તે પરમગતિને પ્રાપ્ત થાય છે. (૧૨–૧૩) એવી રીતે પરમાત્માનાં ચિન્તન કરનારને ત્રણ પ્રકારની પ્રાપ્તિ થાય છે તે બતાવીને પોતાનું ચિન્તનકરનાર ભક્તને પોતાની પ્રાપ્તિ થવાનું નિરૂપણ કરે છે કે પોતાનું ચિત્ત લૌકિક (સ્ત્રીપુત્રાદિક)માં કે અલૌકિક (અક્ષરબ્રહ્મપર્યન્ત)માં નહિં રાખીને મારામાં અનન્ય ચિત્ત રાખીને નિત્ય શ્રીગોકુલમાં ક્રીડાકરનાર મારા સ્વરૂપનું જે નિત્ય સ્મરણ કરે છે, પાર્થ! નિત્ય જોડાયેલા તે યોગીને હું (પ્રાપ્ત થવામાં) સુલભ છું (૧૪) પરમ સિદ્ધિને પ્રાપ્ત થયેલા મહાત્માઓ મને પ્રાપ્ત થઇને દુઃખના સ્થાનરૂપ અને અનિત્ય પુનર્જન્મને પ્રાપ્ત થતા નથી, (૧૫) અર્જુન! બ્રહ્મલોકપર્યન્ત સર્વ લોકો પુનરાવૃત્તિવાળા છે અને મને પ્રાપ્ત થનારાઓ પુનર્જન્મને પ્રાપ્ત થતા નથી. (૧૬)

બ્રહ્મલોકપર્યન્ત લોકોને પુનર્જન્મવાળો કેમ કહો છો? એમ અર્જુનને શંકાથાય તેની નિવૃત્તિ સારુ બ્રહ્માના રાત્રિ દિવસનું પ્રમાણ બતાવીને ક્ષર, અક્ષર અને અક્ષરાતીત તે ત્રણના સ્વરૂપનું વિવેચન કરીને અનાવૃત્તિ અને આવૃત્તિ એમ બે (શુક્લ તથા કૃષ્ણ) ગતિનું નિરૂપણ આ અધ્યાયની સમાપ્તિસુધી કરે છે.

सहस्रयुगपर्यन्तमहर्यद् ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रांतां तेऽहोरात्रविदो जनाः ॥ १७ ॥
अव्यक्ताद् व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥ १८ ॥

भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ! प्रभवत्यहरागमे ॥ १९ ॥
परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोव्यक्तात् सनातनः ।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥ २० ॥
अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥ २१ ॥
पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥ २२ ॥
यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ।
प्रयाता यान्ति तं कालं वक्ष्यामि भरतर्षभ! ॥ २३ ॥
अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ॥ २४ ॥
धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ।
तत्र चांद्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ॥ २५ ॥
शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययाऽऽवर्तते पुनः ॥ २६ ॥
नैते सृती पार्थ! जानन्योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन! ॥ २७ ॥
वेदेषु यज्ञेषु तपःसु चैव दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।
अत्येति तत्सर्वमिदं विदित्वा योगी परं स्थानमुपैति चाद्यम् ॥ २८ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे अक्षरब्रह्मयोगो (महापुरुषयोगो) नाम अष्टमोऽध्यायः ॥ ८ ॥

અર્થ—ચતુર્યુગનું સહસ્ર બ્રહ્માનો દિવસ (લોકો) સમજે છે અને તેમ જ ચતુર્યુગનું સહસ્ર રાત્રિ થાય છે અને તે બન્ને મળીને તેને લોકો બ્રહ્માના અહોરાત્ર સમજે છે (૧૭) *અક્ષરાત્મક બ્રહ્મથી ઉત્પન્ન થયેલ અને સમષ્ટિના મૂલભૂત અને તે પ્રકૃતિથી યુક્ત બ્રહ્માથી બ્રહ્મમાં લય પામેલા નિરાકાર ચેતન જીવોની દેહ વિગેરે યોનિઓ અને લોકો દૈવેચ્છાથી બ્રહ્માના દિવસની શરુઆતમાં આવિર્ભાવ પામે છે, અને તે જ અવ્યક્તસંજ્ઞક પુરુષમાં બ્રહ્માની રાત્રિ પડચે તિરોભાવ પામે છે (૧૮) હવે ઉપર કહેવામાં આવેલ વ્યષ્ટિ જીવોની ઉત્પત્તિ (આવિર્ભાવ) અને પ્રલય (તિરોભાવ)

* ક્ષરાત્મક સર્વ પ્રાણીઓની ઉત્પત્તિની આ હકીકત છે અને તેથી પર અક્ષર બ્રહ્મ છે તેને પ્રાપ્ત થયેલા યોગીઓ તથા જ્ઞાનીઓનું પુનરાવર્તન થતું નથી.

થાય છે પણ બીજા નવીન તથા મુક્ત લોકોનો આવિર્ભાવ અને તિરોભાવ થતો નથી એમ નિરૂપણ કરે છે, તે જ અર્જુન! પરાધીન પ્રાણીઓનો સમૂહ વારંવાર આવિર્ભાવ પામીને બ્રહ્માની રાત્રિ આવે ત્યારે તિરોભાવ પામે છે અને ફરીથી બ્રહ્માનો દિવસ થાય ત્યારે આવિર્ભાવ પામે છે (૧૯) વ્યક્તિના સંબન્ધથી વ્યક્ત નામવાળો જીવ બ્રહ્મલોકસુધી કહેવામાં આવ્યો છે, તેક્ષરજીવથી બીજો અવ્યક્ત કહેવાય છે કે જે ગુણાતીત છે અને સનાતન છે અને તે સઘળાં પ્રાણીઓ તિરોધાન પામતાં હોય તો પણ (પોતે) તિરોધાન પામતો નથી (કારણ કે તે અવ્યક્તનો ધર્મ નાશવાન્ નથી) (૨૦) તો પણ તે અવ્યક્તશબ્દથી અક્ષરબ્રહ્મ કહ્યું છે એટલે અવ્યક્ત શબ્દથી જીવ અથવા તો પ્રકૃતિ લઈશકાય નહિં. (કારણ કે "यंप्राप्य न निवर्तन्ते (જેને પામીને પ્રાણીઓ આવિર્ભાવ પામતા નથી) એમ આંહીયાંજ કહેવામાં આવ્યું છે એટલે જીવવિગેરેમાં પોતાને પામેલા લોકોને પુનરાવર્તન નહિં આવવાની શક્તિનો અસંભવ છે, એટલે જો જીવવિગેરે પોતાને પામેલા લોકોને પુનરાવર્તન નહિં આવવાની શક્તિ ધરાવતો હોય તો તેઓને નિત્યમુક્તપણું આવી જશે અને એવો સ્વીકાર કરવાથી શાસ્ત્રોના સાધન વિગેરેની નિષ્ફલતા પ્રાપ્ત થશે, માટે જ જ્ઞાનમાર્ગતરફ ઢળતા લોકોને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થવાથી જ તેઓને મુક્તિ થાય છે એમ કહે છે, તેથી જ તેને પરમગતિ કહેલ છે, જે અક્ષરબ્રહ્મને પ્રાપ્ત થઇને જ્ઞાનીઓ તથા યોગીઓનું પુનરાવર્તન થતું નથી અને તે અક્ષરબ્રહ્મ મારું ધામ (ઘર) છે (૨૧) તે જેનું અક્ષર બ્રહ્મ ધામ છે તે પરપુરુષ (હું) પાર્થ! અનન્યભક્તિથી લભ્ય છું. (અર્થાત્ જ્ઞાનમાર્ગીને અક્ષરબ્રહ્મથી પર જે પુરુષોત્તમ છે તેની પ્રાપ્તિ થતી નથી, ભક્તિમાર્ગીઓને જ પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે,) તે પરબ્રહ્મનું લક્ષણ (પરોક્ષ રીતે) કહે છે કે જેની અંદર સર્વભૂતો અક્ષરબ્રહ્મસહિત રહેલા છે, (તે શ્રીકૃષ્ણના મુખારવિંદમાં મૃત્તિકાના ભક્ષણના પ્રસંગમાં માતાજીએ જોયેલ છે) અને જે પરબ્રહ્મથી આ સર્વે જગત્ વ્યાપ્ત થઇરહ્યું છે (તે દામોદરલીલાના પ્રસંગમાં શ્રીકૃષ્ણનું પરિચ્છિન્ન સ્વરૂપ જણાતાં છતાં દામથી માતાજી બાંધવાલાગ્યાં પણ બંધાણા નહિં તેપ્રસંગમાં પ્રસિદ્ધ છે) (૨૨) યોગીઓ જેકાલમાં પ્રયાણકરનારા અનાવૃત્તિ તથા આવૃત્તિને પ્રાપ્ત થાય છે તે કાલ ભરતર્ષભ! તને કહું છું. (૨૩) તેમાં પ્રથમ અનાવૃત્તિનો કાલ કહે છે કે અગ્નિ, તેજ, દિવસ, શુક્લ પક્ષ, તેમાં પ્રાણથી વિયુક્તથનારા યોગીઓ બ્રહ્મને જાણનારા બ્રહ્મને પ્રાપ્ત થાય છે. (૨૪) ધૂમ, રાત્રિ, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયનના છમાસ તેમાં પ્રાણથી વિયુક્તથનારા યોગીઓ ચંદ્રમાના લોકને પ્રાપ્ત થઇને પાછા ફરે છે, અહીયાં એટલું સમજવાનું છે કે ભગવાનને અર્પણ કરીને કર્મ કરે તો તે ક્રમમુક્તિને રસ્તે મુક્ત થાય છે, એ સ્વાભાવિક છે. કામ્ય કર્મથી ચંદ્રલોકને પ્રાપ્ત થઇને સુખ ભોગવ્યા પછી પાછી આવૃત્તિ થાય છે તે રાજસ છે અને નિષિદ્ધ કર્મ કરવાથી નરકભોગ કર્યા

પછી પાછી આવૃત્તિ થાય છે તે તામસ છે,) (૨૫) એવી રીતે શુક્લ અને કૃષ્ણ એવી રીતે બે ગતિ છે તે જગતની સર્વદા છે તેમાં એક શુક્લ ગતિથી અનાવૃત્તિ થાય છે અને કૃષ્ણ ગતિથી આવૃત્તિ થાય છે. (૨૬) પાર્થ! એ બે રસ્તાને જાણનાર કોઇ યોગી મોહ પામતો નથી; માટે તું સર્વકાલમાં યોગી થા એટલે પ્રયાણકાલમાં યોગની અપેક્ષા જરૂર છે તે સારુ અર્જુન! તું યોગયુક્ત થા. (૨૭) સર્વ વેદોમાં, યજ્ઞોમાં, તપમાં અને દાનમાં જે પુણ્યનું ફળ કહ્યું છે તે ફલનું અતિક્રમણ કરીને અને આ યોગનું ફલ સમજીને યોગી આદિ એવાં ઉત્તમ સ્થાનને પ્રાપ્ત થાય છે. (૨૮) ભગવાનના ચાર પ્રકારના યોગવાળાનું ફલ અધિકારપ્રમાણે આ અધ્યાયમાં કહ્યું છે. (૨૯)

ઇતિશ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ભાષાન્તરનો આઠમો અધ્યાય સંપૂર્ણ થયો.

અથ નવમો અધ્યાય.

નવમા અધ્યાયમાં મહાપતિતપાવન ભગવાને સારી ભક્તિ જેની અંદર રહેલ છે એવું વિજ્ઞાનસહિત પોતાના અક્ષરધામના ઐશ્વર્યનું જ્ઞાન કહ્યું છે, તેમાં આઠમા અધ્યાયમાં પોતાનો સર્વથી ઉત્તમ મહિમા કહિને યોગથી સિદ્ધ થયેલ જ્ઞાની ભક્તથી જ પોતે પ્રાપ્ત થઇ શકે એવું સૂચન કરેલું છે અને હવે આ નવમા અધ્યાયમાં પોતાના ધામરૂપ અક્ષરબ્રહ્મના ઐશ્વર્યના મહિમાના જ્ઞાનદ્વારા પોતાની ભક્તિનું અસાધારણ માહાત્મ્ય અને મહાપતિતપાવનપણું દેખાડતા ભગવાન્ દશ શ્લોકથી પ્રથમ ઉપદેશ કરે છે.

अथ नवमोऽध्यायः

श्रीभगवानुवाच–इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानविज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ १ ॥
राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥ २ ॥
अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परन्तप ! ।
अप्राप्य मां निवर्तन्ते मृत्युसंसारवर्त्मनि ॥ ३ ॥
मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।
मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ॥ ४ ॥
न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥ ५ ॥

यथाऽऽकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ॥ ६ ॥
सर्वभूतानि कौन्तेय ! प्रकृतिं यान्ति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥ ७ ॥
प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनःपुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥ ८ ॥
न च मां तानि कर्माणि निबध्नन्ति धनंजय ! ।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥ ९ ॥
मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनाऽनेन कौन्तेय! जगद्विपरिवर्त्तते ॥ १० ॥

અર્થ—આર્ત, જીજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની એ ચારે ઉપાસકના ભેદ બતાવનારૂં જ્ઞાન ગુહ્ય કહેવાય છે અને એ ગુહ્ય જ્ઞાન કરતાં પણ સેવ્ય પુરુષોત્તમ ભગવાનની ભક્તિના મહાત્મ્યને બતાવનારું જ્ઞાન અતિ ગુહ્ય કહેવાય છે, તો વારંવાર સઘળા બીજા પદાર્થોથી વિજાતીય પ્રમાણવગરના મારા ગુણોનું માહાત્મ્ય સાંભળી આમ જ સંભવે છે એવી માન્યતાવાળા તને ભક્તિમાં રહેલ વિશેષ જ્ઞાનસહિત મારાં મહાત્મ્યસંબન્ધી અતિ ગુહ્ય જ્ઞાન તને કહીશ કે જે જાણીને મોહથી છુટો થઈશકીશ. (૧) આ જ્ઞાન સઘળી વિદ્યાનો રાજા છે અને સઘળી વિદ્યામાં છાનું છે તેમ પવિત્ર તથા ઉત્તમ છે, વળી મારું પ્રત્યક્ષ દર્શન કરાવનારું છે તો પણ તે જ્ઞાન કલ્યાણકારક રસ્તાથી ખસેલું નથી કારણ કે" अनिच्छतो मे गतिमण्वीं प्रयुंक्ते (ભક્તિ કરતાં મુક્તિ હલકી છે તેથી ભગવાનના ભક્તો મુક્તિને ઇચ્છતા નથી તો પણ તે આપીદે છે) એ વાકયથી (સિદ્ધ થાય છે) અને તે જ્ઞાન સહેલાઇથી કરીશકાય એવું છે તથા બીજા કર્મોની માફક નહિં બનીશકે એવું નથી (૨) પરન્તપ! આ મારા ભજનરૂપ ધર્મની શ્રદ્ધા નહિં રાખનારા પુરુષો મને પ્રાપ્ત નહિં થઇને મૃત્યુરૂપ અહંતામમતાત્મક સંસારમાં નિરન્તર ફરે છે (૩) એવી રીતે પોતાના ભજનરૂપ ધર્મના જ્ઞાનની પ્રશંસા કરીને અર્જુનને શ્રવણ કરવામાં સન્મુખ કરીને પ્રથમ પોતાના મહિમાના જ્ઞાનનો ઉપદેશ કરે છે, અક્ષરબ્રહ્માત્મક મારી મૂર્ત્તિથી ચેતનાચેતનાત્મક આ જગત્ વ્યાપ્ત થઇરહ્યું છે, અને તેમાં સર્વના અન્તર્યામીરૂપ હું રહ્યો છું. (તેમાં જગત્ આધિભૌકિતરૂપ છે તે અક્ષરબ્રહ્મના સત્ તથા ચિત્ અંશથી ઉત્પન્ન થયેલ છે અને તેમાં અન્તર્યામીરૂપે આનંદાંશ થયેલ છે,' તે સર્વનો અન્તર્યામી હું છું એ હકીક્ત બૃહદારણ્યક ઉપનિષદ્‌ના અન્તર્યામી બ્રાહ્મણમાં સિદ્ધ છે એથી) મારા અક્ષરબ્રહ્મરૂપમાં સર્વ ભૂતો રહેલાં છે, પણ હું તેઓમાં રહેલો નથી (૪) મારો વિરુદ્ધધર્મા-

શ્રયરૂપ મહિમા જો કે સર્વ ભૂતો મારે આધારે રહ્યાં છે છતાં ઘટાદિક જેમ જલાદિકના સ્પર્શવાળું થાય છે તેમ મને કોઇ સ્પર્શ કરીશકતું નથી, હું નિર્લેપ છું, હું સર્વ ભૂતોને ધારણ કરનારો છું છતાં સર્વ ભૂતોમાં રહ્યો નથી, (અર્થાત્ તેનો સજાતીય નથી) પણ પૃથ્વી વિગેરે સર્વની ભીતર રહીને તેનો ઉદ્‌ભવકરનાર તથા પાલનકરનારો છું. (૫) આધારાધેયભાવથી રહ્યા છતાં તેનો સંસર્ગ કેમ ન થાય! એ શંકાને દૃષ્ટાન્ત આપી નિવૃત્ત કરે છે, કે જેમ સર્વ ઠેકાણે જનારો મહાન્ વાયુ સર્વદા આકાશમાં રહેલો છે, છતાં આકાશ તથા વાયુનો સંસર્ગ થતો નથી તેવીજ રીતે મારામાં સર્વ ભૂતો રહેલાં છે તો પણ મને તેઓનો સંસર્ગ થતો નથી, એમ તું સમજ, (૬) એવી રીતે તેઓની સાથે સંસર્ગ નહિં રાખીને તેઓની સ્થિતિ તથા પ્રવૃત્તિનું કારણ પોતે છે એમ બતાવીને સર્ગ અને પ્રલયનું કારણપણું પોતાને છે એમ બતાવે છે કે બ્રહ્માના સો વર્ષરૂપ કલ્પ થાય છે, ત્યારે પ્રાકૃતિક પ્રલય થાય છે, તે સમયે મારે આધીન અને મારાથી જૂદી તત્ત્વરૂપે રહેલી પ્રકૃતિમાં પ્રાપ્ત થાય છે, (અર્થાત્ બ્રહ્માના સો વર્ષ પૂરાં થાય ત્યાર પછી બ્રહ્માના કલ્પરૂપ દિવસ રહેતો નથી, ત્યારે સર્વ ભૂતો તે પ્રકૃતિમાં પ્રવેશ કરે છે તેથી પ્રાકૃતિક લય કહેવાય છે) તે પાછા બ્રહ્મા ઉત્પન્ન થાય અને સૃષ્ટિ પાછી પ્રવૃત્ત થાય ત્યારે ફરીને કલ્પના આદિમાં અક્ષરબ્રહ્મરૂપ હું પ્રકૃતિપુરુષદ્વારા તેઓને સૃજું છું, તેથી તેની સાથે હું લિપ્ત થતો નથી, (૭) અક્ષરબ્રહ્મરૂપ મારું સ્વરૂપ છે તેમાંથી સદંશ સ્વરૂપ પ્રકૃતિ છે, અને તે પ્રકૃતિ સાત્વિકાદિ ગુણોથી જીવને મોહ કરે છે તેથી માયા કહેવાય છે, તે સદંશરૂપ પ્રકૃતિ આઠ પ્રકારે પરિણામને પામે છે (જે સાતમા અધ્યાયના ચોથા શ્લોકમાં કહેલ છે.) તે પુરુષરૂપને આધીન રહે છે, તે પ્રકૃતિદ્વારા પુરુષરૂપ અક્ષરાત્મા હું વારંવાર પ્રકૃતિને વશ થયેલા સમગ્ર ભૂતગ્રામનો વિસર્ગ કરું છું (૮) એવી રીતે ઉત્પત્તિ અને પ્રલય કરવામાં વિષમતા તથા નિર્દયતારૂપ દોષો મારામાં આવતા નથી, એ કહે છે કે ધનંજય! જીવોના પ્રાકૃત કર્મોથી સુખ અને દુઃખ પ્રાપ્ત થાય છે, તે કર્મોમાં હું ઉદાસીનની માફક આસક્તિ વગરનો રહું છું, કર્મમાં આસક્તિવાળા હોય તેને અહંતામમતાને લીધે તેના ગુણદોષનો સંબન્ધ થાય છે, પરંતુ જેઓ આસક્તિ વગર કર્મ કરે છે, તેઓને કર્મના ગુણદોષનો સંબંધ થતો નથી, (૯) તેમ પ્રકૃતિ પણ અચેતન હોવાથી સ્વતઃ કાર્ય કરીશકતી નથી, તેથી નિમિત્તભૂત પુરુષ હું અધિષ્ઠાતા થાઉં છું, ત્યારે સચરાચર જગતને તે ઉત્પન્ન કરે છે, તેમાં પણ પૂર્વસૃષ્ટિના કર્મને અનુસારે ચેતનરૂપ જીવોનો જન્મ થાય છે, અને નિત્ય એવા પરિચ્છિન્ન તેના ધર્મનો તેઓને સમાગમ થાય છે, તેને અનુગુણ જ પોતાની ભીતર રહેલી પ્રકૃતિમાં પુરુષરૂપથી હું સર્વને ઉત્પન્ન કરું છું, કૌન્તેય! એવી રીતના કારણથી જગતનું પરિવર્ત્તન થયા કરે છે. (૧૦)

એવી રીતનું આપનું માહાત્મ્ય છે, ત્યારે સર્વ લોકો આપનો આદર કેમ કરતા નથી? એવી શંકા થાય ત્યાં શ્રીકૃષ્ણ–ભગવાન્ અર્જુનને આજ્ઞા કરે છે.

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥ ११ ॥
मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥ १२ ॥
महात्मानस्तु मां पार्थ! दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥ १३ ॥
सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः ।
नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ॥ १४ ॥
ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते ।
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥ १५ ॥

અર્થ—અત્યન્ત દયા ખાઇને સઘળા લોકોને આશ્રયરૂપ થવા માટે મેં લીધેલા મારા–મનુષ્યાવતારને સાધારણ મનુષ્ય જેવો માનીને તથા મારાં આનંદરૂપ તત્ત્વને તથા મારાં મહેશ્વરપણાને નહિં સમજીને આસુર જીવો મારું અપમાન કરે છે (૧૧) અને તે આસુર જીવો પરમેશ્વર નહિં પણ કર્મ જ ફલ આપનારું છે એવી ખોટી આશાવાળા, માટે જ ખોટાં કર્મવાળા માયાવાદવાળાં શાસ્ત્રોના ઉપદેશથી ઉત્પન્ન થયેલ આસુરજ્ઞાનને લીધે ચિત્તમાં વિક્ષેપવાળા, મારી રજોગુણી, તમોગુણી તથા મોહ કરનારી સત્ત્વગુણી અને રજોગુણી માનુષી પ્રકૃતિને વળગી રહેલા આસુર જીવો મારો તિરસ્કાર કરે છે. (૧૨) દૈવી પ્રકૃતિને વળગી રહેલા ("अभयं सत्त्वसंशुद्धिः" વિગેરેથી દૈવી પ્રકૃતિ કહેવાશે.) દૈવી જીવો પોતાના અનેક જન્મ જન્માન્તરોથી મેળવેલ અનેક પુણ્યકર્મોથી મારું શરણ મેળવીને પોતાનું પાપ મટીજવાથી છેલ્લા જન્મમાં જન્મ લેવાથી મહાત્માઓ કહેવાય છે, માટે જ મુક્તિના અધિકારી તથા અંતઃકરણની શુદ્ધિવાળા લોકો સઘળા પ્રાણીઓના આદિરૂપ, અવિકારી, તથા આનંદરૂપ હાથ, પગ, મુખ અને ઉદરવાળા મને જાણીને બીજા અક્ષરબ્રહ્મમાં મન રાખ્યા વગર ભગવન્માર્ગીય–આચાર્યોના ઉપદેશાનુસાર પુરુષોત્તમરૂપ મને જ ભજે છે (૧૩) સત્, ચિત્ અને આનન્દ, સ્વરૂપાત્મક તથા ધર્માત્મક એમ બેપ્રકારના છે, તે બન્ને પ્રકારના આધિદૈવિક, આધ્યાત્મિક તથા આધિભૌતિક એવા ભેદથી ત્રણ પ્રકારના છે, તેમાં સ્વરૂપાત્મક, આધિદૈવિક સચ્ચિદાનન્દરૂપ શ્રીપુરુષોત્તમ–ભગવાન્ છે, આધ્યાત્મિકસ્વરૂપાત્મક સચ્ચિદાનન્દરૂપ એક અક્ષરબ્રહ્મ છે અને બીજા પુરુષ છે. અને આધિભૌતિક સચ્ચિદાનન્દરૂપ ક્ષરાત્મક પ્રથમ પ્રકટ થયેલ પુરુષ છે,

ધર્માત્મક આધિદૈવિક સચ્ચિદાનન્દરૂપ લીલાપરિકર છે, ધર્માત્મક આધ્યાત્મિક સચ્ચિદાનન્દરૂપ વૈકુંઠાદિપરિકર છે, અને ધર્માત્મક આધિભૌતિક સદંશાત્મક અઠ્ઠાવીશ તત્ત્વો છે, ધર્માત્મક આધિભૌતિક ચિદંશભૂત તત્ત્વનિષ્ઠ જ્ઞાન છે અને ધર્માત્મક આધિભૌતિકાનન્દરૂપ તત્ત્વનિષ્ઠ સુખ છે, એ પ્રમાણે જ બતાવ્યા પ્રમાણે આધિદૈવિક વિગેરેનો તિરોભાવ સમજવો અને એમ થવાથી સ્વરૂપાત્મક આધિદૈવિક અને આધ્યામિક આનંદનો થોડો તિરોભાવ દુઃખના અભાવરૂપ કહેવાય છે, તેને જ લોકો મોક્ષ કહે છે, વૈદિક સાધનરૂપ નિષ્કામ યજ્ઞાદિકનું તેજ ફલ છે, સ્વરૂપાત્મક એક આનંદનો જ સર્વથા ઉદ્ભવ થાય તે સુખ કહેવાય છે, એવી રીતે લોકમાં પણ ધર્માત્મક તત્ત્વના અધિષ્ઠાનવાળા આધિભૌતિક આનંદનો થોડોક તિરોભાવ થાય ત્યારે લૌકિક દુઃખનો અભાવ થાય, અને સર્વથા ઉદ્ગમ થાય ત્યારે લૌકિક સુખ થાય, આ વિવેચનપરથી એવું સમજવાનું છે કે સ્વરૂપાત્મક અને ધર્માત્મક સચ્ચિદાનન્દનું સ્વરૂપ સમજી પ્રભુના સંબન્ધથી જે સુખ પ્રાપ્ત થાય છે તે સ્વરૂપાત્મક સુખ કહેવાય છે, અને ધર્માત્મક અક્ષરબ્રહ્મના સચ્ચિદાનંદના સ્વરૂપથી જે સુખ થાય છે તે સ્વરૂપાત્મક કરતાં ન્યૂન છે, અને લોકમાં તેનો સંબન્ધ છે, હવે બન્ને પ્રકારના સચ્ચિદાનન્દના ભજનનો પ્રકાર બે શ્લોકથી કહે છે, તેમાં સ્વરૂપાત્મકનું બાહ્ય ભજન અને ધર્માત્મકનું આન્તર ભજન છે એમ બે પ્રકારના ભજનથી કહે છે કે, નિરન્તર કીર્તન કરનારાઓનું વાચનિક ભજન છે, અને શ્રવણ તથા અર્ચનમાં યત્ન કરનારાઓની શ્રવણ તથા અર્ચનરૂપ ભક્તિ છે, તે શ્રવણ તેના શબ્દે શબ્દની સમજપૂર્વક કરવું જોઇએ ચોવીશ એકાદશી, જન્માષ્ટમી, રામનવમી, વામનદ્વાદશી અને નૃસિંહજયન્તી એ વિષ્ણુપંચક વ્રત જેઓ દૃઢ રીતે કરનારા છે એ સ્મરણભક્તિ કરનારા કહેવાય છે, નમનકરનારા લોકો વન્દનભક્તિકરનારા કહેવાય છે, ચરણસેવારૂપ ભક્તિથી પુરુષોત્તમરૂપ મારી ઉપાસના કરે છે, તે દાસ્યભક્તિવાળા કહેવાય છે, નિત્ય મારામાં જોડાયેલા છે તેઓ યોગસિદ્ધરીતે કર્મ કરનારા છે, એ સર્વ સ્વરૂપાત્મકનું ભજન કરનારા છે. (૧૪) જેઓ જ્ઞાનયજ્ઞેકરીને ભક્તિ સાથે રાખીને ઉપાસના કરે છે તેઓ "ब्रह्मार्पणं ब्रह्महविः" એ પ્રકાર પ્રથમ કહેલો છે તો તે પ્રમાણે ભજન કરે છે, તે મારા અક્ષરબ્રહ્મની ઉપાસના કરે છે, તેમાં પણ જુદા જુદા પ્રકાર છે, કેટલાએક તે હું છું એવી અભેદભાવનાથી ઉપાસના કરે છે, અને કેટલાક પરમાત્માનું ધ્યાન કરવું એવા વાક્યથી તેની ઉપાસના કરે છે, રાજસ તાન્ત્રિક લોકો હું એમનો દાસ છું અને એ મારા સ્વામી છે એવી ભેદભાવનાથી ઉપાસના કરે છે, કેટલાએક શિવ, શક્તિ ગણેશાદિરૂપે કરીને ઘણા પ્રકારે મારું ભજન કરે છે, અથવા ખરા બ્રહ્મવાદમાં રહેલા ઘટપટાદિ જગત્‌ના આકારથી

અવિકૃત બ્રહ્મરૂપ સર્વ સ્થલમાં હસ્ત, ચરણ, નેત્ર અને મુખવાળું જે મારું સ્વરૂપ છે તેની ઉપાસના કરે છે, એ સર્વ ધર્માત્મક મારાં અક્ષર બ્રહ્મની ઉપાસના કરનારા છે. (૧૫)

ઉપરની ઉપાસનામાં સર્વથી છેલ્લે બ્રહ્મવાદની રીતે ઉપાસના કરવાનો પક્ષ કહ્યો, તે ખરેખરા શાસ્ત્રજ્ઞાનનો પ્રકાર છે, તેના વિવરણપ્રકારના ચાર પુરુષાર્થની સિદ્ધિ માટે ચાર શ્લોકથી ઉપદેશ કરે છે.

अहं क्रतुरहं यज्ञः स्वधाऽहमहमौषधम् ।
मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥ १६ ॥
पितामहस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकारं ऋक्साम यजुरेव च ॥ १७ ॥
गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥ १८ ॥
तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ! ॥ १९ ॥

અર્થ–પોતેજ શ્રીકૃષ્ણ સર્વરૂપ હોવાથી સર્વ હું છું એમ કહેવું જોઇએ તે છતાં જુદાં જુદાં નામ લઇને જે પોતાની તદ્રૂપતા બતાવી છે, તે પૂર્વમીમાંસામાં દ્વાદશકપાલ, અને અષ્ટાકપાલ વિગેરેના નિર્વાપકરવાનું કહેલ છે. તેની માફક યુક્તિથી અનુવાદ કરીને કહેલ છે, અને તેમ કહેવાનું પ્રયોજન તે તે રૂપને ભજનારાઓને તે તે રૂપથી ફલ આપવું એજ છે, વૈશ્વાનરસંબન્ધી દ્વાદશકપાલ, અષ્ટાકપાલ અને દશકપાલાદિકની તેવીજ રીતે ફલની સિદ્ધિ થવાનું લખ્યું છે, માટે તેતે રૂપપણું જાણીને મારું ભજનકરનારાઓને મારાથીજ સર્વફલ થાય છે એમ બતાવવા માટે ઉપદેશ કરે છે કે શ્રૌત સર્વ કર્મોમાં ક્રતુ (સંકલ્પ) કરવામાં આવે છે તે સંકલ્પબ્રહ્મરૂપ હું છું, સોમાદિક વૈદિક યજ્ઞો કરવામાં આવે છે તે બ્રહ્મરૂપ હું છું, પિતૃને માટે સ્વધારૂપે અન્ન દેવામાં આવે છે તે બ્રહ્મરૂપ હું છું, મનુષ્યોને વ્રીહિ વિગેરે રૂપે અન્ન દેવામાં આવે છે તે બ્રહ્મરૂપ હું છું, ગાયત્રી વિગેરે અને આથર્વણબ્રહ્મકર્મરૂપ મંત્ર બ્રહ્મરૂપ હું છું, ઘૃતવિગેરે સર્વ હવ્ય યજ્ઞમાં આપવામાં આવે છે તે બ્રહ્મરૂપ હું છું, ત્રેતાગ્નિ તથા પંચાગ્નિ વિદ્યાસિદ્ધ અગ્નિબ્રહ્મરૂપ હું છું, અગ્નિમાં હવિષ્‌નો પ્રક્ષેપ થાય છે તે બ્રહ્મરૂપ હું છું (૧૬) બ્રહ્મયજ્ઞમાં યજમાનરૂપ જગતને ઉત્પન્નકરનાર પિતારૂપ હું છું, માતારૂપ હું છું, અન્વાધાનકરનાર હું છું; સ્માર્તશ્રાદ્ધમાં ત્રણનો ઉપદેશ હોવાથી પિતામહ હું છું, યજ્ઞરૂપ જાણવાયોગ્ય હું છું, પ્રાયશ્ચિત્તરૂપ પવિત્રકરનાર હું છું, મંત્રોના આદિમાં જેનું ઉચ્ચારણ થાય છે તે પ્રણવરૂપ હું છું, યજ્ઞમાં પાદબદ્ધ

ઋગ્વેદના મંત્ર ભણાય છે તે, ગીતિયોયુક્ત કુલ સામવેદના મંત્ર ભણાય છે તે અને પાદ તથા ગીતિ વગરનું યજુર્વેદનું વાક્ય બોલાય છે તે હું છું અને અથર્વાંગિરસનું વાક્ય પણ હું છું (૧૭) યજ્ઞથી પ્રાપ્તથનારા લોકાદિક ગતિરૂપ હું છું, તેને પોષણકરનાર હું છું, ફલ આપનાર પ્રભુ હું છું, તેણે કર્યું કે નહિં કર્યું? તેને જોનાર સાક્ષી હું છું, યજ્ઞની ભૂમિરૂપ નિવાસ હું છું, શરણરૂપ યજ્ઞશાલા હું છું, યજમાનનો બંધુવર્ગ હું છું, ફલને ઉત્પન્નકરનારા દેવતારૂપ હું છું, પાપોને નાશકરનાર પ્રલયરૂપ હું છું, જે દેશમાં કે જે તીર્થાદિકમાં યજ્ઞ થાય છે તે સ્થાનરૂપ હું છું, યૂપ અને ચમસ વિગેરે પાત્ર હું છું, યવાદિક, બીજ હું છું અને અવ્યયરૂપ પશુ હું છું, (૧૮) અર્જુન! હું સૂર્યરૂપે તપું છું, હું એક વર્ષમાં આઠમાસસુધી વરસાદને પકડી રાખું છું, અને ચારમાસસુધી સૂર્યરૂપે વૃષ્ટિ કરું છું, જીવનરૂપ હું છું, અને વરસાદ વિગેરેનેઅડકાવીશકું છું માટે તેના મૃત્યુરૂપ હું છું, સત્ અને અસત્ રૂપ હું છું, (૧૯)

ઉપલાં પ્રકરણથી પ્રસંગોપાત્ત મહાત્મા સાત્વિકભક્તોનું વર્ત્તન કહ્યું, અને તે પછી બે પ્રકારના જ્ઞાનમાર્ગીય રજોગુણી અને તમોગુણીનું વર્તન કહીને છેવટે બ્રહ્મવાદીઓનું વર્તન સિદ્ધાન્તરૂપે કહેવામાં આવ્યું, અને હવે તેઓમાંજ તારતમ્ય બતાવવા માટે વેદોના અર્થને નહિં સમજતા કામ્ય કર્મ કરનારા લોકોની સ્થિતિ જણાવવાના હેતુથી તેઓની ગતિ કહે છે;

त्रैविद्या मां सोमपाः पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ।
ते पुण्यमासाद्य सुरेन्द्रलोकमश्नन्ति दिव्यान् दिवि देवभोगान् ॥ २० ॥
ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ॥ २१ ॥

અર્થ—ત્રિગુણાત્મક વેદવિદ્યામાં ડાહ્યા અને ત્રણ ગુણના કર્મકરનારાઓ તેવા જ યજ્ઞોથી તે તે અમુક દેવતાઓનું (વાસ્તવિક રીતે તે તે અમુક દેવતાઓમાં પણ હું રહ્યો છું) આરાધાન કરી પાપ વગર બની સોમપાન કરનારા લોકો સ્વર્ગરૂપ (આંહીઆં સ્વર્ગતિ શબ્દ ઉપલક્ષણ સમજવો એટલે કેવળ સ્વર્ગજ નહિં પણ તેનો અર્થ કર્મથી મળતા સઘળા લોકો સમજવા) મને પામવાની પ્રાર્થના કરે છે, તે લોકો પવિત્ર ઇન્દ્રના ભુવનને પામી સ્વર્ગમાં અલૌકિક દેવતાઇ ભોગને ભોગવે છે, (૨૦) તે લોકો તે વિશાલ સ્વર્ગલોકના સુખને ભોગવ્યા પછી પુણ્યનો ક્ષય થયે (ફરીને) મર્ત્યલોકમાં જન્મે છે, એ પ્રમાણે વેદધર્મના હિમાયતીઓને સાંસારિક સુખની ઇચ્છા હોવાને લીધે જન્મ તથા મરણના ફેરાનો અનુભવ કરતા ગુણપ્રવાહમાર્ગમાં તેઓને પડ્યા રહેવું પડે છે, આ જન્મમરણનો ત્રીજો દુષ્ટ અને અધર્મી ગુણપ્રવાહ માર્ગ કહ્યો છે, એટલે તે અધર્મપ્રવાહના માર્ગમાં પડેલા જીવોનો શ્રીભગવાન્ કોઇ

પણ સ્વરૂપથી અંગીકાર કરતા નથી, પણ માત્ર માયા જ તેવા જીવોનો અંગીકાર કરે છે, (૨૧)

મારા ભક્તો તો મારા અનુગ્રહથી કૃતાર્થ થાય છે. તેમ બતાવીને આ અધ્યાયની સમાપ્તિ સુધી ભક્તિનો જ ઉપદેશ કરે છે.

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ २२ ॥
येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयाऽन्विताः ।
तेऽपि मामेव कौन्तेय! यजन्त्यविधिपूर्वकम् ॥ २३ ॥
अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥ २४ ॥
यान्ति देवव्रता देवान् पितॄन्यान्ति पितृव्रताः ।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम् ॥ २५ ॥
पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ २६ ॥
यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय! तत्कुरुष्व मदर्पणम् ॥ २७ ॥
शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥ २८ ॥
समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥ २९ ॥
अपि चेत् सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥ ३० ॥
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय! प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥ ३१ ॥
मां हि पार्थ! व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ ३२ ॥
किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥ ३३ ॥
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥ ३४ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे राजविद्याराजगुह्ययोगो (भक्तियोगो) नाम नवमोऽध्यायः ॥ ९ ॥

અર્થ—મારા થઇ બીજા દેવસંબન્ધી, બીજાં ફલસંબન્ધી અને બીજા માર્ગસંબન્ધી કલ્પનાથી (પણ) દૂર રહી મારી કૃપાથી જ મેળવવાયોગ્ય ભક્તિવાળા બની પુરુષોત્તમરૂપ મારું જ ધ્યાન કરનારા મર્યાદા અને પુષ્ટિમાર્ગીય જે મેં કહેલા બન્ને માર્ગોથી જ લોકો મારી જ ભક્તિ કરે છે, અને મારી ભક્તિમાં જ જે લોકો નિત્યસંબન્ધ ધરાવે છે, તેલોકોને મારી સેવામાં ઉપયોગમાટે ધન, ધાન્ય અને વસ્ત્રવગેરેના લાભ તથા તેનું રક્ષણ તથા પારલૌકિક અત્યન્ત શ્રેયસ્કર મોક્ષને પણ હું આપીદઉં છું. (૨૨) બ્રહ્મવાદમાં આપ સર્વાત્મા હોવાથી બીજા દેવતાઓનું ભજન કરે તો પણ આપનું જ ભજન થાય છે, ત્યારે યજ્ઞાદિકથી બીજા દેવતાઓનું યજનકરનારને આવવું અને જવું એ ફળ કેમ પ્રાપ્ત થાય? એવી અર્જુન શંકા કરે તો તેના ઉત્તરમાં કહે છે કે જે અન્યદેવતાઓના ભક્તો છે તે (સૂર્ય ગણપતિ, ચંડી, શિવ અને વિષ્ણુ એઓનું અનુક્રમે પૂજન કરવું જોઇએ, અને બીજા ક્રમથી કરે તો મોટું ભય થાય, તેમ પદ્મપુરાણમાં કહેલ પંચાયતનની પૂજાપરાયણ હોય તેઓ પણ, શ્રદ્ધાયુક્ત હોઇને પૂજન કરે છે, તેઓ સૂર્ય વગેરેમાં બ્રહ્મરૂપ મારૂં જ ધ્યાન કરે છે, તે ખરી રીતે મારૂં જ યજન કરે છે, પરન્તુ એ અવિધિથી યજન કરે છે પણ વિધિથી કરતા નથી. કારણ કે તે સર્વ દેવોના અધિષ્ઠાનરૂપ હું છું એવું જ્ઞાન રાખીને યજન કરવું જોઇએ એમ વેદમાં કહ્યું છે તો તેપ્રમાણે ન કરે તેથી અવિધિપૂર્વક કહેવાય છે, તેમ સર્વ દેવોના મૂલભૂત વિષ્ણુ છે એવું વાક્ય હોવાથી મૂલસ્વરૂપને છોડીદઇને અન્ય દેવતાઓનું યજન કરે છે તે વૃક્ષના મૂળમાં પાણીનું સિંચન નહિ કરતાં શાખા અને પત્ર વગેરેમાં સિંચન કર્યા જેવું* તે યજન થાય છે, તેથી) અવિધિપૂર્વક યજનકરનારા હોવાથી ગતાગતને પ્રાપ્ત થાય છે. (૨૩) કારણ કે સર્વ યજ્ઞોનો ભોક્તા અને ફ્લદેનાર સ્વામી હું છું, તેપ્રમાણે તત્ત્વથી સર્વ લોકો જાણતા નથી, તેથી અંતવાળા ફ્ળના ભોગથી પાછા પડે છે (૨૪) અંતઃકરણમાં દેવનો સંકલ્પકરનારા દેવને પ્રાપ્ત થાય છે, પિતૃનો સંકલ્પકરનારા પિતૃઓને પ્રાપ્ત થાય છે, ભૂતોનો સંકલ્પ કરી યજનકરનારા ભૂતોને પામે છે, અને મારો સંકલ્પ કરી મારું યજનકરનારા મને પ્રાપ્ત થાય છે, તેવી રીતે યજન કરવાના સંકલ્પના ભેદથી ફ્ળમાં પણ ભેદ થાય છે, (૨૫) એવી રીતે પોતાના ભક્તોને પોતાની પ્રાપ્તિનો ઉપાય કહીને પોતાની ભક્તિનું સર્વોત્તમપણું અને બીજાથી વિલક્ષણપણું વગરમહેનતે જાણવામાં આવે તેવી આજ્ઞા કરે છે કે ક્ષુદ્ર દેવતાઓની માફક ઘણા ઉપચારના આડંબરથી

* વૃક્ષના મૂળમાં જલનું સિંચન કરીએ તો તે જળ શાખા અને પત્રસુધી પંહોચી જાય છે પણ શાખા કે પત્રને જળમાં બોળીરાખો તોપણ તે જળ વૃક્ષની અંદર કોઈ સ્થલે પણ પંહોચતું નથી તેવી રીતે ભગવાન્‌નું ભજન કરવાથી સર્વ દેવોની પ્રસન્નતા થાય છે અને તેઓ તૃપ્ત થાય છે પણ અન્ય દેવનું યજન કરવાથી કોઇને તૃપ્તિ થતી નથી.

મને સંતોષ થતો નથી પણ મારી સાથે બંધાયેલો ભક્ત પોતાની શુદ્ધ ભક્તિથી પત્ર, પુષ્પ, ફલ અને જલમાત્ર જે મને અર્પણ કરે છે, તેનું ભક્તિથી (વિદુરજીના શાકની માફક) અર્પણ કરેલું હું સંતોષપૂર્વક ગ્રહણ કરું છું (૨૬) માટે તું પણ મારા કહેવાપ્રમાણે મને અર્પણ કરેલું લૌકિક, વૈદિક, નિત્ય તથા નૈમિત્તિક કર્મ કરે તો કર્મનું બંધન નહિં થતાં મારી પ્રાપ્તિ થશે, તે બેશ્લોકથી કહે છે. કે જે લૌકિક ધન વસ્ત્રાદિકનો સંચય કરે છે, જે તું ખાય છે, જે હોમ, દાન, તપ વગેરે નિત્યનૈમિત્તિકના ભેદથી વૈદિક કર્મ કરે છે, તે મને જેમ અર્પણ થાય તેમ કર. તો તેમ કરવાથી સર્વ દોષોની નિવૃત્તિ થાય છે, (૨૭) એવી રીતે મર્યાદામાં તારી ઉપર અનુગ્રહ રહ્યો છે, તેની જે ફલની સિદ્ધિ થવાની તે તને થશે, એમ કહે છે કે, શુભ અને અશુભ ફલઆપનારા કર્મોના બન્ધોથી તું મુક્ત થઇશ, એવી રીતે ફલની ઇચ્છાબાબતનો સંન્યાસ અને ભજનને માટે મનમાં મારું અનુસંધાન રહેવાથી મારા યોગે કરીને યુક્ત થઇને કર્મના બંધનથી મુક્ત થઇ મને પ્રાપ્ત થઇશ, (૨૮) ભકતોને જ આપ મુક્તિ આપોછો અને અભકતોને આપતા નથી તો આપમાં પણ રાગદ્વેષાદિક વૈષમ્ય આવીજાય છે એવી શંકા અર્જુન કરે ત્યાં શ્રીકૃષ્ણ ભગવાન્ આજ્ઞા કરે છે કે હું સર્વ ભૂતોમાં સરખો છું, એટલે મને કોઇ દ્વેષ્ય અથવા તો પ્રિય નથી, તોપણ ભક્તિથી જેઓ મારું ભજન કરે છે, તેઓ મારામાં રહેલા છે, અને હું તેઓમાં રહેલો છું, એ (કલ્પવૃક્ષની માફક) ભક્તિનો સ્વભાવ છે. જેમ કલ્પવૃક્ષની પાસે જઇને તેનો આશ્રય કરીને જે ઇચ્છા કરે તેઇચ્છાકરનારને તે પ્રાપ્ત થાય છે, પરન્તુ જેઓ કલ્પવૃક્ષનો આશ્રય લેતા નથી તો તેઓને ઇચ્છિત પ્રાપ્ત થતું નથી તો તેમાં કલ્પવૃક્ષને કાંઇ વૈષમ્યદોષ આવતો નથી. તેમજ મારી ભક્તિનો આશ્રય લેનારને સિદ્ધિ થાય અને ભક્તિનો આશ્રય નહિંલેનારને સિદ્ધિ ન થાય તો તેટલાથી મારામાં વૈષમ્યદોષ આવતો નથી, (૨૯) શ્રીકૃષ્ણ પોતાનું પતિતપાવનપણું બતાવે છે કે અત્યન્ત દુરાચારી હોય, તે બીજા દેવની ભક્તિ નહિં કરતાં જો મારી જ ભક્તિ કરે છે, તો તે સારો જ છે એમ સઘળાઓએ માનવું, કારણ કે પ્રહ્‌લાદજીએ સપ્તમસ્કંધમાં શ્રીનૃસિંહજીની સ્તુતિ કરતાં કહ્યું છે કે શમદમાદિક દ્વાદશ ગુણવાળો બ્રાહ્મણ ભગવચ્ચરણારવિન્દની ભક્તિથી વિમુખ હોય તો તેના કરતાં ભગવાનમાં મન, વચન, ક્રિયા, અર્થ અને પ્રાણને અર્પણકરનાર ચાંડાલ ઉત્તમ છે, તેથી જેણે મારામાં ચિત્ત પરોવીદીધું છે તેણે સારો નિશ્ચય કર્યો છે એમ સમજવું, (૩૦) નીચ જાતિનો ચાંડાલ પણ ભક્તિના સારા નિશ્ચયથી સારો શી રીતે કહીશકાય? એવી અર્જુનને શંકા થાય ત્યાં શ્રીભગવાન્ આજ્ઞા કરે છે કે અર્જુન! નીચ જાતિ સારા થવામાં આડી આવે છે એ તને શંકા થાય ખરી પણ નીચ જાતિવાળા પણ જે લોકો છે તે મારો આશ્રય લઇને તે પછીના ભજનના બલથી નીચ જાતિના પાપને નિર્મૂળ

ઉખેડીનાખીને ધર્માત્મા બનીજાય છે, અને એવાં ભજનથી પુનરાવર્તનથી રહિત અને વિરુદ્ધ આચારને અડકાવનારી શાન્તિરૂપ મારી ગતિને પામે છે, મારો ભક્ત કોઇ દિવસ સંકટમાં આવતો નથી એ મારી પ્રતિજ્ઞાને સભામાં જઇ જાહેર કર. (૩૧) પોતાનું સર્વોદ્ધારકપણું જણાવે છે કે પાર્થ! મારો આશ્રય કરીને પાપ યોનિવાળા જેઓ પૂતનાદિક હતા તેઓ, સ્ત્રીઓ, તુલાધારાદિક વૈશ્યો અને વિદુરાદિક શૂદ્રો એઓ પર ગતિને પ્રાપ્ત થયા છે અને થાય છે, (૩૨) જ્યારે એવા સાધનના અધિકારવગરના પણ પર ગતિને પ્રાપ્ત થાય છે ત્યારે વેદોક્ત સાધનો જેઓને સિદ્ધ છે તેવા પુણ્યરૂપ બ્રાહ્મણો, રાજર્ષિઓ મારો આશ્રય કરીને ઉત્તમ ગતિને પામે એમાં સંદેહ શાનો? પરન્તુ એ ઉત્તમગતિવાળા અને સર્વસાધનોના બલવાળાઓને પોતાના સાધનના બળની ઉત્તમતા જ મારાથી વિમુખ કરનારી છે, જેમ મથુરાના બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા તેઓએ ભગવાન્‌ને માટે અન્નની માગણી કરતા ગોવાલીઆઓને અન્ન આપ્યું નહિં પણ તેઓની સ્ત્રીઓએ આપ્યું, એવી રીતે સાધનબલવાળા ભગવાનનું વચન નહિં કરનારા દેખાય છે, અને સાધનનું બલ છતાં ભજનકરનારા નારદ, શ્રુતદેવ, સુરદાસ અને બહુલાશ્વ વગેરે થોડા જોવામાં આવે છે, એવા ગૂઢ આશયથી અર્જુનને સ્વધર્મની માફક ભગદ્ભજન પણ વિહિત છે એવો ઉપદેશ કરેલ છે, માટે આલોક તથા દેહનો સંબન્ધ અનિત્ય અને સુખવગરનો તથા નાશાત્મક છે તેને પ્રાપ્ત થઇને મારા ભજનથી ગર્ભિત સ્વધર્મ કર. (૩૩) સર્વજ્ઞ, સર્વશક્તિવાળો, પરમ આનંદમાત્ર હાથ, પગ, મુખ તથા ઉદરવાળો, સઘળા અમાનુષ ગુણોથી યુક્ત, અચિન્ત્ય, સઘળાં વેદાન્તશાસ્ત્રથી જાણીશકાઉં એવો, મારી ઇચ્છાથી મારામાં રહેલાં સઘળાં સૌન્દર્યનો પ્રકાશ કરી પૃથ્વીપર પ્રકટ થયેલ હું પુરુષોત્તમરૂપ છું તેમાં જ અખંડિત મન લગાવ. (પોતામાં મન લગાવવાનું જણાવી શ્રીભગવાને આ ગીતાજીમાં કહેવામાં આવેલ સાંખ્ય અને યોગના તાત્પર્યભૂત સ્મરણરૂપ ભજનના પ્રકારનો ઉપદેશ કરતાં જ્ઞાનકાંડની અભિપ્રાર્થતા સાબીત કરી છે) શ્રીપુરુષોત્તમરૂપ મારી સેવામાં જ તત્પર થા (પોતાની સેવાનો ઉપદેશ કરી ઉપાસનાકાંડની અભિપ્રાર્થતા બતાવી છે.) મારું જ યજન કરનાર થા (પોતાના જ યજનનો ઉપદેશ કરી કર્મકાંડની અભિપ્રાર્થતા બતાવી છે.) મને જ નમસ્કાર કર (પોતાને જ નમસ્કાર કરવાનો ઉપદેશ કરી પોતાનું જ અનન્યભાવથી સાષ્ટાંગદંણ્ડવત્ પ્રણામ કરી તથા અહંકાર વગેરે દોષોનો ત્યાગ કરી શરણ લેવાનું જણાવ્યું છે.) જો કે माम् एव અહીંઆં "एव" કાર છે તો પણ તે एव કારનો સંબન્ધ સઘળામાં લઇશકાય છે, તેથી "नान्यं देवं नमस्कुर्यान्नान्यं देवं निरीक्षयेत्" (ભગવાન્ શિવાય બીજા દેવને નમસ્કાર કરવા નહિં અને બીજા દેવનું દર્શન પણ કરવું નહિં) એ બાબત સાબીત કરવામાં આવી છે, કારણ કે બીજા દેવોના ભજનરૂપ સર્વ ધર્મોને છોડીદેવાનું "सर्वधर्मान् परित्यज्य" એ શ્લોકથી

જણાવશે (એજ ભગવાનના અનુગ્રહાત્મક પુષ્ટિભક્તિની સરણિ છે) એટલે મારામાં મન લગાવવા વગેરેથી પુરુષોત્તમરૂપ મનેજ પામીશ, એટલે મારી ભક્તિથી હું જ પ્રાપ્ય છું, અને પોતાના આત્માને યોગમાં લગાવીશ તોએ તેમાં પણ હું જ સેવ્ય હોવાથી મારોજ ભક્ત કહેવાઇશ. (૩૪)

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાના ગુજરાતી ભાષાન્તરનો નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)

દશમો અધ્યાય.

નવમા અધ્યાયમાં કહેવામાં આવેલ ભક્તિની વૃદ્ધિ માટે આ અધ્યાયમાં પોતાના યોગની ઉત્પત્તિ શ્રીભગવાન્ કહે છે અને તે પછી અર્જુન પ્રશ્ન કરે છે ત્યારે તે શ્રીભગવાન્ પોતાની વિભૂતિ કહે છે, સત્, ચિત્ અને આનંદથી ઉત્પન્ન થયેલ આ સર્વ જગત્ મારાં સ્વરૂપાત્મક છે, એવી રીતે સર્વમાં આત્માપણાની દૃષ્ટિમાટે સર્વનું વિભૂતિપણું કહે છે,–पूर्णमदः पूर्णमिदम् એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સર્વના અંશી વિષ્ણુ પૂર્ણ છે તેના અંશરૂપ આ જગત્ પણ પૂર્ણ છે; કેમકે પૂર્ણમાંથી પૂર્ણ પ્રકટ થાય છે અને પૂર્ણજ બાકી રહેવાનું છે તેથી જગત્‌ની અપૂર્ણતા નથી. જેમ સમુદ્ર પૂર્ણ છે તેના અંશરૂપ સર્વ જળ પૃથ્વીપર છે તે સમુદ્રમાં મળીને પૂર્ણરૂપજ થાય છે, (અર્થાત્ પ્રલયસમયે સમુદ્રોના જલરૂપ થઇજાય છે.) તેવીજ રીતે કોટિબ્રહ્માંડના દેહીરૂપ પૂર્ણ વિષ્ણુમાં સર્વ મળે છે, તેમની મુખ્ય મુખ્ય સર્વ વિભૂતિઓ આ અધ્યાયમાં કહેવાની છે, તે ભગવાન્ ઉપદેશ કરે છે, તેમાં પ્રથમ અગીઆર શ્લોકથી પોતાના યોગની ઉત્પત્તિનુંસ્વરૂપ કહે છે.

श्रीभगवानुवाच–भूय एव महाबाहो ! शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥ १ ॥
न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥ २ ॥
यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥ ३ ॥
बुद्धिर्ज्ञानमसंमोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवोऽभावो भयं चाभयमेव च ॥ ४ ॥
अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।
भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥ ५ ॥
महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषां लोकइमाः प्रजाः ॥ ६ ॥

एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकंपेन योगेन युज्यते नात्र संशयः ॥ ७ ॥
अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्त्तते ।
इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विताः ॥ ८ ॥
मच्चिता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥ ९ ॥
तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥ १० ॥
तेषामेवानुकंपार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥ ११ ॥

અર્થ–મહાબાહો! સ્વધર્મના અનુષ્ઠાનમાટે તારા બાહુ મોટા છે તો જે હું તારાં હિતને માટે તને કહીશ તે તું મારું વચન ફરીને સાંભળ, કારણ કે મારું માહાત્મ્ય સાંભળીને તું પ્રસન્ન થયો છો તેથી મારા યોગના વૈભવને જણાવનાર વચનો તને કહેવાનાં છે (૧) આ હું તને વચનો કહું છું તે વચનો કોઇથી સમજીશકાય નહિં એવાં છે; કારણ કે મારા યોગનો વૈભવ તથા મારા જન્માદિક અતીન્દ્રિય છે તેને અતીન્દ્રિય ને જોનારા ઋષિઓ તથા દેવતાઓ પણ જાણીશકતા નથી, કારણ કે તે સર્વે અર્વાચીન છે, અને હું દેવો તથા ઋષિઓનો પણ આદિ છું, (૨) હું અજ છું અને અનાદિ છું (અર્થાત્ બીજા સઘળા પરાધીન બની જન્મ પામનારા છે અને હું અનાદિ છતાં ઇચ્છાથી પ્રાદુર્ભૂત થાઉં છું, બાકી સર્વ મારી ઇચ્છાથી ઉત્પન્ન થાય છે.) સર્વ લોકોનો મહેશ્વર હું છું, તેને સંમૂઢ નહિં થઇને જે જાણે છે, સર્વે મનુષ્યોમાં તે માણસ સર્વ પાપોથી મુક્ત થાય છે (૩) બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ, (મોહ ન થવો તે) ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ, દુઃખ, ઉત્પત્તિ, અભાવ, ભય, અભય, (૪) અહિંસા, સર્વમાં સમબુદ્ધિ, પુષ્ટિ, તપ, દાન, યશ અને અપયશ એ સર્વ ભૂતોના જુદા જુદા પ્રકારના વીશ ભાવો મારાથીજ થાય છે. (૫) સર્વથી પોતાનું અનાદિપણું જણાવે છે કે ભૃગુવગેરે સાત મહર્ષિઓ અને ચૌદ મનુઓમાંથી સ્વાયંભુવ, સ્વારોચિષ, ઉત્તમ અને તામસ એ ચાર મનુઓ સર્વ નિત્યસર્ગને પ્રવર્ત્તાવનારા મારું સામર્થ્ય જેમાં રહ્યું છે તેવા માનસ-ભાવરૂપ મારાથી જ થયા છે, લોકમાં જેઓની આ સર્વ પ્રજા છે, (૬) એ મારી વિભૂતિ અને યોગને જે તત્ત્વથી જાણે છે તે ચલાયમાન ન થાય એવા મારા ભક્તિ-રૂપ યોગથી જોડાય છે, એમાં સંશય નથી. (૭) હું સર્વની ઉત્પત્તિનું સ્થાન છું, અને મારાથી સઘળા પ્રવૃત્ત થાય છે, એવી રીતે મારા ભાવથી યુક્ત પંડિતો મારું ભજન કરે છે. (૮) તે એવી રીતે કે મારામાં જ જેઓનું ચિત્ત લાગેલું છે. અને

મારામાં જ જેઓના પ્રાણ રહ્યા છે, તેવા (ભક્તિમાર્ગના આચાર્યો) પરસ્પર બોધ કરે છે અને નિત્ય મારા ગુણોનું કીર્તન કરતા પ્રસન્ન થાય છે અને મારા ઉત્સવ-વગેરેમાં મારાં ગુણગાન કરી નાચી ખુંદી આનંદ કરે છે. (૯) એવી રીતે નિરન્તર મારામાં જોડાયેલા તથા પ્રીતિપૂર્વક મારૂં ભજનકરનારાઓને એવો સ્થિરબુદ્ધિયોગ આપું છું કે જે પરિપક્વ બુદ્ધિયોગથી મારી સમીપમાં તેઓ આવે છે, (૧૦) અને તેવાઓને જ હું દયાથી આત્મજ્ઞાન સંપાદન કરૂં છું એમ બતાવવામાટે કહે છે, દયા માટે અજ્ઞાનથી થયેલું તેઓના તમને મટાડું છું, તે એવી રીતે કે તેની ભીતર અંત-રાત્માપણાથી રહીને જ્ઞાનરૂપી દીવાને પ્રકાશિત કરીને તે દીપથી અજ્ઞાનથી થતાં અંધારાને હું નિવૃત્ત કરૂં છું. (૧૧)

એવી રીતે તમામથી વિજાતીય ભગવાન્‌ના યોગનો પ્રભાવ અને પોતાના ભક્તજનોના અન્તરાત્મારૂપે રહે એવું વિભૂતિનું કારણપણું સાંભળીને તેનો વિસ્તાર સાંભળવાની ઇચ્છાવાળો અર્જુન ભગવાન્‌ની સ્તુતિ કરીને સાત શ્લોકોથી પ્રશ્ન કરે છે.

अर्जुन उवाच–परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥ १२ ॥
आहुस्त्वमृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे ॥ १३ ॥
सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ! ।
न हि ते भगवन्! व्यक्तिं विदुर्देवा न दानवाः ॥ १४ ॥
स्वयमेवात्मनाऽऽत्मानं वेत्थ त्वं पुरुषोत्तम ! ।
भूतभावन! भूतेश! देवदेव! जगत्पते! ॥ १५ ॥
वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ॥ १६ ॥
कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन् ।
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया ॥ १७ ॥
विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ! ।
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ॥ १८ ॥

અર્થ–આપ પરબ્રહ્મરૂપ છો, તથા પરમ પવિત્ર ધામરૂપ છો, સઘળા ઋષિઓ મહા ભગવદીય મર્યાદા અને પુષ્ટિભક્ત નારદજી તથા અસિત, દેવલ અને વ્યાસજી એઓ શાશ્વત, દિવ્ય, અજન્મા અને વ્યાપક આદિદેવ પુરુષરૂપ આપ છો, એમ કહે છે અને આપપણ (પોતાને "अहं सर्वस्य प्रभवः" 'હું સર્વ જગત્‌ની ઉત્પત્તિના સ્થાનરૂપ છું એમ) કહો છો, સઘળા લોકોના કહેવાથી આપ મને જે કહો છો તે હું

સત્ય માનું છું. ષડ્ગુણોથી પૂર્ણ કેશવ! જ્ઞાન આપમાં જ રહ્યું છે. એટલે આપે આપેલું જ્ઞાન બીજે સ્થલે ફેલાય છે, તેથી દેવતાઓ અથવા તો દાનવો ખાસ આપ-પાસે જ રહેલા યોગપ્રભાવને તથા તે તે વિભૂતિરૂપ આપના સ્વરૂપને જાણીશક્તા નથી, (૧૨–૧૩–૧૪) પ્રાણીમાત્રને બનાવનાર, પ્રાણીઓના સ્વામી, દેવના પણ દેવ તથા જગત્‌ના પતિ પુરુષોત્તમ! આપ આપના સ્વરૂપને બીજા કોઇ પણ સાધનની ગરજ વગર પોતાની મેળે જ જાણો છો (૧૫) માટે આપ પોતાના અંશની હસ્તીવાળી બીજાંને નિયમમાં રાખનાર તથા ગુણભૂત જે વિભૂતિઓથી આ ત્રણે લોકમાં વ્યાપ્ત થઇને રહ્યા છો, તે દિવ્ય અને અસાધરણ વિભૂતિઓનો સઘળી રીતે ઉપદેશ કરવાને યોગ્ય છો, (૧૬) વખતે આપ કહોકે મારે શા માટે મારી વિભૂતિ પ્રકાશ કરવી જોઇએ? એમ આપ કહેતા હો તો હું કહું છું કે યોગિન્! (આંહીઆ "યોગિન્" એમ કહીને આપ યોગી છો માટે યોગ પણ જાણવા માગું છું એમ અર્જુન જણાવે છે) ભગવન્! કયા કયા પદાર્થોમાં મારે આપનું ચિંતન કરવું? અને હમેશાં એમ ચિન્તન કરવાથી આપને હું શી રીતે જાણી શકું? (૧૭) જનાર્દન! જો કે પહેલાં આપે વિભૂતિ કહેલી છે, તોપણ આપનો યોગ અને વિભૂતિ લંબાણથી ફરીથી કહો, કારણ કે અમૃતરૂપ (આપનું વચન) સાંભળતાં મને તૃપ્તિ થતી નથી. (૧૮)

એવી રીતે અર્જુને જ્યારે પ્રાર્થના કરી ત્યારે શ્રીકૃષ્ણ–ભગવાન્ પોતાની મુખ્ય મુખ્ય વિભૂતિઓ કહેવાલાગ્યા છે. તે હકીક્ત આ અધ્યાયની સમાપ્તિ સુધી આવશે.

श्रीभगवानुवाच–हन्त! ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठ? नास्त्यन्तो विस्तरस्य मे ॥ १९ ॥
अहमात्मा गुडाकेश? सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥ २० ॥
आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥ २१ ॥
वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।
इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥ २२ ॥
रुद्राणां शङ्करश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ॥ २३ ॥
पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ? बृहस्पतिम् ।
सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः ॥ २४ ॥
महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।
यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥ २५ ॥

अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।
गंधर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः ॥ २६ ॥
उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेन्द्राणां नराणां च नराधिपम् ॥ २७ ॥
आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कंदर्पः सर्पाणामस्मि वासुकिः ॥ २८ ॥
अनन्तश्चापि नागानां वरुणो यादसामहम् ।
पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥ २९ ॥
प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ।
मृगाणां च मृगेन्द्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥ ३० ॥
पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी ॥ ३१ ॥
सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जुन ! ।
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ॥ ३२ ॥
अक्षराणामकारोऽस्मि द्वंद्वः सामासिकस्य च ।
अहमेवाक्षयः कालो धाताऽहं विश्वतोमुखः ॥ ३३ ॥
मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।
कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥ ३४ ॥
बृहत्साम तथा साम्नां गायत्री छंदसामहम् ।
मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥ ३५ ॥
द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम् ॥ ३६ ॥
वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनंजयः ।
मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः ॥ ३७ ॥
दंडो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ।
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ॥ ३८ ॥
यच्चाऽपि सर्वभूतानां बीजं तदहमर्जुन ! ।
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥ ३९ ॥
नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परन्तप ! ।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥ ४० ॥

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंशसंभवम् ॥ ४१ ॥
अथवा बहुनैतेन किं? ज्ञानेन तवार्जुन ! ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥ ४२ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विभूतियोगो नाम दशमोऽध्यायः ॥ १० ॥

અર્થ—શ્રીભગવાન્ અર્જુનને હન્ત એમ કહી દયાથી ઉપદેશ કરે છે કે મારી દિવ્ય વિભૂતિ મુખ્યમુખ્યપણાથી કહીશ. પણ સમસ્ત રીતે કહીશકાશે નહિં; કારણ કે મારી વિભૂતિના વિસ્તારનો અંત નથી. (૧૯) અર્જુનને "ગુડાકેશ" એવું સંબોધન આપીને એવું સૂચવ્યું છે કે ગુડાકા એટલે નિદ્રા તેનો તું નિયન્તા થા અર્થાત્ આલસ્ય મૂકીદઇને તારે આ વિચારવાનું છે. હું મારા અંશભૂત આસર્વજગત્નો આત્મા છું, કારણ કે સર્વ ચેતનના અંતઃકરણમાં રહ્યો છું, સર્વ ભૂતોના આદિ, મધ્ય અને અંતરૂપ હું છું, (૨૦) બારમાસના બાર સૂર્યોના મધ્યમાં વિષ્ણુ નામના જે સૂર્ય છે, તે હું છું, તેજસ્વી સર્વ પદાર્થોમાં કિરણવાળો સૂર્ય હું છું, મરૂત નામના દેવતાઓમાં મરીચિ હું છું, આકાશમાં નક્ષત્રના મધ્યમાં ચંદ્રમા હું છું, (૨૧) ચાર વેદોમાં સામવેદ હું છું, દેવતાઓમાં ઇન્દ્ર હું છું, અગીઆર ઇન્દ્રિયમાં મન* હું છું, સર્વ પ્રાણીઓમાં ચેતનારૂપ બુદ્ધિ હું છું, (૨૨) અગીઆર રુદ્રોમાં મૂલભૂત શંકર હું છું, યક્ષ અને રાક્ષસોમાં તેઓના અધિપતિ કુબેર હું છું, વસુઓના મધ્યમાં ભગવાન્ના મુખભૂત પાવકરૂપ અગ્નિ હું છું, પર્વતોમાં મેરુ હું છું, (૨૩) પાર્થ! હું પુરોધસોમાં મુખ્ય બૃહસ્પતિ છું એમ જાણ, સેનાનીમાં હું કાર્તિકેયસ્વામી છું એમ જાણ, સ્થિરજલાશયોમાં સાગર હું છું, (૨૪) સર્વ મહર્ષિઓમાં ભક્તિ કયા દેવની કરવી? તેનો નિર્ધારકરનાર ભૃગુઋષિ હું છું, અક્ષરોમાં સર્વ બીજરૂપ પ્રણવ હું છું, યજ્ઞોમાં જપયજ્ઞ હું છું અને સ્થાવરોમાં હિમાલય હું છું, (૨૫) સર્વ વૃક્ષોમાં પીપળો હું છું, (પીપળો વિષ્ણુનો જ કહેવાય છે માટે તેનું ધ્યાન કરવું અને તેની પૂજા કરવી) ઋષિઓમાં નારદમુનિ હું છું, (નારદ ભગવાન્ના પરમ ભક્ત છે અને મર્યાદા તથા પુષ્ટિ સંપ્રદાયના રસને જાણનારા છે,) ગંધર્વોમાં ચિત્રરથ હું છું (ગાનારો ચિત્રરથ વૈષ્ણવ છે માટે તેનું ચિંતન કરવું) સિદ્ધોમાં કપિલમુનિ હું છું, (કપિલમુનિ ભગવાન્ના અવતારરૂપ છે અને તે પુષ્ટિસર્ગના બનાવનાર છે) (૨૬)

* કેટલાક લોકો મનને ઇન્દ્રિયમાં ગણતા નથી પરન્તુ આંહીઆં વિભૂતિના પ્રકરણમાં પોતાના સજાતીયમાં ઉત્તમને વિભૂતિ ગણી છે તે પ્રમાણે મનને ઇન્દ્રિયોમાં ગણીને પોતાની વિભૂતિમાં કહ્યું છે.

ઘોડાઓમાં અમૃતની સાથે ઉત્પન્ન થયેલ ઉચ્ચૈઃશ્રવસરૂપ મને જાણ (ઉચ્ચૈઃ-શ્રવસને સાત મ્હોઢાં છે એટલે તે અગ્નિરૂપ હોવાથી મારી સેવામાં ક્રીડામાં ઉપયોગી હોઇને તે મારી વિભૂતિ છે એટલે તેનું ધ્યાન કરવું જોઇએ). હાથીઓમાં ઐરાવત હું છું (શ્રીભાગવતના એકાદશ સ્કંધના સોળમા અધ્યાયમાં વિભૂતિના નિરૂપણ વખતે જે વિભૂતિઓ કહી છે, તે સઘળી વિભૂતિઓનું આહીઆં અનુસંધાન કરીલેવું. વખતે શ્રી-ભાગવતની તથા આ અધ્યાયની વિભૂતિઓમાં કયાંક ફેર જોવામાં આવે છે, તો પણ તે દોષરૂપ નથી, કારણ કે તે ઐચ્છિક છે અને તે બન્ને સ્થલે એકજ વક્તા હોઇને પોતાની ઇચ્છાને અધીન થઇને વખતે કયાંક ફેર કર્યો હોય એ પણ બનવાયોગ્ય છે) મનુષ્યોમાં રાજા હું છું.(૨૭) હથીઆરોમાં વજ્ર હું છું, ગાયોમાં કામધેનુ હું છું (કામધેનુ ભગવત્સેવામાં ઉપયોગી છે માટે તે પૂજ્ય અને પ્રણામ કરવાલાયક છે) ઉત્પન્નકરનાર વસ્તુઓમાં ભગદીય પ્રજાને ઉત્પન્ન કરવામાં કંદર્પ હું છું, અને સર્પોમાં વાસુકિ હું છું,(૨૮) નાગોમાં શેષનાગ હું છું, જલજન્તુઓમાં અધિકારી લોકપાલ વરૂણદેવતા હું છું, પિતૃઓમાં મુખ્ય અર્યમા હું છું, (શ્રાદ્ધમાં અન્નલેનાર છે અને તે પોતે ભગવત્સ્વરૂપ હોઇને શ્રાદ્ધમાં અર્યમા વિગેરે પિતૃગણ પૂજ્ય અને ચિન્તનીય છે) અને સંયમ કરનારાઓમાં યમરાજા હું છું,(૨૯) દૈત્યોમાં પ્રહલાદ હું છું, (પ્રહલાદ મહાભગવદીય છે માટે તેનું ચિન્તન કરવું) પ્રાણીઓનું આયુષ્ય ગણનારાં વર્ષોવિગેરેમાં કાલરૂપ હું છું, (તે કાલ ભગવાન્ના ઉપયોગમાં આવે છે માટે તે ચિન્તન કરવાયોગ્ય છે) મૃગોમાં નરસિંહરૂપ હું છું, (સિંહ અને ગરૂડનો આકાર વાહનજેવો છે માટે ભગવાન્ની સેવામાં આસન વખતે ક્રીડામાં ઉપયોગી છે માટે તેનું ચિન્તન કરવું,) અને પક્ષીઓમાં ગરૂડ હું છું,(૩૦) પવિત્ર કરનારી અને વેગવાળી વસ્તુઓમાં પવનરૂપ હું છું, (પવન શીત, મન્દ અને સુગન્ધી એ ત્રણ ગુણવાળો હોઇને ભગવાન્ને ઉપયોગી છે માટે તેનું ચિન્તન કરવું જોઇએ,) શસ્ત્રધારણકરનારાઓમાં પરશુરામ હું છું, (આ સ્થલે રામ શબ્દથી પરશુરામજ લેવાય પણ મહારાજા રામચંદ્ર લઇશકાય નહિં કારણ કે મહારાજા રામચંદ્ર ભગ-વાન્ના અંશ નથી પરન્તુ પૂર્ણ પુરૂષોત્તમ એજ અંશી છે એમ બ્રહ્મા, અને શુકદેવજી વિગેરે આચાર્યોનો અભિપ્રાય છે માટે તેનું વિભૂતિપણું ઘટતું નથી એમ અમો (ટીકાકાર શ્રીમદ્વલ્લભજી મહારાજ) કહીએ છીએ). મત્સ્યોમાં મઘરમછ હું છું, પ્રવાહી પદાર્થોમાં ગંગારૂપ હું છું, (ગંગાજી ભગવાન્ના ચરણમાંથી ઉત્પન્ન થયેલ છે માટે તેનું ધ્યાન કરવું જોઇએ) (૩૧) અર્જુન! [૧]પુષ્ટિ પ્રવાહ અને મર્યાદા રૂપ

૧ શ્રીઅંગથી ઉત્પન્ન થયેલ પુષ્ટિસૃષ્ટિ મસ્તકરૂપ છે તે આદિકારણ છે મનથી ઉત્પન્ન થયેલ પ્રવાહ માર્ગ અન્તરૂપ છે અને ભગવાનનું હ્રદય વેદરૂપ છે અને તે વેદથી મર્યાદાસૃષ્ટિ ઉત્પન્ન કરી છે.

માર્ગોમાં પુષ્ટિમાર્ગના કારણરૂપ હું છું, પ્રવાહ તથા મર્યાદામાર્ગોના કારણરૂપ હું છું, વિદ્યાઓમાં અધ્યાત્મરૂપ અક્ષરબ્રહ્મને જાણવાની વેદાન્તવિદ્યા હું છું અને બોલનારાઓમાં વાદરૂપ હું છું, (૩૨) અક્ષરોમાં અકારરૂપ હું છું (અકાર શ્રીવાસુદેવનું નામ છે) સમાસમાં દ્વંદ્વ સમાસરૂપ હું છું "रामकृष्णौ" એ વિગેરેમાં દ્વંદ્વ સમાસ આવે છે અને તેમાં બન્ને પદ પ્રધાન છે માટે તેનું ચિન્તન કરવું જોઇએ, પ્રવાહ રૂપ કાલ હું છું, અને ચોતરફ મુખવાળો બ્રહ્મારૂપ હું છું(૩૩) સઘળાનો નાશ કરનારો મૃત્યુરૂપ હું છું (કાલ ભગવદીયના તમામ શત્રુઓનો સંહાર કરે છે માટે મારી વિભૂતિ છે) હવે ઉત્પન્નથનારાઓનું ઉત્પત્તિસ્થાનરૂપ હું છું, અને સ્ત્રીઓમાં કીર્તિ, લક્ષ્મી, સરસ્વતી, સ્મરણશક્તિ, બુદ્ધિ, ધીરજ અને ક્ષમા એ સાતરૂપ હું છું, (૩૪) સામવેદના મંત્રોમાં બૃહત્સામરૂપ હું છું, વેદના છન્દોમાં ગાયત્રીરૂપ હું છું, મહિનાઓમાં માર્ગશીર્ષ હું છું (માર્ગશીર્ષમાસમાં મેં કુમારિકાઓની ઇચ્છા પૂરી પાડી છે અને વળી તે મ્હારા ભોગને યોગ્યકરનાર હોઇને મારી વિભૂતિ છે) અને ઋતુઓમાં વસન્તઋતુરૂપ હું છું,) "वसन्तेऽग्नीनादधीत" એ શ્રુતિએ અગ્નિહોત્ર લેવામાટે વસન્ત ઋતુ પસંદ કરેલ છે, જડ વસ્તુઓમાં પણ વસન્ત ઋતુમાં આનંદ જણાય છે અને વૃન્દાવનમાંજ વસન્ત ઋતુ રહેનાર છે માટે તે ઋતુ મારી વિભૂતિ છે) (૩૫) રમતકરનારાઓમાં ધર્મજુગારરૂપ હું છું, (જેમ યુધિષ્ઠિરમાં). તેજસ્વિપદાર્થોમાં અહંકારરૂપ તેજ હું છું, જયરૂપ હું છું, (રૂકમૈયા અને બલભદ્રની જુગારની કચેરીમાં આકાશવાણીથી ઉત્પન્ન થયેલા બલભદ્રના જયરૂપ હું છું, વ્યવસાયરૂપ હું છું, ધૈર્યને ધારણકરનારાઓમાં ધૈર્યરૂપ હું છું. (૩૬) યાદવોમાં વાસુદેવ હું છું, પાંડવોમાં હું ધનંજય છું (અર્જુન અપરોક્ષ છે તો પણ તેને પરોક્ષ માની પોતાની વિભૂતિમાં અર્જુન હું છું એમ કહ્યું છે તેની મતલબ એવી છે કે અર્જુનને નારાયણના અંશરૂપ નરની ગણનામાં ગણી પરોક્ષની માફક બતાવ્યો છે) વેદના અર્થનું મનનકરનારા લોકોમાં વેદવ્યાસ હું છું અને કવિઓમાં શુક્રાચાર્ય હું છું, (૩૭) શિક્ષાકરનારાઓમાં દંડરૂપ હું છું, (કાલીય નાગ અને ઇન્દ્ર વિગેરેને કરેલો દંડ ભગવદ્રૂપ કહેવાય છે.) જીતવાને ઇચ્છતા લોકોમાં નીતિરૂપ હું છું, ગુહ્ય પદાર્થોમાં મોનરૂપ હું છું અને જ્ઞાનીઓમાં જ્ઞાનરૂપ હું છું. (૩૮) હવે વધારે શું હું કહું? સર્વ ભૂતોમાં જે કાંઇ બીજ છે તે હું છું, ચર અને સ્થાવરોમાં મારા વગર કોઇ પણ ભૂત નથી. (૩૯) હવે પ્રકરણના અર્થનો ઉપસંહાર કરતાં કહે છે કે પરન્તપ! એ મેં મુખ્ય મુખ્ય મારી દિવ્ય વિભૂતિઓનો નામમાત્રથી વિસ્તાર કહ્યો અને બાકી વિભૂતિઓનો તો અન્ત નથી, (૪૦) એવી રીતે વિભૂતિઓનું નિરૂપણ કર્યું છતાં અર્જુન હજુ પણ જાણવાની ઇચ્છા ધરાવે છે એમ માની સર્વ વસ્તુઓમાં મુખ્ય મુખ્ય પોતાના

અંશનું સ્વરૂપ બતાવે છે કે જે કાંઈ ચેતન કે અચેતન વસ્તુ વિભૂતિવાળું, શોભાવાળું અને વૃદ્ધિપામેલું જોવામાં આવે તે સર્વ મારા તેજના અંશથી ઉત્પન્ન થયેલ છે એમ સમજવું, (૪૧) એવી રીતે વિભૂતિઓની પ્રક્રિયાને યોગમાં સમાવીને સર્વનું ધારણકરનારપણું પોતાને છે એમ જણાવવાને ઉપદેશ કરે છે કે, સઘળી વિભૂતિઓનાં જુદાં જુદાં નામનું જ્ઞાન થવાથી તને શું ફલ છે? કેવલ તારે એટલું જ સમજવું જોઇએ કે પુરૂષોત્તમરૂપ અધિદેવ હું, અક્ષરબ્રહ્મરૂપ આધ્યાત્મિક મારી વિભૂતિઓથી ચેતન અને અચેતનરૂપ કાર્યશરીરની અવસ્થાવાળું સ્થૂલ સૂક્ષ્મ આધિભૌતિક આ જગતને ધારણકરીને વ્યાપ્તથઇને તથા નિયમમાં રાખીને રહ્યો છું, એ મારાં ઐશ્વર્યરૂપ યોગને જાણ. (૪૨)

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ગુજરાતી ભાષાન્તરનો દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)

અથ અગીયારમો અધ્યાય.

હવે પછી આઠ અધ્યાયથી ભગવાનના ગુણોથી આશ્રયધર્મની રીતે પુષ્ટિસ્વરૂપ–ભગવાને અર્જુનને મોહથી છોડાવ્યો તેનું નિરૂપણ કરે છે, વેદરૂપ પોતાની વાણીથી ભક્તને પોતાના માહાત્મ્યનું જ્ઞાન થાય ત્યાર પછી ભક્તથી પોતાના ધર્મની મર્યાદા જાણીશકે ત્યારે સાંખ્યયોગાત્મક કુંડલથી યુક્ત મુખાત્મક ભક્તિથી ભગવાનનો સારી રીતે આશ્રય કરે તેધર્મથી જ પુષ્ટિપ્રાપ્તિ થાય છે, વચનથી અભિપ્રાય બતાવે તે મર્યાદા કહેવાય છે. તેપ્રમાણે દશમા અધ્યાયની સમાપ્તિસુધી વચનથી ઉપદેશ કર્યો છે, તે વેદ તથા શાસ્ત્રની મર્યાદા છે એમ બતાવ્યું છે, અને હવે આ અગીયારમા અધ્યાયમાં પોતાને જે કર્તવ્યકાર્ય છે, તે પોતાના સ્વરૂપનું દર્શન કરાવી અનુગ્રહથી અર્જુનને જણાવેલ છે તે પુષ્ટિરૂપ છે, એ પ્રમાણે મર્યાદાથી મિશ્ર અનુગ્રહાત્મકનું દર્શન કરાવ્યું છે.

દશમા અધ્યાયના અન્તમાં શ્રીકૃષ્ણ–ભગવાને પોતાની વિભૂતિનું નિરૂપણ કર્યું તેમાં છેવટે અક્ષરબ્રહ્મનું ઐશ્વર્ય બતાવી અક્ષરબ્રહ્મરૂપ પોતાના અંશથી જગતને ધારણકરી રહ્યો છું, એમ કહ્યું તે ઉપરથી જે સ્વરૂપનો અક્ષરબ્રહ્મ અંશરૂપ છે, તે સ્વરૂપનું દર્શન કરવાની ઇચ્છાથી ચાર શ્લોકમાં અર્જુન પ્રાર્થના કરે છે,

अर्जुन उवाच–मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ॥
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥ १ ॥
भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ॥
त्वत्तः कमलपत्राक्ष! माहात्म्यमपि चाव्ययम् ॥ २ ॥

एवमेतद्यथाऽऽत्थ त्वमात्मानं परमेश्वर ! ॥
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ! ॥ ३ ॥
मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ! ॥
योगेश्वर ! ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥ ४ ॥

અર્થ—પરમગુહ્ય, અને શુદ્ધાદ્વૈતથી કહેવાતું તથા "अहं सर्वस्य प्रभवः" (હું સર્વની ઉત્પત્તિના સ્થાનરૂપ છું,) એ આપના માહાત્મ્યને સૂચવનારૂં મર્યાદારૂપ તથા અધ્યાત્મ જેનું નામ છે એવું વચન જે આપે કહ્યું તેથી આપના ઐશ્વર્યના અજ્ઞાનરૂપી જે મારો મોહ હતો તે ગયો (અર્થાત્ માહાત્મ્યસૂચક આપનાં વાક્યો જ સાંભળ્યાં છે પણ આપનાં તે સ્વરૂપનું દર્શન થયું નથી) (૧) આપનાથી સર્વ ભૂતોની ઉત્પત્તિ તથા લય મેં સાંભળ્યાં. કમલપત્રાક્ષ ! આપનું નાશ નહિં થાય એવું માહાત્મ્ય સાંભળ્યું, (૨) પરમેશ્વર !—એ આપે કહ્યું એ બરાબર છે, તેમાં મને અવિશ્વાસ નથી, પરન્તુ પુરૂષોત્તમ ! તેવાં ઐશ્વર્યવાળું સ્વરૂપ જોવાની મને ઇચ્છા થાય છે, (૩) તે દર્શન મારી કોઈ જાતની કૃતિથી થઇશકે એમ નથી પણ આપની ઇચ્છાથી જ થઈશકે એમ છે એમ બતાવવામાટે કહે છે કે મારાથી તે સ્વરૂપનું દર્શન થઈશકે એમ આપ માનતા હો તો યોગેશ્વર ! આપના ઐશ્વર્યસ્વરૂપનું મને દર્શન કરાવો. જેઓ સાધારણ યોગી હોય છે તેઓ પણ પોતાનું માહાત્મ્ય બતાવે છે, તો આપ તો યોગેશ્વર હોવાથી બતાવવાને સમર્થ છો માટે બતાવો. (૪)

એવી રીતે અર્જુનની પ્રાર્થનાથી શ્રીકૃષ્ણ—ભગવાન્ આજ્ઞા કરે છે.

श्रीभगवानुवाच—पश्य मे पार्थ ! रूपाणि शतशोऽथ सहस्रशः ॥
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ॥ ५ ॥
पश्यादित्यान्वसून् रुद्रानश्विनौ मरुतस्तथा ॥
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ! ॥ ६ ॥
इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ॥
मम देहे गुडाकेश ! यच्चान्यद् दृष्टुमिच्छसि ॥ ७ ॥
न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ॥
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥ ८ ॥

અર્થ—એવી રીતની અર્જુનની પ્રાર્થનાથી અદ્‌ભુત અક્ષરબ્રહ્મનું સ્વરૂપ દેખાડવાની ઇચ્છાથી શ્રીકૃષ્ણ—ભગવાન્ અર્જુનને ચાર શ્લોકથી સાવધાન કરી કહે છે કે પાર્થ ! અક્ષરબ્રહ્મરૂપ મારાં સ્વરૂપમાં સેંકડો અને હજારો નાનાપ્રકારનાં દિવ્ય અને જુદી જુદી આકૃતિવાળાં જે રૂપો છે તેને તું જો (૫) આદિત્ય, વસુ, રૂદ્રો, અશ્વિની કુમાર,

મરુત્ ઇત્યાદિક ભારત! આશ્ચર્યરૂપ અને કોઇ દિવસે તેં જોયેલ નહિં એવાં રૂપો જો. (૬) આ સ્વરૂપમાં એક અંશમાં રહેલ સ્થાવર જંગમ આખાં જગત્‌ને અને સર્વ જગત્ મારાં શરીરમાં હોવાથી તેઓને મારવા કે નહિં મારવા? એ સંદેહ નિવૃત્ત-કરવા ઇચ્છતો હો તો તે પણ જો, (શ્રીકૃષ્ણ–ભગવાને દિવ્ય દૃષ્ટિ આપીને પોતાના સ્વરૂપમાં સઘળું જગત્ બતાવ્યું છે તેથી બ્રહ્મમાં જગત્‌નો ભ્રમ થયો છે એમ કહી-શકાતું નથી,) (૭) તેં મને એમ પૂછ્યું કે મારાથી જોઇશકાય એમ હોય તો દર્શન કરાવો, તેના જવાબમાં કહેવાનું કે પ્રાકૃત નેત્રથી મારાં સ્વરૂપનું દર્શન કરવામાં માયા આડી આવે છે, તેથી આ તારાં ચક્ષુથી મને જોઇશકે એમ નથી, માટે અપ્રાકૃત સ્વરૂપનું દર્શન કરીશકે એવાં દિવ્ય ચક્ષુ તને આપું છું તો તે ચક્ષુથી ઈશ્વર-રૂપ મારામાં રહેલ સર્વજગત્‌ના યોગને તું જો (અર્થાત્ અક્ષરબ્રહ્માત્મક મારાં સ્વરૂપમાં સર્વ લોક રહેલ છે, તે તું આ વખતે મારાં સ્વરૂપમાં જો, એમ કહીને શ્રીકૃષ્ણ–ભગવાને પોતાના સ્વરૂપમાં અર્જુનને પોતાની વ્યાપકતા બતાવી છે. (૮)

હવે શ્રીકૃષ્ણ–ભગવાને અર્જુનને કેવા પ્રકારનાં સ્વરૂપનું દર્શન કરાવ્યું? તેનું વર્ણન ૭ શ્લોકથી સંજય ધૃતરાષ્ટ્ર પાસે કરે છે.

संजय उवाच–एवमुक्त्वा ततो राजन् । महायोगेश्वरो हरिः ॥
दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ॥ ९ ॥
अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ॥
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥ १० ॥
दिव्यमाल्याम्बधरं दिव्यगन्धानुलेपनम् ॥
सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ॥ ११ ॥
दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ॥
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ॥ १२ ॥
तत्रैकस्थं जगत् कृत्स्नं प्रविभक्तमनेकधा ॥
अपश्यद्देवदेवस्य शरीरे पांडवस्तदा ॥ १३ ॥
ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनंजयः ॥
प्रणम्य शिरसा देवं कृतांजलिरभाषत ॥ १४ ॥

અર્થ—ધૃતરાષ્ટ્રને સંજય કહે છે કે રાજન્! મહાયોગેશ્વરના પણ ઈશ્વર હરિએ એવી રીતે અર્જુનને કહીને ત્યાર પછી પોતાના ઇશ્વરસ્વરૂપનું દર્શન કરાવ્યું.(૯) તેરૂપનું વર્ણન કરે છે કે અનેક મુખ, અનેક નેત્ર, અનેક અદ્ભુત દેખાવો જેમાં દેખાય છે, અનેક દિવ્ય આભરણ અનેક ઉગામેલા દિવ્ય આયુધો જેની અંદર છે(૧૦)

દિવ્ય પુષ્પ અને દિવ્ય અંબરને ધારણકરનાર, દિવ્ય ચંદનના લેપનવાળા, સર્વ આશ્ચર્યમય, ચોતરફ મુખવાળા અને જેનો અન્ત નથી એવાં દેવરૂપ સ્વરૂપનું દર્શન કરાવ્યું.(૧૧) એવાં સ્વરૂપનું વર્ણન કરીને સંજય અભૂતોપમાથી તેનું અલૌકિકપણું વર્ણવે છે કે આકાશમાં એકી વખતે હજાર સૂર્યોની કાન્તિ પ્રકાશિત થાય ત્યારે શ્રીકૃષ્ણના આ સ્વરૂપની કાંતિજેવી ગણાય. (૧૨) તે સ્વરૂપમાં અનેક પ્રકારે જુદું જુદું રહેલું સમગ્ર જગત્ ચૌદલોકસહિત એક અંશમાં રહેલું અર્જુને દેવદેવના સ્વરૂપમાં તે વખતે જોયું,(૧૩) એવી રીતે ભગવાન્‌ની મોટાઇ જોયા વિના ભગવાન્‌નો દૃઢ આશ્રય થાય નહિં તેથી ભગવાને અનુગ્રહથી તે સ્વરૂપ બતાવ્યું, શ્રીયશોદાજીને મૃત્તિકાના ભક્ષણના પ્રસંગમાં શ્રીકૃષ્ણના મુખારવિન્દમાં આખું જગત્ દેખાડ્યું હતું, તેનું તિરોધાન પોતાની વૈષ્ણવીશક્તિથી કરેલું હતું, તેથી તેમને પ્રેમભાવ દૃઢ થયો હતો, અને આંહી અર્જુન વિસ્મયથી આવિષ્ટ થયો, એ મર્યાદાપણું બતાવે છે કે ત્યાર પછી વિસ્મયમાં આવિષ્ટ થયેલ, રોમાંચ જેનાં ઉભાં થયાં છે એવો અર્જુન હાથ જોડીને તેમને મસ્તકથી દંડવત્ કરીને સત્તર શ્લોકોથી તેમનું વર્ણન કરી નમન કરી પૂછે છે.—

अर्जुन उवाच–पश्यामि देवांस्तव देव ! देहे सर्वांस्तथा भूतविशेषसंघान् ॥
ब्रह्माणमीशं कमलासनस्थमृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥ १५ ॥
अनेकबाहूदरवक्त्रनेत्रं पश्यामि त्वां सर्वतोऽनन्तरूपम् ॥
नान्तं न मध्यं न पुनस्तवादिं पश्यामि विश्वेश्वर ! विश्वरूपम् ॥१६॥
किरीटिनं गदिनं चक्रिणं च तेजोराशिं सर्वतो दीप्तिमन्तम् ॥
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समंताद्दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥ १७ ॥
त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्य विश्वस्य परं निधानम् ॥
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता सनातनस्त्वं पुरुषो मतो मे ॥ १८ ॥
अनादिमध्यान्तमनन्तवीर्यमनन्तबाहुं शशिसूर्यनेत्रम् ॥
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं स्वतेजसा विश्वमिदं तपन्तम् ॥ १९ ॥
द्यावापृथिव्योरिदमन्तरं हि व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ॥
दृष्ट्वाऽद्भुतं रूपमुग्रं तवेदं लोकत्रयं प्रव्यथितं महात्मन् ! ॥ २० ॥
अमी हि त्वां सुरसंघा विशन्ति केचिद् भीताः प्राञ्जलयो गृणन्ति ॥
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसंघाः स्तुवन्ति त्वां स्तुतिभिः पुष्कलाभिः२१
रुद्रादित्या वसवो ये च साध्या विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ॥
गन्धर्वयक्षासुरसिद्धसंघा वीक्षन्ते त्वां विस्मिताश्चैव सर्वे ॥ २२ ॥
रूपं महत्ते बहुवक्त्रनेत्रं महाबाहो ! बहुबाहूरुपादम् ॥

बहूदरं बहुदंष्ट्राकरालं दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाऽहम् ॥ २३ ॥
नभःस्पृशं दीप्तमनेकवर्णं व्यात्ताननं दीप्तविशालनेत्रम् ॥
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा धृतिं न विन्दामि शमं च विष्णो !॥२४॥
दंष्ट्राकरालानि च ते मुखानि दृष्ट्वैव कालानलसन्निभानि ॥
दिशो न जाने न लभे च शर्म प्रसीद देवेश! जगन्निवास! ॥ २५ ॥
अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः सर्वे सहैवावनिपालसंघैः ॥
भीष्मो द्रोणः सूतपुत्रस्तथाऽसौ सहास्मदीयैरपि योधमुख्यैः ॥ २६ ॥
वक्त्राणि ते त्वरमाणा विशन्ति दंष्ट्राकरालानि भयानकानि ॥
केचिद्विलग्ना दशनान्तरेषु संदृश्यन्ते चूर्णितैरुत्तमांगैः ॥ २७ ॥
यथा नदीनां बहवोऽम्बुवेगाः समुद्रमेवाभिमुखा द्रवन्ति ॥
तथा तवामी नरलोकवीरा विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ॥ २८ ॥
यथा प्रदीप्तं ज्वलनं पतङ्गा विशन्ति नाशाय समृद्धवेगाः ॥
तथैव नाशाय विशन्ति लोकास्तवाऽपि वक्त्राणि समृद्धवेगाः ॥ २९ ॥
लेलिह्यसे ग्रसमानः समन्ताल्लोकान् समग्रान् वदनैर्ज्वलद्भिः ॥
तेजोभिरापूर्य जगत् समग्रं भासस्तवोग्राः प्रतपन्ति विष्णो! ॥ ३० ॥
आख्याहि मे को भवानुग्ररूपो नमोऽस्तु ते देववर! प्रसीद ॥
विज्ञातुमिच्छामि भवन्तमाद्यं नहि प्रजानामि तव प्रवृत्तिम् ॥ ३१ ॥

અર્થ—આંહીં સત્તર શ્લોકોથી અર્જુને જે વર્ણન કરેલ છે તેમાં સોળ શ્લોકો ભગવાન્‌ની સોળકલાને સૂચવનારા છે અને એક શ્લોક ભગવાન્‌ની પ્રાર્થનાનો છે.

અર્જુન કહે છે કે દેવ! આપના દેહમાં સર્વ ભૂતવિશેષના સમૂહોને, દેવતાઓને, કમલાસનમાં રહેલા બ્રહ્માને, મહાદેવજીને, ઋષિઓને અને દિવ્ય એવા સર્વ સર્પોને હું જોઉં છું (૧૫) અનેક બાહુ, ઉદર, મુખ અને નેત્રવાલા આપને ચોતરફ અનન્તરૂપવાળા હું જોઉં છું, આપનો અંત, મધ્ય તથા આદિ નથી, સમગ્ર વિશ્વરૂપ આપને હું જોઉં છું (૧૬) કિરીટવાળા, ગદાવાળા, ચક્રવાળા, તેજના સમૂહરૂપ અને ચોતરફ કાંતવાળા, જેની સામે દૃષ્ટિ નહિં થઇશકે એવા, ચોતરફ પ્રદીપ્ત અગ્નિ અને સૂર્યની કાંતિ જેવી કાંતિવાળા અને પ્રમાણ ન થઇશકે એવા આપને હું જોઉં છું, (૧૭) જેનાથી પરપુરુષનું માપ થઇશકે તેવા, જાણવાયોગ્ય અક્ષરબ્રહ્મરૂપ આપ છો. આપ આ જગત્‌ને રહેવાનું સ્થાન છો, શાશ્વત ધર્મની રક્ષાકરનાર અવ્યયરૂપ આપ છો, અને સનાતન પુરુષ આપ છો એમ મેં માનેલ છે, (૧૮) જેના આદિ મધ્ય તથા અંત નથી, અનંત જેના બાહુ છે, ચંદ્ર સૂર્ય જેનાં નેત્ર છે (કાલરૂપ તે આધિદૈવિક સ્વરૂપ છે તે કાલના અભિમાની ચંદ્ર સૂર્ય જેનાં

નેત્ર છે) સાયંકાલનો અભિમાની પ્રકાશિત અગ્નિ જેમના મુખમાં છે (અર્થાત્ અગ્નિહોત્રમાં સાયંકાલે જે હવિષ્ હોમાય છે તેને આરોગનારા આપ છો) પોતાના તેજથી આ જગત્‌ને તપાવનાર આપ છો, એમ હું દર્શન કરૂં છું (૧૯) સ્વર્ગ અને પૃથ્વીની વચમાં જે અંતર છે તે તથા સર્વ દિશાઓ એ એક આપના સ્વરૂપથીજ વ્યાપ્ત થઇને રહ્યું છે, મહાત્મન્! આવું અદ્ભુત અને ઉગ્ર આ આપનું સ્વરૂપ જોઇને ત્રણે લોકો અત્યંત વ્યથાયુક્ત થયા છે. (૨૦) આ સર્વ દેવતાના સમૂહો આપમાં પ્રવિષ્ટ થાય છે, કેટલાએક ભયપામેલા હાથ જોડીને આપની સ્તુતિ કરે છે, મહર્ષિ અને સિદ્ધના સમૂહો "સ્વસ્તિ" એમ કહીને બહોળી સ્તુતિથી આપને સ્તવે છે, (૨૧) રૂદ્ર, આદિત્ય, વસુઓ અને સઘળા સાધ્ય, બે અશ્વિનીકુમાર, મરુત્, ઉષ્ણપીનારા પિતૃઓ, ગંધર્વ, યક્ષ અસુર, અને સિદ્ધના સંઘો એ સર્વે વિસ્મય પામીને આપનાં દર્શન કરે છે, (૨૨) મહાબાહો! ઘણા મુખ તથા નેત્રવાળું, ઘણા બાહુ, ઉરુ તથા ચરણવાળું અને ઘણી દંષ્ટ્રાથી ભયંકર મોટું આપનું સ્વરૂપ જોઇને સર્વ લોકો તથા હું અત્યન્ત વ્યથિત થયા છીએં, (૨૩) આકાશને સ્પર્શકરનાર, દીપ્તિવાળું, અનેકવર્ણવાળું, પ્રકાશિત અને વિશાળ જેમાં નેત્ર છે એવું, ખુલ્લાં રાખેલાં મુખોવાળું આપનું સ્વરૂપ જોઇને વિષ્ણો! અત્યન્ત વ્યથિતચિત્તવાળો હું ધૈર્ય તથા શાન્તિને પામતો નથી. (૨૪) દંષ્ટ્રાથી વિકરાલ થયેલ પ્રલયાગ્નિજેવાં આપના મુખને જોઇનેજ હું દિશાઓને જાણતો નથી, સુખને પ્રાપ્ત થતો નથી માટે દેવેશ! જગન્નિવાસ! આપ પ્રસન્ન થાઓ. (૨૫)

સર્વ રાજાઓના સમૂહોની સાથે આ સર્વ ધૃતરાષ્ટ્રના પુત્રો, ભીષ્મ, દ્રોણ, કર્ણ, અમારા મુખ્ય મુખ્ય સર્વ યોદ્ધાઓની સાથે દંષ્ટ્રાથી કરાલ અને ભયાનક આપના મુખોમાં દોડીને આપપ્રત્યે પેસે છે. કેટલાએક દાંતની વચ્ચે આવેલાં ચૂર્ણિત થએલ મસ્તકોથી દેખાય છે. (૨૬-૨૭) જેમ નદીઓના જલના ઘણા વેગો સમુદ્રની સન્મુખ દોડે છે, તેમ આ મનુષ્યલોકના વીરપુરૂષો જાજ્વલ્યમાન આપના મુખપ્રત્યે પ્રવેશકરતા દેખાય છે, (૨૮) વેગ જેનો વધેલો છે એવા પતંગો પ્રદીપ્ત થયેલ અગ્નિતરફ પોતાનો નાશ થવામાટે જેમ પ્રવિષ્ટ થાય છે તેમ વધીગયેલ વેગવાળા આ લોકો પણ આપના મુખપ્રત્યે નાશમાટે પ્રવિષ્ટ થાય છે. (૨૯) જાજ્વલ્યમાન મુખોથી સમગ્ર લોકોનો ગ્રાસકરતા આપ તેઓને ચાટો છો, આપના તેજના સમૂહથી સમગ્ર જગત્‌ને પૂર્ણ કરીને વિષ્ણો! આપની ઉગ્ર કિરણો જગત્‌ને તપાયમાન કરે છે. (૩૦) દેવવર! ઉગ્રરૂપ આપ કોણ છો? તે મને કહો અને પ્રસન્ન થાઓ અને આપને નમન હો, આદિપુરૂષ આપ ભયંકર આકારથી રહેલા સર્વથી વિલક્ષણ જણાઓ છો, તેમને જાણવાની ઇચ્છા કરૂં છું, કારણ કે આપની પ્રવૃત્તિ શા માટે છે? તે હું જાણતો નથી. (૩૧)

એવી રીતે જ્યારે અર્જુને પ્રાર્થના કરી ત્યારે અક્ષર, કાળ, કર્મ અને સ્વભાવ એવા ભેદથી ચારપ્રકારે ભગવાને જે સ્વરૂપ પ્રકટ કર્યું છે, તેમાં આ મહાભારતના યુદ્ધમાં સર્વ આસુરોનો નાશ કરવામાટે કાલરૂપનું પ્રાકટય કર્યું છે તે ત્રણ શ્લોકથી ભગવાન્ અર્જુનને કહે છે.

श्रीभगवानुवाच—कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥ ३२॥
तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व जित्वा शत्रून् भुंक्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन्! ॥ ३३ ॥
द्रोणं च भीष्मं च जयद्रथं च कर्णं तथाऽन्यानपि योधवीरान् ।
मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा युध्यस्व जेतासि रणे सपत्नान् ॥ ३४॥

અર્થ—લોકના ક્ષયને કરનાર અત્યન્ત વૃદ્ધિપામેલો હું કાલ છું, તે લોકોનો સંહાર કરવામાટે આંહી પ્રવૃત્ત થયો છું, માટે શત્રુઓમાં જે યોદ્ધાઓ સામે ઉભા છે તે સર્વ તારાવના કોઈ પણ રહેશે નહિં, અર્થાત્ તું નહિં મારે તો પણ સંકર્ષણાત્મક—કાલરૂપ મારા પ્રભાવથી સર્વ તિરોભાવને પ્રાપ્ત થનારા છે (૩૨) માટે તું યુદ્ધ કરવાને તૈય્યાર થા, યશ મેળવ અને શત્રુઓને જીતીને સમૃદ્ધિવાળા રાજ્યને ભોગવ, પ્રથમથી જે એ સઘળાઓ મેં મારેલા છે માટે સવ્યસાચિન્! તું નિમિત્તમાત્ર થા (૩૩) દ્રોણાચાર્ય, ભીષ્મપિતામહ, જયદ્રથ, કર્ણ અને બીજા વીર યોદ્ધાઓ સર્વે મેં મારેલા છે તેને તું માર, અને વ્યથા પામ માં. સંગ્રામમાં તું શત્રુઓને જીતનારો છો માટે યુદ્ધ કર. (૩૪)

આટલે સુધી સાંભળી ખિન્ન થયેલા ધૃતરાષ્ટ્રને ત્યાર પછી જે થયું તે સંજય કહે છે—

संजय उवाच—एतच्छ्रुत्वा वचनं केशवस्य कृताञ्जलिर्वेपमानः किरीटी ।
नमस्कृत्वा भूय एवाह कृष्णं सगद्गदं भीतभीतः प्रणम्य ॥ ३५ ॥

અર્થ—એવી રીતનું કેશવ—ભગવાનનું વચન સાંભળીને કંપાયમાન થયેલ અર્જુન હાથ જોડીને નમસ્કાર કરીને તથા અત્યંત ભયયુક્ત થઇને ગદ્‌ગદકંઠથી શ્રીકૃષ્ણને પ્રણામ કરીને નીચેપ્રમાણે કહેવા લાગ્યા. (૩૫)

ઐશ્વર્યાદિક છ ગુણોથી યુક્ત અને ગુણાતીત ભગવાન્‌ને સાત્વિકાદિક ત્રણે ગુણોથી યુક્તની રીતે અર્જુન અગીયાર શ્લોકથી ભગવાન્‌ની પ્રાર્થના કરતાં કહે છે, (અર્થાત્ ભગવાન્‌નું સ્વરૂપ નિર્ગુણ છે, તેમાં ઐશ્વર્યાદિક છ ગુણો અને સાત્વિકાદિક ત્રણે ગુણો રહેલા હોવાથી સગુણ સ્વરૂપ હોઇને વિરૂદ્ધ ધર્માશ્રય છે, તેમાં છ ઐશ્વર્યાદિક ભગશબ્દવાચ્ય ગુણો ત્રણ સાત્ત્વિકાદિક ગુણો, એક સગુણસ્વરૂપ

અને એક નિર્ગુણસ્વરૂપને સૂચવવામાટે કુલ અગીઆર શ્લોકથી અર્જુન ભગવાન્‌ની પ્રાર્થના કરે છે.

अर्जुन उवाच—स्थाने हृषीकेश! तव प्रकीर्त्या जगत् प्रहृष्यत्यनुरज्यते च ।
रक्षांसि भीतानि दिशो द्रवन्ति सर्वे नमस्यन्ति च सिद्धसंघाः ॥३६॥
कस्माच्च ते न नमेरन्महात्मन्! गरीयसे ब्रह्मणोप्यादिकर्त्रे ।
अनन्त! देवेश! जगन्निवास! त्वमक्षरं सदसत्तत्परं यत् ॥ ३७ ॥
त्वमादिदेवः पुरुषः पुराणस्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्ताऽसि वेद्यं च परं च धाम त्वया ततं विश्वमनन्तरूप! ॥ ३८ ॥
वायुर्यमोऽग्निर्वरुणः शशाङ्कः प्रजापतिस्त्वं प्रपितामहश्च ।
नमोनमस्तेऽस्तु सहस्रकृत्वः पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥ ३९ ॥
नमः पुरस्तादथ पृष्ठतस्ते नमोऽस्तु ते सर्वत एव सर्व! ।
अनन्तवीर्यामितविक्रमस्त्वं सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥ ४० ॥
सखेति मत्वा प्रसभं यदुक्तं हे कृष्ण! हे यादव! हे सखेति ।
अजानता महिमानं तवेदं मया प्रमादात्प्रणयेन वाऽपि ॥ ४१ ॥
यच्चावहासार्थमसत्कृतोऽसि विहारशय्यासनभोजनेषु ।
एकोऽथवा प्यच्युत! तत्समक्षं तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ४२ ॥
पिताऽसि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो लोकत्रयेप्यप्रतिमप्रभावः ॥ ४३ ॥
तस्मात्प्रणम्य प्रणिधाय कायं प्रसादये त्वामहमीशमीड्यम् ।
पितेव पुत्रस्य सखेव सख्युः प्रियः प्रियायार्हसि देव! सोढुम् ॥ ४४ ॥
अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा भयेन च प्रव्यथितं मनो मे ।
तदेव मे दर्शय देव! रूपं प्रसीद देवेश! जगन्निवास! ॥ ४५ ॥
किरीटिनं गदिनं चक्रहस्तमिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।
तेनैव रूपेण चतुर्भुजेन सहस्रबाहो! भव विश्वमूर्ते! ॥ ४६ ॥

અર્થ—ઋષીકેશ! આપની પ્રકૃતિથી જગત્ અત્યન્ત હર્ષ પામે છે અને રંજીત થાય છે, તે યુક્ત છે, (અર્થાત્ હું ભય પામું છું,) ભય પામેલા રાક્ષસો દિશાઓમાં દોડે છે, અને સર્વ સિદ્ધના સમૂહો આપને નમન કરે છે, (૩૬) આપ અત્યન્ત મોટા છો, અને બ્રહ્માજીના પણ આદિકર્તા છો, તેઓને નમન કેમ ન કરે? અનન્ત! દેવેશ! જગન્નિવાસ! સ્થૂલ અને સૂક્ષ્મથી પર જે અક્ષરબ્રહ્મ છે તે આપછો, (૩૭) પુરાણપુરૂષ આદિદેવ આપ છો, આ જગત્‌ના પરમ નિધાનરૂપ આપ છો, જાણનાર આપ છો અને જાણવાનો પદાર્થ પણ આપ છો, પરધામરૂપ

આપ છો, અનન્તરૂપ ! આ જગત્ આપનાથી વ્યાપ્તથઇને રહ્યું છે, (૩૮) વાયુ, યમ, અગ્નિ, વરૂણ, ચંદ્ર, પ્રજાપતિ અને જગત્‌ના પ્રપિતામહરૂપ આપ છો, આપને હજાર વખત નમોનમઃ હો. ફરીને વારંવાર નમોનમઃ હો. (૩૯) આગલથી આપને નમન હો અને પાછલથી આપને નમન હો, આપ સર્વરૂપ હોવાથી ચોતરફથી આપને નમોનમઃ હો, અનંતવીર્ય અને અમિત પરાક્રમવાળા આપ છો, સર્વને વ્યાપ્ત થઇને આપ રહ્યા છો, તેથી સર્વરૂપ છો, (૪૦) આપ સખા છો એમ માનીને મેં પ્રમાદથી અથવા તો સ્નેહથી આપનો મહિમા જાણ્યા વગર બલાત્કારથી હે કૃષ્ણ! હે યાદવ! હે સખા એમ મેં જે કહ્યું છે (૪૧) અને જે હાસ્યને માટે વિહાર, શય્યા અને ભોજનમાં આપનું જે કાંઇ અપમાન થયું હોય અથવા તો આપને એક સમજીને જે કાંઇ કહેવાયું હોય તો તે અચ્યુત! અપ્રમેય એવા આપની સમક્ષ આપ ક્ષમા આપો એમ પ્રાર્થના કરૂં છું. (૪૨) આપ સ્થાવરજંગમરૂપ આલોકના પિતા છો, પૂજ્ય છો અને મોટા ગુરૂ છો, ત્રણે લોકમાં પણ જેની બરોબર બીજો કોઇ નથી, તો અધિક તો ક્યાંથીજ હોય? (૪૩) માટે સાષ્ટાંગ દંડવત્ તથા પ્રણામ કરીને ઇશ એવા તથા સ્તુતિ કરવા લાયક આપને પ્રસન્ન થવા પ્રાર્થના કરૂં છું. દેવ! પુત્રનો અપરાધ પિતા જેમ સહન કરે, સખાના અપરાધ સખા જેમ સહન કરે, પ્રિય જેમ પ્રિયને માટે સહન કરે, તેમ મારૂં સર્વ સહનકરવાને આપ યોગ્ય છો, (૪૪) એવી રીતે સર્વ સહન કરાવીને ગુણાતીત સ્વરૂપની પ્રાર્થના કરે છે કે કોઇ દિવસે દર્શન નહિં કરેલા આપના સ્વરૂપનું દર્શન કરીને હું હર્ષયુક્ત થયો છું, અને સર્વ લોકનો ગ્રાસકરતાં આપના સ્વરૂપને જોઇને ભયથી મારૂં મન અત્યન્ત વ્યથિત થયું છે, માટે પ્રથમ જે આપનું ચતુર્ભુજ સ્વરૂપ હતું તેજ સ્વરૂપનું દેવ! મને દર્શન કરાવો, દેવેશ! જગન્નિવાસ! મારીપર પ્રસન્ન થાઓ (૪૫) કિરીટવાળું, ગદાવાળું, શ્રીહસ્તમાં જેને ચક્ર છે તેવા સ્વરૂપનું દર્શન કરવાની ઇચ્છા રાખું છું, માટે સહસ્રબાહો! વિશ્વમૂર્તે! તે ચતુર્ભુજ સ્વરૂપથી મને દર્શન આપો. (૪૬)

પોતાથી પ્રવૃત્તિને ઉત્પન્ન કરનારા અક્ષરમાત્રના કેવલ દર્શનમાં પુષ્ટિમિશ્ર ભક્તને નિર્ભય રૂચિ થાય નહિં, ક્ષર અને અક્ષરથી અતીત હરિના રસના આનંદ-સમુદ્રમાંના સ્વરૂપામૃતમાં મગ્ન થયા હોય તેઓને ક્યારે પણ બીજે સ્થલે પ્રીતિ થાય નહિં, એવો અભિપ્રાય જાણીને ગોપોની માફક ભય પામેલા અર્જુનને આશ્વા-સન કરતા ભગવાન્ નીચેપ્રમાણે ત્રણ શ્લોકથી આજ્ઞા કરે છે.

श्रीभगवानुवाच—मया प्रसन्नेन तवार्जुनेदं रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनन्तमाद्यं यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥ ४७ ॥

न वेदयज्ञाध्ययनैर्न दानैर्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ! ॥ ४८ ॥
मा ते व्यथा मा च विमूढभावो दृष्ट्वा रूपं घोरमीदृङ् ममेदम् ।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं तदेव मे रूपमिदं प्रपश्य ॥ ४९ ॥

અર્થ—અર્જુન ! સઘળાઓના મૂળરૂપ, ઉપનિષદોમાં પ્રતિપાદન કરવા લાયક સ્વરૂપવાળા, બે હાથવાળા, સૌન્દર્યના સમુદ્રરૂપ, અત્યન્ત સુંદરરૂપવાળા, ગુણાતીત, સર્વ ઉપાનષદોએ જાણવાલાયક, પરમતત્ત્વરૂપ, મારી શરણે આવેલા ભક્તો ઉપર વત્સલતાના સમુદ્રરૂપ અને વિચારમાં પણ નહિં આવીશકે એવા યોગવાળા શ્રીકૃષ્ણરૂપ મેં પ્રસન્ન થઇને મારા પોતીકા આત્મયોગના બલથી ઉત્તમ, તેજોમય, સર્વરૂપ તથા આદિ એવાં અક્ષરબ્રહ્મરૂપ જગતનું તને દર્શન કરાવ્યું, કે જે રૂપ તારા શિવાય બીજા કોઇએ જોયું નથી. (શ્રીકૃષ્ણ–ભગવાને આવાં બીજાં સ્વરૂપનું દર્શન કરાવી જણાવ્યું કે આવું સામર્થ્ય મારા બે હાથવાળા શ્રીકૃષ્ણાવતારમાંજ છે કારણ કે આ મારો શ્રીકૃષ્ણાવતારજ સઘળા અવતારોના મૂળરૂપ છે) (૪૭) મારા અનુગ્રહથીજ મેળવી શકાય એવી ભક્તિથી રહિત કોઇબી ઉપાયોથી મારૂં દર્શન થઈશકે એમ નથી એમ કહે છે, હું પુરૂષોત્તમ કૃષ્ણરૂપ અને આવાં ઐશ્વર્યને ધરાવનારો હું મનુષ્યલોકમાં ચારે વેદોના કેવલ અક્ષરરૂપ બોલીજવાના સ્વાધ્યાયથી તેમજ મીમાંસા તથા કલ્પસૂત્રો મારફત વેદે જણાવેલાં યાજ્ઞિક કર્મોના અભ્યાસથી, દાનથી, અગ્નિહોત્ર વિગેરે શ્રૌતકર્મોથી, કૃચ્છ્રચાંદ્રાયણ વિગેરે તપથી તથા શરીર અને ઇન્દ્રિયોને સૂકાવનારાં નહિં બનીશકે એવાં તપથી હું દર્શન આપીશકું એમ નથી, (કેવલ અક્ષરબ્રહ્મ તો પોતાના ઉપાસકોને વેદના પ્રવચન વિગેરે સાધનોથી દર્શન આપે છે પણ હું પુરૂષોત્તમરૂપ "भक्त्याऽहमेकया ग्राह्यः" (હું કેવલ ભક્તિથી ગ્રહણ કરીશકાઉં છું) એ શ્રીભાગવતના વાક્યથી પુરૂષોત્તમરૂપ હું કેવલ અનન્ય ભક્તિથી મળીશકું એમ છું) મારી કૃપાપાત્ર તું જે ભક્ત છો તેના શિવાય આ સ્વરૂપનું દર્શન કરવા બીજો શક્ત થયો નથી, (અર્જુનને કેવલ અનુગ્રહથીજ પોતાના સ્વરૂપનું દર્શન કરાવેલ છે તે "पोषणं तदनुग्रहः" (પોષણ લીલાને બતાવનાર દ્વિતીયસ્કંધના વાક્યથી ભગવાનના અનુગ્રહનું નામ પુષ્ટિ છે) તે વિષે અણુભાષ્યના તૃતીયાધ્યાયના તૃતીયપાદના સાતમા અધિકરણમાં કહેલ છે કે જીવની કૃતિથી સિદ્ધ થાય તેવું જ્ઞાનભક્તિરૂપ સાધન શાસ્ત્ર બતાવે છે તે સાધનથી મુક્તિ થાય તે (શાસ્ત્રની) મર્યાદા કહેવાય છે, અને તે જ્ઞાનભક્તિરૂપ સાધનથી રહિત જીવોને પણ પોતાના સ્વરૂપના બલથી (કંસ તથા શિશુપાલાદિકની માફક) પોતાની પ્રાપ્તિ કરાવે તે પુષ્ટિ (અનુગ્રહ) કહેવાય, તે અનુગ્રહનો માર્ગ ષષ્ઠસ્કંધમાં

યમરાજાના અને વિષ્ણુના દૂતોના સંવાદદ્વારા "सप्राचीनो ह्ययं पन्था लोके क्षेमोऽकुतोभयः" એ શ્લોકમાં શ્રીશુકદેવજીએ અકુતોભય (એટલે કોઇનાથી જેને ભય નથી એવો) બતાવ્યો છે.) (૪૮)

મારૂં આવું ઘોરરૂપ જોઇને તને વ્યથા તથા મૂઢપણું મથાઓ, ભય જેને ગયેલ છે એવો તું પ્રસન્નમનવાળો થઇને ફરીને જે મારૂં પૂર્વનું રૂપ છે તે જો. (૪૯)

એ હકીકત સંજય ધૃતરાષ્ટ્રને કહે છેઃ—

संजय उवाच–इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा स्वकं रूपं दर्शयामास भूयः ।
आश्वासयामास च भीतमेनं भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥ ५० ॥

અર્થ—એવી રીતે અર્જુનને વાસુદેવ–ભગવાને ઉપરના વચનો કહીને ફરીને પોતાનું ચતુર્ભુજ સ્વરૂપ બતાવ્યું, ત્યારે પણ આ ચતુર્ભુજ સ્વરૂપવાળા ભગવાન્ પાસે સારથિનું કામ કરાવવું યોગ્ય નથી એમ માનીને રથથી નીચે ઉતરીને સ્તુતિ કરવાની અર્જુનની ઇચ્છાને જોઇને ફરીને સૌમ્ય! દ્વિભુજરૂપ થઇને મહાત્મા શ્રીકૃષ્ણે ભય પામેલા અર્જુનની આસવાસના કરી. (૫૦)

ત્યાર પછી અર્જુન પ્રથમની માફક રથમાં બેશીને કહે છેઃ—

अर्जुन उवाच–दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन! ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥ ५१ ॥

અર્થ—જનાર્દન! આ સૌમ્ય મનુષ્યપણાની સ્થિતિમાં રહેલું અતિ સૌન્દર્ય, સૌકુમાર્ય અને સૌશીલ્યાદિ યુક્ત આનંદમાત્ર કર, પાદ, મુખ અને ઉદરરૂપવાળું આપનું સ્વરૂપ જોઇને હવે હું સચેત થયો છું અને મારી પ્રકૃતિમાં આવ્યો છું (અર્થાત્ પહેલાં મારૂં ચિત્ત સચેત નહિં હતું અને પ્રકૃતિ પણ સ્થિર નહિં હતી). (૫૧)

હવે શ્રીકૃષ્ણ–ભગવાન્ પોતાના સ્વરૂપનું દર્શન કોઇપણ સાધનથી થઇશકે એમ નથી એમ નિરૂપણ કરે છે તો તેપ્રસંગમાં અનુગ્રહરૂપ ભક્તિથીજ હું પ્રાપ્ય છું એમ બતાવીને પોતાના ભક્તને પોતાની પ્રાપ્તિ થવાનું ચાર શ્લોકથી કહે છે.

श्रीभगवानुवाच–सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ॥ ५२ ॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ ५३ ॥
भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन! ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप! ॥ ५४ ॥

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ! ॥ ५५ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विश्वरूपदर्शनं नाम एकादशोऽध्यायः ॥ ११ ॥

જે આ મારૂં રૂપ અક્ષરબ્રહ્માત્મક જગદ્રૂપ તેં જોયું છે, તે જોઇશકાય એવું નથી, કારણ કે દેવતાઓ સાત્વિક છે તેપણ આ સ્વરૂપના દર્શનની હમેશાં ઇચ્છા રાખે છે, પરન્તુ તેઓમાં મારા અનુગ્રહનું બીજ નહિં હોવાથી તેઓને દર્શન થતું નથી, (૫૨) એ પ્રમાણે વિશ્વરૂપનું દર્શન થઇશકે એમ નથી એમ નિરૂપણ કરીને હવે વિશ્વરૂપની પહેલાં જે સ્વરૂપે દર્શન આપ્યું છે એવાં સ્વરૂપવાળા મારૂં પણ દર્શન થઇશકે એમ નથી એમ કહે છે અર્જુન! તેં જે સ્વરૂપના દર્શન કર્યાં તે નિરતિશય અને અક્ષર ઐશ્વર્યવાળો હું છું; તેથી વેદના પ્રવચનથી, તપથી, દાનથી અને યજ્ઞ કરવાથી મારૂં દર્શન થઇશકે એમ નથી **"न प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन यमेवैष वृणुते स तेन लभ्यस्तस्यैष आत्मा निवृणुते तनुं स्वाम्"** વેદના પ્રવચનથી, ધારણાશક્તિથી અને ઘણું સાંભળવાથી આ પરમાત્માનું દર્શન થઈશકે એમ નથી પણ પરમાત્મા જેનો અંગીકાર કરે છે તેનેજ તેનું દર્શન થાય છે અને તેનેજ પોતાનું સ્વરૂપ પ્રકાશિત કરે છે. એશ્રુતિથી પણ પોતાને અંગીકાર કરાવવા વગરના બીજા સાધનોથી મારૂં દર્શન થઇશકે એમ નથી, કારણ કે વેદના પ્રવચન વિગેરે સાધનો કેવલ આત્માનો સાક્ષાત્કાર કરાવનારાં છે એટલે ફક્ત તે સાધનોમાં જીવને સ્વરૂપની યોગ્યતા આવનારપણું રહ્યું છે. પણ સાક્ષાત્ પુરૂષોત્તમમાં નિરોધકરનારપણું રહ્યું નથી એમ સાબીત થાય છે (૫૩) હવે તેવા જીવોનો મેં અંગીકાર કરેલ હોવાથી તેઓને જે ભક્તિ ઉત્પન્ન થાય છે તે ભક્તિથી હું ગ્રહણ કરીશકાઉં એમ છું એમ કહે છે પરન્તપ અર્જુન! સઘળા લોકોના નિરોધ માટે હું પ્રકટ થયો છું તો પણ મારૂં દર્શન અને જ્ઞાન કેટલાક લોકોને મનુષ્યપણાથી અથવા તો અંશપણાથી થાય છે પણ વાસ્તવિક રીતે થતું નથી, પણ વેદના પ્રવચન વિગેરે બીજાં સાધનોની કંઈ પણ ગરજ વગર કેવલ મારી કૃપાપાત્રના સંગથીજ મળીશકે એવી ભક્તિથીજ વાસ્તવિક રીતે મને જાણવામાટે, મારૂં દર્શન કરવામાટે અને હૃદયમાં પધરાવામાટે વિશ્વરૂપ વિગેરે અવિનાશી ઐશ્વર્ય વિગેરે યોગોથી યુક્ત, પ્રવાહ, મર્યાદા અને પુષ્ટિ એ ત્રણે માર્ગોને ઉત્પન્ન કરનાર અમાનુષગુણવાળો, અતિસુંદર શરીરવાળો અને મહાદયાળુ એવો હું પુરૂષોત્તમ છું તો પણ હું શક્ય થાઉં છું, (૫૪) જો કે એવી રીતે કોઇ પણ સાધનથી મારૂં દર્શન થઇશકતું નથી, જેનો અનુગ્ર-

હથીજ સ્વીકાર કરૂં છું તેજ મારૂં દર્શન કરીશકે એમ છે તો પણ તારા જેવા ભક્તોનો મારા વેદની મર્યાદામાં અનુગ્રહ કરેલો હોવાને લીધે મારી આજ્ઞાથી મારી ભક્તિપૂર્વકજ સ્વધર્મ કરવાથી મારી પ્રાપ્તિ થાય છે એમ કહે છે, ભગવદીયને ભગવાન્‌ની સેવાપૂર્વક કર્મ કરવું એ શાસ્ત્રથી વિહિત છે માટે "મારી પાસે કર્મ કરાવવાની પ્રભુની ઇચ્છા છે" એમ જે જાણે છે તેણે કર્મ કરવુંજ જોઇએ, અને જે એમ જાણે છે કે મારી પાસે કર્મ કરાવવાની પ્રભુની ઇચ્છા નથી તેણે શુકદેવજી તથા જડભરતની માફક કર્મ નહિં કરવું એ નિર્ધાર ભગવાન્‌ને આધીન છે માટે ભક્તોને પણ ભગવાન્‌ની કર્મ કરાવવાની ઇચ્છા છે કે નહિં તેનો નિશ્ચય નહિં હોવાથી કર્મ કરવું જ જોઇએ, અને આધુનિક જીવોને ભગવાન્‌ની ઇચ્છાનો નિશ્ચય નહિં હોવાથી કર્મની કર્તવ્યતાજ પ્રાપ્ત થાય છે, આ ઉપરથી એટલુંજ સિદ્ધ થાય છે કે મારી પાસે કર્મ કરાવવાની ભગવાન્‌ની ઇચ્છા છે એમ જે જાણતો હોય તેણે અને જેને ભગવાન્‌ની ઇચ્છાનો સંદેહ હોય તેણે કર્મ કરવુંજ જોઇએ, આ હકીકત વ્યાસસૂત્રના તૃતીયાધ્યાયના તૃતીયપાદના "તન્નિર્ધારણાનિયમઃ" એ સૂત્રના ભાષ્યમાં વિસ્તારથી નિરૂપણ કરી છે તે માટે ભગવાન્ આજ્ઞા કરે છે કે મારોજ ઉદ્દેશ રાખીને, મારોજ ભક્ત થઇને, સંગવર્જિત થઇને અને સર્વપ્રાણીમાત્રામાં નિર્વૈર રહીને જે મારાં કર્મ કરે છે. પાંડવ! તે મને પ્રાપ્ત થાય છે, (૫૫)

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ગુજરાતી ભાષાન્તરનો અગીઆરમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)

અથ બારમો અધ્યાય.

પ્રમેયરૂપ ભગવાન્‌ની ભક્તિ છે અને તેમાં પ્રમેય શ્રીપુરૂષોત્તમ છે માટે પ્રમેયમાર્ગમાં તો હરિ–ભગવાન્‌જ સેવ્ય છે, બીજો કોઇ પણ સેવ્ય નથી, આ અગીઆરઅધ્યાયસુધીમાં જે નિરૂપણ કર્યું છે તેમાં આઠમા અધ્યાયમાં "યદક્ષરં વેદવિદો વદન્તિ" એમ કહીને અક્ષરબ્રહ્મનું સ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા કરીને બ્રહ્માના દિવસમાં જે આવિર્ભૂત થાય છે અને રાત્રિમાં જે તિરોભૂત થાય છે તે સર્વ ક્ષરસ્વરૂપ છે એમ કહીને તેનાથી પર અવ્યક્ત અક્ષરબ્રહ્મ છે એમ કહીને તે અક્ષરબ્રહ્મ મારૂં ધામ છે એમ કહ્યું છે, અને આની પહેલાંના અગીઆરમા અધ્યાયમાં વિશ્વરૂપનું દર્શન કરાવ્યું તે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે એમ કહ્યું તે સાંભળીને અર્જુનને શંકા થઇ કે ભગવાનના ધામરૂપ અક્ષરબ્રહ્મ અને સાક્ષાત્ પોતે ભગવાન્ બન્નેનો પરસ્પર ભેદ હોય એમ જણાય છે, તેથી તે બન્નેના ઉપાસકને ફલ જુદાં જુદાં મળે કે એકજ મળે? એવી જાણવાની ઇચ્છાથી અર્જુન પૂછે છે.

अर्जुन उवाच–एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः? ॥ १ ॥

અર્થ—ઉપરના અધ્યાયના છેલ્લા શ્લોકમાં "મારાં કર્મ કરવાં એમ આજ્ઞા કરી તો તેપ્રમાણે આપના સ્વરૂપમાં સર્વદા જોડાયેલા યોગીયો અથવા આપનામાં આત્માવિગેરેને અર્પણકરનાર ભક્તો પુરૂષોત્તમરૂપ આપનું સ્વરૂપ, નિરવધિ અતિશય સૌન્દર્યવાળું અને આનંદમાત્રકર, પાદ, મુખ અને ઉદરવિગેરેવાળું ભક્તની ઉપર અનુગ્રહકરનાર આપનાં મનુષ્યાકાર સ્વરૂપની (બીજા સર્વની ઉપાસના છોડીને ઉપાસના કરે છે તેઓ અને જે અક્ષરબ્રહ્મની ઉપાસના કરે છે, તેઓ, એ બન્નેમાં અત્યન્ત યુક્ત આપે કોને માનેલા છે?

ઉપરના પ્રશ્નનો ખુલાસો પોતાના સિદ્ધાન્તરૂપે કહેવામાટે શ્રીકૃષ્ણ-ભગવાન્ પોતાના સ્વરૂપમાં મનને ધારણકરવાનો ઉપદેશ સાત શ્લોકથી કરે છે,

श्रीभगवानुवाच–मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ २ ॥
ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ ३ ॥
सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥ ४ ॥
क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ५ ॥
ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥ ६ ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ! मय्यावेशितचेतसाम् ॥ ७ ॥
मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥ ८ ॥

અર્થ—જે લોકો સર્વના નિયન્તા, સમગ્રઅલૌકિકગુણવાળા, પૂર્ણપુરૂષોત્તમરૂપ, સાક્ષાત્ કર્તા, પરમદેવતારૂપ તથા સર્વના મૂલભૂત ભગવાન્રૂપ મારામાં માત્ર પ્રેમના સંબન્ધીજ મારામાં તત્પર થઇને તથા મારામાં મન લગાવીને મારી ઉપાસના કરે છે અને આ જ પુરૂષોત્તમ ભગવાન્ સેવ્ય છે અને એ જ પરમ પ્રિય આત્મા છે નહિં કે બીજો, એવી પરમ શ્રદ્ધાવાળા હોય છે, તેઓને મેં અત્યન્ત

યુક્તતમ માનેલ છે (૨) અને જે લોકો સઘળી ઇન્દ્રિયોને રોકીને તથા ચોતરફ સમાન બુદ્ધિ રાખીને (આંહીઆં "યે તુ" એમાંનો તુ શબ્દ ભેદને જણાવે છે) અન્તર્યામીના સ્વરૂપના અંશરૂપ, આગળ કહેવામાં આવેલ તથા નામ અને રૂપ-વગરના હોઈને અવ્યક્ત કહેવાતાં અને અમુ સંખ્યાના આનંદવાળાં મારાં અક્ષર-બ્રહ્મસ્વરૂપની ઉપાસના કરે છે, મારામાં અને અક્ષરબ્રહ્મમાં તુ શબ્દે બતાવેલો વિશેષ એ છે કે અક્ષરબ્રહ્મ અવ્યક્ત છે અને હું તો વ્યક્ત છું. તે બતાવીશકાય એવું નથી અને હું તો પોતાની ઇચ્છાથી અલૌકિકનિર્દેશને યોગ્ય છું, તે ચોતરફ છે અને હું તો ભકતોથીજ મેળવીશકાઉં છું. તે તો અચિન્ત્ય છે અને હું તો ભક્ત-લોકોએ ચિંતન કરવાયોગ્ય છું. તે સર્વસાધારણ છે અને હું તો અસાધારણ છું. તે સ્થિરરૂપ છે અને હું તો ગમે તે કોઈબી સ્થાને વિહારકરતો ફરૂં છું. તે તો ધ્રુવ સ્થાનરૂપ અધ્યાત્મ ઐશ્વર્યવાળો છે અને હું તો તેમાં રહેનારો ઈશ્વર છું, માટે તે અક્ષરબ્રહ્મને મારૂં ઘર માનીને ઉપાસનાકરનારા બ્રહ્માનંદરૂપ મારી શ્રીનેજ પામે છે. (૩-૪) અક્ષરબ્રહ્મના ઉપાસકોને અક્ષરબ્રહ્મરૂપ થઇજવું એજ મારી પ્રાપ્તિ છે. પણ અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થયા પછી પણ સુખનો અનુભવ થતો નથી તેસારુ કહે છે કે અક્ષરબ્રહ્મમાં આસક્તચિત્તવાળાઓને અત્યન્ત અધિક ક્લેશ થાય છે, ઉપરના શ્લોકમાં શ્રીકૃષ્ણ-ભગવાને કહ્યું છે કે સર્વ ભૂતના હિતમાંજ પ્રીતિરાખનારા તે અક્ષરોપાસક મને પ્રાપ્ત થાય છે, જે એકાદશસ્કંધમાં ભકતોના સ્વરૂપનું જ્યાં નિરૂપણ કર્યું છે ત્યાં સર્વ ભૂતના હિતમાં પ્રીતિરાખનારાઓને ભગવાન્‌ની પ્રાપ્તિ થાય છે એમ કહ્યું છે તેવી રીતે આંહી પણ સર્વ ભૂતના હિતમાં પ્રીતિવાળાઓને મારી પ્રાપ્તિ થાય છે એમ કહેવાનો અભિપ્રાય છે, તેથી દેહમાં પ્રીતિવાળાને દેહની અંદર રહેલ જીવાત્માની જેમ પ્રાપ્તિ થતી નથી તેમ મારા અવ્યક્તદેહરૂપ અક્ષર-બ્રહ્મમાં આસક્તચિત્તવાળાઓને તેની અંદર રહેલ આત્મારૂપ સાક્ષાત્ રસાનન્દરૂપ મારી પ્રાપ્તિ થતી નથી, દુઃખરૂપ અવ્યક્તગતિજ થાય છે, દૃષ્ટાન્તતરીકે લવણને જલમાં નાંખવાથી લવણ જેમ જલરૂપ થતાં તેનું જુદું સ્વરૂપ રહેતું નથી, તેવી રીતે તે આંહીં પણ અક્ષરબ્રહ્મરૂપ થઈજવાથી સ્વરૂપરસની હાનિ થઇને એકતા થાય છે, તેમ અક્ષરબ્રહ્મની ઉપાસના કરવાના સમયમાં પણ નિર્ગુણ બ્રહ્મમાં અભેદથી ભાવના કરવામાં અત્યન્ત સાધનનો ક્લેશ થાય છે, અને મારામાં ભજનના માર્ગમાં તો આરંભથીજ પરમઆનંદનો અનુભવ થાય છે, (૫) એવી રીતે અક્ષરબ્રહ્મના ઉપાસકોની ગતિ કહીને પોતાના ભકતોની ગતિ બે શ્લોકથી કહે છે કે અક્ષરબ્રહ્મના ઉપાસક કરતાં મારી ઉપાસના કરનારોનો ભેદ છે એમ "તુ" શબ્દથી જણાવ્યું છે, પોતાના સેવ્ય સ્વામીરૂપ મારામાં લૌકિક તથા વૈદિક સર્વ કર્મોને અર્પણ કરીને

બીજા દેવનો સંબન્ધ ન આવે એવા ભક્તિયોગથી મારૂં ધ્યાન, અર્ચન સેવન અને શ્રવણકીર્તનાદિક જે સ્વતઃ પ્રિય છે તે ધ્યાનાદિકથી મારી ઉપાસના કરે છે (૬) તેઓ મારી સમીપમાં રહેલા હોવાથી તેઓના સંબન્ધવાળો હુંજ થાઉં છું, તેથી મૃત્યુસંસારરૂપી સાગરથી મારામાં પ્રવેશ કરેલ ચિત્તવાળાઓનો પાર્થ! હું થોડા વખતમાં ઉદ્ધાર કરનારો થાઉં છું, (એવી રીતના ભક્તો ઉપાધિસહિત ભક્તિવાળા છે. એમ શંકા નહિં કરવી કારણ કે શ્રીકૃષ્ણ-ભગવાને કાત્યાયનીનું વ્રત કરનારી કુમારકાઓને કહ્યું છે કે મારે વિષે જેઓએ ચિત્ત પ્રવિષ્ટ કર્યું છે, તેઓનો કામ કામમાટે કલ્પાતો નથી, જેમ શેકેલા કે ક્વાથ કરી પકાવેલા દાણા બીજરૂપ થઇને અંકુરને ઉત્પન્નકરનાર થતા નથી, તેમ એકાદશસ્કંધમાં ભગવાને ઉદ્ધવજીને આજ્ઞા કરી છે કે, મારામાં જે લાગેલું છે તે નિર્ગુણ જ છે (૭) માટે ગમે તે સંબન્ધથી મારામાં મનનો પ્રવેશ કરવામાત્રથી નિર્ગુણપણાને પ્રતિપાદનકરનાર, પ્રકટસ્વરૂપ પુરૂષોત્તમરૂપ મારા સ્વરૂપમાં મનને ધારણ કર (અર્થાત્ સંકલ્પ અને વિકલ્પપણ મારી બાબતમાંજ કર) બુદ્ધિનોપણ મારામાંજ પ્રવેશ કરાવ (મારે પ્રાપ્ય આ જ પુરૂષોત્તમ છે પણ બીજો કોઇ નથી એવો નિશ્ચય કરીને બુદ્ધિઓની વૃત્તિઓને મારામાં લગાવીદે) એવી રીતે કરવાથી હવે પછી તું મને જ પ્રાપ્ત થઇશ (પણ અક્ષરબ્રહ્મને નહીં) એમાં સંશય નથી; (૮)

ઉપર પ્રમાણે મુખ્ય ઉપાય બતાવ્યો છે તે થઇશકે નહિં તો તેના બદલારૂપ બીજો ઉપાય ચાર શ્લોકથી શ્રીકૃષ્ણ–ભગવાન્ કહે છે.

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय! ॥ ९ ॥
अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन् सिद्धिमवाप्स्यसि ॥ १० ॥
अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ ११ ॥
श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥ १२ ॥

અર્થ—જો ચિત્તને સ્થિર કરી મારામાં ધારણકરવાને સમર્થ ન હો તો અભ્યાસયોગથી ચિત્તને સ્થિર કરીને ત્યાર પછી ધનંજય! મને પ્રાપ્ત થવાની તું ઇચ્છા કર (૯) તેવી રીતે અભ્યાસ કરવામાં પણ સમર્થ ન હો તો મારેમાટેજ કર્મકરવામાં પરાયણ થા, મારેમાટે કર્મકરનારો થઇશ તો પણ સિદ્ધિને પામીશ, (૧૦) હવે તેમ કરવાને પણ તું સમર્થ ન હો તો મારી સાથે સેવ્યસેવકરૂપ

યોગનો આશ્રય કરીને ચિત્તને સાવધ રાખીને સર્વકર્મોના ફળનો ત્યાગ કર, (ભગવાન્‌ની આજ્ઞાથી શ્રીઆચાર્યચરણે ઉપદેશ કરેલ શરણમાર્ગની રીતે યથાશક્તિ સ્વધર્માચરણ કરીને સર્વ ભાર મારીપર મૂકીને, બીજાના જ્ઞાનના યોગમાં રહેલા ધર્મોનો ત્યાગ કરીને મારો આશ્રય કરવાથી કૃતાર્થ થઇશ,) (૧૧) હવે કર્મના ફળના ત્યાગની પ્રશંસા કરે છે કે ઉપર કહેલા અભ્યાસ કરતાં યુક્તિસહિત ઉપદેશપૂર્વક સર્વનું જ્ઞાન થવું એ શ્રેષ્ઠ છે, તેવાં જ્ઞાનકરતાં મારૂં ધ્યાન કરવું તે શ્રેષ્ઠ છે, ધ્યાનકરતાં કર્મના ફલનો ત્યાગ કરવો એ શ્રેષ્ઠ છે, ને તેવો ત્યાગ થયા પછી સ્વસ્થતારૂપ શાન્તિ થાય છે, તે લાભ કે અલાભ, જય કે પરાજય, થાય તેમાં મનને શાન્તિ રહે એટલે કૃતાર્થ થાય છે. (૧૨)

ઉપર કહેલા ધર્મવાળા ભક્તનાં બત્રીશ લક્ષણો ભગવાન્‌ના અનુગ્રહરૂપ પુષ્ટિને સૂચવનારાં છે. તેવો ભક્ત મને પ્રિય છે એમ શ્રીકૃષ્ણ ભગવાન્ અર્જુનને આ અધ્યાયની સમાપ્તિસુધી કહે છે.

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥ १३ ॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥ १४ ॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षाऽमर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥ १५ ॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥ १६ ॥
यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाऽशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः ॥ १७ ॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥ १८ ॥
तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥ १९ ॥
ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥ २० ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे भक्तियोगो नाम द्वादशोऽध्यायः ॥ १२ ॥

અર્થ—કોઇ પણ પ્રાણીનો દ્વેષ નહીં કરનાર,[૧] સઘળાઓનો ભાઇબંધ,[૨] દયા રાખનાર,[૩] મમતારહિત,[૪] અહંકારરહિત,[૫] સુખ તથા દુઃખમાં સમાન રહેનારો,[૬] ક્ષમાવાળો[૭] (૧૩) મારી સેવામાં જ ઉપયોગી દ્રવ્યથી દેહને નિભાવીને સંતોષ માનનારો,[૮] હમેશાં ચિત્તની એકાગ્રતા રાખનારો,[૯] ચિત્તને રોકનારો,[૧૦] કેવળ મારી સેવામાં જ દૃઢનિશ્ચયવાળો,[૧૧] કેવલ શરીરવિગેરેથી દેખાવમાંજ મારી સેવામાં નિશ્ચયવાળો નહિં પણ શ્રીપુરૂષોત્તમરૂપ મારામાં મન અને બુદ્ધિનું અર્પણ કરનારો[૧૨] (એટલે વ્રજવાસીઓના મન અને બુદ્ધિ મારામાં જેમ હતાં તેમ) એ પ્રમાણે બાર ગુણો ધરાવનારો અને ફલની ઇચ્છા રહિત ભક્તિવાળો જે ભક્ત હોય છે તે મને પ્રિય લાગે છે, (પુષ્ટિ પ્રવાહ અને મર્યાદાભેદ નામના ગ્રન્થમાં ભક્તિમાર્ગ સર્વત્ર નિરૂપિત છે તેથી અને જે મારો ભક્ત છે તે મને પ્રિય છે એમ કહેવાથી ભગવાનના અનુગ્રહરૂપ પુષ્ટિમાર્ગ છે એવો નિશ્ચય થાય છે એમ કહ્યું છે માટે ભગવાનને પ્રિય થવું તે પોતાની કૃતિથી થવાતું નથી પણ ભગવાનનો અનુગ્રહ હોય તો પ્રિય થવાય છે, તેથી સર્વસાધારણ પ્રવાહમાર્ગથી પુષ્ટિમાર્ગ ભિન્ન છે અને અગીઆરમા અધ્યાયમાં વેદાદિક સાધનોથી મારૂં દર્શન થઇશકતું નથી એમ કહ્યું છે, તેથી વેદની મર્યાદાના માર્ગથી પણ ભગવાનના અનુગ્રહરૂપ પુષ્ટિમાર્ગ ભિન્ન છે એમ સિદ્ધ થાય છે. (૧૪) ભગવત્સેવારૂપ કર્મનિષ્ઠાથી કે તેની મિત્રતાથી કે તેના આચારવિગેરેના પ્રયોગોથી લોક ઉદ્વેગ પામે નહિં[૧૩] તેમ તે તે આચારથી વિરૂદ્ધ લોકો હોય તો તેઓથી પોતે ઉદ્વેગ પામતો નથી, પણ પોતાના ધર્મમાં જ નિશ્ચળ થઇને રહે અને પોતાને ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ થવામાં હર્ષ અને ઇચ્છિતની અપ્રાપ્તિ થાય તો તેમાં ક્રોધ, કોઇનાથી ભય અને જે પોતાથી પ્રતિકૂળ હોય તેનાથી ઉદ્વેગ એટલી બાબતોથી પ્રહ્લાદની માફક જે રહિત હોય,[૧૪] તે મને પ્રિય છે (૧૫) મારી સેવા શિવાય મુક્તિપર્યન્તની પણ જેને ઇચ્છા નથી,[૧૫] પવિત્ર આચારવાળો,[૧૬] મારી સેવામાં જુદી જુદી જાતની શ્રૃંગારની યોજના કરવામાં ચતુર,[૧૭] સેવાથી પ્રતિકૂળ જે ગૃહાદિક હોય તેમાં પણ ઉદાસીન.[૧૮] અને જે સ્ત્રીપુત્રાદિક સેવામાં સહાયતા ન કરે તો તેથી અંતઃકરણમાં ક્લેશ નહિંલાવનાર,[૧૯] (વિવેકધૈર્યાશ્રયનિરૂપણ નામના ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણોએ આજ્ઞા કરી છે કે સ્ત્રીપુત્રાદિકનો, બીજાઓનો તથા દુષ્ટપુરૂષોનો અતિક્રમ સહન કરવો) એવી રીતે સ્ત્રીપુત્રાદિક પોતાથી પ્રતિકૂલ જોઇને તે અનુકૂલ થાય એવાં કાર્યોના આરંભનો ત્યાગકરનાર[૨૦] જે મારો ભક્ત છે તે મને પ્રિય છે. (૧૬) પોતાને જે પ્રતિકૂલ હોય તેને દુઃખ થવામાં હર્ષ ન કરે[૨૧] અને સુખ થવામાં દ્વેષ ન કરે,[૨૨] ધનાદિક જતું રહે તેમાં શોક ન કરે,[૨૩] અને તે પ્રાપ્ત થાય એવી ઇચ્છા ન કરે,[૨૪] શુભ અને અશુભનો પરિત્યાગકરનાર[૨૫] જે ભક્તિ-

વાળો હોય તે મને પ્રિય છે. (૧૭) શત્રુ તથા મિત્રમાં, માન તથા અપમાનમાં અને શીતોષ્ણાદિક સુખદુઃખમાં સરખી વૃત્તિવાળો[૨૬], (પોતાના સેવ્ય પ્રભુને માટે શીતઉષ્ણાદિકનો પ્રતીકાર પ્રેમથી કરવોજ જોઇએ) સેવાની ક્રિયાથી વિરૂદ્ધ ચાલનારના સંગથી રહિત[૨૭] (૧૮) પોતાની સ્તુતિનિન્દામાં તુલ્ય બુદ્ધિ રાખનાર,[૨૮] વાણીને નિયમમાં રાખનાર,[૨૯] જે કાંઈ પ્રાપ્ત થાય તેનાથી સંતોષ રાખીને મારી સેવામાં તેનો ઉપયોગ કરનાર,[૩૦] જો પ્રભુમાં વ્યસન થયું હોય તે પોતાના ઘરમાં રહેવાથી વ્યસન મટે તેમ હોય તો તેવાં ઘરને છોડનાર,[૩૧] (જો લૌકિક આસક્તિ કરાવનાર ઘર હોય તો તેવાં ઘરને છોડી ભગવન્મંદિરમાં કે તેવાં વ્યસનવાળા ભગવદ્‌ભક્તોને ત્યાં રહેવું એમ "ભક્તિવર્ધિની" નામના ગ્રન્થમાં શ્રીઆચાર્યે આજ્ઞા કરી છે), અને મારામાં સ્થિરબુદ્ધિયુક્ત[૩૨] ભક્તિવાળો નર મને પ્રિય છે (૧૯) એવી રીતે મર્યાદામાર્ગમાં અક્ષરબ્રહ્મની સાથે આત્માની એકતાની ભાવનાકરનાર કરતાં પોતાની પુષ્ટિભક્તિયોગમાં નિષ્ઠાવાળો પોતાને અત્યન્ત પ્રિય છે એમ બતાવીને ઉપસંહારકરતાં ઉપદેશ કરે છે કે જે દૈવજીવો પુષ્ટિમાર્ગીય ભક્તોનાં જે ઉપર બત્રીશ લક્ષણો કહ્યાં તેની યથાર્થ રીતે ઉપાસના કરે છે અને મારામાં દૃઢ શ્રદ્ધા રાખે છે તે ભક્તો મને અત્યન્ત પ્રિય છે (૨૦) (અક્ષરબ્રહ્મની ઉપાસનાના માર્ગમાં મર્યાદાની રીતે ચાલતાં પણ દુઃખ છે અને શ્રીકૃષ્ણના પુષ્ટિરૂપ ભક્તિમાર્ગમાં સુખ છે એ આ અધ્યાયમાં નિરૂપણ કર્યું.)

ઈતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ગુજરાતી ભાષાન્તરનો બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)

અથ તેરમો અધ્યાય.

श्रीभगवानुवाच–इदं शरीरं कौन्तेय! क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥ १ ॥
क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत! ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तत् ज्ञानं मतं मम ॥ २ ॥
तत् क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत् ।
स च यो यत्प्रभावश्च तत् समासेन मे शृणु ॥ ३ ॥
ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥ ४ ॥
महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च ।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥ ५ ॥

इच्छा द्वेषः सुखं दुःखं संघातश्चेतना धृतिः ।
एतत् क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥ ६ ॥

સૂત્રની માફક જે પહેલા છ અધ્યાય કહેલા તેની વૃત્તિની માફક બીજા છ અધ્યાય કહ્યા અને હવે સર્વનો નિર્ણય જેમાં આવીજાય છે એવા ત્રીજા ષટ્કના છ અધ્યાય ભાષ્યરૂપે નિરૂપણ કરવામાં આવે છે, જે પ્રથમ સાતમા અધ્યાયમાં અપરા અને પરા એ બેપ્રકારની શ્રીકૃષ્ણ–ભગવાને પોતાની પ્રકૃતિ કહી છે, તેમાં અપરા પ્રકૃતિનું ઉપસ્કરસહિત સ્વરૂપ ક્ષેત્ર કહેવાય છે, અને પરા પ્રકૃતિનું ચેતનસ્વરૂપ ક્ષેત્રજ્ઞ કહેવાય છે, તે ક્ષેત્રજ્ઞનું મૂલ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે (કારણ કે અક્ષરબ્રહ્મથી સર્વ જીવો અગ્નિમાંથી તણખાની માફક ઉત્પન્ન થયેલા છે, જો કે અચેતન પણ અક્ષરબ્રહ્મમાંથી જ ઉત્પન્ન થયેલ છે, પરન્તુ અચેતનને જાણવાનું સાધન નહિંહોવાથી કેવલ ચેતન તે ક્ષેત્રજ્ઞ છે તેને જાણવાયોગ્ય અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે તે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ અને તેના સાધનભૂત જ્ઞાનનો ઉપદેશ કરતા શ્રીકૃષ્ણ–ભગવાન્ તેનું વિવરણ કરે છે, જો તેમ ન હોયતો અર્જુનના પ્રશ્નવગર વિવરણ ઘટે નહિં, આંહી કેટલાક ટીકાકારોએ પ્રકૃતિ અને પુરૂષ વિગેરેનું સ્વરૂપ શું છે? એવી રીતે અર્જુનના પ્રશ્નનો શ્લોક લખેલો છે, તે તો ઉપેક્ષા કરવાયોગ્ય છે, કારણકે તે પ્રશ્ન કરવાનો અર્જુનને અસંભવ હોવાથી પ્રશ્નનો શ્લોક માનેલો નથી, તેમ આ તેરમા અધ્યાયથી છ અધ્યાય સાતમા અધ્યાયથી બારમા અધ્યાય સુધીના છ અધ્યાયના વિવરણરૂપ છે, તેમાં પ્રશ્ન કરવાનો કાંઈ પણ સંભવ રહેતો નથી, વિવરણમાં જે વિશેષ કર્યું હોય તેમાં જો સંદેહ રહે તો પ્રશ્ન કરવાનો સંભવ રહે, પરન્તુ સાતમા અધ્યાયમાં અપરા અને પરા એ બે પ્રકૃતિ કહી છે, તેનું જ આ વિવરણ શ્રીકૃષ્ણ–ભગવાન્ કરે છે, તેથી પ્રશ્ન કરવાનો સંભવ નથી, કહેલ છે કે "यथा पिण्डे तथा ब्रह्माण्डे" (જેમ શરીરમાં તેમ જ બ્રહ્માણ્ડમાં) એ કહેવત છે તે પ્રમાણે જે પૂર્વે પ્રકૃતિ અપરા કહી હતી તેના પરિણામભૂત આ શરીર છે, તેનું નામ ક્ષેત્ર કહેવાય છે. કારણકે નિવાસનું સ્થાન અથવા જીવનનું સ્થાન તે ક્ષેત્ર કહેવાય છે, તો તે પ્રમાણે ચેતનરૂપ પુરૂષનું નિવાસસ્થાન અને જીવનસ્થાન હોવાથી શરીર ક્ષેત્ર કહેવાય છે, જેમ લૌકિક ક્ષેત્રનો અભિમાની ખેડુત હોય છે, તેમ શરીરરૂપ ક્ષેત્રનો અભિમાની પુરૂષ છે, તે આ ક્ષેત્ર આપણાથી જુદું નિવાસસ્થાન તથા જીવનનું સ્થાન છે, એમ જ્યાંસુધી પુરૂષ જાણતો નથી પણ હું આ ક્ષેત્રવાળો છું એમ તેનો અભિમાની થાય છે ત્યાં સુધી તેમાં પોતાનું અભિમાન રહેવાથી સંસારી થાય છે, અને જ્યારે આ ક્ષેત્રરૂપ શરીર મારાથી જુદું છે, કેવલ મારા નિવાસનું સ્થાન તથા જીવનનું સાધન છે, અને હું તેનો દ્રષ્ટા છું, એમ જે જાણે છે, તેને ક્ષેત્રજ્ઞજાણનારા પુરૂષો ક્ષેત્રજ્ઞ કહે છે. જો કે ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનું જ્ઞાન જીવને સંસારદશામાં પણ રહે

છે, પરન્તુ જુદાપણાથી રહેતું નથી, ક્ષેત્રની સાથે પણ ક્ષેત્રજ્ઞનું જ્ઞાન સરખે દરજ્જે રહે છે, તો પણ તે ક્ષેત્ર ભોગ્ય છે, તે ભોક્તા એવા આત્માના બીજા નામથી રહે છે, મૃતશરીરમાં ભોક્તા અને ભોગ્યનો વિવેક રહેતો નથી એમ જોવામાં આવે છે. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો સંબન્ધ થાય ત્યારે ભોક્તા અને ભોગ્ય એવો વ્યવહાર થાય છે, કેવલ ક્ષેત્ર તથા કેવલ ક્ષેત્રજ્ઞ હોય તેનામાં ભોક્તા અને ભોગ્યનો વ્યવહાર રહેતો નથી, જે જાણનાર હોય તે જાણવાના પદાર્થથી જુદોજ હોય એમ લોકમાં જોવામાં આવે છે તેવી રીતે આ શરીરને જુદાંપણાથી જાણનાર ક્ષેત્રજ્ઞ કહેવાય છે, તેવી રીતે અત્યન્ત જુદાપણાનું જ્ઞાન વિદ્વાનનેજ થાય છે પણ સર્વને થતું નથી, (૧) જેને આ ક્ષેત્ર મારાથી અત્યન્ત જુદું છે, એવું જ્ઞાન થાય છે (તેની અહન્તા અને મમતા નિવૃત્ત થવાથી) તે મારા સ્વભાવને પ્રાપ્ત થયો છે, એમ કહે છે કે તું ક્ષેત્રજ્ઞ પણ મને જાણ, કારણ કે આ જગત્‌માં ક્ષેત્રના અભિમાનીપણાથી સરજેલો જીવ પોતાથી ક્ષેત્ર અત્યન્ત જુદું છે એમ જાણતો નથી, અને જે કોઇ જાણે છે, તે મારા અંશરૂપ પોતાના સ્વરૂપને જાણનાર હોવાથી તણખો જેમ અગ્નિ કહેવાય છે તેમ તે મારારૂપ કહેવાય છે, કારણ કે ખરા જ્ઞાનરૂપ ભગવાન્‌ના ગુણોનો તેમાં આવિર્ભાવ થયો, માટે સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ એવા અંશરૂપથી હું રહ્યો છું, એવા પ્રકારનું ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન છે, તે મારી ઇચ્છાથી સંમત છે, (૨) તેનો વિચાર કરવાની આજ્ઞા કરે છે કે તે ક્ષેત્ર જે દ્રવ્યમય છે, જેના આશ્રયભૂત છે અને એમાં જે વિકારો છે અને જેના માટે એ ક્ષેત્ર બનાવ્યું છે. તેનું જે સ્વરૂપ છે અને તેમાં જે ક્ષેત્રજ્ઞ છે, અને તે જે સ્વભાવવાળો છે તે સર્વ સંક્ષેપમાં મારી પાસેથી સાંભળ. (૩) ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ ઋષિઓએ ઘણા પ્રકારે કહ્યું છે, તે ઘણા પ્રકારે જે જુદું જુદું કહેલ હોય તે એક પ્રકારે આવી શકે નહિં, તેવી રીતે ક્ષેત્ર ઘણા પ્રકારે કહ્યું છે, જુદા જુદા ઋષિઓએ જુદે જુદે પ્રકારે ક્ષેત્રનું વર્ણન કરેલ છે, તેવી રીતે ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ પણ વેદમંત્રોથી જુદી જુદી રીતે નિરૂપણ કરાયેલ છે, જેમ કે કોઇ મંત્રોમાં ધ્યાન-ધારણાના વિષયરૂપ કહેલ છે, કોઇ મંત્રોમાં વૈરાજપુરૂષરૂપે કહેલ છે, કોઇ મંત્રોમાં નાના પ્રકારના યજનકરવાયોગ્ય દેવતારૂપ કહેલ છે એવી રીતે ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ જુદે જુદે પ્રકારે કહેલ છે, એવી રીતે જ્યાં જ્યાં જુદી જુદી રીતે વર્ણન કરેલ છે ત્યાં ત્યાં વેદના અર્થના સારને ગ્રહણ કરીને નિશ્ચય કરેલા હેતુયુક્ત નિશ્ચય કરેલાં વ્યાસસૂત્રોથી ઘણા પ્રકારે કહ્યું છે, તે સર્વનો સંગ્રહ કરતાં તેમાંથી જે ફલિત થયું છે તે કહું છું, (૪) હવે તે ક્ષેત્ર કયા કયા દ્રવ્યથી બનેલું છે તે જણાવે છે કે પંચ મહાભૂતરૂપ સ્થૂલ દ્રવ્યોથી બનેલું છે. અહંકાર, બુદ્ધિ, ચિત્ત, મહત્તત્ત્વ, અગિ-યાર ઇન્દ્રિયો અને ઇન્દ્રિયના વિષયો એ લિંગશરીરના સૂક્ષ્મભૂતોના આશ્રયરૂપ

છે (૫) તેના વિકારરૂપ કહેછે કે, ઇચ્છા, દ્વેષ, સુખ, દુ:ખ, સર્વનું મળવું, બુદ્ધિ અને ધૈર્ય એ વિકારસહિત ક્ષેત્ર સંક્ષેપથી તને કહ્યું, (જો કે ઇચ્છા, દ્વેષ, સુખ અને દુ:ખ એ આત્મા તથા મનના ધર્મભૂત છે તો પણ ચિદંશભૂત આત્માને ક્ષેત્રરૂપ શરીરનો સંબન્ધ થવાથી તેને ક્ષેત્રમાં ગણેલ છે) સાંખ્યમાં સુખ તથા દુ:ખ ભોગવવામાં કારણરૂપ પુરૂષ છે એમ આગલ કહેવાશે, તેથી ભોગ્ય એવા ક્ષેત્રમાં તેઓની ગણના કરી છે, સુખ તથા દુ:ખને ભોગવનાર તથા ભોગમોક્ષને સિદ્ધકરનાર ચૈતન્યના અંશભૂત અક્ષરબ્રહ્મરૂપ પુરૂષના આધારપણાથી ઉત્પન્ન થયેલું ભૂતમય શરીર અહંકારાદિકના આશ્રયરૂપ તે તે બાબતની ઇચ્છા, સુખ, દુ:ખ, દ્વેષ અને સંઘાતાદિ વિકારો જેમાં રહેલા છે, વિવેકધૈર્યાદિક તથા ચાર પુરૂષાર્થોને મેળવીઆપનારૂં અને જોકે મારા ભક્તોમાટે મારી પોતીકી ઇચ્છાથી જ પ્રકટ કરેલું હોવા છતાં પણ બીજા લોકોએ પ્રારબ્ધથીજ ઉત્પન્ન થયેલ છે એમ મનાયેલું અને નાશવાળા સ્વભાવવાળું સ્થૂલ અને સૂક્ષ્મરૂપ આ મનુષ્યનું શરીર ક્ષેત્ર કહેવાય છે તે મેં તને ટુંકામાં કહ્યું છે. (૬)

(હવે તેજ શરીરમાં પોતાના આત્મજ્ઞાનના ગુણોને સાડાચાર શ્લોકોથી શ્રીભગવાન્ આજ્ઞા કરે છે.)

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥ ७ ॥
इन्द्रियार्थेषु वैराग्यमनहङ्कार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ८ ॥
असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥ ९ ॥
मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ १० ॥
अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ ११ ॥

અર્થ—નિરભિમાનપણું, કપટવગરનાપણું, અહિંસા, શાન્તિ, સરલતા, ગુરૂની શરણે જવું, પવિત્રતા, સ્થિરતા અને મનપર દબાણ, (૭) વિષયોતરફ તિરસ્કાર બુદ્ધિ, અહંકારનો અભાવ, જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધતરફ ખેદપૂર્વક દોષબુદ્ધિ (૮) પારલૌકિક ભોગોમાં વૈરાગ્ય, પુત્ર, સ્ત્રી અને ગૃહવિગેરેમાં આસક્તિરહિતપણું, હમેશાં પ્રિય તથા અપ્રિય આવે તેમાં પણ એક જાતના ચિત્તવાળાપણું (૯) મારામાં અનન્યયોગથી વ્યભિચારવગરની ભક્તિ, એકાંત જગ્યામાં રહેવાવાળાપણું અને જાહેર મેલાવડાતરફ અપ્રીતિ (૧૦) અક્ષરબ્રહ્મના જ્ઞાનતરફ

૧૪

તત્પરપણું અને તત્વજ્ઞાનના અર્થનો વિચાર એ જ્ઞાન, (વિદ્યાનું કાર્ય) કહેવાય છે અને તેથી જે ઉલટું તે અજ્ઞાન (અવિદ્યાકાર્ય) કહેવાય છે, (૧૧)

હવે પ્રતિજ્ઞા કરેલાં જ્ઞેયનાં સ્વરૂપને છ શ્લોકોથી બતાવે છે.

ज्ञेयं यत्तत्मवक्ष्यामि यज्ज्ञात्वाऽमृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥ १२ ॥
सर्वतः पाणिपादान्तं सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १३ ॥
सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥ १४ ॥
बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥ १५ ॥
अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥ १६ ॥
ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धिष्ठितम् ॥ १७ ॥
इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥ १८ ॥

અર્થ—જ્ઞાનીલોકોને શાસ્ત્રથી જાણવાલાયક જ્ઞાનનું ફલ બતાવે છે આદિરહિત અને સઘળાં ઉપનિષદોએ પ્રતિપાદનકરવાલાયક અને જે સત્ કહેવાતું નથી કે અસત્ પણ કહેવાતું નથી એવું વિરૂદ્ધધર્માશ્રયિ જે પરબ્રહ્મ છે તેજ જાણવાલાયક છે, તે હું તને કહીશ "नहि विरोध उभयं भगवत्यपरिगणितगुणगणे ईश्वरे" (ભગવાન્ અપરિમિત ગુણવાળા હોવાથી તેમાં નહિં સત્ અને નહિં અસત્ એ પરસ્પર બંને વિરૂદ્ધ ધર્મનો વિરોધ આવતો નથી) એ શ્રીભાગવતના વાકયથી વિરૂદ્ધ ધર્મો બાધકરૂપ થતા નથી કે જે જાણીને મોક્ષને મેળવે છે. (૧૨) હવે તે પરબ્રહ્મ સાકાર કે નિરાકાર એવી શંકા અર્જુનને થાય ત્યાં કહે છે કે સાકાર છે માટે સઘળે સ્થળે પોતાના હાથ, ચરણ તથા મધ્યવાળું, પોતે પોતાની ઇચ્છાથી પોતાનો પરિચ્છેદ બતાવનારૂં, સર્વ સ્થલે નેત્ર, મસ્તક અને મુખવાળું (અર્થાત્ જ્ઞાનપ્રધાનતા અને ભોગ સર્વઠેકાણે છે) નામપ્રપંચ માટે કહે છે કે સર્વઠેકાણે સાંભળે છે (આ સર્વેન્દ્રિયો સર્વઠેકાણે છે એ કહેવાનો અભિપ્રાય એવો છે કે આપણી ઈંદ્રિયો પોતપોતાનું જ કામ કરે છે પણ બીજી ઇન્દ્રિયોનું કામ કરીશકતી નથી અને ઈશ્વરની એક ઇન્દ્રિય બધી

ઇન્દ્રિયોનું કાર્ય કરીશકેછે, જેમકે લિંગથી સાંભળીશકે, દેખીશકે, સુંઘીશકે અને ભોજન કરીશકે તેમજ ચરણ ઇન્દ્રિય પણ દેખીશકે, સાંભળીશકે, ભોજન કરીશકે એમ ભગવાન્‌ની એક ઇન્દ્રિય બધી ઇન્દ્રિયોનું તથા સર્વ અવયવોનું કામ કરીશકે છે તેથીજ તેના ઉપાસકો તેને સ્વરૂપાત્મક સમજીને સર્વ અવયવોની ક્રિયા તેમાં કરે છે) એવી રીતે સર્વ અવયવવાળા ઇશ્વર છે તેનો પરિચ્છેદ સંભવે છે કારણ કે પરિચ્છેદવગર અવયવો હોય નહિ તો ત્યાં કહે છે કે સર્વમાં વ્યાપ્તથઇને રહેલ છે, પરન્તુ પ્રપંચની ઉત્પત્તિ થયા પછી એ ધર્મો સ્પષ્ટ થાય છે, તોપણ તે સર્વ ધર્મો નિત્ય છે એમ બતાવવામાટે પ્રથમથી નિરૂપણ કર્યું છે (૧૩) વિરૂદ્ધ સર્વ ધર્મોના આશ્રયપણું કહે છે, સર્વ ઇન્દ્રિયોના ગુણોના આભાસવાળું તથા સર્વ ઇન્દ્રિ-યોથી રહિત, સર્વમાં આસક્તિવગરનું અને સર્વને ધારણકરનારૂં નિર્ગુણ તથા ગુણને ભોગવનારૂં, (૧૪) તે જ્ઞેયસ્વરૂપજ પ્રપંચરૂપ થયેલું છે તે કહે છે કે સર્વ ભૂતોની બહાર તથા ભીતર રહેલ છે, તે જડરૂપ તથા જંગમરૂપ છે, "सर्वं खल्विदं ब्रह्म" ઇત્યાદિક શ્રુતિઓમાં દેખાતાં સર્વ જગત્‌ને બ્રહ્મરૂપ કહેલ છે, તેમ "ऐतदात्म्यमिदं सर्वम्" એ શ્રુતિમાં સર્વ જડનું બ્રહ્માત્મકપણું કહીને તેજ શ્રુતિમાં "तत्त्वमसि" એ વાકયથી જીવનું બ્રહ્મપણું કહેલ છે તેથી જડ અને જીવ એ બ્રહ્મરૂપ છે, તે અતિ સૂક્ષ્મ હોવાથી જણાઈશકે એવું નથી, તે દૂર છે અને સમીપ છે, "ઈશાવાસ્યમાંની પણ तदेजति तन्नैजति" એ શ્રુતિમાં પણ બ્રહ્મનું વિરૂદ્ધધર્માશ્રયપણું કહ્યું છે (૧૫) જો બ્રહ્મ બહાર તથા ભીતર હોય તો તે કડકાવાળું ગણાય એવી અર્જુનને શંકા થાય ત્યાં ભગવાન્ કહે છે કે ઘણી મૂર્તિવાળા પ્રાણીઓમાં એકરૂપ છે તોપણ પોતાની કેવલ ઇચ્છાથી અનેકપણું જણાય છે જેમ કે પાલકરૂપે પ્રાણીઓનું પોષણકરનાર છે, સંહારકરૂપે પ્રાણીઓને ગળનાર છે અને પ્રજાપતિરૂપે પ્રાણીઓને ઉત્પન્નકરનાર છે, એમ સમજવું (૧૬) પ્રકાશકરનારા જેટલા ચેતન છે તેનું મૂલ અધ્યાત્મરૂપ જ્યોતિઃપ્રકાશરૂપ તે બ્રહ્મ છે, તેમ પ્રકૃતિથી પર છે, તેનાથી સર્વ જણાય છે, તેથી ચૈતન્ય જ્ઞાનરૂપ તે છે અથવા જ્ઞાનના સાધનરૂપ છે, અને જ્ઞાનથી જે જણાય છે તે જ્ઞેય કહેવાય છે, તે સર્વદા હૃદયમાં રહેલ છે, (૧૭) એ પ્રમાણે ક્ષેત્રનું સ્વરૂપ, જ્ઞાનનું સ્વરૂપ અને જ્ઞેયનું સ્વરૂપ સંક્ષેપથી કહ્યું છે, તેમાં महाभूतान्यहंकारः અહીંઆંથી આરં-ભીને संघातश्चेतना धृतिः ત્યાં સુધી ક્ષેત્રનું સ્વરૂપ કહ્યું, अमानित्वमदम्भित्वम् અહીંથી આરંભીને तत्त्वज्ञानार्थदर्शनम् ત્યાં સુધી જ્ઞાનનું સ્વરૂપ કહ્યું અને ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि ત્યાંથી આરંભીને જ્ઞેયનું સ્વરૂપ કહ્યું અને તે જ્ઞેય અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે એમ કહ્યું, એ સર્વ મારો ભક્ત જાણે તો મારા ઐશ્વર્યાદિક છગુણવાળો થાય. (૧૮)

ત્રીજા શ્લોકમાં ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ અને તેનો પ્રભાવ નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરી છે તે ક્ષેત્રજ્ઞ પુરૂષ છે એમ બીજા શ્લોકમાં કહ્યું છે, તેનું તત્ત્વ કહેવાની ઇચ્છા-

કરનાર શ્રીકૃષ્ણ—ભગવાન્ અત્યન્ત જુદાં એવા પ્રકૃતિ અને આત્મા તે બંને કારણ-સ્વરૂપથી જુદાં નથી એમ બતાવવામાટે સર્વના કારણરૂપ પ્રકૃતિ અને પુરૂષ છે એમ પાંચ શ્લોકથી બતાવીને અધ્યાયની સમાપ્તિસુધી તેનું વિવેચન કરે છે.

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् ॥ १९ ॥
कार्यकारणकर्त्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥ २० ॥
पुरुषः प्रकृतिस्थो हि भुंक्ते प्रकृतिजान् गुणान् ।
कारणं गुणसंगोऽस्य सदसद्योनिजन्मसु ॥ २१ ॥
उपद्रष्टाऽनुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः ॥ २२ ॥
य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ।
सर्वथा वर्त्तमानोऽपि न स भूयोऽभिजायते ॥ २३ ॥
ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ॥ २४ ॥
अन्ये त्वेवमजानन्तः श्रुत्वाऽन्येभ्य उपासते ।
तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः ॥ २५ ॥
यावत्संजायते किंचित्सत्वं स्थावरजङ्गमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ! ॥ २६ ॥
समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥ २७ ॥
समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनाऽऽत्मानं ततो याति परां गतिम् ॥ २८ ॥
प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥ २९ ॥
यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥ ३० ॥
अनादित्वान्निर्गुणत्वात्परमात्माऽयमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तेय! न करोति न लिप्यते ॥ ३१ ॥
यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्राऽवस्थितो देहे तथाऽऽत्मा नोपलिप्यते ॥ ३२ ॥

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति तत्परम् ॥ ३३ ॥
क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम् ॥ ३४ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे प्रकृतिपुरुषयोगो (क्षेत्रक्षेत्रज्ञविभागयोगो) नाम त्रयोदशोऽध्यायः ॥१३॥

અર્થ–*પ્રકૃતિ અને પુરુષ એ બન્ને લાંબા વખતથી પ્રાપ્તથયેલ, મારા અંશભૂત, સત્ અને ચિત્ સ્વભાવવાળા અને કારણસ્વરૂપથી ભિન્ન નહિં હોવાથી અનાદિ છે એમ સમજ, તથા બંધના કારણરૂપ ઇચ્છા અને દ્વેષરૂપ વિકારોને અને મોક્ષના કારણરૂપ સત્ત્વવિગેરે ગુણોને પ્રકૃતિથી ઉત્પન્નથયેલ અનાદિ સમજ (૧૯) સૃષ્ટિમાં પ્રકૃતિ અને પુરુષનાં કાર્યો જુદાં છે એમ કહે છે, બંધ અને મોક્ષરૂપ કાર્યના કારણરૂપ ઇચ્છા અને દ્વેષવિગેરે વિકારો તથા સત્ત્વવિગેરે ગુણોને ઉત્પન્નકરવામાં પુરૂષાધિષ્ઠિત પ્રકૃતિ કારણરૂપ છે (કારણ કે प्रकृति-संभवान् એમ આની પહેલાના શ્લોકમાં જ કહેવામાં આવ્યું છે) પુરૂષની તો પ્રકૃતિમાં ચેતનઆપનારી શક્તિ પ્રકૃતિકરતાં વધારે છે "कर्ता शास्त्रार्थवत्त्वात्" ઇત્યાદિ વ્યાસસૂત્રોમાં કહેલ ક્ષેત્રરૂપ અધિષ્ઠાનના પ્રયત્નમાં હેતુપણું એજ પુરુષનું કર્તાપણું છે એમ સાધારણ માણસની માફક સ્વીકારવામાં આવે છે, પુરુષ એ સુખ અને દુઃખના ભોક્તાપણામાં હેતુ કહેવાય છે એટલે કે પુરુષ સુખ તથા દુઃખવિગેરેના અનુભવના આશ્રયરૂપ છે (૨૦) એપ્રમાણે પ્રકૃતિ અને પુરુષનાં જુદાં જુદાં કાર્યો છે એમ બતાવીને પુરુષનું ભોક્તાપણું પણ તેની પ્રકૃતિના પરિણામરૂપ ક્ષેત્રના સંસર્ગથી જ થાય છે પણ બીજી રીતે થતું નથી એમ કહે છે, ક્ષેત્રમાં રહેલો જ જીવ પ્રકૃતિથી ઉત્પન્નથયેલા સત્ત્વવિગેરે ગુણોના પરિણામભૂત ગુણોને તેગુણોના કાર્યભૂત ઇન્દ્રિયોથી ભોગવે છે એટલે તે જીવ અંતર્યામીની માફક અસંગ રહેતો નથી, માટે પ્રકૃતિના સંસર્ગથી જેનો અક્ષરબ્રહ્મનો સ્વભાવ તિરોહિત

* એકદેશી સાંખ્યના મતમાં આત્માથી જુદી પ્રકૃતિ પુરુષની માફક નિત્ય છે, પણ ભગવાનનાં સંબન્ધવાળું સાંખ્ય જે ભગવાનનાં કુંડલરૂપ છે, તેમાં તો ભગવાનની શક્તિ પ્રકૃતિશબ્દથી કહેવાય છે, સાંખ્યશાસ્ત્ર ભગવાનનો સાક્ષાત્કાર કરતું નથી, કારણ કે તેના પ્રવર્તક અને નિયામક ભગવાન્ છે, અને અક્ષરબ્રહ્મમાંથી પ્રકૃતિ તથા પુરુષ પ્રકટ થયા ત્યાર પછી સાંખ્યશાસ્ત્રની પ્રવૃત્તિ થઇ, પાંચ પ્રકારે અનાદિભાવના છે, પુરુષોત્તમ, અક્ષર, કાલ, પ્રકૃતિ અને પુરૂષ એ મતનો આશ્રય કરીને અહીંયાં સાંખ્યસિદ્ધાન્તની પ્રવૃત્તિ છે. પ્રાકૃત સિદ્ધાન્તનો આશ્રય કરીને નથી, એ ધ્યાનમાં રાખવાનું છે.

થયો છે એવા પુરુષને પ્રકૃતિના ગુણોનો સંસર્ગ જ સારી અને નરસી યોનિમાં જન્મ લેવાનું કારણ છે એમ સમજવું. (૨૧) ઉપદૃષ્ટા (સાક્ષી) અનુમન્તા એવો બીજો પુરુષ આ દેહમાં ભર્તા અને ભોક્તા થઇને રહે છે, કે જે પ્રેરક છે, તે મહેશ્વર અને પરમાત્મા એપ્રમાણે કહેવાય છે, અને તે અન્તર્યામીરૂપે રહે છે, તે નિર્લેપ છે (૨૨) એવી રીતે જે આ દેહમાં રહેલ જીવને અન્તર્યામીરૂપે રહેલ પુરુષને તથા ગુણે સહિત રહેલ પ્રકૃતિને જાણે છે, તે સર્વથા દેહમાં રહ્યા છતાં ફરીને ઉત્પન્ન થતો નથી, (અર્થાત્ જીવ તથા ઇશ્વર અક્ષરબ્રહ્મના અંશભૂત છે, અને ક્ષેત્ર ભગવાનની શક્તિરૂપ પ્રકૃતિના અંશભૂત છે, એમ જાણી પોતે આસક્તિરહિત રહે છે, તે ગુણ-પ્રવાહમાં આવતો નથી, (૨૩) એવી રીતે જાણવાનું સાધન બે શ્લોકોથી કહે છે કે પોતાના સ્વરૂપમાં રહેલ આત્માને પોતાથી જ કેટલાક જુવે છે, અને બીજાઓ સાંખ્યથી કેટલાક યોગથી અને કેટલાક નિષ્કામ કર્મયોગથી જુએ છે, અને એવી રીતે નહિંજાણનાર બીજાઓ સારા તત્ત્વદર્શીઓ પાસેથી સાંભળીને ઉપાસના કરે છે, તે પણ શ્રુતિમાં પરાયણ થયેલા મૃત્યુને તરે છે (૨૫) જેટલું સ્થાવરજંગમ પ્રાણી થાય છે, તેટલું સર્વ ભરતર્ષભ! ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી થાય છે એમ જાણ (૨૬) હવે સારી રીતે ગ્રહણ થવા સારુ ફરીને કહે છે કે અન્તર્યામી, પુરુષ અને અવ્યક્ત એ પ્રમાણે ત્રણ પ્રકારનો આત્મા છે, તેમાં અન્તર્યામીના દર્શનમાં ફલ બે શ્લોકથી કહે છે કે સર્વ ભૂતપ્રાણીઓમાં સરખી રીતે રહેલ અને ભૂતપ્રાણી-ઓનો તિરોભાવ થતાં જેનો તિરોભાવ થતો નથી એવા અંતર્યામી પુરુષને જે જુવે છે તે જ ખરો જોનારો છે (૨૭) સર્વ ઠેકાણે સરખા રહેલ ઈશ્વરને જોનાર પુરુષ પોતાના સ્વરૂપથી આત્માનો નાશ કરતો નથી, પણ તેમ જાણવાથી પર અક્ષર-બ્રહ્મને પામે છે, (૨૮) હવે પુરુષનું જ્ઞાન થવાનું ફલ કહે છે કે પ્રકૃતિવડે કરાંતાં જે કર્મોને જાણે છે અને આત્માને અકર્તા જાણે છે, તે ખરું જાણે છે (૨૯) અવ્ય-ક્તના જ્ઞાનમાં ફલ કહે છે કે પ્રકૃતિ, પુરુષ અને તત્ત્વાત્મક સર્વ ભૂતોમાં સર્વ તત્ત્વો વ્યષ્ટિસ્વરૂપમાં રહેલાં છે, તે સમષ્ટિસ્વરૂપના છે, તે સર્વ અક્ષર-બ્રહ્મમાંથી થયેલ છે એમ જે અક્ષરબ્રહ્મના વિસ્તારને જાણે છે તે અક્ષરબ્રહ્મને પ્રાપ્ત થાય છે, (૩૦) પુરુષને પોતાથી માયાસંબન્ધી પદાર્થોના સંબન્ધનો અભાવ છે, તેમ કહે છે કે આ અવ્યય પરમાત્મા અનાદિ તથા નિર્ગુણ હોવાથી કૌન્તેય! શરીરમાં રહ્યો છે છતાં કાંઇ કરતો નથી અને લિપ્ત થતો નથી. (કેવળ અધ્યાસથી જ લિપ્ત થાય છે) (૩૧) નિર્ગુણપણાથી કાંઇ કરતો નથી. અને લિપ્ત થતો નથી એમ કહ્યું ત્યાં શંકા થાય કે દેહમાં રહેલા સર્વ ગુણો સાથે રહેતા હોય તેનાથી લિપ્ત કેમ થાય નહિ? ત્યાં કહે છે કે આકાશ સર્વ ઠેકાણે રહેલું છે, છતાં સૂક્ષ્મ હોવાથી કોઇની સાથે લિપ્ત થતું નથી, તેવી રીતે દેહમાં સર્વ ઠેકાણે રહેલો આ આત્મા કોઇઠેકાણે

લિપ્ત થતો નથી, કારણ કે જીવનો ચૈતન્ય ગુણ સર્વઠેકાણે વ્યાપ્તથઇ રહેલ છે (૩૨) આત્માનું પ્રકાશપણું બીજાં દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરે છે કે જેમ સૂર્ય પ્રકાશ-ધર્મવાળો હોવાને લીધે એક છતાં સમગ્ર આલોકને પ્રકાશિત કરે છે, તેવી રીતે ક્ષેત્રમાં રહેલો જીવ આ સમગ્ર ક્ષેત્રને તત્ત્વજ્ઞાનથી પ્રકાશિત કરે છે, ત્યારે તેનું ક્ષેત્રજ્ઞપણું થાય છે, (૩૩) હવે તેનો ઉપસંહાર કરે છે કે એવી રીતનો ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનો ભેદ અને ભૂતપ્રકૃતિથી મોક્ષ થાય છે તેવો ઉપાય જ્ઞાનરૂપી દૃષ્ટિથી જે જાણે છે તે પુરૂષોત્તમને પ્રાપ્તકરનાર જ્ઞાનને પ્રાપ્ત થાય છે. (૩૪)

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ગુજરાતી ભાષાન્તરનો તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)

અથ ચૌદમો અધ્યાય.

પુરૂષ અનાદિ તથા નિર્ગુણ હોવાથી સ્વતઃ નિર્મલ છે અને પ્રકૃતિ અનાદિ છતાં ત્રિગુણ હોવાથી મલિન છે, તે પ્રકૃતિથી બંધાયેલા આપ્રપંચમાં ગુણાતીત કોઇક જ થાય છે એ હકીકત આ અધ્યાયમાં ત્રિગુણના વિભાગથી કહેવાય છે, તેમાં પ્રથમ ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના સંયોગથી સર્વ સ્થાવરજંગમભૂત પ્રાણિમાત્ર થાય છે એમ પહેલા અધ્યાયમાં કહ્યું અને પુરૂષને સદસદ્યોનિમાં જન્મ ગુણના સંગથી થાય છે એમ કહ્યું છે ત્યાં નિરીશ્વર સાંખ્યની માફક ક્ષેત્ર તથા ક્ષેત્રક્ષનો સંયોગ કહેવાનો આંહી અભિપ્રાય નથી પણ ભગવાનની ઇચ્છાથી થાય છે, એમ કહેવાના અભિ-પ્રાયથી પૂર્વના અધ્યાયની સમાપ્તિમાં જે પુરૂષોત્તમને પ્રાપ્તકરનારૂં જ્ઞાન થાય છે, એમ કહ્યું છે તેનું વિવેચન કરતા ભગવાન્ સત્ત્વાદિ ત્રણે ગુણોનું વિવેચન ચાર શ્લોકથી કરે છે,

श्रीभगवानुवाच—परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥ १ ॥

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥ २ ॥

मम योनिर्महद्ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूतानां ततो भवति भारत ! ॥ ३ ॥

सर्वयोनिषु कौन्तेय ! मूर्तयः संभवन्ति याः ।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥ ४ ॥

અર્થ—પૂર્વના અધ્યાયની સમાપ્તિમાં અચિન્ત્યશક્તિરૂપ જેમનો મહિમા છે એવા પુરૂષોત્તમસંબંધી તત્ત્વજ્ઞાનને જાણનારા પુરૂષોત્તમને પ્રાપ્ત થાય છે એમ કહ્યું

છે, તે અક્ષરબ્રહ્મવિગેરેના જ્ઞાનો કરતાં ઉત્તમ જ્ઞાન છે તેને હું વિસ્તારથી કહીશ, જેને જાણીને સર્વે મુનિઓ આ ત્રૈગુણ્યથી મુક્ત થઇને ઉત્તમ સિદ્ધિને પ્રાપ્ત થયા છે. (૧) આજ્ઞાનનો મારા સમીપમાં આશ્રય કરીને ઐશ્વર્યાદિક મારા છ ધર્મોને પ્રાપ્ત થયેલા પુરૂષો સૃષ્ટિમાં પણ ઉત્પન્ન થયા નથી અને પ્રલયમાં પણ વ્યથા પામતા નથી કિન્તુ મારા સ્વરૂપમાંજ રહે છે, (૨) એવી રીતે જ્ઞાનની પ્રશંસા કરીને અર્જુનને સાંભળવામાં સન્મુખ કરીને પોતાની અચિન્ત્યશક્તિની લીલાના વૈભવને બતાવે છે કે અક્ષરબ્રહ્મ મારૂં સ્વરૂપ છે, તેના સત્, ચિત્ અને આનંદ એવા ત્રણ અંશો છે, તેમાંથી સદંશરૂપ જડાત્મક પ્રકૃત થાય છે, તેમાં અક્ષરબ્રહ્મરૂપ હું ચિદંશભૂત બીજરૂપ સૂત્રાત્મક ગર્ભને ધારણકરૂં છું, તેથી યુક્ત થયેલ વિરાટ્ પુરૂષ (લોકમાં સ્રીમાં પુરૂષ જેમ પોતાના આત્મારૂપ પુત્રને ઉત્પન્ન કરે છે તેમ) પોતાના સ્વરૂપાત્મક સત્ અને ચિદંશભૂત અનેક જીવોને ઉત્પન્ન કરે છે, એવી રીતે ભારત! સર્વ પ્રાણીઓનો સંભવ તેનાથી થાય છે, (૩) કૌન્તેય! સર્વ યોનિઓમાં જે મૂર્તિઓ ઉત્પન્ન થાય છે તેમાં બ્રહ્મ મોટી યોનિ છે, અને બીજને આપનાર પિતારૂપ હું છું (તેથીજ પુરાણાદિકમાં કયાંય લક્ષ્મીનારાયણ અને કયાંય ગૌરીશંકર એવી રીતે સ્ત્રીપુરૂષનાં ભાવને પ્રાપ્ત થયેલ સ્વરૂપનું નિરૂપણ કરેલ છે.) (૪)

એવી રીતે પોતાની ઇચ્છાથી પોતાની પ્રકૃતિથી સૃષ્ટિ થવાની લીલાનું પ્રતિપાદન કરીને બંધલીલાનું પ્રતિપાદન કરવામાટે ચૌદ લોકના બંધના કારણભૂત ગુણોને ચૌદ શ્લોકોથી કહે છે અને ત્યાર પછી ગુણથી મુક્ત થવાની હકીકત કહે છે એમ સોળ શ્લોકોથી શ્રીકૃષ્ણ–ભગવાન્ અર્જુનને ઉપદેશ કરે છે.

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नन्ति महाबाहो ! देहे देहिनमव्ययम् ॥ ५ ॥
तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ! ॥ ६ ॥
रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौन्तेय ! कर्मसंगेन देहिनम् ॥ ७ ॥
तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ! ॥ ८ ॥
सत्त्वं सुखे संजयति रजः कर्मणि भारत ! ।
ज्ञानमावृत्य तु तमः प्रमादे संजयत्युत ॥ ९ ॥
रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ! ।
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ॥ १० ॥

सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ॥ ११ ॥
लोभः प्रवृत्तिरारम्भः कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायन्ते विवृद्धे भरतर्षभ ! ॥ १२ ॥
अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ! ॥ १३ ॥
यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदां लोकानमलान्प्रतिपद्यते ॥ १४ ॥
रजसि प्रलयं गत्वा कर्मसंगिषु जायते ।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥ १५ ॥
कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम् ।
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ॥ १६ ॥
सत्त्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥ १७ ॥
ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ॥ १८ ॥
नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टाऽनुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥ १९ ॥
गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥ २० ॥

અર્થ—સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણે ગુણો કાર્યસહિત આત્માના નથી પણ પ્રકૃતિના છે (નિર્ગુણ આત્માના ગુણો તો સત્ ચિત્ અને આનંદરૂપ છે જે ભાગવતના દ્વિતીય સ્કંધમાં કહ્યા છે) તે દેહાભિમાની જીવ થાય ત્યારે તે જીવ અવ્યય છતાં તેને બંધન કરે છે માટે તું મોટી ક્રિયાશક્તિવાળો હોવાથી દેહાદિકમાં અભિમાનને છોડીદે અને તે છોડીદેવાની તારામાં શક્તિ છે એમ બતાવવા માટે “महाबाहो” એવું સંબોધન આપ્યું છે (૫) તેમાં સત્ત્વગુણ નિર્મલ હોવાથી પ્રકાશકરનારો અને દુઃખવગરનો છે, હે અનઘ! જ્ઞાન અને સુખના સંગથી જીવને બાંધે છે (અર્થાત્ હું સુખી છું, અને હું શબ્દાદિકનો જ્ઞાની છું એવા અભિમાનથી સત્ત્વગુણ જીવને બંધન કરે છે, (૬) તૃષ્ણાના સંગથી ઉત્પન્ન થયેલો રજોગુણ રાગાત્મક છે એમ સમજ અને તે રજોગુણ કૌન્તેય! દેહાભિમાની જીવને કર્મમાં રાગ કરાવીને બંધન કરે છે, (૭) સર્વ દેહીઓને મોહકરનાર તમોગુણથી અજ્ઞાન થાય

છે, એમ જાણ, અને તે તમોગુણ ભારત! પ્રમાદ, આલસ્ય અને નિદ્રાથી દેહાભિમાનીને બાંધે છે, (૮) ભારત! સુખમાં સત્ત્વગુણ ઉત્પન્ન થાય છે, કર્મમાં રજોગુણ અને પ્રમાદમાં જ્ઞાનનું આવરણ કરીને તમોગુણ ઉત્પન્ન થાય છે (અર્થાત્ સત્ત્વગુણથી સુખ થાય છે, રજોગુણથી કર્મ થાય છે અને તમોગુણથી પ્રમાદ ઉત્પન્ન થાય છે.)(૯) ભારત! રજોગુણ તથા તમોગુણનો પરાભવ કરીને સત્ત્વગુણ થાય છે; સત્ત્વગુણ તથા તમોગુણનો પરાભવ કરીને રજોગુણ થાય છે અને રજોગુણ તથા તમોગુણનો પરાભવ કરીને સત્ત્વગુણ થાય છે, (૧૦) આદેહમાં સર્વ ઇન્દ્રિયોના દ્વારમાં જ્યારે પ્રકાશ તથા જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે સત્ત્વગુણ વૃદ્ધિને પામ્યો છે એમ સમજવું, (૧૧) લોભ, ચલ સ્વભાવથી સર્વ કાર્યોમાં પ્રવૃત્તિ, જૂદા જૂદા કર્મો કરવાનો આરંભ, અશાંતિ અને ઇચ્છા એ સર્વ ભરતર્ષભ! જ્યારે રજોગુણ વૃદ્ધિપામે છે ત્યારે થાય છે, (૧૨) અપ્રકાશ અપ્રવૃત્તિ, પ્રમાદ અને મોહ તે અંધતામિસ્ર, તામિસ્ર, મહામોહ, મોહ એ ચારપ્રકારના પ્રાણ, અંતઃકરણ, ઇન્દ્રિયો અને દેહના અધ્યાસો પોતાના અજ્ઞાનરૂપ તમોગુણ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે થાય છે, (૧૩) જ્યારે સત્ત્વગુણ વૃદ્ધિ પામ્યો હોય ત્યારે દેહધારી મરણ પામે તો યોગ, જ્ઞાનવિગેરે ઉત્તમ ઉપાયો જાણનારાઓના શુદ્ધ લોકોને પ્રાપ્ત થાય છે (૧૪) રજોગુણ જ્યારે વૃદ્ધિને પામ્યો હોય ત્યારે દેહી મરણ પામે તો કર્મકરનારાઓમાં ઉત્પન્ન થાય છે અને જ્યારે તમોગુણ વૃદ્ધિ પામ્યો હોય ત્યારે મરણ પામે તો નીચયોનિઓમાં ઉત્પન્ન થાય છે, (૧૫) સુકૃત કર્મનું ફ્લ સાત્ત્વિક અને નિર્મલ સમજવું, રજોગુણનું ફ્લ દુ:ખાત્મક સમજવું અને તમોગુણનું ફ્લ અજ્ઞાન સમજવું, (૧૬) સત્ત્વગુણથી સર્વ વસ્તુઓનું અપરોક્ષ યાથાત્મ્યજ્ઞાન થાય છે, રજોગુણનાં કર્મ કરવાથી જે સ્વર્ગાદિક મળે છે તેમાં લોભ થાય છે (અર્થાત્ જેમ જેમ સ્વર્ગાદિકનું સુખ વધતુંજાય છે તેમ તેમ તેમાં લોભ વધતોજાય છે,) પ્રમાદ, મોહ, અને અજ્ઞાન એ તમોગુણનું ફ્લ થાય છે. (૧૭) સત્વગુણમાં રહેલા ઉંચી ગતિને પ્રાપ્ત થાય છે, રજોગુણમાં રહેલા મધ્યમાં રહે છે અને જઘન્યવૃત્તિવાળા તામસ જીવો અધોગતિને પ્રાપ્ત થાય છે, (૧૮) એવી રીતે ગુણની સૃષ્ટિના ભેદથી સર્વને બંધ થવાની લીલાનું પ્રતિપાદન કરીને હવે તેના વિવેકથી ગુણોનું અતિક્રમ કરવાથી મોક્ષથવારૂપ લીલાનું વર્ણન કરે છે કે જ્યારે જીવ પોતે દ્રષ્ટા થઇને ગુણોશિવાય બીજો કોઇ કર્તા નથી એમ જુએ છે અને ગુણોથીપર જીવનું સ્વરૂપ છે એમ જાણે છે ત્યારે તે પુરૂષ અક્ષરબ્રહ્મને પ્રાપ્ત થાય છે (૧૯) દેહથી ઉત્પન્ન થયેલા એ ત્રણે ગુણોને અતિક્રમ કરીને રહેલા દેહી જન્મ, મૃત્યુ અને જરાના દુ:ખથી રહિત થઇને અમૃતને ભોગવે છે (૨૦)

હવે ગુણાતીતનું લક્ષણ, આચાર અને ગુણનો નાશ થવાનું કારણ જાણવાની ઇચ્છારાખનાર અર્જુન પ્રશ્ન કરે છે.

अर्जुन उवाच—कैर्लिङ्गैस्त्रीन्गुणानेतानतीतो भवति? प्रभो!।
किमाचारः? कथं चैतांस्त्रीन् गुणानतिवर्तते? ॥ २१ ॥

અર્થ—કયાં ચિહ્નોથી એ ત્રણે ગુણોને અતિક્રમ કરીને રહ્યો છે એમ જણાય! અને પ્રભો! ત્રણે ગુણોને અતિક્રમકરનારાઓનો આચાર કેવો હોય? અને કયા ઉપાયોથી ત્રણે ગુણોનું અતિક્રમ કરીને રહેવાય છે? તે કહો (૨૧)

ત્યારે શ્રીકૃષ્ણ–ભગવાન્ તેનું સ્વરૂપ તેનો આચાર અને તેનું ગુણાતીતપણું ચાર શ્લોકથી કહીને ભક્તિમાર્ગીયભક્તોને ગુણાતીતપણું છે એમ બે શ્લોકથી કહીને અધ્યાયની સમાપ્તિ કરે છે.

श्रीभगवानुवाच—प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव!।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि कांक्षति ॥ २२ ॥
उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते।
गुणा वर्तन्त इत्येव योऽवतिष्ठति नेङ्गते ॥ २३ ॥
समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकांचनः।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥ २४ ॥
मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः।
सर्वारंभपरित्यागी गुणातीतः स उच्यते ॥ २५ ॥
मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते।
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥ २६ ॥
ब्रह्मणो हि प्रतिष्ठाऽहममृतस्याऽव्ययस्य च।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥ २७ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे भक्तियोगो नाम चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

જેને સત્ત્વગુણથી પ્રકાશ થાય, રજોગુણથી પ્રવૃત્તિ થાય અને તમોગુણથી મોહ થાય તે પાંડવ! અનાત્મબુદ્ધિવાળામાં પ્રવૃત્ત થયા હોય તેનો દ્વેષ ન કરે અને નિવૃત્ત થયાં હોય તેની ઇચ્છા પણ ન કરે (૨૨) ઉદાસીનની પેઠે રહેલો પુરુષ સત્ત્વાદિકગુણોથી ચલાયમાન થતો નથી, અને એમ સમજે છે કે ગુણો પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે, અને તેવિષે પોતે કોઇ જાતની ચેષ્ટા કરતો નથી, (૨૩) દુઃખ અને સુખમાં સમાનબુદ્ધિવાળો, પોતે આત્માની સ્થિતિમાં રહેલો છે, ઢેફું, પથ્થર અને સુવર્ણમાં પણ સમાનદૃષ્ટિવાળો, પ્રિય તથા

અપ્રિયમાં પણ સમાનબુદ્ધિને રાખનારો, પોતાની સ્તુતિ તથા નિન્દા કરે તેમાં પણ તુલ્યબુદ્ધિવાળો, પોતે ધીરજરાખનાર, (૨૪) કોઇ માન તથા અપમાન કરે તેમાં તુલ્યબુદ્ધિવાળો, મિત્ર તથા શત્રુમાં તુલ્યબુદ્ધિવાળો અને દેહના અભિમાનથી સર્વ ક્રિયાના આરંભને છોડનાર જે માણસ છે તે ગુણાતીત કહેવાય છે (૨૫) વ્યભિચાર-વગરના ભક્તિયોગથી જે મારું સેવન કરે છે, તે ઐકાન્તિક ભક્તિયોગથી સેવન-કરનાર સત્ત્વાદિક ત્રણે ગુણોને અતિક્રમ કરીને અક્ષરબ્રહ્મપણામાટે કલ્પાય છે, (કેવલ ભગવાન્‌ની અવ્યભિચરિત ભક્તિથીજ ગુણાતીતપણું પ્રાપ્ત થાય છે એમ બતાવ્યું છે) (૨૬) ઉપર બ્રહ્મપણાને તથા અમૃતપણાને પ્રાપ્ત થવાનું જે કહેલું છે, તે બ્રહ્મ તથા અમૃતવિગેરે સર્વનો આશ્રયરૂપ હું છું એવા અભિપ્રાયથી કહે છે કે અક્ષરબ્રહ્મનું તથા બ્રહ્માનંદરૂપ અવ્યય મોક્ષનું, શાશ્વત ધર્મનું અને ઐકાન્તિક સુખનું ધામ હું છું, (તાત્પર્યથી વિચાર કરતાં નિષ્કામ ધર્મ, બ્રહ્મભાવ, કે સાંખ્ય તે સર્વનો અભિપ્રાય મૂલસ્થાનરૂપ ભગવાન્‌માંજ છે) (૨૭)

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાના ગુજરાતી ભાષાન્તરનો ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)

અથ પંદરમો અધ્યાય.

એવી રીતે ચૌદમા અધ્યાયમાં પુરુષને ગુણના સંગથી ભગવાન્‌ની ક્રીડા સિદ્ધ થવામાટે પ્રકૃતિનો સંબન્ધ તારતમ્યથી ભગવાનેજ કર્યો છે, તેપ્રમાણે સાંખ્યનું વિવરણ કર્યું તેના પ્રસંગથી ગુણોનો વિભાગ કરીને અન્તે તેગુણોની નિવૃત્તિપૂર્વક અક્ષર-બ્રહ્માત્મની પ્રાપ્તિ થવાનું કહ્યું, તેનું મૂલ પુરુષોત્તમની ભક્તિ છે,તેથી ભક્તિમાર્ગીય ભક્તને વિના શ્રમે ગુણાતીતપણું થઇને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે, એમ સિદ્ધ કર્યું, હવે આઅધ્યાયમાં જેમનું ભજન કરવાનું છે તે અક્ષરબ્રહ્મના પણ આશ્રયરૂપ, મૂલ-ભૂત, સર્વ વેદાન્તના તાત્પર્યભૂત અને ક્ષર અને અક્ષરથી અતીત પૂર્ણપુરુષોત્તમને ક્ષર અને અક્ષરાત્મક બદ્ધ અને મુક્ત સ્વરૂપના મૂલભૂતપણાથી સર્વધર્મના આશ્રયપણું કહેવાસારુ પ્રારંભ કરે છે, તેમાં ગુણની સૃષ્ટિમાં નામરૂપાત્મક સર્વ ચિત્ અને અચિત્ ભગવાન્‌ના સત્ અને ચિત્ અંશથી ઉત્પન્ન થયેલા હોવાથી તે ભગવત્સ્વરૂપ છે, માટે તે ભજનકરવાયોગ્ય છે, એમ કોઇના સમજવામાં આવે, તો તેના સ્વરૂપનું નિરૂપણ કરીને નામરૂપાત્મક પ્રપંચની ભજનીયતાનો પરિહાર કરીને તેના મૂલભૂત ક્ષરઅક્ષરાતીત પોતાના સ્વરૂપની ભજનીયતાનો ઉપદેશ શ્રી-કૃષ્ણ–ભગવાન્ સમગ્ર અધ્યાયથી અર્જુનને ઉપદેશ કરે છે.

श्रीभगवानुवाच–ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छंदांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥ १ ॥

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा गुणप्रवृद्धा विषयप्रवालाः ।
अधश्च मूलान्यनुसन्ततानि कर्मानुबन्धीनि मनुष्यलोके ॥ २ ॥
न रूपमस्येह तथोपलभ्यते नान्तो न चादिर्न च सम्प्रतिष्ठा ।
अश्वत्थमेनं सुविरूढमूलमसङ्गशस्त्रेण दृढेन छित्त्वा ॥ ३ ॥
ततः पदं तत्परिमार्गितव्यं यस्मिन्गता न निवर्तन्ति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥ ४ ॥
निर्मानमोहा जितसङ्गदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥ ५ ॥
न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ ६ ॥
ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥ ७ ॥
शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥ ८ ॥
श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥ ९ ॥
उत्क्रामन्तं स्थितं वाऽपि भुञ्जानं वा गुणान्वितम् ॥
विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ॥ १० ॥
यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ॥ ११ ॥
यदादित्यगतं तेजो जगद् भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥ १२ ॥
गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ॥ १३ ॥
अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥ १४ ॥
सर्वस्य चाहं हृदि सन्निविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो वेदान्तकृद्वेदविदेव चाहम् ॥ १५ ॥
द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥ १६ ॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥ १७ ॥

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥ १८ ॥
यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ! ॥ १९ ॥
इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयाऽनघ ! ।
एतद् बुद्ध्वा बुद्धिमान् स्यात्कृतकृत्यश्च भारत ! ॥ २० ॥

અર્થ—વિચિત્ર નામરૂપપ્રપંચ જેનું નામ છે. એવું આ જગત્ પ્રસિદ્ધ અશ્વત્થ (પીપળારૂપ) શ્રુતિઓ વર્ણવે છે. જેનું મૂલ બ્રહ્મપર્યન્ત ઉંચું છે. તે અક્ષરબ્રહ્મ અને તેના મૂલભૂત પૂર્ણપુરુષોત્તમ–ભગવાન્ પણ તેવી રીતે મૂલભૂત છે. તેવિષે શ્રુતિમાં, કહેલ છે કે, “તે પુરુષરૂપ–ભગવાનેકરીને આ સર્વ જગત્ પૂર્ણ છે. “તે ભગવાન્ પૃથ્વીને ચોતરફથી વીંટાઇને દશ અંગુલ અધિકથઇને રહે છે” ઇત્યાદિક શ્રુતિથી મૂલ વૃક્ષરૂપ ભગવાન્ છે, તેનાથી આવિર્ભૂતથતું આ જગત્ વૃક્ષાત્મક છે એમ કહેવાથી ભગવાનનું સર્વથી મોટાપણું તથા કારણપણું નિરૂપણકર્યું છે. તે વિષે શ્રુતિમાં કહેલ છે કે “ઉંચા મૂલવાળો, નીચે શાખાવાળો આ અશ્વત્થ સનાતન છે, તે ઉંચા મૂલવાળા અને નીચે શાખાવાળા વૃક્ષને જે જાણે છે. તે ભગવાન્‌ના સ્વરૂપને જાણે છે” એમ શ્રુતિઓ કહે છે. પીપળાવિગેરે એકવૃક્ષમાં કરોડો ફળ થાય છે, તેમાં એકફળમાં અસંખ્યાત બીજ થાય છે, તે એકબીજમાંથી જેમ વૃક્ષ થાય છે તેમ ભગવાન્‌રૂપ વૃક્ષમાંથી અનેક ફલો થાય છે, તેફળમાંના એક બીજનો આ બ્રહ્માંડાત્મક વૃક્ષ છે, તે પણ તેવો જ છે, એવી રીતે આદિ અને અંતવગરના ભગવાન્ એ વૃક્ષના મૂલરૂપ છે તેથીજ વૃક્ષના મૂલરૂપ ભગવાન્ ક્યારેક પોતાના અંશદ્વારા અને ક્યારેક તત્ત્વદ્વારા બ્રહ્માંડનું નિર્માણ કરે છે, જેમ વૃક્ષમાં ફૂલ તથા બીજો હોય છે તેમ આ ભગવાન્‌રૂપ વૃક્ષનું ફલ અક્ષરબ્રહ્મ છે, તેના અંશરૂપ તત્ત્વો છે અને બીજરૂપ બ્રહ્માંડ છે, જેમ પીપળાનું ફલ કાગડાવિગેરે પક્ષીઓએ ખાધેલું હોય તે મલદ્વારા બહાર નીકલે ત્યારે તે ફલિત થાય છે, તેવી રીતે અક્ષરબ્રહ્મ તત્ત્વોમાં પ્રવિષ્ટથઇને બહાર નીકળે છે, ત્યારે બ્રહ્માંડરૂપ બીજ ફલિત થાય છે, તે ઉપરથી તત્ત્વોનું પણ ચેતનપણું નિરૂપણકર્યું છે, ઉપરપ્રમાણે વૃક્ષરૂપ નિરૂપણકરવાથી વિચિત્ર રચના બતાવીને પરમકાષ્ઠાપન્ન પૂર્ણપુરૂષોત્તમની કૃતિથી સિદ્ધથવાપણું હોવાથી તેના અંશરૂપપણું છે, અને ભગવદ્રૂપપણાએ કરીને સનાતનપણું સૂચિત કર્યું છે, તેથીજ યજ્ઞપતિ ઉપાધ્યાયોએ કહેલ છે કે “ વેદ અને લોકમય આ જગત્ બ્રહ્માત્મક અને બ્રહ્મકાર્ય છે” તેમજ શ્રીઆચાર્યચરણોએ તત્ત્વદીપ નિબંધમાં આજ્ઞા કરી છે કે “ આ પ્રપંચ ભગવત્કાર્ય છે, અને સર્વભવન

સામર્થ્યરૂપ પોતાની માયાશક્તિ એક રીતે ભગવદ્રૂપ થયેલ છે, ભગવદ્રૂપ પ્રપંચના પત્રરૂપ વેદમંત્રો છે, જેમ શ્રુતિમાં કહેલ છે કે વાયુસંબન્ધી શ્વેત પશુનું આલભન સ્વર્ગની કામનાવાળો કરે," ઇત્યાદિક વેદના મંત્રો વૃક્ષના પત્રને ઠેકાણે છે, એટલે ધૂપના તાપથી તપીગયેલા પુરૂષને જેમ વૃક્ષનાં પત્ર છાયા કરીને સુખ આપે છે, તેવી રીતે આ જગત્‌માં અહંતામમતાત્મક સંસારના તાપથી તપેલા જીવોને સ્વર્ગાદિસાધક યજ્ઞોને બતાવનારા વેદના મંત્રો સુખ આપે છે. એવા મંત્રોનો અભિપ્રાય ઉપરથી તો સકામકર્મપર લાગે છે, પરન્તુ ભીતરથી સ્વર્ગશબ્દનો અર્થ વેદે કહેલો છે કે જે સુખને કોઈ પણ પ્રકારનું દુઃખ મટાડીશકતું નથી, તેવું જ સુખ સ્વર્ગપદને કહેનારું છે, પરન્તુ તેવા આત્મસુખના અધિકારી તમામ જીવો હોતા નથી, તેથી જેઓ કામનાવાળા છે તેને સકામ કર્મ બતાવી તે પ્રમાણે ફલ આપી વેદ પોતામાં દૃઢ આસ્થા બેસાડે છે, એટલે તે વેદનો ખરો અભિપ્રાય જાણવા યત્ન કરે છે, ત્યારે સ્વર્ગશબ્દનો ખરો અર્થ સમજીને આત્મસુખની પ્રાપ્તિમાટે યત્ન કરે છે, એવી રીતે વેદના અભિપ્રાયને જાણો છે તેજ વેદનો ખરો અર્થ જાણે છે વેદ, ભગવત્કાર્યરૂપ પ્રપંચમાં અવિદ્યાએ જેનું આલિંગન કરેલું છે એવા જીવોએ કરેલ અહંતા મમતાથી કલ્પેલ કર્માદિકમાં ભમાવનાર સંસારને મટાડવાનો ઉપાય બતાવે છે, એવી રીતનું વેદનું સ્વરૂપ જાણવું એ શુદ્ધ અદ્વૈતજ્ઞાનનું ઉપયોગી છે એમ જાણે તે વેદને જાણે છે એમ કહેવાય છે. અમૃતતરંગિણીકાર આ શ્લોકનો અભિપ્રાય એ પ્રમાણે વર્ણવે છે કે ઉર્ધ્વ એટલે શ્રીપુરુષોત્તમે પોતાની ક્રીડા માટે જગત્‌ને પેદા કરેલું હોવાથી તે શ્રીપુરુષોત્તમ જગત્‌નું મૂલ છે, અને સેવામાટે ઉત્પન્નકરેલા જીવો તેની શાખા છે એવા અશ્વત્થરૂપ આ જગત્ છે, તે લીલામાટે સૃજેલો હોવાથી નિત્ય રહેનારું છે, (નાશાત્મક નથી પણ આવિર્ભાવતિરોભાવાત્મક છે) તે જીવોને દર્શનયોગ્ય છે, તેથી વ્યાસાદિક તેને અશ્વત્થ કહે છે, અશ્વત્થમાં તાપને મટાડનાર છાયાને ઉપયોગી પત્રો હોય છે, તેમ સંસારના તાપને મટાડનાર ભગવદ્ભજનાદિકને પ્રતિપાદનકરનારા વેદો પત્રરૂપ છે. એ પ્રમાણે દુર્લભ અધિકારવાળો જે જાણે છે તે વેદના વાસ્તવિક અર્થને જાણે છે, (૧) એ અશ્વત્થરૂપ જગત્‌ની શાખાને ઠેકાણે સારાં તથા દુષ્ટ કૃત્યકરનારાઓ કહેવાય છે, તે અશ્વત્થની શાખાઓ ઉપર અને, નીચે પ્રસરેલી છે, તે શાખાઓ સત્ત્વાદિકગુણોએ કરીને વધેલી અને શબ્દાદિક વિષયો જેના પલ્લવરૂપ છે. તેવી શાખાઓ વધેલી છે જેમ અશ્વત્થ કે વટની[1] જટાઓ (વડવાઇઓ) ચાલે છે, તેવી રીતે આ જગદ્રૂપ વૃક્ષમાંથી જટારૂપ વાસનાનાં મૂલો

---

૧ જટાઓમાંથી જ જેમ વૃક્ષ પાછું થાય છે, તેમ વાસનારૂપી મૂલોથી જગતમાં પુનરાવર્તન થઈ અહન્તા અને મમતારૂપ સંસાર વધ્યાકરે છે.

વધતાંજાય છે અને તે કર્મની પાછળ બંધાતાંજાય છે, દુષ્ટકૃતિથી નીચ મનુષ્ય-જાતિ કે પશુપક્ષીની જાતિમાં જાય છે, અને ઉત્તમકૃતિથી દેવાદિકમાં જાય છે, અમૃતરંગિણીકાર એવો અભિપ્રાય દર્શાવે છે કે ઉપર જે ભગવાન્‌ની ક્રીડામાટે પોતે પ્રકટ કરેલ વૃક્ષનું નિરૂપણ કર્યું છે, તે વૃક્ષથી સંસારાત્મક વૃક્ષનું નિરૂપણ આશ્લોકથી કર્યું છે (૨) આજગત્‌નું સ્વરૂપ યથાર્થ રીતે કેવું છે? તે માયાથી મોહિત થયેલા માયાવાદીઓ વિગેરેથી જણાતું નથી, વ્યાસસૂત્રના તૃતીયાધ્યાયના દ્વિતીયપાદમાં કહેલ છે કે "સમગ્રપણાથી સ્વરૂપ અભિવ્યક્ત નહિ હોવાથી સ્વાપ્નિક પ્રપંચ માયામાત્ર છે," એસૂત્રને અનુસારે આપ્રપંચનું ખરૂં સ્વરૂપ તેઓનાથી જણાતું નથી, તેથી તેઓ સ્વપ્નવત્ સમજે છે,[1] તેમ તેનો નિર્ણય, તેનો આદિ કે તેની સ્થિતિ પણ તેઓનાથી જણાતી નથી, તેથી પોતાના અજ્ઞાનથી કલ્પિત છે એમ તેઓ માને છે, (તે સોળમા અધ્યાયમાં આસુરી સંપત્તિના નિરૂપણમાં કહે-વાશે કે આસુર લોકો આજગત્‌ને અસત્ય માને છે, બીજા સ્થિતિ વગરનું માને છે અને ત્રીજા અનીશ્વર માને છે,) તેથી તેઓને જગત્‌નાં ખરાં સ્વરૂપનું ભાન થતું નથી, એ દૃઢમૂલવાળાં અશ્વત્થરૂપ જગત્‌નાં મૂલ વાસનામય છે, તે દૃઢ બંધાઈ-ગયાં છે. તેમૂલને તેમાં આસક્તિ નહિ રાખવારૂપ વૈરાગ્યથી કાપીને તેનું ખરૂં સ્વરૂપઅક્ષર બ્રહ્માત્મક ભગવાનના ધામરૂપ છે, એમ સમજીને તેનું સ્વરૂપ ગોતવું એવો સંબન્ધ આગળના શ્લોકમાં છે, અમૃતતરંગિણીકાર કહે છે કે આ દેખાતા લૌકિક અને નાશવાન્ તથા અત્યન્ત મજબૂત મૂલવાળા અને દૃઢ અશ્વત્થને તેના મધ્યમાં રહેલ દુષ્ટ વિષયવિગેરેનું તપાસવું અને સંગના અભાવરૂપ શસ્ત્રથી કાપીનાખીને ગોતવું તેનો સંબન્ધ આગળ છે (૩) આખાં જગત્‌ની કર્મમાં જુની ઉત્પત્તિ જેનાથી ફેલાઇ છે તે આદિપુરૂષની શરણભાવના કરીને પરમાત્માના સ્વરૂપને પહોચ્યાપછી પાછું ફરવું પડતું નથી તે સ્વરૂપ ગોતવું અને प्रपद्ये એવા પાઠમાં એવો અર્થ સમજવો કે જેનાથી પુરાણી ઉત્પત્તિ ફેલાઇ છે, એવા આદ્ય પુરૂષને હું શરણે જાઉં છું એવી રીતની શરણભાવના કરીને તે અક્ષર-બ્રહ્મનું સ્વરૂપ ગોતવું (૪) બીજાં પણ સાધનો કહે છે કે 'માન અને મોહરહિત સંગના દોષમાં નહિ આવનારા, ઉપનિષદોનો અભ્યાસ કરી આત્માના જ્ઞાનને મેલ-વનારા ઇચ્છારહિત તથા સુખદુઃખનામના દ્વંદ્વથી રહિત વિદ્વાન્ લોકો આવનાશી તેપદને પામે છે (૫) તે પદ ચોખ્ખી રીતે સમજાય તેમ વર્ણવે છે કે વિષ્ણુનું પરમ પદ છે એમ શ્રુતિમાં કહેલ છે, "तद्विष्णोः परमं पदम्" अक्षरम् (તે અક્ષરબ્રહ્મ-રૂપ છે) વળી चैद्ये च सात्वतपतेश्चरणं प्रविष्टे (શિશુપાલ ભગવાન્‌ના ચરણમાં પેસીગયો

[1] વ્યાસસૂત્રના દ્વિતીયાધ્યાયમાં वैधर्म्याच्च न स्वप्नादिवत् એ સુત્રમાં કહેલ જગતનું સ્વરૂપ સ્વ-પ્નાદિક જેવું નથી એ અર્થને તેઓ ભૂલીજાય છે.

ત્યારે) એ શ્રીભાગવતના વાક્યોથી એમ સમજવાનું છેકે, ભગવાન્ જ્યારે વૈકુંઠાદિકલોકમાં બિરાજતા હોય ત્યારે અક્ષરબ્રહ્મ લોકરૂપ થાય છે અને જ્યારે અવતાર ધારણકરે છે ત્યારે તેના ચરણરૂપ અક્ષરબ્રહ્મ છે (તેથી લોકમાં કોઇ મરણપામ્યો હોય ત્યારે તે મુક્ત થયો છે એવા અભિપ્રાયથી રામચરણપામ્યો અથવા તો હરિચરણપામ્યો એમ કહેવાય છે તેનો અભિપ્રાય અક્ષરબ્રહ્મરૂપ થયો છે એમ કહેવાનો છે,) તો ભગવાન્‌ના (વૈકુંઠાદિક) લોકરૂપથી પ્રસિદ્ધ અક્ષરબ્રહ્મને સૂર્યાદિક પ્રકાશ કરીશકતા નથી તે અક્ષરબ્રહ્મજ સર્વને પ્રકાશકરનાર છે, જેલોકને શુદ્ધ અદ્વૈતજ્ઞાનીઓ કે યોગીઓ પ્રાપ્ત થઇને પાછા પ્રપંચમાં અહન્તામમતારૂપ સંસારવિશિષ્ટ થઇને આવતા નથી, તે અક્ષરબ્રહ્મ મારે રહેવાનું ઉત્તમ સ્થાન છે, દ્વિતીયસ્કંધમાં બ્રહ્માજીને જે વૈકુંઠાદિકલોકનું દર્શન કરાવ્યું હતું, ત્યાં કહેલ છે કે ત્યાં માયા કે માયાના ગુણો રહેતા નથી, એટલે માયાથી પર અક્ષરબ્રહ્મ છે તેની પ્રાપ્તિ સત્ત્વાદિગુણોરહિત થયાપછી જ થાય છે, (૬) જેમ અક્ષરબ્રહ્મ મારૂં ધામ છે, તેમ આ જીવ પણ મારૂં ધામ છે, અને તે મારા અંશરૂપ છે, સચ્ચિદાનન્દાત્મક—સ્વરૂપમાંથી કેવલ ચિદાત્મા મારી ઇચ્છાથી જુદો કરેલ છે, તે ખરી રીતે નિત્યસ્વરૂપ હોવાથી સનાતન છે, તે અનાદિ કર્મરૂપ અવિદ્યા વિંટાવાથી તિરોહિતાનન્દસ્વરૂપ જીવભૂત જીવલોકમાં રહેલો છે, તે દેવમનુષ્યાદિપ્રકૃતિવાળાં પરિણામપામેલ જુદાં જુદાં શરીરમાં રહેલ મનસહિત છઇન્દ્રિયોને વિષયોમાં ખેંચે છે તેમાંથી કોઇ જીવ ઉપર કહેલા માર્ગોથી આઅવિદ્યાથી મુક્ત થયેલો અંશરૂપ પોતાના સ્વરૂપથી રહે છે, અને આ સંસારી જીવ ચોતરફથી જેનું જ્ઞાનૈશ્વર્ય અત્યન્ત સંકુચિતથયું છે, તેવો કર્મથી મેળવેલ પ્રકૃતિના પરિણામરૂપ તે તે શરીરમાં રહેલા અને મન જેમાં છઠ્ઠું છે એવાં ઇન્દ્રિયોને કર્મને અનુસારે ખેંચે છે, તે પણ આંહી બ્રહ્મવાદમાં સર્વશક્તિમાન્—પુરૂષોત્તમનો અંશ જ કહેવાય છે. જેમ વ્યાસસૂત્રમાં કહેલછે કે “ अंशो नानाव्यपदेशात् ” (જીવ ભગવાન્‌નો અંશ છે કારણકે શ્રુતિમાં ખરાબઆચરણવાળા તથા સારાંઆચરણવાળા સર્વ આત્માઓ નીકળે છે એમ કહેલ છે,) ચૈતન્યરૂપ જીવનું સ્વરૂપ ભગવાન્‌ની વિચિત્રપ્રકારે રમણકરવાની ઇચ્છાથી તિરોહિતાનન્દવાળું થયું છે. તેથી તેને બંધ અને વિપરીત બુદ્ધિ થઇ છે. અંશથવામાં વિચિત્રપ્રકારની રમણકરવાની ભગવાન્‌ની ઇચ્છા જ કારણ છે. આંહી એવી શંકા નહિ કરવી કે બ્રહ્મ તો અવયવવગરનું છે. તેનો અવયવ જીવ શી રીતે થઇશકે? કારણ કે બ્રહ્મ અંશવગરનું છે કે અંશવાળું છે તે બાબત લોકથી સિદ્ધ નથી પણ વેદથી સમજાય એવી છે, અને વેદમાં તો सर्वएवात्मानो व्युश्चरन्ति कपूयचरणा रमणीयचरणाः (બ્રહ્મમાંથી ખરાબઆચરણવાળા તથા સારાંઆચરણવાળા

સઘળા જીવો નીકળે છે) એમ કહેલ છે, તેથી તેને અનુસારે શ્રીઆચાર્યચરણોએ સિદ્ધકરેલ અંશપણાનો સ્વીકાર કરવો જ જોઇએ. પણ સર્વ શ્રુતિઓને તિલાંજલિ નહિ આપવીજોઇએ. તે કેવી રીતે નીકળેલા સમજવા? એવો વિચાર કરતાં એવી યુક્તિ ઘટે છે કે અગ્નિમાંથી જેમ તણખા નીકળે છે તેમ सर्वतःपाणिपादान्त અને सर्वतोक्षिशिरोमुख બ્રહ્મસ્વરૂપમાંથી સંદંશેકરીને જડ અને ચિદંશવડેકરીને જીવો નીકળ્યા છે, તેમનામાંથી બીજા ધર્મોનો તિરોભાવ થયો છે, તે વિચિત્રપ્રકારે રમણ-કરવાની ભગવાન્‌ની ઇચ્છાથી થયેલ છે માટે તેઓ સ્વતંત્ર નથી, એવી રીતે બ્રહ્મ-વાદમાં તો અંશપક્ષ જ છે, તેથી જ પુરૂષસૂક્તમાં આ સર્વ પુરૂષરૂપ જ છે, એમ કહીને સમગ્રભૂત એમના પાદ છે, એમ કહેલું છે. તેથી ભગવાન્‌ના પાદમાં રહેવા-પણું કહેવાથી અંશપણું જ સિદ્ધથાય છે, એ જ વાત આશ્લોકમાં કહી છે. તેમજ વ્યાસસૂત્રમાં "प्रकाशादिवन्नैवंपरः" એમ કહેલ છે, તેનો અભિપ્રાય એવો છે કે સૂર્ય અને સૂર્યનો પ્રકાશ તથા અગ્નિ અને અગ્નિનો પ્રકાશ જેમ જૂદા નથી, પુરૂષ અને પુરૂષનો પાદ જેમ જૂદો નથી તેમ અંશિરૂપ બ્રહ્મ અને તેનો અંશરૂપ જીવ જૂદા નથી, ત્યાં એવી શંકા નહિ કરવી કે પાદમાં દુઃખ થાય ત્યારે તેપુરૂષને પણ દુઃખ થાય છે, તેવી રીતે જીવને દુઃખ થાય તેનો સંબન્ધ બ્રહ્મને પણ પ્રાપ્તથાય. તેશંકાની નિવૃત્તિમાટે જ સૂત્રમાં કહેલ છે કે नैवं परः એટલે જીવને જેમ દુઃખ થાય છે તેમ બ્રહ્મને થતું નથી, જેમ અગ્નિની ઉષ્ણતા અગ્નિને બાધકારક થતી નથી અને સૂર્યનો પ્રકાશ ખરાબસ્થલમાં પડે તેનો સંબન્ધ સૂર્યને થતો નથી, તેમ જીવના સુખદુઃખનો સંબન્ધ બ્રહ્મને થતો નથી, એ બાબત ઘણી શ્રુતિઓમાં સિદ્ધકરેલી છે, માટે જીવ બ્રહ્મનો અંશ જ છે. માધ્યન્દિનીશાખાના અંતર્યામીબ્રાહ્મણનાં જે પરમાત્મા આ-ત્માની ભીતર રહીને તેનું નિયમન કરે છે, અને કાણ્વશાખાના અંતર્યામીબ્રાહ્મણમાં વિજ્ઞાનમાં રહીને તેનું નિયમન કરે છે, એમ લખેલ છે. તે બન્ને શ્રુતિઓનો એક જ અભિપ્રાય છે. એ અન્તર્યામીબ્રાહ્મણને અનુસારે પણ જેમ પૃથ્વીવિગેરે જૂદા જૂદા છે, તેઓમાં રહીને તેઓનું નિયમન પરમાત્મા કરે છે, તેવી જ રીતે આત્મામાં રહીને આત્માનું નિયમન કરે છે, તે બાબત સિદ્ધ થઇ, એ જીવ વ્યાપક હોય તો બની-શકે નહિ, પણ પરિચ્છિન્ન હોય તો જ બનીશકે. તેથી અનેક શ્રુતિઓમાં જીવોનું અણુપણું સિદ્ધકર્યું છે. વખતે એક શ્રુતિનો અર્થ અન્યથા કરી પ્રતિવાદી જીવનું અણુપણું નહિ માનતાં વિભુપણું માને પરન્તુ અનેક શ્રુતિઓ, સ્મૃતિઓ અને વ્યાસ-સૂત્રોમાં સર્વત્ર અણુપણું જ સિદ્ધકરેલું છે. તે અણુપણું અન્યથા થઇશકે તેમ નથી અને બ્રહ્મનો અંશ હોવાથી જીવ બ્રહ્મરૂપ છે એમ શ્રુતિમાં પ્રતિપાદન કરેલું છે તે પણ ઘટે છે. જેમ તણખો અગ્નિનો અંશ હોવાથી અગ્નિરૂપ છે તેમ જીવ બ્રહ્મરૂપ

છે, તેથી જ બૃહદારણ્યકશ્રુતિમાં જીવનું ઉત્ક્રમણ લખ્યું છે અને વ્યાસસૂત્રમાં જીવની ઉત્ક્રાન્તિ અને ગતિ તથા આગતિ કહી છે, તે પણ જીવ અણુ હોય તો જ ઘટે છે, અને તે જીવ ભૌતિકસૃષ્ટિની માફક પાછળથી થયેલ નથી પણ સનાતન છે. તેઓને ભગવાને પોતે પોતાની ક્રીડાર્થે જૂદા પાડેલા છે. કારણ કે પ્રપંચમાં ક્રીડા કરવામાં જીવસ્વરૂપની મુખ્યતા છે અને તે જીવ છની સંખ્યાને પૂર્ણ કરનાર મન-સહિત વાસનામય લિંગશરીરરૂપ જ્ઞાનેન્દ્રિયોને ખેડુત પૃથ્વીને જેમ ખેડે છે તેમ વિષયભોગ થવાસારૂ વિષયભોગને અનુકૂળ કરે છે. તે ઇન્દ્રિયો પોતાના આત્મામાં રહી નથી પરન્તુ પ્રકૃતિમાં તેનું સંસર્જન કરેલું છે તેથી તેપ્રકૃતિમાં રહેલું છે. (૭) જેશરીરમાંથી જીવ ઉત્ક્રમણ કરે છે, તેશરીરમાં રહેલા ઇન્દ્રિયોનો તે સ્વામી હોવાથી તેઇન્દ્રિયોને ભૂતસૂક્ષ્મોની સાથે ગ્રહણકરીને જાય છે. જેમ વાયુ કસ્તૂરી-વિગેરે સ્થલમાંથી તેમાં રહેલા સૂક્ષ્મઅવયવોની સાથે ગંધને ગ્રહણકરીને જાય છે, તેમ જીવ ભૂતસૂક્ષ્મોની સાથે ઇન્દ્રિયોને ગ્રહણકરીને જાય છે. તે "उत्क्रान्तिगत्या-गतीनाम् અને स्वात्मना चोत्तरयोः" ઇત્યાદિક વ્યાસસૂત્રોમાં વિસ્તારથી નિરૂપણ કરેલ છે, (૮) તેજ ઇન્દ્રિયોને જીવ સેવે છે એમ બતાવવામાટે જેસારૂ ઇન્દ્રિયોને ગ્રહણ-કરી જાય છે તેનું કારણ કહે છે કે, શ્રોત્ર, ચક્ષુ, સ્પર્શ, રસન, ઘ્રાણ અને મન તેનું અધિષ્ઠાનકરીને વિષયોને સેવે છે. તે પ્રાકૃતઅહંકારના કાર્યને પોતપોતાના વિષયની વૃત્તિઓને અનુકૂળ કરીને તે તે શબ્દાદિ વિષયોને ભોગવે છે. (૯) ત્યારે દેહાદિ સંઘાતથી ભેદ થવાથી જુદા રહેલા આત્માને કેમ જાણતા નથી? એવી શંકા થાય. ત્યાં કહે છે કે દેહમાંથી ઉત્ક્રમણ કરતો હોય અથવા તો દેહમાં રહ્યો હોય, અથવા ગુણમય વિષયોને ભોગવતો હોય, અથવા તેગુણોથી યુક્ત હોય તેવા આત્માને પ્રકૃતિમય મનુષ્યત્વાદિ દેહના અભિમાની પ્રાણીઓ દેખતા નથી, પણ દેહ અને આત્મા જૂદો છે એવી જ્ઞાનદૃષ્ટિ જેઓને હોય તેવા જ્ઞાની પુરૂષો દેહાદિકથી જૂદો છે એમ દેખે છે. (૧૦) એ આત્મા એવો તો દુર્જ્ઞેય છે કે, વિવેકીઓમાં પણ કેટલાક દેખે છે અને કેટલાક દેખતા નથી. એમ કહે છે કે ચિત્તવૃત્તિનો નિરોધકરનાર યોગીઓ તે આત્માને દેખે છે અને જેઓએ ચિત્તવૃત્તિનો નિરોધ કર્યો નથી તેવા મંદમતિ-વાળાઓ યત્નકરતાં છતાં પણ દેખતા નથી. (૧૧) એવી રીતે પ્રકાશકરનારા તેજવાળા પદાર્થોના પ્રકાશની પણ જેઓને અપેક્ષા નથી, એવું સચ્ચિદાનંદરૂપ અક્ષરધામ, કાલ, પ્રકૃતિનો અધ્યક્ષ પુરૂષ, અને જીવાવસ્થામાં રહેલો કેવળ ચિદ્રૂપ આત્મા એ સર્વ મારી વિભૂતિ અર્થાત્ મારા અંશરૂપ છે એમ નિરૂપણ કર્યું. હવે અચિત્‌ના પરિણામથી રહેલ સૂર્યવિગેરેનું તેજ પણ મારી વિભૂતિ છે એમ જણાવવા-માટે કહે છે કે આદિત્યમાં રહેલું જે તેજ આખાં જગત્‌ને પ્રકાશ કરે છે, જે ચંદ્ર-

મામાં રહેલું છે, અને જે અગ્નિમાં રહેલું છે તે તેજ મારૂં છે એમ તું સમજ, શ્રુતિમાં આદિત્યમાં જે પુરૂષ રહ્યાનું કહ્યું છે તે હું છું; અને ઓષધિઓનો અધિપતિ ચંદ્રમા એમ લખેલ છે તે ઉપાસનાવિષયથી આધિદૈવિકપણું નિરૂપણકરેલ છે, (૧૨) સૂર્યાદિકમાં કે પૃથ્વીવિગેરેમાં ધારણ, પોષણ અને પાચનની પણ જે શક્તિ છે તે મારી છે, એમ કહે છે કે મારાં ઓજથી હું પૃથ્વીમાં પ્રવિષ્ટથઇને હું ભૂતપ્રાણીઓને ધારણકરૂં છું તેથી પૃથ્વીમાં ધારણકરવાની શક્તિ મારા અંશરૂપ તેજરૂપ છે, વ્રીહિવિગેરે સર્વ ઓષધિઓમાં પોષણકરવાની રસાત્મકશક્તિ મારી છે અને તેશક્તિથી સર્વ ઓષધિઓનું પોષણ કરૂં છું. (૧૩) પ્રાણીઓના દેહમાં હું વૈશ્વાનરરૂપ થઇને પ્રાણ અને અપાન એવી વ્યક્તિના ભેદયુક્ત ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એ ચારે-પ્રકારના અન્નને પચાવું છું. (૧૪) એ વૈશ્વાનરવિગેરેને પોતાના સ્વરૂપપણું કહેવામાં કારણ કહે છે કે સર્વના હૃદયમાં હું રહેલો છું. તેવિષે શ્રુતિમાં કહેલ છે કે "अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वात्मा" (સર્વના આત્મારૂપ હું સર્વની ભીતર પ્રવિષ્ટથઇને જનોને નિયમમાં રાખું છું,) એજ વાત અંતર્યામિબ્રાહ્મણમાં નિરૂપણકરી છે, માટે મારાથી સર્વને પૂર્વે અનુભવકરેલા વિષયનું સ્મરણ થાય છે. ઇન્દ્રિયો, શાસ્ત્રો અને યોગથી થયેલ વસ્તુના નિશ્ચયરૂપ જ્ઞાન પણ મારાથી જ થાય છે, તેમ તેજ્ઞાનનું તિરોધાન પણ મારાથીજ થાય છે. સર્વવેદોથી હું જ જણાઉં છું. બ્રહ્મવાદમાં અગ્નિ, સોમ, સૂર્ય, વાયુ અને ઇન્દ્રાદિક દેવતાઓનો અન્તર્યામી હું હોવાથી વેદ તેઓનું જે પ્રતિપાદન કરે છે તે મારૂં જ પ્રતિપાદન કરે છે. વેદાન્તરૂપ ઉપનિષદો સર્વનો અપવાદ કરીને એકજ આત્માનું પ્રતિપાદન કરે છે એમ જેઓ અભિપ્રાય બતાવે છે, તે સિદ્ધાન્ત જીવકલ્પિત છે. સર્વ વેદોના નિર્ણયરૂપ સિદ્ધા-ન્તને બતાવનાર વેદાન્તોને મારા સિવાય બીજો કોઈ જાણતો નથી, કૃષ્ણ દ્વૈપાયનરૂપ હું થઇને બ્રહ્મવાદને અનુસારે મે જીવકલ્પિત અધ્યારોપ અને અપવાદનો નિરાસ કરીને તત્ત્વનો નિશ્ચય કરેલ છે. બ્રહ્મવાદમાં ક્ષર, અક્ષર અને અક્ષરાતીત એવા રૂપથી હું રમણ કરૂં છું, સર્વશક્તિમાન્ હું છું, તે મારી આજ્ઞાપ્રમાણે કરનાર, સ્વભાવ અને કર્મ જેનું નામ છે, એવી સદંશભૂત મારી માયાને હું ક્ષરમાં રમણમાટે જ્યારે જોડું છું ત્યારે પ્રવાહ સિદ્ધ થાય છે, તથા અક્ષરાત્મક જ્ઞાન અને તેના સાધનની શક્તિનો ઉદય કરાવીને રમણકરવામાટે મર્યાદા છે, અને કેવલ ક્ષર તથા અક્ષરથી અતીત મારાં સ્વરૂપરૂપ પ્રપંચેકરીને રમણકરવામાટે સરજેલા ભક્ત્યાત્મક મારાં સ્વરૂપરૂપ જીવોમાં રમણકરતાં છતાં હું આત્મારામ છું એ પુષ્ટિ છે, એવી રીતે વેદાન્તને કરનાર અને વેદના અર્થને જાણનાર હું છું બીજો કોઈ પણ નથી. (૧૫) લોકમાં ક્ષર અને અક્ષર એવા બે પુરૂષ છે. (આંહી જે પુરૂષ કહેલા છે તે ઉપરથી

બન્ને અથવા તો બંનેમાંથી એક અથવા કેવલ જડપ્રકૃતિવાળો કહેવાનો શ્રીભગવાન્નો અભિપ્રાય નથી, તેથી બીજા લોકો અવ્યક્તથી કહેવાતા અક્ષરને સ્ત્રીરૂપ, પ્રકૃતિપણું કહે છે, તે વાત આંહી સિદ્ધ થતી નથી.) મૂલશ્લોકમાં "एव च" કહેલ છે તેઉપરથી ક્ષર અને અક્ષર બંને પુરૂષ છે એમ સૂચન કર્યું છે. તે ક્ષર જન્મમરણની ઉપાધિવાળો જીવ અને અક્ષર અંતર્યામીરૂપે રહેલ અક્ષરબ્રહ્મ એમ દરેકવ્યક્તિમાં રહેલ છે, અને સમષ્ટિમાં અક્ષરબ્રહ્મ અને જીવ એમ બે પુરૂષ છે. જીવનું ક્ષરપણું ભગવાન્ની રમણકરવાની ઇચ્છાથી પ્રકૃતિના સંસર્ગરૂપ ઉપાધિથી કરેલું છે, તેથી જન્મમરણરૂપ પ્રવાહ થાય છે પણ વસ્તુથી જીવને જન્મ તથા મરણ નથી, તે ભગવાન્ પોતે ક્ષર તથા અક્ષરનું સ્વરૂપ બતાવે છે કે બ્રહ્માથી માંડીને સ્તંબપર્યન્ત વ્યષ્ટિભૂત જીવશબ્દથી કહેવાતા સદંશભૂત અચિત્ની પ્રકૃતિનો સંસર્ગ જેને થયો છે, તેવાં ઉત્પત્તિવિગેરે ક્રિયાના વિષયપણાથી જે વ્યપદિશ્યમાન છે, તે ક્ષર પુરૂષ કહેવાય છે. આંહી "क्षरः" એમ એકવચનનો નિર્દેશ કર્યો છે તે સર્વ વ્યષ્ટિજીવોની બ્રહ્માંડાભિમાની જીવની સાથે એકતાના અભિપ્રાયથી કહેલ છે, અને કૂટસ્થ મૂલભૂત શુદ્ધ સચ્ચિદાનંદાત્મક "तद्धाम परमं मम" ઇત્યાદિકશબ્દથી કહેવાય છે. તે ભૂતસમુદાયરૂપ કૂટમાં રહે છે, અને અવિનાશી આત્મા છે અને તે દ્રષ્ટવ્ય છે, શ્રોતવ્ય છે, અને નિદિધ્યાસ કરવાયોગ્ય છે, ઇત્યાદિક ઉપનિષદ્સંબન્ધી જ્ઞાનથી સાક્ષાત્કરેલો અક્ષર પુરુષ કહેવાય છે. આંહી એકવચનનો નિર્દેશ કર્યો છે, તે સમષ્ટિના મૂલભૂત અક્ષરધામના અભિપ્રાયથી કરેલ છે. જે જ્ઞાનીઓ તથા યોગીઓને મુક્તિ થાય ત્યારે પ્રાપ્ત થાય છે, (૧૬) એ ક્ષર તથા અક્ષરથી ઉત્તમ તેના આશ્રયરૂપ મુખ્યસ્વરૂપ કહે છે કે ઉત્તમપુરુષ તો તેનાથી જુદા છે, એ ક્ષર તથા અક્ષરથી વિલક્ષણ, અગણિત સચ્ચિદાનંદાત્મા સર્વના કારણના કારણરૂપ, અદ્ભુતઐશ્વર્યવાળા, વિભિન્નદ્રવ્યના આશ્રયરૂપ પુરુષોત્તમ જુદા છે, જે ત્રણે લોકમાં પ્રવિષ્ટ થઇને તેનું ધારણ તથા પોષણ કરે છે, તેથી તે પુરુષોત્તમ કહેવાય છે. ક્ષર અને અક્ષર એ બે પુરુષ છે, તેનાથી ઉત્તમ હોવાથી પુરુષોત્તમ કહેવાય છે. જેમ જલાત્મક ગંગાજી તથા પાપનાશાત્મક તેમાં રહેલી શક્તિ એ બન્નેના કરતાં ભગીરથરાજાને પ્રસન્ન થયેલ દેવીરૂપ શક્તિનું સ્વરૂપ જુદું છે. તેવી રીતે ક્ષરાત્મક જગત્ અને અક્ષરબ્રહ્મથી પુરુષોત્તમનું સ્વરૂપ જુદું છે. તે છતાં જેમ જલરૂપ અને પાપનાશકશક્તિરૂપ ગંગાજીના સ્વરૂપથી દેવીરૂપ ગંગાજી જુદાં છે, છતાં અભિન્ન છે, તેમ ક્ષર તથા અક્ષરથી પુરુષોત્તમ અભિન્ન છે. (૧૭) એવી રીતનું પોતાનું પુરુષોત્તમપણું નિર્વચનકરીને પોતે બતાવે છે કે જેકારણથી ક્ષરસ્વરૂપનું અતિક્રમણ કરીને હું રહ્યો છું, અને અક્ષરથી પણ ઉત્તમ છું, તેથી લોકમાં

માહાત્મ્ય દેખાડીને અને વેદમાં "अक्षरात्परतःपरः" અને "ब्रह्मविदाप्नोति परम्" ઇત્યાદિક શ્રુતિઓમાં ક્ષર તથા અક્ષરથી હું ઉત્તમ હોવાથી પુરુષોત્તમ એવી રીતે પ્રસિદ્ધ છું, લોકમાં તે અપરિમત સચ્ચિદાનન્દાકૃતિરૂપ છું, જોવામાં આવું છું. તોપણ માયાથી મોહિતથયેલાઓને અન્યથાપ્રતીતિ માયાથી જ જણાય છે, એવો સિદ્ધાન્ત છે. (૧૮) હું આવાસ્વરૂપવાળો, સર્વોત્તમ પુરુષોત્તમ છું માટે સારાં જ્ઞાનવાળો, સર્વજ્ઞ અને બીજા દેવનું ભજન નહિકરનારો ભક્ત મને ભજે છે એમ કહે છે. ભારત ! મોહ એ અસુરનું સ્વરૂપ કહેવાય છે તો તેવા મોહથી રહિત જે, અજન્મા અને અનાદિ પુરુષોત્તમરૂપ મનેજ જાણે છે તે સર્વને જાણનારો કહેવાય છે. એક પુરુષોત્તમ ભગવાનને જાણવાથી સઘળું જાણીશકાય છે માટે સર્વમાં આત્મભાવથી મને સેવે છે (આ એક બીજા સંપ્રદાયથી આસંપ્રદાયનું વૈલક્ષણ્ય બતાવ્યું છે,) ज्ञानी चेद् भजते कृष्णं तस्मान्नास्त्यधिकः परः (જો જ્ઞાની થઇને ભગવાન્‌ને ભજે તો તેનાથી બીજો અધિક નથી) એમ નિબંધમાં પણ કહ્યું છે. (૧૯) હવે અધ્યાયના અર્થનો ઉપસંહાર કરે છે, એપ્રમાણે પુરૂષોત્તમસંબંધી શાસ્ત્ર સઘળાં વેદાન્તના સારરૂપ છે માટે અત્યન્ત છાનું છે તો પણ સઘળાં વેદાન્તો જેના ચરણોનો વિચાર કરે છે એવા અને વેદાન્તકરનારા પુરૂષોત્તમરૂપ મેં તું નિર્દોષ છો માટે તું જ યોગ્ય છો એમ માનીને તને કહ્યું છે માટે આ વિષય જાણવાથી હરકોઇ માણસ શાસ્ત્રના તાત્પર્યના જ્ઞાનવાળો અને કૃતકૃત્ય થાય છે. જ્યારે હરકોઇ માણસ પણ આ વિષય જાણવાથી બુદ્ધિમાન્ અને કૃતકૃત્ય થઇશકે છે તો અર્જુન! તું કૃતકૃત્ય થા એમાં તો શું જ કહેવું. (૨૦)

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ગુજરાતી ભાષાન્તરનો પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)

અથ ષોડશો અધ્યાય.

પહેલાંના અધ્યાયમાં " यो मामेव मसंमूढो जानाति पुरुषोत्तमम् " એમ કહ્યું ત્યાં बुद्धिर्ज्ञानमसंमोहः (તત્ત્વથી નિશ્ચયરૂપ બુદ્ધિ, ઉપદેશજન્યજ્ઞાન, અસંમોહ એમ દશમા અધ્યાયમાં કહેવાઈગયું છે માટે અસંમૂઢમાણસનું દૈવજીવપણું અને સંમૂઢમાણસનું આસુરજીવપણું એપ્રમાણે વિભાગ કરતાં પહેલાં તો દૈવી સંપદ્ ત્રણ શ્લોકોથી શ્રીભગવાન્ અર્જુનને કહે છે.

श्रीभगवानुवाच–अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥ १ ॥
अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥ २ ॥

तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत! ॥ ३ ॥
दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ! संपदमासुरीम् ॥ ४ ॥
दैवी संपद्विमोक्षाय निबंधायासुरी मता ।
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पांडव! ॥ ५ ॥
द्वौ भूतसर्गौ लोकेऽस्मिन् दैव आसुर एव च ।
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ! मे शृणु ॥ ६ ॥

અર્થ–ભયરહિતપણું, અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાનયોગમાં સ્થિતિ, દાન દેવું, ઇન્દ્રિયોપર અંકુશ ધરાવવો, યજ્ઞ, વેદાધ્યયન, તપ, સરલતા, અહિંસા, સત્ય બોલવું, ક્રોધ નહિંકરવો, ત્યાગ (નિષ્કામપણું), શાંતિ, પિશુનપણું (કોઇની ચાડી કરવી તે) નહિરાખવું, સર્વપ્રાણીઓમાં દયા, કોઈ પદાર્થમાં લાલસા નહિરાખવી, કોમલપણું, લજ્જા, ચપલતા નહિરાખવી, તેજ, ક્ષમા, ધૈર્ય, પવિત્રતા, કોઇનો દ્રોહ નહિકરવો અને બહુ માનની ઇચ્છા નહિરાખવી, એ છવીશ ગુણો દૈવીસંપત્તિમાં જન્મેલ લોકોના હોય છે, અર્થાત્ ભગવાન્‌ની આજ્ઞાપ્રમાણે વર્તવું, એ પોતાનો ધર્મ છે, એમ સમજી તેપ્રમાણે વર્તનારા જે પુરૂષો હોય તે દૈવીસૃષ્ટિમાં ઉત્પન્નથયેલ કહેવાય છે, (એટલે દૈવીસૃષ્ટિમાં જન્મેલા લોકોમાં ઉપર કહેલા છવીશ ગુણો હોય છે, અને તેમાં પણ જેનામાં વધારે ગુણો દેખાય તેમાં વધારે અંશે દૈવીપણું સમજવું.) (૧–૨–૩) હવે આસુરીસૃષ્ટિના જીવોનાં લક્ષણો કહે છે કે દંભ, (ઢોંગ) દર્પ (અહંકાર), અભિમાન, (બધી બાબતોમાં પોતાની મોટાઈ માનનારો), ક્રોધ, પારૂષ્ય (બીજાને કઠોર લાગે એવું બોલવું), અજ્ઞાન (સમજવગરનું) અને મૂલમાં ચકાર છે માટે ઉપલા છવીશ ગુણોથી ઉલટાપણું એ છ દોષો આશ્લોકમાં કહ્યા તે અને ઉપર કહેલા છવીશ ગુણોથી ઉલટાપણું એ દોષો આસુરીસૃષ્ટિમાં જન્મેલ લોકોના હોય છે. બૃહદારણ્યકઉપનિષદ્‌માં "त्रयः प्राजापत्याः" એમ કહીને દેવતા, અસુર અને મનુષ્યોની ગણના કરી છે, તેમ જ પંચરાત્રમાં પણ "उत्पन्नास्त्रिविधा जीवा देवदानवमानवाः" ઇત્યાદિક શ્લોકથી ત્રણપ્રકારના જીવની ઉત્પત્તિ કહીને દેવતાઓ અને ઉત્તમ મનુષ્યો મુક્તિને યોગ્ય છે, મધ્યમ અહંતામમતાત્મક સંસારને યોગ્ય થવાથી વારંવાર જન્મમરણ લીધાકરે છે, તથા અધમ મનુષ્યો નરકમાં જનારા છે, અને દાનવો તો અંધતમમાં જનારા છે, એમ કહેલું છે. તેજપ્રમાણે "ये संभूतिमुपासते" એશ્રુતિમાં અને "मायेत्यसुराः" એશ્રુતિમાં પણ માયાનું અવલંબન કરનારાઓને આસુર કહ્યા છે, તેઉપરથી માયાવાદીલોકો સર્વવિષયમાં માયાનુંજ

અવલંબન કરેછે, તેઉપરથી તેઓની ગણના આસુરમાંજ થાય. (૪) દૈવીસૃષ્ટિ તથા આસુરીસૃષ્ટિથી થતા ફલને બતાવે છે કે દૈવી સૃષ્ટિ પુષ્ટિ તથા મર્યાદા એવા બેભેદથી વિશેષેકરીને મોક્ષને માટે છે અર્થાત્ તેસૃષ્ટિમાં ઉત્પન્નથયેલાઓને મોક્ષરૂપ ફલ થાય છે, અને આસુરીસૃષ્ટિ અજ્ઞ તથા દુર્જ્ઞ એવા ભેદથી નિરંતર બંધમાટે છે અર્થાત્ આસુરી સૃષ્ટિમાં જન્મેલ લોકોને સર્વદા બધ થાય છે. એવી રીતે સૃષ્ટિના દૈવી તથા આસુરી એવા બે ભેદ સાંભળીને અર્જુનને પોતાના સ્વભાવનો નિશ્ચય નહિથવાથી અત્યંત ભય થતાં શ્રીકૃષ્ણ–ભગવાન્ તેની આસવાસના કરે છે કે તું પાંડુથી ઉત્પન્નથયેલ છે, અને પાંડુરાજા દેવાંશ હોવાથી દેવસ્વભાવવાળા તથા ધાર્મિક હતા, તેથી તેનો તું પુત્ર હોવાથી દૈવીસંપત્તિમાં જન્મેલ છો, તેથી તું શોક કરીશ નહિ, અને ધૃતરાષ્ટ્ર તેવો નહિ હતો તેથી તેના પુત્રો તેવા નથી. (૫) આલોકમાં દેવ તથા માયાના અંશથી જન્મેલા જીવોમાં દૈવ તથા આસુર એવા બે સર્ગો છે. મૂલમાં "एव च" કહ્યું છે તે દૈવજીવોમાં પણ આસુરભાવનો ઉદય થવાનો વખત આવ્યો છે, એમ સૂચવ્યું છે. આમાં એટલુંજ તત્ત્વ કહેલું છે કે "પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ" નામના ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણોએ આજ્ઞા કરી છે કે ગીતાજીમાં બે સર્ગો છે એમ કહ્યું છે તેથી નિરંતર સૃષ્ટિથવારૂપ પ્રવાહમાર્ગ પણ રહ્યો છે, વેદની પ્રવૃત્તિ લોકોમાં ચાલુ છે, તેથી મર્યાદામાર્ગ પણ વ્યવસ્થાથી રહેલ છે, અને શાસ્ત્રોમાં ભક્તિમાર્ગનું પણ કથન છે, તેથી પુષ્ટિમાર્ગ પણ છે, કાંઈ પણ કારણવગર ભગવાનનો અનુગ્રહ વ્રજસ્થલોકોની માફક થાય તે પુષ્ટિમાર્ગ છે, તેમાં મર્યાદા તથા પુષ્ટિનું નિરૂપણ આંહીં તથા બીજે સ્થલે વિસ્તારથી કહેલ છે, તેથી તું આસુરીસંપત્તિમાં જન્મેલા જીવોનો વિસ્તાર કહું તે સાંભળ. (૬)

હવે આસુરીસૃષ્ટિનું વિવેચન પંદર શ્લોકોથી કરે છે.

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नाऽपि चाचारो न सत्यं तेषु विद्यते ॥ ७ ॥
असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥ ८ ॥
एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।
प्रभवंत्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥ ९ ॥
काममाश्रित्य दुष्पूरं दंभमानमदान्विताः ।
मोहाद् ग्रहीत्वाऽसद्ग्राहान् प्रवर्तन्तेऽशुचिव्रताः ॥ १० ॥
चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥ ११ ॥

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसञ्चयान् ॥ १२ ॥
इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥ १३ ॥
असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान् सुखी ॥ १४ ॥
आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया ।
यक्ष्ये (भक्ष्ये) दास्यामि मोदिष्यइत्यज्ञानविमोहिताः ॥ १५ ॥
अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥ १६ ॥
आत्मसंभाविताः स्तब्धा धनमानमदान्विताः ।
यजन्ते नामयज्ञैस्ते दंभेनाविधिपूर्वकम् ॥ १७ ॥
अहंकारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ।
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥ १८ ॥
तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥ १९ ॥
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौन्तेय! ततो यान्त्यधमां गतिम् ॥ २० ॥
त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥ २१ ॥

આસુરીસૃષ્ટિમાં જે દોષો રહેલા છે, તેને આગ્રહથી છોડવા જોઇએ, એવો ઉપદેશ કરવામાટે આસુરીસૃષ્ટિનું વિસ્તારથી બારશ્લોકથી નિરૂપણ કરે છે કે પ્રવૃત્તિમાર્ગ અને વેદમાં કહેલ નિવૃત્તિમાર્ગને આસુરીજીવો જાણતા નથી. તેનું કારણ બતાવે છે કે સર્વ કર્મોમાં તથા તેનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોમાં તે સત્ય છે એમ સ્વીકારતા નથી. તેથી તેઓમાં પવિત્રતા, આચાર કે સત્ય નથી, એવી રીતે માનસિક, કાયિક તથા વાચિક દોષો તેમાં રહેલા છે (૭). શ્રીભાગવતમાં દશમસ્કંધની ગર્ભસ્તુતિમાં त्वमेक एवास्य सतः प्रसूतिः (તમેજ સત્ય જગત્‌ના ઉત્પત્તિસ્થાન છો,) અને सत्यस्य सत्यं (સત્યજગત્‌ના પણ સત્યરૂપ તમે છો,) એમ કહ્યું છે, તેમજ છાંદોગ્ય ઉપનિષદ્‌માં ઉદ્દાલકે પોતાના પુત્ર શ્વેતકેતુને ઉપદેશ કરેલ છે, ત્યાં કહેલ છે કે "सदेव सौम्येदमग्रआसीत्" (સૌમ્ય! આ જગત્ આગળ સત્યજ હતું,) અને "तत् सत्य मित्याचक्षते" (તે જગત્ સત્ય છે એમ વેદના અર્થને જાણનારા ઋષિઓ

કહે છે) ઇત્યાદિકશ્રુતિઓથી પરમકાષ્ઠાપન્નસત્યબ્રહ્મથી ઉત્પન્નથયેલું હોવાથી બ્રહ્માત્મક આ જગત્ સત્ય છે. તે સત્યજગત્‌ને આસુરજીવો માયા અને પોતાના અજ્ઞાનથી કલ્પિતપણું બતાવવું ઇત્યાદિક યુક્તિઓથી અસત્ય કહે છે. જો જગત્ અસત્ય છે એમ સ્વીકારીએ તો જગત્‌ની અંદર રહેલ વેદાદિકશાસ્ત્રો અને તેમણે બતાવેલાં સાધનો વ્યર્થ અને ગ્રહણનહિકરવાયોગ્ય થાય. આકાશનું પુષ્પ કે સસલાનું શીંગ અસત્ય છે, તો તેનાથી કાંઇ વ્યવહાર થઇશકતો નથી. તેવી રીતે માયા અથવા પોતાના અજ્ઞાનથી કલ્પિતજગત્‌થી વ્યવહાર થઇશકે નહિં એટલે વેદાદિકશાસ્ત્રોએ કહેલા સાધનોમાં કોઇ પ્રવૃત્તિજ કરે નહિ, (એટલુંજ નહિ પણ જગત્‌ની અંદર રહેલા વેદો પણ અસત્ય અને અજ્ઞાનકલ્પિત થાય એ મોટો અનર્થ કહેવાય, તેથી જે લોકો જગત્‌ને અસત્ય કહે છે, તેઓને આસુર સમજવા. તેમજ બ્રહ્મમાં જગત્‌ની સ્થિતિ નથી એમ આસુર લોકો કહે છે, સર્વસામર્થ્યયુક્ત પરમાત્મા પૂર્ણપુરૂષોત્તમ સત્યસંકલ્પભગવાને આજગત્‌ને પોતાના નિયમમાં રાખ્યું છે એમ નહિ કહેતાં આજગત્‌નો નિયંતા કોઇ ઈશ્વર નથી, એમ કહે છે, અને મેં તો કહેલું છે કે હું સર્વની ઉત્પત્તિનું સ્થાન છું, અને મારાથી સર્વે પ્રવર્તે છે, તેમ હુંજ મારા આત્માએકરીને મારાજ આત્માને સરજું છું, પાલનકરૂં છું અને નાશ કરૂંછું, તે મારાં વચનને નહિ માનીને જગત્‌નો નિયન્તા કોઇ નથી એમ આસુર જીવો કહે છે, જગત્‌ની ઉત્પત્તિ સ્ત્રીપુરૂષના પરસ્પરસંબંધને લીધે થાય છે, જગત્‌ને ઉત્પન્નથવામાં સ્ત્રીપુરૂષનો પરસ્પર કામ કારણરૂપ છે, બીજું કંઇ કારણ નથી એમ સહજ આસુર જીવો કહે છે. (૮) ચોતરફ આ જગત્‌ને મિથ્યા માનવાના વિચારને વળગીરહીને તથા બ્રહ્મરૂપ પોતાને અવિદ્યાના સંબન્ધથી જીવપણું થાય છે એવો સિદ્ધાંત સ્વીકારી આત્માનો નાશકરનારા અને વાસ્તવિકરીતે તો ટુંકબુદ્ધિવાળા અને ઉગ્રકર્મવાળા વિરોધીઓ જગત્‌ના નાશમાટે ઉત્પન્ન થાય છે. વિષ્ણુપુરાણમાં કહ્યું છે કેઃ—

तदेतदक्षयं नित्यं जगन्मुनिवराखिलम् ।
आविर्भावतिरोभावजन्मनाशविकल्पवत् ॥

(મુનિમાં ઉત્તમ! તે આ સઘળું જગત્ ક્ષયવગરનું છે અને નિત્ય છે તથા આવિર્ભાવ અને તિરોભાવ એજ જન્મ અને નાશના વિકલ્પવાળું છે.) (૯) ગમે તેવી રીતે પણ સંતોષ આપીશકાય નહિ એવા કામનો આશ્રય કરવાથી કપટ, અભિમાન અને મદથી યુક્ત હોઇને મોહથી દુરાગ્રહમાં ઉતરે છે. કારણ કે લોકો વિષ્ણુનાં વ્રત શિવાયના ખરાબવ્રતોવાળા હોય છે. મહાભારતમાં મોક્ષધર્મમાં કહ્યું છે કે,

शास्त्रं ह्यबुद्ध्वा तत्त्वेन केचिद् वादबलाज्जनाः ।
ब्रह्मस्तेना निरारंभा दंभमोहव्रतानुगाः ॥

नैर्गुण्यमेव पश्यंतो न गुणाननुयुञ्जते ।
तेषां तमःशरीराणां तम एव परायणम् ॥

અર્થ–(વાસ્તવિક રીતે શાસ્ત્રને નહિ સમજીને કેટલાક લોકો વાદનાજોરથી હું બ્રહ્મ છું એમ કેવલ ખોટું માનનારા (અર્થાત્ બ્રહ્મને ચોરનારા), આરંભરહિત, દંભ, અને મોહથી વ્રતને અનુસરનારા અને નિર્ગુણબ્રહ્મનેજ માનનારા બ્રહ્મનાગુણોને સ્વીકારતા નથી, અજ્ઞાનથી થયેલ તમોરૂપશરીરવાળાતેલોકોનું શરણ અંધતમજ રહે છે, અર્થાત્ તેઓ અંધતમમાંજ જાય છે. (૧૧) મરણની સાથેજ જેનો નાશ થાય છે એવી અને જેનું માપ થઇશકતું નથી એવી ચિંતાનો આશ્રયકરનારા અને કામના ઉપભોગનેજ પુરૂષાર્થ માનનારા લોકો આટલુંજ છે એવા નિશ્ચયવાળા હોય છે. (૧૧) માટેજ સેંકડો આશારૂપીપાસલાથી બંધાએલા અને કામ તથા ક્રોધનાજસેવક બનીને સાંસારિક સુખભોગવવામાટે અનીતિથી પૈસામેળવવાની કોશેષ કરે છે. (૧૨) આજ મેં આટલું મેળવ્યું, આ મારા મનના વિચારને પહોંચીવળીશ, આટલો પૈસો તો છે અને વળી આટલો વધશે. (૧૩) આશત્રુને મેં મારીનાંખ્યો. અને બીજા શત્રુઓને પણ મારીનાંખીશ, હું એક મોટો હુકમદાર માણસ છું, હું ભોગભોગવનારો છું, હું સિદ્ધછું, હું બલવાન્ અને સુખીછું (૧૪) હું ધનવાન્છું, હું સારાં કુલમાં જન્મેલો હોવાથી ઘણાં સગાંવાળોછું; મારાજેવોકોણછે? હું યજ્ઞ કરીશ, હું દાન દઇશ, અને હું મજાહમાં રહીશ એપ્રમાણે અજ્ઞાનથી મોહપામીને (૧૫) જુદાં જુદાં ચિત્તનાતોરથી ખસીગયેલ એટલેકે अज्ञश्चार्धप्रबुद्धश्च ब्रह्माहमिति यो वदेत् ॥ महानरकजालेषु पच्यते नात्र संशयः અર્થ (અજ્ઞાની તથા અર્ધદગ્ધ થઇને જે હું બ્રહ્મછું એમ કહે, તે મોટાનરકોનાસમૂહમાં પડે છે એમાં સંશય નથી) એમ બ્રહ્માંડપુરાણમાં કહ્યું છે એટલે દુર્જ્ઞઆસુરલોકો મોહજાલના વીંટાડામાં આવીને સાંસારિકભોગોમાં લાગીને અપવિત્રનરકમાંપડે છે (૧૬) પોતાને મોટા માનનારા, અક્કડ લોકો ધન તથા માનના મદથીયુક્ત થઇને ઢોંગથી અને તે પણ વિધિવગરના નામમાત્રયજ્ઞોથી યજન કરે છે, (૧૭) અહંકાર, બલ, મિજાજ, કામ અને ક્રોધનો આશ્રયલેનારા લોકો હું જે પુરૂષોત્તમ છું, સઘળાઓનો ઇશ્વર છું, લીલાકરનારોછું, ચોતરફવ્યાપકછું અને ચેતનરૂપછું તેનોપણ પોતાના અને પારકાં શરીરમાં દ્વેષકરનારા અને અદેખા હોય છે, (૧૮) એવા સહજઆસુરલોકોને કે જે મારો દ્વેષ કરે છે તેવા ઘાતકી અને અશુભખરાબ માણસોને હમેશાં આસુરીયોનિમાંજ ધકેલીદઉં છું; પણ જે લોકો આવેશી હોય એવા લોકોને તો આસુરીયોનિમાં મૂકતોનથી, (૧૯) માટે હે અર્જુન! આસુરીયોનિમાં જન્મેલા મૂઢલોકો કોઇપણ જન્મમાં મને પામ્યાવગરજ એટલે દૃષ્ટિથી પણ મારી સાથે સંબન્ધ નહિધરાવીશકતા

અધમગતિને પામેછે. આંહીઆ अप्राप्य एव એ સ્થળે જે એવકાર મૂકવામાં આવ્યો છે તેથી હું જણાવું છું કે મારી પ્રાપ્તિના ઉપાયરૂપ જે સન્માર્ગ છે તેની પ્રાપ્તિ પણ તેને થતી નથી તો પછી સાક્ષાત્ મારી પ્રાપ્તિની આશા તેઓએ શી રીતે રાખવી? માટે તેવા લોકો અંધતમનેજ પામે છે, એ વાત ફલિતાર્થમાં ઉભી રહી. (૨૦) હવે આવા આસુરભાવથી પોતાની ખરાબી થવામાં મૂલ કારણ બતાવે છે. આ આસુરભાવરૂપી-નરકમાં જવાના અને પોતાને ખરાબ કરનારા કામ, ક્રોધ અને લોભ એ ત્રણ દરવાજા છે, માટે એ ત્રણેને છોડીદેવાજોઇએ. આંહીઆં કામ, ક્રોધ અને લોભ એ ત્રણેનો ત્યાગ કરવાની જે ભલામણ કરવામાં આવી છે, તે એક હિતચિંતકતરીકે શ્રીભગવાન્નો ઉપદેશ છે એમ સમજવું. (૨૧)

કામ, ક્રોધ તથા લોભનો ત્યાગ કરવામાં વિશેષ ફલ જણાવે છે.

एतैर्विमुक्तः कौन्तेय ! तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥ २२ ॥
यः शास्त्रविधिमुत्सृज्य वर्त्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥ २३ ॥
तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं स्वधर्मं कर्तुमर्हसि (कर्म कर्तु मिहार्हसि) ॥२४॥

અર્થ—અર્જુન! નરકના દરવાજારૂપ આ ત્રણે કામ, ક્રોધ અને લોભથી મુક્ત થયેલો માણસ પોતાનું કલ્યાણ કરીશકેછે, અને તે પછી ઉત્તમ ગતિને પામે છે. (૨૨) જે માણસ બ્રહ્માવિગેરે દેવો પુરૂષોત્તમ—ભગવાન્ના અવયવો છે, એમ સમજીને અને ભગવાને દેવયજન કરવાનું હમેશાં કહ્યું છે, એવી જાતની શાસ્ત્રની મર્યાદા છે. તે મર્યાદાને ઓળંગીને અશાસ્ત્રીય અને સ્વચ્છન્દ શ્રદ્ધાથી વર્તન ચલાવતો હોય તે માણસ આલોકની કોઇજાતની સિદ્ધિને તથા તત્ત્વજ્ઞાનમળવારૂપી પારલૌકિકસિદ્ધિને મેળવીશકતો નથી, તેમ વળી આલોકનું સુખ તથા ઉત્તમગતિને મેળવીશકતો નથી. (૨૩) હવે છેવટનું તાત્પર્ય કહે છે, કે મારામાં ચિત્ત રાખીને શું કરવું? અને શું નહિ કરવું? એવિષયનો નિર્ણય કરતીવખતે તારે શાસ્ત્રને પ્રમાણતરીકે માનવું, એ સઘળું સમજીને શાસ્ત્રના વિધાનપ્રમાણે તું સ્વધર્મકરવાને યોગ્ય છો. (૨૪) દૈવીસૃષ્ટિમાં ઉત્પન્નથયેલા જીવોને સ્વકર્મમાં વૃત્તિ રહે છે અને નિષિદ્ધથી નિવૃત્તિ થાય છે પણ આસુરભાવનો ઉદયથયો હોય તેનાથી સ્વકર્મમાં વૃત્તિ કે નિષિદ્ધથી નિવૃત્તિ થતી નથી. એપ્રમાણે દૈવાસુરનો વિભાગ આઅધ્યાયમાં કહેલ છે.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાના ગુજરાતી ભાષાન્તરનો સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)

અથ સપ્તદશ અધ્યાય.

આપહેલાના અધ્યાયની સમાપ્તિવખતે यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ॥ न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥ એશ્લોકથી શાસ્ત્રવિધિને છોડીદઇને સ્વચ્છન્દશ્રદ્ધાથી વર્તનારમાણસને દૈવાસુરવિભાગ કહીને પ્રાપ્ત થવાયોગ્યતત્ત્વજ્ઞાનની પ્રાપ્તિરૂપ સિદ્ધિ થતી નથી એમ કહ્યું તેવિષયમાં અર્જુન પૂછે છે કેઃ—

अर्जुन उवाच—ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयाऽन्विताः ।
तेषां निष्ठा तु का कृष्ण ! सत्त्वमाहो रजस्तमः ॥ १ ॥

અર્થ—(કૃષ્ણ ! જે લોકો શાસ્ત્રનીમર્યાદા ઓળંગીને અશાસ્ત્રીય અને સ્વચ્છન્દશ્રદ્ધાવાળા હોય છે તેલોકોની સત્વવિષયક, રજોવિષયક અને તમોવિષયક સ્થિતિમાંથી કઇ સ્થિતિ થાય છે ?

એમ અર્જુનના પૂછવાથી શાસ્ત્રવિધિને ઓળંગી તથા નહિ ઓળંગીને વર્ત્તનારજીવોના ત્રણગુણના વિવેકથી શાસ્ત્રીયશ્રદ્ધાવિગેરેનું સ્વરૂપ કહે છે.

श्रीभगवानुवाच—त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां शृणु ॥ २ ॥
सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत! ।
श्रद्धामयोऽयं पुरुषः योयच्छ्रद्धः स एव सः ॥ ३ ॥
यजन्ते सात्विका देवान्यक्षरक्षांसि राजसाः ।
प्रेतान्भूतगणांश्चैव यजन्ते तामसा जनाः ॥ ४ ॥
अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपोजनाः ।
दंभाहंकारसंयुक्ताः कामरागबलान्विताः ॥ ५ ॥
कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।
मां चैवान्तः शरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान् ॥ ६ ॥
आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥ ७ ॥
आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥ ८ ॥
कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥ ९ ॥
यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसीप्रय ॥ १० ॥

अफलाकांक्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्विकः ॥ ११ ॥
अभिसन्धाय तु फलं दंभार्थमपि चैव यत् ।
इज्यते भरतश्रेष्ठ ! तं यज्ञं विद्धि राजसम् ॥ १२ ॥
विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥ १३ ॥
देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥ १४ ॥
अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ १५ ॥
मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यतेः ॥ १६ ॥
श्रद्धया परया तप्तं तपस्तत्त्रिविधं नरैः ।
अफलाकांक्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥ १७ ॥
सत्कारमानपूजार्थं तपो दंभेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥ १८ ॥
मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥ १९ ॥
दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥ २० ॥
यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्राजसमुदाहृतम् ॥ २१ ॥
अदेशकालेयद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

અર્થ—(દેહાભિમાનરૂપઆસુરધર્મવાળા શાસ્ત્રવિધિને ઓલંગી અથવા તો નહિ ઓલંગીને વર્તનાર દેહાભિમાનવાળા બન્નેપ્રકારનાઆસુર જીવોને તે સ્વાભાવિક-શ્રદ્ધા હોય છે, ત્રણ ગુણરૂપ સ્વભાવને બદલી નાંખવાને શાસ્ત્રીયજ્ઞાન સમર્થ છે, તે પણ તેજ્ઞાન ઉપર કહેલા જીવોનાસ્વભાવને મટાડવા સમર્થ હોતું નથી માટે અશાસ્ત્રીય અને સ્વચ્છંદ નિષ્ઠાજ કેવલ પૂર્વજન્મનાસ્વભાવથી બંધાએલી શ્રદ્ધા છે અને તે શ્રદ્ધા ત્રણ પ્રકારની છે તે એક સાત્ત્વિકી, રાજસી અને તામસી છે. તે શ્રદ્ધાને સાંભળ, (૨) અર્જુન! સઘળા લોકોને શ્રદ્ધાપૂર્વક સંસ્કારનેઅનુસરતાં અંતઃકરણને

મળતી શ્રદ્ધા થાય છે, જેલોકોનું અંતઃકરણ શાસ્ત્રના જ્ઞાનથી રહિત છે, તેલોકોની શ્રદ્ધા પણ તેવીજ હોય છે, અને જેલોકોનું અંતઃકરણ શાસ્ત્રના જ્ઞાનથી રહિત હોતું નથી તેલોકોને શ્રદ્ધા પણ તેવી હોતી નથી, પરંતુ એ શાસ્ત્રવિધિનો ત્યાગકરીને અથવા તો નહિકરીને વર્તનકરવાથી જીવોમાં દૈવાસુરભાવ પ્રતીત થાય છે એમ અમો કહીગયાછીએ. શ્રદ્ધા અને ક્રિયા કરવાની સ્વચ્છંદવૃત્તિ એ આસ્તિકતાની બુદ્ધિજ છે એમ સંપ્રદાયજાણનારાઓ કહે છે તેથી ગુણમયપણું ઘટે છે. સાત્ત્વિક-રાજસ અને તામસ એ ત્રણે દેવોમાંથી જેમાં જેને શ્રદ્ધા હોય છે. તેવો તે કહેવાય છે. કારણ કે આ પુરૂષ શ્રદ્ધામય છે, (૩) તેમાં પહેલાં સાત્ત્વિકને કહે છે કે સત્ત્વગુણી શ્રદ્ધારૂપપ્રકૃતિવાળા પ્રામાણિક સાત્ત્વિકદેવોનું યજનકરેછે. રજોગુણશ્રદ્ધારૂપ પ્રકૃતિવાળા યક્ષ અને રાક્ષસોનું યજન કરે છે અને તમોગુણી શ્રદ્ધારૂપપ્રકૃતિ-વાળા લોકો પ્રેત તથા ભૂતના સમૂહોનું યજન કરેછે, શ્રીભાગવતમાં કહ્યુંછે કે रजस्तमःप्रकृतयः समशीलान् भजंति वै (રજોગુણ અને તમોગુણની પ્રકૃતિવાળા લોકો પોતાના બરોબરીઆસ્વભાવવાળા દેવતાઓને ભજે છે,) એટલે શાસ્ત્રવિધિને ઓલંગી સત્ત્વગુણી, રજોગુણી અને તમોગુણીશ્રદ્ધાથી યજનકરતા લોકોને દૈવ અને આસુર જીવ કહ્યા છે, (૪) તેઓમાં પણ પૂર્વની માફક બે શ્લોકથી વિશેષ કહે છે. જે માણસો શાસ્ત્રવિધિને છોડીદઇ સ્વચ્છન્દ-ઈચ્છાથી દંભ તથા અહંકારવાળા કામ, રાગ અને બલથી યુક્ત, શરીરમાં રહેલ પંચમહાભૂતના સમૂહ અને અંતર્યામી એવા મને કૃષકરનારાઓ, વાલ્મી-કિરામાયણમાં કહેલ શંબુકશૂદ્રનીમાફક ઘોર તપ કરે છે, તેઓને આસુર-નિશ્ચયવાળા જાણ. (૫-૬) હવે ફરીથી પણ શાસ્ત્રીય એવા વૈદિકયજ્ઞવિગે-રેમાં વિવેચન કરવાનો પ્રસંગ આવેલો છે, તેથી તેમાં સત્ત્વગુણ, રજોગુણ તથા તમો-ગુણના ભેદથી વિશેષ વિસ્તાર બતાવે છે. તેમાં પ્રથમ પ્રાણાગ્નિહોત્રમાં સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની વૃદ્ધિનું મૂલ આહાર હોવાથી સઘળા લોકોને ત્રણ પ્રકારનો આહાર પ્રિય હોય છે. તેનું સ્વરૂપ બતાવીને યજ્ઞ, તપ તથા દાન એ ત્રણેમાં યજ્ઞ શ્રુતિથી સિદ્ધ છે અને તપ તથા દાન પુરાણાદિશાસ્ત્રોથી સિદ્ધ છે, તેનો ભેદ કહેવામાં આવશે તે તું સાંભળ. (૭) આયુષ્, સત્ત્વ, બલ, આરોગ્ય, સુખ અને પ્રીતિને વધાર-નારા, મધુરરસવાળા, ઘીથીયુક્ત, સ્થિરપરિણામવાળા અને દેખવામાં સુંદર લાગે એવા આહારો સત્ત્વગુણને ઉત્પન્ન કરનારા હોવાથી સાત્ત્વિકને પ્રિય હોય છે, અને તેવા આહારો સત્ત્વગુણી લોકોનું પરિણામે સારૂં કરનારા પણ હોય છે. (૮) તીખાં (મરચાંવિગેરે), ખાટાં (કાચી કેરીવિગેરે) ખારા, અત્યંત ગરમ, તીક્ષ્ણ (રાઇ ચડા-વવાથી ઉગ્ર રાઇતું થાય છે કે જેની અસર મગજસુધી પહોંચી નેત્ર તથા નાસિકામાં

પાણી આવે છે તે), લુખા (ઘીવગરના), બળતરાકરનારા (પ્રનસનાં બી, વાંસનાં સંધાણાવિગેરે) એવા આહારો રજોગુણીને પ્રિયહોય છે અને તેઓ રજોગુણને વધારનારા હોવાથી પરિણામે દુઃખ, શોક તથા રોગને વધારનારા હોય છે. (૯) વધારે વખત પડયું રહેવાથી ઠરીગયેલું (ખીચડી વિગેરે) રસવગરનું, ગંધાઇગયેલું, વાસી અને અપવિત્ર એવું ઉચ્છિષ્ટ ભોજન તમોગુણીને પ્રિય હોય છે. (૧૦) ત્રણપ્રકારના શાસ્ત્રીય યજ્ઞોનું સ્વરૂપ ત્રણશ્લોકોથી કહે છે કે ફલની ઇચ્છા નહિ રાખીને આ યજ્ઞ આપણને અવશ્ય કર્તવ્ય છે એમ સમજીને મનને સ્થિર રાખીને જે યજ્ઞ કરવામાં આવે છે તે સાત્ત્વિકયજ્ઞ કહેવાય છે. (૧૧) ફલનું અનુસંધાન રાખીને કે ઢોંગ કરવામાટે જે યજન કરવામાં આવે છે તે ભરતશ્રેષ્ઠ! રાજસયજ્ઞ જાણ. (૧૨) શાસ્ત્રવિધિવગર, જેમાં અતિથિને અન્ન અપાતું નથી, મંત્રોચ્ચારવગર અને દક્ષિણાવગર અને શ્રદ્ધારહિત યજ્ઞ કરવામાં આવે તેને તામસયજ્ઞ કહે છે. (૧૩) હવે તપનું સ્વરૂપ સાત્ત્વિકાદિ ભેદથી બતાવવું છે તેને માટે પ્રથમ શારીરાદિભેદથી ત્રણપ્રકારના તપનું સ્વરૂપ કહે છે કે, દેવતા, બ્રાહ્મણો, ગુરૂ અને વિદ્વાનોનું પૂજન, પવિત્રતા, સરલતા, બ્રહ્મચર્ય, અને અહિંસા શારીરતપ કહેવાય છે. (૧૪) કોઇને પણ ઉદ્વેગ કરનારૂં નીવડે નહિ એવું અને તે વલી સત્ય, પ્રિય અને પરિણામમાં હિતકારી હોય એવું વાક્ય તથા વેદાધ્યયનનો અભ્યાસ એ વાણીનું તપ કહેવાય છે. (૧૫) મનની પ્રસન્નતા, ભલમનસાઇ, જોઇતું બોલવું, મનનો નિરોધ અને અંતઃકરણની શુદ્ધિ એ માનસિક તપ કહેવાય છે. (૧૬) શારીર, વાઙ્‌મય અને માનસિક એ પ્રમાણે જે તપના ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે તેજ તપના સાત્વિક, રાજસ અને તામસ એવા ભેદથી તેનું ત્રણપ્રકારપણું ત્રણશ્લોકોથી કહે છે. પરમશ્રદ્ધાથી અને પારલૌકિકફલ તરફ નજર રાખ્યાવગર યોગ્ય માણસો જે તપ કરે છે, તેને લોકો સાત્ત્વિક તપ કહે છે. (૧૭) સત્કાર, માન અને પૂજા મેળવવામાટે અથવા તો ઢોંગથી જે તપ કરવામાં આવે છે તે તપ રાજસ કહેવાય છે અને તે તપ ચલાયમાન તથા અનિત્ય છે. (૧૮) મૂર્ખતાથી થયેલ દુરાગ્રહથી જીવાત્માને પીડા થાય તેવી રીતે અથવા તો બીજાનો નાશ કરવામાટે જે તપ કરવામાં આવે તે તામસ તપ કહ્યું છે. (૧૯) દાન ત્રણપ્રકારનું છે એમ પહેલાં પ્રતિજ્ઞા કરી છે તે ત્રણપ્રકારપણું—હવે ત્રણ શ્લોકોથી કહે છે. આપણને દાન તો દેવું જ છે એમ માનીને સામાના ઉપકારતરફ નજર રાખ્યા વગર દેશ, કાલ અને પાત્ર જોઇને જે દાન કરવામાં આવે છે તે દાન સાત્ત્વિક કહ્યું છે. (૨૦) સામાના વળતાબદલાની ઇચ્છા રાખીને તથા અમુક ફળ ધારીને પરાણે જે દાન કરવામાં આવે છે તે દાનને રાજસ કહ્યું છે. (૨૧) દેશ અને કાલ જોયાવગર દાન કરવામાં આવે, દાન આપવાને નાલાયક લોકોને દાન આપવામાં

આવે, વળી તેમજ સત્કાર કર્યા વગર તિરસ્કારપૂર્વક, જે દાન કરવામાં આવે તે-દાનને તામસ કહ્યું છે. (૨૨)

એપ્રમાણે વેદસિદ્ધ યજ્ઞ, તપ અને દાનનો સત્ત્વ, રજ અને તમોગુણના ભેદથી ભેદ કહ્યો, અને હવે તે શ્રુતિસિદ્ધ યજ્ઞ, તપ અને દાનને દેશ અને કાલ વિગેરેની સામગ્રીનો અભાવ હોય તો પણ તે સામગ્રી સિદ્ધ થાય એવો પ્રકાર કહે છે કે

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥ २३ ॥
तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ।
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥ २४ ॥
तदित्यनभिसन्धाय फलं यज्ञतपःक्रियाः ।
दानक्रियाश्च विविधाः क्रियन्ते मोक्षकाङ्क्षिभिः ॥ २५ ॥
सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ! युज्यते ॥ २६ ॥
यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥ २७ ॥
अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ! न च तत्प्रेत्य नो इह ॥ २८ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रद्धाविवेकयोगो नाम सप्तदशोऽध्यायः ॥ १७ ॥

અર્થ—બ્રહ્મનો ઓમ્, તત્ અને સત્ એવા ત્રણનામથી વ્યપદેશ થાય છે. આંહી બ્રહ્મશબ્દથી વેદ અને શ્રીપુરૂષોત્તમ સમજવાના છે. બ્રહ્મવાદીઓ વેદને બ્રહ્મ શબ્દથી કહે છે અને ભક્તો શ્રીપુરૂષોત્તમને બ્રહ્મશબ્દથી કહે છે. આઠમા અધ્યાયના તેરમા શ્લોકમાં "ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन्" એમ કહી મરણસમયે એકઅક્ષરરૂપ બ્રહ્મનું સ્મરણ કરવાથી ઉત્તમ ગતિ થવાનું કહ્યું છે. ત્યાં ઓંકારને બ્રહ્મરૂપ કહેલ છે, તેમ તત્‌શબ્દ બ્રહ્મને કહેનારો છે, તે શ્રુતિમાં "यतो वाचो निवर्तन्ते" એમ કહીને જેનાથી મનસહિત વાણી જેને નહિપહોચીને પાછી ફરે છે તે બ્રહ્મ છે. આંહીઆ "तत्" શબ્દથી બ્રહ્મને ઓળખાવીને તેમ જ બૃહદ્વામનપુરાણમાં શ્રુતિઓના વરદાનના પ્રસંગમાં કહ્યું છે કે પૂર્વે જાણનારા જેને આનંદ માત્ર કહે છે, તે વાણી તથા મનથી અગોચર છે તેથી તે જણાતું નથી તો ત્યાં પણ "तत्" શબ્દથી બ્રહ્મ કહેલ છે, સત્ એ પણ બ્રહ્મનું નામ છે, "सद् ब्रह्मास्तिब्रह्म" એશ્રુતિમાં સત્‌શબ્દથી બ્રહ્મ કહેલ છે, એવી રીતે ઓમ્, તત્ અને સત્ એ ત્રણ નામ બ્રહ્મનાં

છે, તેનો સર્વત્ર યજ્ઞાદિકમાં વિનિયોગ થાય છે, તે વિનિયોગ કરવાથી સર્વ દેશકાલાદિની સંપત્તિ સિદ્ધ થાય છે, એમ બતાવવામાટે પૂર્વનું વૃત્તાંત કહે છે કે ઓમ, તત્ અને સત્ એ ત્રણપ્રકારના નિર્દેશે કરીને પૂર્વે બ્રાહ્મણો, વેદો અને યજ્ઞો કરેલા છે, ને તેથી પરબ્રહ્મ (શ્રીપૂર્ણપુરૂષોત્તમ) અને શબ્દબ્રહ્મ (વેદ) બન્નેને કહેનાર ઓમ્, તત્ અને સત્ એ ત્રણે નામ છે, તેમાં પ્રથમ ઓંકાર છે, એ ઓંકાર પૃથ્વીપર જેટલા શબ્દોનો ઉચ્ચાર થાય છે તેશબ્દોનું મૂલ છે, તેથી સર્વ ઠેકાણે વિધિથી જોડવામાં આવે છે, તેઓંકારની સાથે તત્શબ્દ તથા સત્શબ્દ પણ ઉમેરવામાં આવે છે, એટલે "ઓમ્, તત્, સત્" એવો નિર્દેશ કરીને ત્રિકાંડ વેદો અને યજ્ઞો વિધાનપૂર્વક કરવામાં આવે છે, અથવા મેં સર્ગની આદિમાં "ઓમ્, તત્ અને સત્" એટલા શબ્દો હેતુરૂપ કહ્યા છે. આંહી "ઓમ્" એમ ઉચ્ચાર કરીને બ્રાહ્મણો અને "તત્" એ બ્રહ્મપર લગાવીને વેદો અને "સત્" એવી રીતના તેના અર્થરૂપ કર્મપણાવડે કરીને યજ્ઞો કરેલા છે, એમ વિવેચન કરવું જોઇએ, એમ કેટલાક કહે છે, પરંતુ અમે તો ઉચ્ચારકરનારા બ્રાહ્મણો અને જેનો ઉચ્ચાર કરે છે તેવા વેદો અને ઉચ્ચાર કરીને જે કાર્ય કરવામાં આવે છે તે યજ્ઞો વેદના અધિકારવાળાઓને માટે પૂર્વે કહેલા છે, એમ કહીએ છીએ, (૨૩) ઓમ્, તત્ અને સત્ એ ત્રણેનો અન્વય કેમ કરવો તેનો પ્રકાર બતાવતાં પ્રથમ ઓમ્ એશબ્દના ઉચ્ચારનો પ્રકાર કહે છે કે, ઉપરના શ્લોકમાં કહ્યાપ્રમાણે વેદના અધિકારવાળાઓમાટે "ઓમ્, તત અને સત્" એ શબ્દો પૂર્વે કહેલા છે તેથી ઓમ્ એમ કહીને વિધાનથી કહેલ વેદવાદીઓના યજ્ઞ, દાન, તપ અને ક્રિયાઓ પ્રવર્તે છે, (૨૪) "તત્" પદથી બ્રહ્મ કહેવાય છે, તેથી ગાયત્રીમાં પ્રથમશબ્દ "તત્" મૂકેલ છે, અને મહાભારતમાં કહેલ વિષ્ણુસહસ્રનામમાં 'किं यत्तत्पदमनुत्तमम्' એમ પ્રશ્ન કરેલ છે, ત્યાં પણ તત્શબ્દ મૂકેલો છે, તેથી તત્પદ શબ્દથી કહેવાતું બ્રહ્મજ ફલરૂપ છે, માટે મોક્ષની ઇચ્છાવાળાઓ લૌકિક ફલની ઇચ્છા નહિરાખીને બ્રહ્મને કહેનાર "તત્" શબ્દથી બતાવીને યજ્ઞાદિક ક્રિયાઓ કરે છે, અને જેને મોક્ષની ઇચ્છા નથી તેવા પુરુષો તત્શબ્દનો નિર્દેશ કરીને ક્રિયા કરતા નથી (૨૫) સત્શબ્દના અન્વયનો પ્રકાર લોકમાં શબ્દવ્યુત્પત્તિની સિદ્ધિએ કરીને દેખાડે છે કે સત્ય ભાવમાં અને સારા ભાવમાં સતશબ્દનો પ્રયોગ કરે છે, "સત્" શબ્દ સાચી વસ્તુમાં અને સારી વસ્તુમાં વપરાય છે, તેમજ પાર્થ! વખાણકરવાયોગ્ય કર્મમાં "સત્" શબ્દ જોડાય છે. કારણ કે સત્શબ્દ બ્રહ્મને કહેનાર છે, તે સર્વત્ર વિદ્યમાન વ્યાપક બ્રહ્મનુંજ સર્વત્ર શ્રવણ હોવાથી સર્વઠેકાણે સત્શબ્દનો પ્રયોગ કરવો એ યોગ્ય છે, (૨૬) યજ્ઞમાં, તપમાં અને દાનમાં સ્થિતિ રહે તે સત્ કહેવાય છે, સત્ સત્તાને કહેનાર છે અને તે સત્તા બ્રહ્મરૂપ હોવાથી સર્વત્ર વ્યાપક છે, તેથી જ સર્વ

વસ્તુનો ખરો અભિપ્રાય સત્તામાં રહેલ છે, અને તેસત્તાનું ખરાપણુંભગવાન્જ છે તેથી ભગવાન્શિવાય બીજી વસ્તુ કંઇ નથી એમ શ્રીભાગવતના દશમસ્કંધમાં કહેલ છે, એવી રીતે સર્વ ભગવદ્રૂપ છે એમ બતાવનાર સત્ શબ્દ છે એમ કહેવાથી ભગવાન્માં સ્થિતિ બતાવી અને ભગવદર્થે જે કર્મ કરવામાં આવે તે સત્ કહેવાય છે (અર્થાત્ ઉત્તમ કહેવાય છે) એટલે શ્રીભાગવતના એકાદશસ્કંધમાં ભગવાને ઉદ્ધવજીને કહેલ છે કે જે ક્રિયા કરવામાં આવે છે તે હુંરૂપજ ક્રિયા કરવામાં આવે છે, અને વેદ જે કહે છે તે મનેજ કહે છે. એ પ્રાચીન સદાચારની પરિપાટી બતાવી. (૨૭) યજ્ઞાદિક કરે, હોમ કરે, તપ કરે અને દાન કરે એ સર્વ શાસ્ત્રીય શ્રદ્ધાથી રહિત થઇને કરે તે પાર્થ! અસત્ કહેવાય છે અર્થાત્ તે વ્યર્થ છે એટલે તેનું ફલ આલોકમાં કે પરલોકમાં થતું નથી. (૨૮)

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાના ગુજરાતી ભાષાન્તરનો "શ્રદ્ધાવિવેકયોગ" નામનો સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)

અથ અઢારમો અધ્યાય.

અઢારમા અધ્યાયમાં ત્યાગ અને સંન્યાસનો નિર્ણય કર્યા પછી સઘળા ધર્મોને છોડીને મારૂં શરણ લેવામાં મોક્ષ થાય છે એમ પોતાની ગીતાનો અર્થ કહેવાશે, આંહીઆં "सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी । संन्यासयोगयुक्तात्मा" એ વિગેરે સ્થલોમાં "संन्यास" શબ્દ વાપર્યો છે, અને त्यक्त्वा कर्मफलासङ्गम् એ વિગેરે સ્થલોમાં ત્યાગશબ્દ વાપર્યો છે, તો તે વિષયમાં સંન્યાસ અને ત્યાગશબ્દનો અર્થ એકજ છે કે કાંઈ ભિન્ન છે? એબાબતમાં છેવટના તત્ત્વને જાણવાની ઇચ્છાથી અર્જુન પૂછે છે કે—

अर्जुन उवाच—संन्यासस्य महाबाहो! तत्त्वमिच्छामि वेदितुम् ।
त्यागस्य च हृषीकेश! पृथक्केशिनिषूदन! ॥ १ ॥

અર્થ—महाबाहो! મોટી ક્રિયાશક્તિવાળા અને केशिनिषूदन! (કેશીદૈત્યને મારનાર) આ બન્ને વિશેષણ આપી આપ સંશયરૂપી અસુરનો નાશ કરવામાટે છો એમ સૂચવે છે, હૃષીકેશ! હું સંન્યાસ તથા ત્યાગનું જુદું તત્ત્વ જાણવા ઇચ્છું છું (૧) તેમાં ત્યાગ અને સંન્યાસનો એક અર્થ છે તો પણ વિષયભેદથી બીજા લોકોના મતો બતાવીને નિર્ણય કરવા માગતા ભગવાન્ છેવટે જવાબમાં ભાષ્યરૂપે ઉત્તર કહે છે કે—

श्रीभगवानुवाच—काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥ २ ॥
त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।
यज्ञदानतपः कर्म न त्याज्यमिति चापरे ॥ ३ ॥

निश्चयं श्रृणु मे तत्र त्यागे भरतसत्तम! ।
त्यागो हि पुरुषव्याघ्र! त्रिविधः संप्रकीर्तितः ॥ ४ ॥
यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपः कर्म पावनानि मनीषिणाम् ॥ ५ ॥
एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ! निश्चितं मतमुत्तमम् ॥ ६ ॥
नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥ ७ ॥
दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ॥ ८ ॥
कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन! ।
सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः ॥ ९ ॥
न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ।
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥ १० ॥
नहि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥ ११ ॥
अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।
भवत्यत्यागिनां प्रेत्य न तु संन्यासिनां क्वचित् ॥ १२ ॥
पञ्चैतानि महाबाहो! कारणानि निबोध मे ।
साङ्ख्ये कृतान्ते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥ १३ ॥
अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक् चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥ १४ ॥
शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीतं वा पञ्चैते तस्य हेतवः ॥ १५ ॥
तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥ १६ ॥
यस्य नाहङ्कृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वाऽपि स इमाँल्लोकान्न हन्ति न निबध्यते ॥ १७ ॥

અર્થ—"સ્વર્ગની કામનાવાળો, જ્યોતિષ્ટોમયજ્ઞથી યજન કરે" "જે અશ્વમેધથી યજન કરે છે તે સર્વપાપને તરે છે અને બ્રહ્મહત્યાને પણ તરે છે," અને "પુત્રની કામનાવાળો યજન કરે" ઇત્યાદિક કામનાઓ બતાવીને વેદે કહેલા યજ્ઞો કરવા નહિ

એ સંન્યાસ છે એમ કવિઓ જાણે છે અને તેનાથી પણ વિચક્ષણ ભક્તો યજ્ઞ કરવાજ નહિ એવી રીતના ત્યાગને સહન નહિકરીને નિત્ય, નૈમિત્તિક અને કામ્ય એ સર્વપ્રકારના કર્મોનું ફલ વેદમાં સાંભળવામાં આવે છે, તેનો ત્યાગ કરવો એજ ત્યાગ શબ્દનો અર્થ છે, એમ બેપ્રકારના અર્થમાં પ્રથમના અર્થમાં યજ્ઞનો સ્વરૂપથીજ ત્યાગ છે એટલે યજ્ઞો કરવાજ નહિ એવો અભિપ્રાય છે અને વિચક્ષણ એવા ભક્તોના અભિપ્રાયમાં વિહિત યજ્ઞો કરવા પણ તેના ફલની ઇચ્છા રાખવી નહિ એવો અર્થ થાય છે, (૨) સાંખ્યમતાનુસારે કેટલાક એમ કહે છે કે હિંસાવિગેરે દોષવાળું કર્મ હોવાથી કર્મમાત્ર કરવું નહિ. તેમાં યુક્તિ બતાવે છે તેથી તેઓને બુદ્ધિવાળા કહ્યા છે. મીમાંસકો એમ કહે છે કે યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ વેદમાં કહેલું છે તેથી છોડવું નહિ. જોકે મીમાંસકો ભ્રાંત છે. તોપણ કોઇ પણ અંશમાં વેદને છોડતા નથી માટે વેદને માનવારૂપ અંશમાં તેઓ સારા છે. જો કે પૂર્વે કહેલા સાંખ્યાનુસારી પણ વેદને છોડતા નથી, તો પણ ઉપરથી તેઓની પ્રતીતિ લઇને એવી રીતે ઉપન્યાસ કર્યો છે. બાકી ખરી રીતે તો તેઓ કામ્યકર્મને છોડવાનું કહે છે. તેઉપરથી અકામ્ય કર્મ કરવાનું વિધાન અર્થાત્ સિદ્ધ થાય છે. એવા અભિપ્રાયથી તેઓને કવિ કહ્યા છે, અને ભક્તોમાં વિચક્ષણ કહ્યા છે, તેમ દોષવાળું કર્મ છોડવાનું કહ્યું છે. તેમાં દોષવગરનું કર્મ કરવાનું અર્થાત્ સિદ્ધ થાય છે, તેથી તેઓને બુદ્ધિવાળા કહ્યા છે. (૩) એવી રીતે શ્રુતિસિદ્ધ કર્મોનો નિર્ણય થાય છે. તેનો તેઓ નિશ્ચય કરતા નથી માટે શ્રીકૃષ્ણ ભગવાન્ પોતે નિર્ણય કહે છે કે, ભરતસત્તમ! તે ત્યાગમાં જે મારો નિશ્ચય છે તે તું સાંભળ. પુરૂષમાંસિંહરૂપ ! ત્યાગ ત્રણપ્રકારનો કહેલ છે, (૪) યજ્ઞ, દાન અને તપરૂપ કર્મનો ત્યાગ તામસ, રાજસ અને સાત્વિક એવાભેદથી ત્રણપ્રકારનો કહ્યો છે, અથવા ઉપરના શ્લોકમાં ત્રણપ્રકારનો ત્યાગ એવી રીતે કહ્યો છે. તે સર્વકર્મો મારામાં અર્પણકરવાં એમ કહ્યું છે. ત્યાં પોતે આશારહિત થઈ મમતારહિત થઈ કર્મ કરવાં, એટલે સર્વ કર્મો મને અર્પણ કરી તેના કર્તાપણાનું મારામાં અનુસંધાન કરી હું તેમને આધીન થઈ તેમણે આપેલ શક્તિથી કર્મ કરૂં છું. એવી બુદ્ધિથી કર્મ કરે તેમાં કર્તાપણાનો મમતાનો અને ફલનો એમ ત્રણપ્રકારે ત્યાગ થાય તેનું નામ સંન્યાસ છે એમ કહ્યું છે. (૪) એક અંશથી મીમાંસકોના મતનો સ્વીકાર કરીને કહે છે કે યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ છોડવું નહિ, પણ તે કરવુંજ જોઇએ. કારણ કે બુદ્ધિમાન્ પુરૂષોને યજ્ઞ, દાન અને તપ પવિત્રકરનારાં છે, એટલે "यज्ञो वै विष्णुः" એ શ્રુતિસિદ્ધ ભગવાન્‌નું ક્રિયાત્મક સ્વરૂપ ભગવાન્ છે. દેવતાનો ઉદ્દેશ કરીને દ્રવ્ય આપવું તે દાન કહેવાય છે. અને સ્વધર્મનું આચરણ કરવું તે તપ કહેવાય છે. એ ત્રણપ્રકારનું શ્રૌતકર્મ ભગવદ્ધર્મના સ્થાનરૂપ છે, તે મુમુક્ષુએ પણ છોડવું નહિ કિંતુ મન

તૃપ્ત થાય (અર્થાત્ ક્યાંય દોડે નહિ તેવું સ્વચ્છ મન થાય) ત્યાંસુધી દરરોજ એ ત્રણ-પ્રકારનું કર્મ કરવું, તેમ વેદમાં કહ્યું છે માટે પણ કર્તવ્યજ છે. કારણ કે એક અંશમાં પણ વેદનો પરિત્યાગ નહિ થવો જોઇએ એવો નિયમ છે. આંહી એવી શંકા થાય કે શ્રીકૃષ્ણ—ભગવાન્ યજ્ઞ, દાન અને તપરૂપ કર્મની કર્તવ્યતાના વિધિનો ઉપદેશ કેમ કરે છે? ત્યાં શ્રીકૃષ્ણ પોતેજ તેનું કારણ બતાવે છે કે યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ બુદ્ધિવાળાઓને પવિત્રકરનારાં છે, એટલે જે બુદ્ધિવાળાઓએ કર્મ દોષવાળાં છે એમ કહ્યું છે, તેઓનેજ તે કર્મ ગુણકરનારાં છે, તેથીજ યુધિષ્ઠિરરાજા ભગવદીય હતા, તેઓને જ્યારે રાજસૂય—યજ્ઞ કરવો હતો ત્યારે શ્રીકૃષ્ણની આજ્ઞા માગી કે આપની વિભૂતિઓનું હું યજન કરીશ, તેઉપરથી એમ સમજવું જોઇએ કે ભગવદ્ભક્તોએ યજ્ઞમાં જેઓનું યજન થાય છે તે તમામ દેવતાઓને ભગવાન્‌ની વિભૂતિરૂપ સમજી, તથા ભગવાન્‌ની આજ્ઞા માગીને તે કર્મ કરવું, તો તે કર્મ તેના ચિત્તની શુદ્ધિકરનાર થાય છે, ભગવદીયોને કર્મ કરવું કે નહિ કરવું, એબાબતનો ઉપન્યાસ કરીને અણુ-ભાષ્યમાં ત્રીજા અધ્યાયના ત્રીજા પાદના પંદરમા અધિકરણમાં વિસ્તારથી કહેલ છે, તેથી આંહી તેનો વિસ્તાર કરતા નથી. (૫) એવી રીતે બ્રહ્મવાદીઓને કર્મ કરવાનું પ્રાપ્ત થયું, તેમાં સંગને પોતાના કર્તાપણાના અભિનિવેશને અને તેમાં પ્રિય લાગે એવાં જે ફલ કહ્યાં છે તેને છોડીને યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ કર્તવ્ય છે, એવો વિચક્ષણલોકોનો જે મત છે તે હે પાર્થ! બીજા મતકરતાં ઉત્તમ છે (૬) પ્રથમ સાંખ્યા-નુસારે જે કવિનો મત કહ્યો હતો તેને દોષરૂપ બતાવે છે કે કામ દર્શાવીને પણ વેદે નિયમથી વિહિતપણાથી કહેલ કર્મનો સ્વરૂપથી ત્યાગ કરવો એમ જે કવિઓનું માનવું છે, તે યોગ્ય નથી. કારણ કે વૈદિકોને કોઇપણ અંશમાં વેદે કહેલાં કર્મનો ત્યાગ નહિ કરવો જોઇએ. તે છતાં જો મોહથી વૈદિકકર્મનો ત્યાગ કરે છે, તો તે ત્યાગ તામસ કહેવાય છે. કારણ કે જો કર્મનો ત્યાગ વેદને ઇષ્ટ હોય તો વેદ કર્મનો બોધજ ન કરે. માટે વેદને ઇષ્ટ તો પોતાની અહંતા, મમતા અને ફલાંશનો ત્યાગજ છે, કર્મ નહિ કરવા એમ વેદને ઇષ્ટ નથી. તે અભિપ્રાયને મોહથી જાણે નહિ અને સ્વરૂપથીજ કર્મનો ત્યાગ કરવાનું સમજીલે તો તે ત્યાગ મોહથી થયેલો હોવાથી તામસ છે. કારણ કે પ્રમાદ અને મોહ તમોગુણનું કાર્ય છે, અને તેવી રીતે કર્મનો ત્યાગકરનારને પ્રત્યવાય લાગે છે. (૭) હવે પ્રસંગથી રાજસત્યાગનું સ્વરૂપ કહે છે કે નિત્યપણાથી જે કર્મ વેદે કહ્યાં છે, તેનું ફલ પરંપરાથી મોક્ષસુધી સિદ્ધ થાય છે. તેવું કર્મ કરવામાં દ્રવ્ય જોઇએ અને તેને મેળવવામાં મહેનત થાય, તેમ યજ્ઞાદિક કરવામાં મહેનત થાય તે સર્વ દુઃખરૂપ છે, એમ માનીને પોતાના શરીરના ક્લેશને લીધે કર્મને છોડીદે તો તે રાજસત્યાગ કહેવાય છે. તેવો રાજસત્યાગકરનારને

ત્યાગ કરીને મોક્ષના સાધનમાં પ્રવૃત્ત થવારૂપ ફલ પ્રાપ્ત થતું નથી. (૮) હવે વિચક્ષણનો મત કહે છે કે વેદે નિયમથી જેને નિત્યકર્મ કહ્યું છે, તે અવશ્ય કરવું જોઇએ. એમ સમજીને તેમાં પોતાની અહંતા, મમતા તથા ફલની આશાને છોડીદઇ કર્મ કરે છે, તે સાત્ત્વિક ત્યાગ કહેવાય છે. એટલે વર્ણાશ્રમપ્રયુક્ત કર્મ ભગવાન્‌ની આજ્ઞાથી કર્તવ્ય છે, એમ સમજીને પોતાની અહંતામમતા છોડીને સર્વ ભગવાન્‌માં અર્પણ કરીને કર્મ કરવાં, એવી રીતનો જે ત્યાગ થાય છે, તે સાત્ત્વિક ત્યાગ કહેવાય છે. તેમાં વળી ભગવાન્‌ની આજ્ઞાનું પરિપાલન સમજીને પુષ્ટિપુરૂષોત્તમનો આશ્રય કરીને સર્વ તેને અર્પણ કરીને ત્યાગ કરે છે, તે નિર્ગુણ ત્યાગ કહેવાય છે. (૯) એવી રીતે ત્યાગ કરનારનું લક્ષણ કહે છે કે, અનિષ્ટ ફલઆપનાર કર્મોનો દ્વેષ ન કરે અને સ્વર્ગાદિક ઇષ્ટફલ આપનારાં કર્મોમાં આસક્તિ ન રાખે, આત્મસુખશિવાય સર્વફલનો ત્યાગ કરેલો હોવાથી અને કર્તાપણાનું અભિમાન છોડેલું હોવાથી અનિષ્ટ ફલઆપનાર કર્મ પ્રમાદીને થઈજાય એવા અભિપ્રાયથી કહ્યું છે. કારણકે "नाविरतोदुश्चरितान्नाशांतो नासमाहितः। नाशांतमानसोवाऽपिप्रज्ञानेनैनमाप्नुयात्" એશ્રુતિમાં દુરાચરણથી નિવૃત્ત ન થયેલ હોય, શાંતચિત્ત ન થયું હોય, સ્થિરતાવાળો ન હોય અને શાંતમનવાળો ન હોય એવો જે હોય તે પ્રકર્ષ જ્ઞાને કરીને પણ આત્મસુખને પ્રાપ્ત થતો નથી, એમ કહેલ છે. ત્યાં પ્રમાદવાળાને કે દુરાચરણથી નિવૃત્ત ન થયેલો હોય તેને જ્ઞાનથી આત્મસુખની પ્રાપ્તિ થતી નથી એમ કહ્યું છે. માટે કર્તાપણાનું અભિમાન રાખી જે કર્મમાં આસક્તિ અને કર્મથી થતાં ફલનો એમ ત્રણેનો ત્યાગ કરવો એજ શાસ્ત્રીયત્યાગ કહેવાય છે. પણ તમામ કર્મનો ત્યાગ કરવો. એ શાસ્ત્રીય ત્યાગ નથી. (૧૦) જેઓએ દેહ ધારણકર્યો છે તેનાથી સમગ્ર કર્મ છોડીશકાતાં નથી, કારણકે દેહ ધારણકરવાના અંગમાં રહેલાં ખાનપાનના સંબંધમાં આવતાં કર્મો છોડીશકાય એમ છેજ નહિ, અને ખાનપાનસંબન્ધી કર્મો કરે એટલે તેને પંચ મહાયજ્ઞ પણ કરવાજ જોઇએ. માટે તે યજ્ઞાદિક કર્મોમાં કર્તાપણાનો, મમતાનો અને ફલનો ત્યાગ કરે એજ ત્યાગ "त्यागेनैके अमृतत्वमानशुः" એશ્રુતિમાં કહ્યો છે, પણ કર્મ કરવાંજ નહિ એવો ત્યાગ કહ્યો નથી, (૧૧) આંહી એવી શંકા થાય છે કે શાસ્ત્રોમાં યજ્ઞાદિક કર્મો કરવાનું જે લખ્યું છે ત્યાં "प्राजापत्यं गृहस्थानाम्" ઇત્યાદિક ફલનો સંબંધ ત્યાં કહેલો છે. તેથી ફલના સંબંધીપણાથી કર્મો કરાય છે, તેથી ફલના સાધનરૂપ સઘળાં કર્મો છે એ જાણીને જો કર્મનું અનુષ્ઠાન કરવામાં આવે તો ખેતરમાં બીજ વાવે, તેની પેઠે ફળની ઇચ્છા ન રાખે તો પણ ઇષ્ટ અને અનિષ્ટ ફળનો સંબંધ થાય, તે પણ છોડવો નહિ જોઇએ, અને તે ફળનો સંબન્ધ રાખે તો તે ફળ મોક્ષનું

વિરોધી હોવાથી મુમુક્ષુપુરુષોએ તેવાં કર્મોનું અનુષ્ઠાન કરવું નહિ જોઇએ એવી રીતની શંકાની નિવૃત્તિમાટે શ્રીકૃષ્ણ ભગવાન્ કહે છે કે નરકાદિક અનિષ્ટ ફળ, સ્વર્ગાદિક ઇષ્ટ ફલ પુત્ર, ધન, પશુ અને અન્નાદિક એ મિશ્ર ફળ છે, એપ્રમાણે કર્મના ત્રણપ્રકારના ફલ ઉપર બતાવ્યાપ્રમાણે અહંતા, મમતા તથા ફળની ઇચ્છા નહિરાખીને ત્યાગકરવારૂપ સંન્યાસ કહેલ છે, તેપ્રમાણે સંન્યાસને નહિ કરનારને થાય છે. કારણ કે કર્મના બીજ અંતઃકરણમાં રહ્યાં હોય તેને કામનાઓની વાસનારૂપ જલનું સિંચન થાય, તેમાંથી તેને ફલ થાય છે, પરંતુ ઉપર બતાવ્યાપ્રમાણે હું કર્મનો કર્તા નથી એવું અનુસંધાન રાખી કર્મમાં આસક્તિ અને કર્મનાં ફળની ઇચ્છા રાખ્યાવગર ભગવાન્‌ને અર્પણકરનાર પુરુષને મોક્ષવિરોધી ફળ કયારે પણ થતું નથી. એ બાબતમાં શ્રી રામાનુજાચાર્યે પણ એવો અભિપ્રાય બતાવ્યો છે કે જીવનનો અધિકાર અને કામનો અધિકાર એ બે અધિકારમાં જેમ કર્મ કરવાનું રહેલ છે, તેમ મોક્ષના અધિકારમાં પણ યજ્ઞાદિકકર્મોનો વિનિયોગ ભગવાન્‌માં કરવાથી તેકર્મનો મોક્ષમાં વિનિયોગ થાય છે. તે વિષે "तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानेन तपसानाशकेन" ઇત્યાદિક શ્રુતિઓથી વર્ણાશ્રમપ્રયુક્તો જે કર્મો કરવામાં આવે છે, તેમાં કર્તાપણાનો, કર્મમાં આસક્તિનો અને કર્મના ફલનો પરિત્યાગ કરવો, એ શાસ્ત્રસિદ્ધ સંન્યાસ છે, અને તેજ ત્યાગ કહેવાય છે. (૧૨) હવે ભગવાનના કર્તાપણાનું અનુસંધાન રાખીને પોતાના કર્તાપણાના અનુસંધાનનો પરિહાર કહેવાય છે કે સત્કર્મમાં પોતાનું કર્તાપણું માને (અર્થાત્ પોતે જે જે સત્કર્મો કર્યાં હોય તેમાં પોતાનું કર્તાપણું માની બડાઈ કરે) તેની જેમ લોકમાં નિંદા થાય છે, તેમ સદ્ધર્મથી કર્મ કરીને પોતાનું કર્તાપણું માને તેની શ્રીકૃષ્ણ—ભગવાને શાસ્ત્રથી નિંદા કરી છે. માટે જ્યારે સત્ત્વાદિક ગુણોનું કર્તાપણું અથવા પ્રારબ્ધનું કર્તાપણું, અથવા ભગવાનની ઇચ્છાનું કર્તાપણું માનીને કર્મ કરે છે તો કર્મ અને કર્મના ફલ તેમાં મમતાનો ત્યાગ થાય છે, એમાં અંતર્યામીપુરુષમાં પોતાના ઇન્દ્રિયાદિકથી કર્તાપણું મુખ્યપણાથી રહેલું છે, એ કર્તાપણું ભગવાને જીવાત્માએ કરીને પોતાની લીલા સિદ્ધ થવામાટે રાખેલ છે. તેથી જીવાત્મા કર્મનો આરંભ કરે છે. તેમાં ભગવાન્‌નીજ સ્વતંત્રતા છે. અને બીજાને કર્તાપણું માનવાથી ભગવાનનું પરતંત્રપણું આવીજાય છે, અને તેમાં ગૌણ કર્તાપણું રહે છે. માટે બ્રહ્મમાં રહેલું કર્તૃત્વાદિક જીવ બ્રહ્મનો અંશ હોવાથી તેમાં આવે છે તેથી કર્મનું સર્વ ફલ ભગવાન્‌ને અર્પણકરીને સર્વ કર્મ કરવાં, એ તત્ત્વ શ્રીકૃષ્ણ ભગવાને ગીતાજીમાં ભાષ્યની રીતે વિસ્તારથી કહ્યું છે કે નિર્ણય કરીને સિદ્ધાંતમાં સર્વ કર્મોની સિદ્ધિમાટે આ પાંચ કારણો કહેલાં છે કે તું મારી પાસેથી સમજ.

સાંખ્યમાં વેદને અનુસારે સૂત્રનો નિર્બંધ દેખાય છે. તેને અનુસારે શરીર, ઇન્દ્રિય-પ્રાણ અને જીવાત્મા એટલાં ઉપકરણો રાખી અંતર્યામી પરમાત્મા ઉત્તમ કર્તા છે, એમ ખાત્રી કરીઆપી છે. તે વિષે બૃહદારણ્યક ઉપનિષદ્‌ના અંતર્યામીબ્રાહ્મણમાં "य आत्मनि तिष्ठन्नात्मानमन्तरो यमयति यमात्मा न वेद यस्यात्मा शरीरं स तआत्मान्तर्या, म्यमृतः" તથા તૈત્તરીય સુવર્ણધર્માનુવાકમાં "अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वात्मा" ઇત્યાદિક શ્રુતિઓમાં સર્વને નિયમમાં રાખવાપણું કેવલ પરમાત્માનેજ બતાવ્યું છે. તેથી જ સ્વતંત્ર કર્તાપણું ભગવાનનુંજ છે, ને તેની ઇચ્છાપ્રમાણે તેમના અંશરૂપ જીવોમાં આવે છે, તે શુદ્ધ કર્તાપણું છે, અને તે શિવાયનું કર્તાપણું પ્રાકૃત છે, તેનો નિષેધ કરાય છે, અને તે આગળ સ્ફુટ થશે. (૧૩) તે સર્વકાર્યોમાં પાંચ કારણો છે તે બતાવે છે કે અધિષ્ઠાન, કર્તા, જુદા જુદા પ્રકારનું સાધન, નહાના પ્રકારની જુદી જુદી ચેષ્ટા અને દૈવ એ પાંચ કારણો છે. એ શરીર, વાણી તથા મનથી જે સારૂં અથવા તો નરસું કર્મ કરે છે, તેમાં તે પાંચ કારણરૂપ છે. એટલે પ્રથમ તો અધિષ્ઠાનરૂપી શરીર કારણ છે, બીજું અહંકારસહિત જીવાત્મા કર્મોનો કર્તા છે તે કારણરૂપ છે, ત્રીજું મનસહિત ઇન્દ્રિયો કારણરૂપ છે. ચોથું પ્રાણાદિકની વૃત્તિઓ એ કર્મ કરાવવામાં પ્રવર્ત્તાવે છે તે કારણરૂપ છે અને પાંચમું દૈવ કારણરૂપ છે આંહી કેટલાક દૈવ એટલે અદૃષ્ટ કારણ માને છે, પણ ખરી રીતે વિચાર કરતાં કર્મમાત્રની સિદ્ધિ થવામાં મુખ્ય કારણરૂપ અંતર્યામી છે, તે આ ગીતાજીમાં પ્રથમથી જ કહેવાયું છે કે સર્વના હૃદયમાં રહેલ છે, તેમ શ્રીઆચાર્યચરણોએ "અંતઃકરણ પ્રબોધ"માં આજ્ઞા કરી છે કે कृष्णात्परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितम् તેમ વ્યાસસૂત્રમાં કર્ત્તાપણું કોનું છે? એ શંકા કરીને "परात्तु तच्छ्रुतेः" એ સૂત્રના ભાષ્યમાં જીવનું કર્ત્તાપણું સ્વતઃ છે કે બ્રહ્મથી છે ? એવી શંકા કરીને परात् બ્રહ્મથી છે એમ શ્રુતિથી સિદ્ધકરેલું છે, એટલે શ્રુતિમાં બ્રહ્મનું કર્ત્તાપણું નિરૂપણ કરીને જીવમાં કર્મોનું કર્ત્તાપણું, જે આવે છે તે બ્રહ્મની પ્રેરણાથી આવે છે એમ સિદ્ધ કર્યું છે, તેમ यथा च तक्षोमयथा એ સૂત્રના ભાષ્યમાં કર્મકરવાવાળા અને ભોગવનારનો ભેદ દેખાયછે, તેવી રીતે આંહી પણ કર્ત્તા તથા ભોક્તાનો ભેદ હશે એમ શંકા કરીને સમાધાન કરેલ છે કે જેમ સુતાર પોતાને માટે રથ કે ગાડીને કરીને તેપર બેશીને રથનો કે ગાડીનો ઉપયોગ લે છે, તેવી રીતે ભગવાને આ જગત્ કર્યું છે, તેમાં તે ક્રીડા કરે છે, અને ભગવાન્ તો સર્વના હિત માટે યત્ન કરે છે, જેટલાં કર્મો છે તેટલાં બધાં દુઃખરૂપ છે એમ કંઈ કહીશકાતું નથી કારણ કે દુગ્ધપાનાદિરૂપ કર્મ સુખરૂપ જોવામાં આવે છે, માટે ક્રીડારૂપ સ્વાર્થ અને જીવોને પોતાના આનંદનો અનુભવ કરાવારૂપ પરાર્થ, એમ ભગવાન્‌માં કર્ત્તાપણું એ બન્ને રીતે સિદ્ધ છે. અને परात्तु तच्छ्रुतेः એ સૂત્રથી કર્ત્તાપણું બ્રહ્મમાં જ રહેલું

છે તે જીવ બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મનો સંબન્ધ જીવને હોવાથી જીવમાં કર્ત્તાપણું અને જીવપાસે કરાવનારપણું આવે છે, માટે "नान्योतोऽस्ति द्रष्टा" ઇત્યાદિક શ્રુતિમાં સર્વકર્ત્તાપણું બ્રહ્મનું જે નિરૂપણ કર્યું છે તે ઘટે છે, તેમ "यमुन्निनीषति तं साधु कर्म कारयति यमधो निनीषति तमसाधु कर्म कारयति" એ શ્રુતિમાં જીવ કર્મ કરે છે તે ભગવાન્‌ની પ્રેરણાથીજ કરે છે એટલે ભગવાન્‌માંજ કરાવનારપણું સિદ્ધ થાય છે "सर्वकर्त्ता सर्वभोक्ता सर्वनियन्तेति" ઇત્યાદિક શ્રુતિઓમાં સર્વકરવાપણું બ્રહ્મનેજ છે એમ નિરૂપણ કર્યું છે, અને ભગવાન્ સર્વરૂપ હોવાથી ભગવાન્‌માં દોષ આવતો નથી, તે વિષે વ્યાસસૂત્રમાં કહેલ છે કે "कृतप्रयत्नापेक्षस्तु विहितप्रतिषिद्धवैय्यर्थ्यादिभ्यः" અનાદિપણાથી ભગવાન્‌જ સર્વ કરાવે છે, તે કર્મથી જીવોને સુખ તથા દુઃખો મળે તેમાં ભગવાન્‌માં વિષમતા તથા નિર્દયતારૂપ દોષ આવે છે, કારણ કે જ્યારે પોતેજ સર્વને કર્મ કરાવે છે ત્યારે એકની પાસે સારાં કર્મ કરાવી સુખરૂપ સારૂં ફ્લ આપે છે અને બીજા પાસે નઠારાં કર્મો કરાવી દુઃખરૂપ નરસું ફ્લ આપે છે તેમાં સુખ દુઃખ આપવા માટેજ તેવાં કર્મો કરાવે છે, એવું સિદ્ધ હોવાથી ભગવાન્‌માં આવતા નિર્દયતા તથા વિષમતાના દોષનો પરિહાર થતો નથી એપક્ષને સૂત્રમાં રહેલ "तु" શબ્દ નિવારણ કરે છે, અર્થાત્ ભગવાન્‌માં વિષમતા તથા નિર્દયતાનો દોષ આવતો નથી, કારણ કે જીવોનું જેવા કર્મો કરવામાં પ્રયત્ન જોવામાં આવે છે તે કર્મ કરાવી તેનું ફ્લ આપે છે, એટલે પ્રયત્નપર્યન્ત જીવનું કૃત્ય છે અને તે પછી ભગવાન્ પોતે કરાવે છે, દાખલા તરીકે પિતા પુત્રને કે ઉપદેશક બાળકને પદાર્થમાત્રના ગુણદોષો બતાવી અમુક કર્મથી અમુક સારૂં ફ્લ થશે અમુક કર્મથી અમુક નઠારૂં ફ્લ થશે એમ સમજાવે છે તો પણ જેવાં કર્મ કરવામાં તેના પ્રયત્નનો અભિનિવેશ લાગેલો હોય, તેવાં કર્મોનું ફ્લ મળ્યાશિવાય તે પાછો હઠે એમ ન હોય તેની પાસે તેવાંજ કર્મો કરાવે છે, અને તેઓના કર્મને અનુસારે તેઓને તેવાં ફ્લ આપે છે, તે સમયે કર્માનુસાર ફ્લ આપવામાં ભગવાન્‌ની જે ઇચ્છા હોય તેનોજ અનુવાદ "જેને ઉંચો લઈ જવાની અર્થાત્ સારૂં ફ્લ આપવાની ઇચ્છા હોય તેની પાસે સારાં કર્મ કરાવે છે, અને જેને નીચે લઈ જવાની અર્થાત્ નઠારૂં ફ્લ આપવાની ઇચ્છા હોય છે તેની પાસે નઠારાં કર્મો કરાવે છે,'' એ શ્રુતિમાં કરેલો છે, જો તેમ ન હોય તો યજ્ઞાદિક શાસ્ત્રોમાં વિહિત છે અને વિપ્રહનનાદિક નિષિદ્ધ છે, તેની વ્યર્થતા થાય, કેમકે ભગવાન્‌જ પોતાની ઇચ્છાથી સારૂં કે નઠારૂં ફ્લ આપવા સારૂ કર્મ કરાવતા હોય તો વેદાદિકમાં વિહિત અને નિષિદ્ધ કર્મો જીવોની કર્ત્તવ્યતામાં બતાવ્યાં છે, તે બતાવવાં નહિ જોઇએ, કેમકે ભગવાન્‌જ કર્મો કરાવનારા છે, તેમાં જીવોને આ કર્મ કર્ત્તવ્ય છે અને આ કર્મ અકર્ત્તવ્ય છે એમ

કહેવું વ્યર્થ છે. માટે આંહી એમ સમજવાનું છે કે ભગવાન્‌માં અપ્રામાણિકતા નથી, પરંતુ ભગવાન્ ફલ આપે છે તેમાં તેના કર્મની અપેક્ષા રાખે છે એટલે જેવાં તેના કર્મો હોય છે, તેવાં તેને ફલ આપે છે, અને કર્મના ગુણદોષો ભગવાને વેદાદિમાં બતાવેલા છે, તે છતાં જેવાં કર્મો કરવામાં તેનો અભિનિવેશ હોય છે, તે પ્રમાણે તેઓની પાસે કર્મો કરાવે છે, અને સારાં કે નરસાં કર્મો કરવાની તેની ઇચ્છા થાય છે, તેમાં ચાલતા પ્રવાહની અપેક્ષા રાખે છે, એવી મર્યાદા રાખવા માટેજ વેદાદિ શાસ્ત્રો ભગવાને પ્રકટ કરેલાં છે, (જેમ રાજાની દૃષ્ટિમાં સર્વ પ્રજા સમાન છે, છતાં તેમણે કાયદો બાંધેલો છે અને તે કાયદો પ્રજામાં જાહેર કરેલો છે, છતાં કાયદાથી વિરૂદ્ધ જે વર્તે છે તેને શિક્ષા કરે છે અને જે કાયદાપ્રમાણે વર્તે છે તેને માન આપે છે, તેમાં રાજાઓપર વિષમતા તથા નિર્દયતારૂપ દોષ આવતો નથી, કારણ કે સઘળી પ્રજાને નિયમમાં રાખવા માટેજ કાયદા ઘડી જાહેર કર્યા છે,) માટે બ્રહ્મમાં વિષમતા તથા નિર્દયતાનો ગંધ પણ નથી, જ્યારે કર્મને અનુસારેજ ફલ આપે છે ત્યારે ઈશ્વર કર્મ સાપેક્ષજ હોવાથી ઈશ્વરપણું કર્મમાંજ આવે છે, પણ ભગવાન્‌માં આવી-શકતું નથી, એવો તર્ક આંહી કરવાનો નથી, કારણ કે દાખલા તરીકે રાજા જેમ કાયદાને અનુસારે ફલ આપે છે, તેમાં રાજાની સત્તા ઓછી થતી નથી, પણ પ્રજાને નિયમમાં રાખવા માટે રાજાએ કાયદાઓ બાંધેલા છે, તેવી રીતે સર્વ મનુષ્યોને ધર્મની મર્યાદામાં ચલાવવા માટે વેદાદિ શાસ્ત્રો પ્રકટ કરેલાં છે, તેની મર્યાદાપ્રમાણે જીવોએ ચાલવું જોઇએ કારણ કે મર્યાદામાર્ગનું ધોરણજ તેવી રીતનુંજ છે, અને જેમ ફાંસીની શિક્ષાપામેલા મનુષ્યને ફાંસી એ ચડાવવા લઈ જતા હોય ત્યાં સરકારની મહેરબાનીથી બારોનેટના ઇલકાબને પાત્ર થયેલા માણસની ગાડી જો ફાંસીવાળે રસ્તેથી પસાર થાય તો ફ્રાંસીની શિક્ષા પામેલો માણસ તેશિક્ષાથી મુક્ત થાય છે, તેવીરીતે ભગવાન્‌ના અનુગ્રહનું જે પાત્ર હોય તેઓને કર્મને અનુસારે ફલ આપવાનો નિયમ રહેતો નથી. એ ભગવાન્‌ના અનુગ્રહનું ફલ છે, એમ સૂત્રમાં કહીને વ્યાસજીએ એવો ઉપદેશ કર્યો છે કે જો કર્મના ફ્લથી મુક્ત થવું હોયતો ભગવાન્‌ના અનુગ્રહના પાત્ર થાઓ, એ સૂત્રનું સ્મરણ આપી શ્રીકૃષ્ણ ભગવાન્ અર્જુનને એવો બોધ કરે છે કે જો તું મારી આજ્ઞા પ્રમાણે વર્ત્તનાર થઇશ તો મારા અનુગ્રહને પાત્ર થઇશ, ૧૪–૧૫

એવી રીતે અધિષ્ઠાન, કર્ત્તા, જુદા જુદા પ્રકારનું કરણ, નહાના પ્રકારની જુદી જુદી ચેષ્ટા અને પાંચમું દૈવ એમ કર્મમાત્રમાં પાંચ કારણ છે, તે છતાં કેવલ પોતાના આત્માનેજ જે પુરૂષ કર્ત્તા દેખે છે, તેણે બુદ્ધિથી ખરો વિચાર કરેલો નહિ હોવાથી દુર્મતિવાળો હોઇ ને કાંઈ દેખતો નથી,(૧૬) જેને અધિષ્ઠાનાદિકમાં મુખ્ય કરવાપણાનું અનુસંધાન હોવાથી આ કર્મ હું કરૂં છું એવું અભિમાન નથી અને

કર્મમાં આસક્તિનથી તથા તેનું ફલ મળવામાં જેની બુદ્ધિ લિપ્ત થતી નથી, તે ભીષ્મ-દ્રોણાદિકતો શું પરંતુ આ સમગ્ર ત્રણે લોકને મારીને પણ તે મારવારૂપ કર્મથી બંધાતો નથી (અર્થાત્ તેનું ફલ તેને ભોગવવું પડતું નથી,) આ જ વાત આ ગીતાજીના પાંચમા અધ્યાયના આઠમા, નવમા અને દશમા શ્લોકથી કહી છે કે ઇન્દ્રિયોથી સર્વ કાર્યો કરતો હોય તો પણ સાક્ષાત્ કર્ત્તા પરદેવતારૂપ નિર્દોષપૂર્ણગુણવિગ્રહ—પરબ્રહ્મમાં અનુસંધાન રાખીને કર્મ કરે તે જલથી જેમ કમલપત્ર લેપાતું નથી તેમ લેપાતો નથી, (૧૭) માટે ઉપર જે ઉપદેશ કરેલો છે, તે સત્ત્વની વૃદ્ધિ જ્યારે થાય ત્યારે જ સિદ્ધ થાય છે. તેસારૂ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણથી સર્વ વિચિત્રતા થયેલ છે તે બતાવીને સાત્ત્વિક ભાવ ગ્રહણકરવાયોગ્ય છે એમ જણાવવા માટે ત્રૈગુણ્યનો વિસ્તાર કરી કર્મની ચોદનાનો પ્રથમ પ્રકાર કહે છે કેઃ—

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसंग्रहः ॥ १८ ॥
ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ।
प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि ॥ १९ ॥
सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥ २० ॥
पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान् पृथग्विधान् ।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥ २१ ॥
यत्तु कृत्स्नवदेकस्मिन्कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥ २२ ॥
नियतं संगरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत् तत् सात्त्विकमुच्यते ॥ २३ ॥
यत्तु कामेप्सुना कर्म साहंकारेण वा पुनः ।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ॥ २४ ॥
अनुबन्धं क्षयं हिंसामनपेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म तत्तामसमुदाहृतम् ॥ २५ ॥
मुक्तसंगोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते ॥ २६ ॥
रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ॥ २७ ॥

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ॥ २८ ॥
बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनञ्जय ! ॥ २९ ॥
प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ ! सात्त्विकी ॥ ३० ॥
यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ ! राजसी ॥ ३१ ॥
अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान् विपरीतांश्च बुद्धिः सा पार्थ ! तामसी ॥ ३२ ॥
धृत्या यया धारयते मनः प्राणेन्द्रियक्रियाः ।
योगेनाऽव्यभिचारिण्या धृतिः सा पार्थ ! सात्त्विकी ॥ ३३ ॥
यया तु धर्मकामार्थान् धृत्या धारयतेऽर्जुन ! ।
प्रसंगेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ ! राजसी ॥ ३४ ॥
यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुञ्चति दुर्मेधा धृतिः सा पार्थ ! तामसी ॥ ३५ ॥
सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ! ।
अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति ॥ ३६ ॥
यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥ ३७ ॥
विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥ ३८ ॥
यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥ ३९ ॥
न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥ ४० ॥
ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ! ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥ ४१ ॥
शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥ ४२ ॥

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥ ४३ ॥
कृषिगोरक्षवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्याऽपि स्वभावजम् ॥ ४४ ॥
स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभेत नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु ॥ ४५ ॥
यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥ ४६ ॥
श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ ४७ ॥
सहजं कर्म कौन्तेय ! सदोषमपि न त्यजेत् ।
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥ ४८ ॥
असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥ ४९ ॥

અર્થ—ज्ञान, ज्ञेय (કર્ત્તવ્યકર્મસંબંધી સાધન,) परिज्ञाता (એપ્રકારના કર્મને જાણનાર) એપ્રમાણે કર્મનો વિધિ ત્રણપ્રકારનો કહ્યો છે, ભટ્ટે કહ્યું છે કે चोदना चोपदेशश्च विधिश्चैकार्थवाचिनः કર્મ કરવાની પ્રેરણા, કર્મ કરવાનો ઉપદેશ અને કર્મ કરવાનો વિધિ એ એક અર્થને કહેનારા છે એપ્રમાણે વેદમાં કર્મનો વિધિ ત્રણગુણરૂપ કહ્યો છે, માટે જ કહ્યું છે કે "त्रैगुण्यविषया वेदाः" (વેદો ત્રણ ગુણોના વિવેચનતરફ પ્રવૃત્ત છે) એટલે વેદમાં પણ ત્રણપ્રકારનો કર્મસંગ્રહ ઠરાવ્યો છે, करण કર્મ કરવાના સાધનરૂપ ઇન્દ્રિયાદિક અને દ્રવ્યાદિક कर्म (યાગવિગેરે) कर्त्ता (યાગવિગેરેનો કર્તા) એપ્રમાણે ત્રણપ્રકારનો કર્મસંગ્રહ છે, (૧૮) ज्ञान (જે પહેલાં કહેવામાં આવ્યું છે તે) कर्म (જે કરવામાં આવતું છે તે) અને कर्त्ता (કર્મને કરનારો) એઓ સત્ત્વવિગેરે ગુણોના ભેદથી ત્રણપ્રકારના, સાંખ્યશાસ્ત્રમાં કહેવાય છે, તે તું બરાબર સાંભળ. (૧૯) જેજ્ઞાનથી બ્રાહ્મણ, ક્ષત્રિય, બ્રહ્મચારી અને ગૃહસ્થ એવાં રૂપથી કર્મના અધિકારી થયેલા બ્રાહ્મણપણા વિગેરે આકારો એકગુણવાળા નથી તેમ એક પણ નથી, તેઓમાં એક આકારવાળો આત્મારૂપી ભાવ, નાશના સ્વભાવવાળા શરીરોમાં પણ અવિકૃત અને ફલવિગેરેના સંગને અયોગ્ય છે એમ કર્મ કરવાના અધિકાર વખતે પણ જે જુવે છે તે જ્ઞાન સાત્ત્વિક છે એમ સમજ. (મતલબ કે આત્મા સઘળા શરીરોમાં અવિકૃત છે એવી ઉચ્ચ દૃષ્ટિ કર્મ કરવાના

અધિકાર વખતે હોતી નથી તોપણ તેવી દૃષ્ટિ કર્માધિકારીને પણ રાખવી જોઇએ તેવી દૃષ્ટિ રાખે તે સાત્ત્વિક કહેવાય.) આવાં કારણથી શ્રીભાગવતમાં કહ્યું છે કે, एष नित्योऽव्ययः सूक्ष्म एष सर्वाश्रयः स्वदृक् (આ આત્મા નિત્ય છે, અવિનાશી છે, સૂક્ષ્મ છે, સઘળાના આશ્રયરૂપ છે અને સ્વયંપ્રકાશ છે) એકજ આત્મા સઘળાઓના આશ્રયરૂપ છે અને જીવ અણુ તથા અવિનાશી છે એવું જે જ્ઞાન તે સાત્ત્વિક કહેવાય છે. (૨૦) સર્વ પ્રાણીઓમાં રહેલા જુદા જુદા પ્રકારના અનેક પદાર્થોને જુદા છે એમ સમજે તે જ્ઞાન રાજસ છે એમ સમજ. (૨૧) પ્રેત અને ભૂતગણના આરાધન-રૂપ એક કર્મમાં ચોંટી ગયેલું કારણવગરનું અને તત્ત્વાર્થવગરનું અલ્પજ્ઞાન સમગ્ર-જ્ઞાનની માફક થયું હોય તે તામસ જ્ઞાન કહેવાય છે.(૨૨) હવે અનુષ્ઠાન કરવાયોગ્યકર્મના ગુણથી ત્રણપ્રકારના ભેદ કહે છે કે શ્રુતિમાં વર્ણાશ્રમને લઇને કહેલ એવું અને એકર્મનો હું કર્તા છું ઇત્યાદિક અહંતામમતાથી રહિત, રાગદ્વેષ છોડીદઇને મમતાના પરિત્યાગ પૂર્વક ફલની ઇચ્છાવગર જે કર્મ કરવામાં આવે છે તે સાત્ત્વિક કહેવાય છે. (૨૩) કામની ઇચ્છાથી અર્થાત્ ફલનું અનુસંધાન રાખીને હું કર્મનો કર્તા છું અને મને આનું ફલ મળવાનું છે એમ અહંતામમતાપૂર્વક ઘણી મહેનતવાળું જે કર્મ કર-વામાં આવે તે રાજસ કર્મ કહેવાય છે. (૨૪) દુઃખ, ક્ષય, હિંસા અને પોતાનું પૌરૂષ વિચાર્યાવગર મોહથી જેકર્મનો આરંભ કરવામાં આવે છે તે તામસ કર્મ કહેવાય છે. (૨૫) હવે કર્મકરનારના ત્રણ ભેદ કહે છે કે, કર્મનું ફલ મને મળવાનું છે એવા પ્રકારનો સંગ જેણે છોડેલો છે, હું આકર્મનો કર્તા છું એવાં અભિમાનથી રહિત, કર્મની સિદ્ધિ અને અસિદ્ધિમાં કર્મનો કર્તા જે નિર્વિકાર હોય છે તે સાત્ત્વિક કહેવાય છે, (આ સાંખ્યયોગના સારનો ઉપદેશ ભગવાને કહ્યો છે તે અર્જુનને તેવી રીતે અહંતામમતારહિત થઇને કર્મ કરવાના અભિપ્રાયથી કહેલ છે. (૨૬) કર્મના ફળમાં પ્રીતિવાળો, લોભીઓ, હિંસામાં પ્રીતિરાખનારો અને અપવિત્ર કર્તા રાજસ કહેવાય છે અને તેને કર્મનું ફલ મળતું નથી પણ હર્ષ અને શોકજ મળે છે, (૨૭) શાસ્ત્રીય કર્મનો અધિકારી છતાં જે શાસ્ત્રથી વિરૂદ્ધ કર્મકરનારો છે, જેણે વિદ્યા મેળવી નથી, કર્મકરવામાં શિથિલ છે, અભિચારાદિકકર્મોમાં પ્રીતિરાખનાર શઠ છે, કર્મનો બદલો લેનાર ઠગ, કર્મમાં આલસુ, કર્મકરવામાં ખેદકરનારો અને એક કામમાં ઘણો વખત લગાડનારો એવાં કર્મ કરનારો તામસ કહેવાય છે, (૨૮) હવે કર્તાના ત્રણ ભેદ બતાવવાથી જ્ઞાતાના પણ ત્રણ ભેદ કહેવાઈગયા, તેમ કર્મના સ્થલમાં કર્મના ત્રણ ભેદ કહેવાથી જે જાણવાનું છે તેના પણ ત્રણ ભેદ આવીગયા, હવે બુદ્ધિના ત્રણ ભેદ તથા ધૃતિના ત્રણ ભેદ સત્ત્વાદિગુણોથી કહેવાની પ્રતિજ્ઞા શ્રીકૃષ્ણ ભગવાન્ કરે છે કે નિશ્ચયરૂપ બુદ્ધિનો ભેદ અને ધૃતિનો ભેદ ગુણથી ત્રણ-

પ્રકારનો છે, તે ધનંજય! જુદી રીતે કહું છું, તે તું સાંભળ. (૨૯) અભ્યુદયના સાધનરૂપ પ્રવૃત્તિમાર્ગ અને મોક્ષના સાધનરૂપ નિવૃત્તિમાર્ગને આ કરવાનું કર્મ છે, આ કર્મ કરવાનું નથી, આ કર્મથી ભય થાય છે, આ કર્મથી અભય થાય છે, અને આમ વર્તવાથી બંધ થાય છે અને આમ વર્તવાથી મોક્ષ થાય છે તે જાણનારી બુદ્ધિ પાર્થ! સાત્ત્વિક સમજવી. જેબુદ્ધિએકરીને ધર્મને અધર્મ સમજે, કર્તવ્યને અકર્તવ્ય સમજે એ યથાર્થ જાણે નહિ તે બુદ્ધિ, રાજસ સમજવી. (૩૧) તમોગુણથી વીંટાયેલી જે બુદ્ધિ અધર્મને ધર્મ માને તેવી જ રીતે તમામ અર્થોને વિપરીત માને તે બુદ્ધિ પાર્થ! તામસ સમજવી. (૩૨) યોગેકરીને વ્યભિચાર ન પામે એવી જેધારણાવડે કરીને મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાને ધારણ કરીરાખે તે બુદ્ધિ પાર્થ! સાત્ત્વિકી સમજવી. (૩૩) અર્જુન! જેધૃતિએ કરીને ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગને ધારણ કરે છે અને પ્રસંગે ફલની ઇચ્છા રાખે છે, તે ધૃતિ પાર્થ! રાજસી સમજવી. (૩૪) જે ધૃતિએ કરીને સ્વપ્ન, ભય, શોક, ખેદ અને મદને દુષ્ટબુદ્ધિવાળો છોડતો નથી, તે ધૃતિ પાર્થ! તામસી સમજવી. (૩૫) સુખ ત્રણપ્રકારનું છે એમ પ્રતિજ્ઞા કરીને કહે છે કે અર્જુન! હવે સુખ ત્રણપ્રકારનું છે એ મારાથી સાંભળ, જેસુખમાં લાંબાવખતના અભ્યાસથી લોકો અનુક્રમે સંપૂર્ણ પ્રીતિને માને છે અને સાંસારિક દુઃખના સંપૂર્ણ છેડાને મેળવી શકેછે, (૩૬) તેવાતને સ્પષ્ટ કરે છે કે જે સુખ ઉપાયની શરૂઆતમાં તો ઘણા પરિશ્રમથી સાધ્ય હોઇને તથા શુદ્ધ આત્મસ્વરૂપના અનુભવના અભાવને લીધે વિષની માફક દુઃખરૂપ જ જણાય છે, અને પરિણામમાં આત્મસ્વરૂપનો આવિર્ભાવ થાય ત્યારે સુખરૂપ થાય છે તે સુખ પોતાની બુદ્ધિની પ્રસન્નતાથી ઉત્પન્ન થયેલ સાત્ત્વિક સુખ છે, એમ કહ્યું છે. (૩૭) જે સુખ વિષયો (શબ્દાદિક) અને ઇન્દ્રિયોના સંયોગથી પ્રથમ તો અમૃતજેવું જણાય છે અને પરિણામમાં તો વિષની માફક દુઃખરૂપ નીવડે છે તેસુખને રાજસ કહ્યું છે, (૩૮) જે સુખ અનુભવની પહેલાં અને અનુભવ પછી પોતાને મોહકરનારૂં છે, માટે નિદ્રા, આલસ્ય અને પ્રમાદથી ઉત્પન્ન થતાં સુખને તામસ કહ્યું છે, તેથી સાત્ત્વિક સુખજ ગ્રહણ કરવાયોગ્ય છે એમ ઉપદેશ કર્યો છે. (૩૯) બીજું શું કહેવું પણ પૃથ્વીમાં કે સ્વર્ગમાં દેવતાઓમાં એ સત્ત્વાદિક પ્રાકૃતગુણોથી મુક્ત થયેલ પ્રાણી કોઇ પણ નથી, પૃથ્વીપર અવતરીને જેમનો મહિમા પ્રકાશમાન છે તેવા દેવતાઓમાં પણ ક્રિયાએ કરીને સગુણપણું જ છે, (આ પ્રાકૃતભગવત્સંબંધી ત્રણ ગુણો છે, તે ગુણો પ્રાકૃત ગુણોના કાર્યનો નાશ કરનાર છે એમ માનવું જોઇએ, જો તેમ માનીએ નહિ તો પ્રકૃતિથી થયેલા ગુણોથી મુક્ત પૃથ્વી આદિમાં કોઈ સત્ત્વ નથી એમ શ્રીકૃષ્ણ ભગવાન્ કહે નહિ, તેમ ભગવાન્‌ના ગુણાવતારરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ પણ અપ્રાકૃત ન થતાં પ્રાકૃત

થઈ જાય, માટે પ્રકૃતિના સત્ત્વગુણો જુદા છે અને ભગવત્સંબન્ધી સત્ત્વાદિ ગુણો જુદા છે, એમ સ્વીકારવુંજ જોઇએ, તેથીજ શ્રીભાગવતના દ્વિતીયસ્કંધમાં "सत्त्वं रजस्तम इति निर्गुणस्य गुणास्त्रयः" એમ નિર્ગુણના ત્રણ ગુણો કહ્યા છે, તે સત્, ચિત્ અને આનંદાત્મક છે એમ સમજવું, તે અપ્રાકૃત ગુણોને લઇને ભગવાનની લીલા તથા શ્રીગોપીજનોના સ્વરૂપોનું પણ નિર્ગુણપણું દશમસ્કંધમાં કહ્યું છે તે ભગવાનના ગુણોને લઇને કહ્યું છે એમ સમજવું, તેને લીધે જ "लोकवत्तु लीला कैवल्यम्" એ વ્યાસસૂત્રમાં લોકને અનુસરનારી ભગવાનની લીલા મોક્ષરૂપ છે એમ કહ્યું છે. તેથી ભગવાનના સત્ત્વાદિક ગુણોથી યુક્ત જે જે હોય તે ગુણાતીત છે એમ સમજવું. (૪૦) ઉપર ત્યાગ કરવાનું જે વિવેચન કર્યું છે તે ઉપરથી એમ સમજવું કે "त्यागेनैकेऽमृतत्वमानशुः" એ શ્રુતિમાં મોક્ષના સાધનપણાથી સંન્યાસ શબ્દના અર્થરૂપ જે ત્યાગ લખેલો છે, તે ઉપર જે ત્યાગનું નિરૂપણ અમે કર્યુંછે, તેથી બીજો ત્યાગ નથી, એટલે પોતાનું કર્ત્તાપણું કર્મમાં આસક્તિ અને ફલના ત્યાગરૂપ ત્યાગ કરવાનો અભિપ્રાય છે, પણ કર્મ છોડવાનો અભિપ્રાય નથી, એ સર્વ સગુણના નિરૂપણમાં સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે, તેથી તે થાય છે, અર્થાત્ સત્ત્વગુણની વૃદ્ધિનું કાર્ય છે, એવી રીતે કર્મકરવાના અધિકારીઓ બ્રાહ્મણાદિકના સત્ત્વાદિક ગુણના ભેદથી જુદી જુદી વૃત્તિઓની સાથે કર્ત્તવ્યકર્મનું સ્વરૂપ નિરૂપણ કરે છે કે સ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણોએ કરીને પરંતપ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો તેના જુદા જુદા વિભાગથી રહેલાં કર્મો છે, સંસ્કારાત્મક સહજસ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણોએ કરીને સર્વ કર્મોના જુદા જુદા ભેદ છે, તેમાં સ્વભાવથી થયેલા ગુણોએ કરીને સાત્ત્વિક બ્રાહ્મણો સરજેલા છે, સાત્ત્વિક રાજસ ક્ષત્રિયો સરજેલા છે, તામસ રાજસ વૈશ્યો સરજેલા છે, અને તામસ શૂદ્રો સરજેલા છે, એઓના સ્વભાવમાં ફેરફાર થાય તેમાં પોતાની પૂર્વની પ્રકૃતિ જ કારણરૂપ છે, (૪૧) તેમાં બ્રાહ્મણોનું સ્વાભાવિક વૃત્તિકર્મ કહે છે કે શમ, (મહારામાં બુદ્ધિની નિલતા જીતેંદ્રિયતા, તપ, પવિત્રતા, શાંતિ, સરલતા, શ્રુતિનું જ્ઞાન, પરમાત્માનું જ્ઞાન અને આસ્તિકતા, એ સ્વભાવથી ઉત્પન્નથયેલાં બ્રાહ્મણનાં કર્મો છે, (૪૨) ક્ષત્રિયોના સ્વાભાવિક વૃત્તિકર્મ કહે છે કે શૂરવીરતા, તેજ, ધીરજ (નપુંસકપણું નહિ) ડહાપણ, લડાઇમાં પાછી પેની નહિદેવી, દાન દેવું અને બીજાઓપર પોતાનો દાબ બેસાડવો એઓ સ્વભાવથી ઉત્પન્ન થયેલાં ક્ષત્રિયોના કર્મો છે. (૪૩) વૈશ્ય અને શૂદ્રોના સ્વાભાવિક કર્મ કહે છે કે ખેડ, ગાયની રક્ષા અને વેપાર, (વ્યાજવટાવનો વંધો વેપારમાં આવીજાય છે માટે તે ધંધાને વાણિજ્યથી જુદો ગણ્યો નથી,) એઓ સ્વભાવથી ઉત્પન્ન થયેલાં વૈશ્યોનાં કર્મો છે, અને સેવારૂપ કર્મ શૂદ્રનું પણ સ્વાભાવિક છે, આંહીઆં શૂદ્રોનું જે સેવારૂપ કર્મ કહેવામાં આવ્યું તે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોનીજ સેવા

કરવી, નહિ કે તે શિવાય બીજાની એવી મર્યાદા છે, આવી સેવા જો ભગવાનની કરવામાં આવી હોય તો તે સધળા વર્ણોને ઉત્તમ ફલ આપનારી નીવડે છે, કારણ કે यद्वृत्त्या तुष्यते हरिः (જેઓની સેવાથી ભગવાન્ પ્રસન્ન થાય છે) એ વાક્યમાં એમ કહ્યું છે (૪૪) એ પ્રકારે પોતપોતાના કર્મો પોતાને સિદ્ધિના કારણરૂપ છે એમ કહે છે, પોતપોતાના કામમાં પ્રીતિપામેલો માણસ સિદ્ધિને પામે છે, (આમ કહીને ભગવાન્ પરાયા ધર્મથી અડકાવવા માંગે છે) પોતાના કર્મમાં પ્રીતિપામેલો માણસ શી રીતે સિદ્ધિને પામે છે, તે તું સાંભળ (૪૫) પોતાના કર્મમાં પ્રીતિપામેલો માણસ શી રીતે સિદ્ધિને પામે છે તે બાબત દોઢ શ્લોકથી કહે છે, જેથી પ્રાણીઓની પ્રવૃત્તિ થઈ છે અને જે ભગવત્સ્વરૂપ અક્ષરબ્રહ્મથી આ સધળું જગત્ વ્યાપ્ત છે, તેનીજ પોતાના કર્મોથી સેવા કરીને (નહિ કે બીજા દેવની) માણસ મુક્તિને પામે છે (૪૬) પોતાના કર્મોથીજ સિદ્ધિ મળવાનું દૃઢ કરે છે, પોતાનો ધર્મ ગુણરહિત હોય તો પણ તે સારી રીતે પાળવામાં આવતા પરાયા ધર્મથી કલ્યાણકારક છે, બ્રાહ્મણ અને ક્ષત્રિય વિગેરેનો જે જે સ્વભાવ છે, તે તે સ્વભાવમાં નક્કી કરેલ કર્મને જે કરે તે તો પાપને પામતો નથી, (જેમ કે ક્ષત્રિયનું યુદ્ધવિગેરે સ્વાભાવિક કર્મ છે એટલે તારૂં યુદ્ધાદિક કરવાનું કર્મ યોગ્ય છે એમ સમજવું. એમ નહિકરનાર ક્ષત્રિય પાપને પામે છે) એટલે "कर्मनिष्ठैव ज्यायसी" એ ત્રીજા અધ્યાયમાં કહેવામાં આવેલ બાબતનું વિવરણ કરીને ભગવાન્ ઉપદેશ કરે છે એમ સમજવું (૪૭) જો સાંખ્યદૃષ્ટિથી સ્વધર્મમાં હિંસા લક્ષણ દોષ માનીને પરધર્મને ઉત્તમ માનતો હો તો પરધર્મમાં પણ સદોષપણું તો તુલ્ય જ થાય છે, માટે કર્મમાં નિષ્ઠા રાખવી તેજ ઉત્તમ છે એમ જે પ્રથમ કહ્યું છે, તેનું સ્મરણ કરાવી શ્રીકૃષ્ણ—ભગવાન્ કહે છે કે કૌંતેય! પોતાના મુખ, બાહુ, ઉરૂ અને પાદથી આશ્રમોસહિત વર્ણો જ્યારે ભગવાને સરજ્યા ત્યારે સાથેજ જે કર્મ સરજેલું છે તે સહજ કર્મ કહેવાય છે, તે કર્મ દોષસહિત હોય તો પણ તેને છોડવું નહિ, જ્ઞાનીએ પણ લોકસંગ્રહમાટે પણ કર્મ કરવું એજ ઉત્તમ છે, અથવા દોષશબ્દથી દુઃખ સમજવું, એટલે કર્મ અથવા તો જ્ઞાનને આરંભ કરે તેમાં દુઃખ રહેલું છે, તેથીજ પ્રથમ સાત્વિક સુખમાં કહ્યું છે કે અગ્રમાં વિષજેવું અને પરિણામમાં અમૃતજેવું, તેનું કારણ એજ છે કે ધૂમથી જેમ અગ્નિ વીટાયેલો હોય છે, તેમ સર્વે કાર્યોના આરંભો દોષથી વીટાયેલા હોય છે, અગ્નિ પ્રકટ કરવો હોય તો પ્રથમ ધૂમજ થાય અને તે ધૂમને જ્યારે સહન કરીએ ત્યારે પ્રકાશરૂપ અગ્નિ થાય, તેવી રીતે દુઃખ સહન કરીએ તો આગળ આત્માનો પ્રકાશ થાય, (૪૮) પ્રથમ જે ત્યાગનું સ્વરૂપ કહ્યું છે તેનું ફરીથી સ્મરણ કરાવે છે કે સર્વ કર્મમાં કર્તાપણાનો, આસક્તિનો અને ફળનો ત્યાગકરનાર, અંતઃકરણને જીતનાર અને સ્પૃહારહિત એટલે ભગવદ્વ્યતિરિક્તમાં ઇચ્છા

નહિરાખનાર પુરૂષ પ્રથમ જે સંન્યાસનું સ્વરૂપ કહ્યું છે તે સંન્યાસે કરીને પરમ એવી નૈષ્કર્મ્યસિદ્ધિને મેળવે છે. (૪૯)

હવે શ્રીકૃષ્ણ–ભગવાન્ અર્જુનને વિશેષ કહે છે કેઃ–

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाऽऽप्नोति निबोध मे ।
समासेनैव कौन्तेय ! निष्ठा ज्ञानस्य या परा ॥ ५० ॥
बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।
शब्दादीन् विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥ ५१ ॥
विविक्तसेवी लघ्वाशी यत्तवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥ ५२ ॥
अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥ ५३ ॥
ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति नकाङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ ५४ ॥
भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥ ५५ ॥
सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥ ५६ ॥
चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥ ५७ ॥
मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथचेत्त्वमहंकारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ॥ ५८ ॥
यदहंकारमाश्रित्य न योत्स्यइति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥ ५९ ॥
स्वभावजेन कौन्तेय ! निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात् करिष्यस्यवशोऽपि तत् ॥ ६० ॥
ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन ! तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥ ६१ ॥
तमेव शरणं गच्छ सर्वभावेन भारत ! ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥ ६२ ॥
इति ते ज्ञानमाख्यातं गुह्याद् गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥ ६३ ॥

અર્થ—અર્જુન ! જ્ઞાનની જે છેલ્લી સ્થિતિ છે, તે સ્થિતિરૂપ સિદ્ધિને પામેલ હોય તો પણ જીવતાંજ આંહી જેરૂપે અક્ષરબ્રહ્મને પ્રાપ્ત થાય છે તે મારાથી ટુંકામાંજ સમજ. (૫૦) જીવતાંજ અક્ષરબ્રહ્મને પ્રાપ્ત થવાનો ઉપાય ત્રણ શ્લોકથી કહે છે કે ઉપર બતાવેલ કર્મનું કર્ત્તાપણું, કર્મમાં આસક્તિ અર્થાત્ કર્ત્તાપણાનો આસક્તિનો તથા ફલનો ત્યાગ કરવાથી વિશેષે કરીને શુદ્ધ થયેલી સાંખ્યમાર્ગીય બુદ્ધિથી યુક્ત થયેલ પુરૂષ યોગે કરીને, વ્યભિચાર ન પામે એવી ધૃતિથી આત્માને નિયમમાં રાખીને પોતાના અંતર્યામીના ધ્યાનમાં એકનિષ્ઠાવાળો શબ્દાદિ વિષયોનો ત્યાગ કરીને રાગદ્વેષને છોડીદઇને એકાંતનું સેવનકરનારો, હલકા ખોરાકખાનારો, વાણી, મન અને કાયાને નિયમમાં રાખનાર, પોતાના અતર્યામીના ધ્યાનમાં નિષ્ઠાવાળો, વૈરાગ્યનો સારી રીતે આશ્રયકરનાર અર્થાત્ સર્વ કર્મોમાં અહંતામમતારહિત, અહંકાર, બલ, અભિમાન, કામ, ક્રોધ અને પરિગ્રહને છોડીને મમતારહિત અને શાંત થયેલો પુરૂષ બ્રહ્મપણામાટે કલ્પાય છે, અર્થાત્ જ્યારે પુરૂષ એવી રીતનો થાય ત્યારે તેમાં આનંદાંશનો આવિર્ભાવ થાય છે, એટલે પ્રથમથીજ સત્ અને ચિત્ એ અંશો હતા અને પાછલથી આનંદાંશનો આવિર્ભાવ થયો ત્યારે પોતાના આત્માને હું બ્રહ્મરૂપ છું એવો યથાર્થ અનુભવ કરે છે, એ જ્ઞાનની પરાનિષ્ઠા છે, આનંદાંશ ભગવદ્ગુણ છે તેનો અવિર્ભાવ થયો એટલે તે બ્રહ્મરૂપ છે એવો વ્યપદેશ થયો. તેબાબત "तद्गुणसारत्वात्तु तद्व्यपदेशः प्राज्ञवत्" એ વ્યાસસૂત્રમાં નિરૂપણ કરી છે, તેનું વિવેચન અણુભાષ્યમાં શ્રીઆચાર્યચરણોએ કર્યું છે, (૫૩) ત્યાર પછી અક્ષરબ્રહ્મ થયેલો પુરૂષ શોક કરતો નથી કે કાંઈ પણ ઇચ્છા રાખતો નથી કારણ કે તેનું અંતઃકરણ પ્રસન્ન થઇગયું છે, સર્વ ભૂતમાં તે સમદૃષ્ટિવાળો થાય છે, તે મારી પરા ભક્તિને મેળવે છે, એટલે એ બ્રહ્મરૂપ થયેલો અને સર્વથી નિરપેક્ષ શુકદેવજીની માફક જ્ઞાનથી પણ ફલરૂપ એવી ક્ષર અને અક્ષરથી અતીત પુરૂષોત્તમરૂપ જે હું તેની શ્રવણાદિક નવપ્રકારની પ્રેમલક્ષણા પરાભક્તિને પ્રાપ્ત થાય છે, તે બાબત શ્રીભાગવતના પ્રથમસ્કંધમાં શૌનકાદિકે સૂતપૌરાણિકને પૂછ્યું છે કે નિવૃત્તિમાં પ્રીતિરાખનારા અને સર્વત્ર ઉપેક્ષારાખનારા આત્મારામ શ્રીશુકદેવજી એવી મોટી શ્રીમદ્ભાગવતરૂપી સંહિતા કેમ ભણ્યા ? તેના ઉત્તરમાં સૂતપૌરાણિકે કહ્યું છે કે "आत्मारामाश्च मुनयो निर्ग्रंथा अप्युरुक्रमे ॥ कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः" (જે મુનિઓ આત્મારામ હોય છે તેઓને કોઇ પણ ગ્રન્થના અભ્યાસનું પ્રયોજન નથી, તોપણ ઉરૂક્રમ ભગવાન્‌માં ફલાનુસંધાનરહિત ભક્તિને કરે છે કારણ કે આત્મારામ મુનિઓનું પણ ચિત્ત ખેંચાય એવા ગુણવાળા ભગવાન્ છે) એ વાક્યથી જે અક્ષરબ્રહ્મનિષ્ઠ જ્ઞાનીઓ જીવન્મુક્ત છે તેને

પણ શ્રીપુરૂષોત્તમની ભક્તિ પરમપુરૂષાર્થરૂપ છે એવો શ્રીકૃષ્ણ–ભગવાનનો અભિપ્રાય છે, પણ સાંખ્યાદિકથી આત્માનાત્મનો વિવેક થવાથી બ્રહ્મની સાથે એકતા થવી એ પરમ પુરૂષાર્થ શ્રી કૃષ્ણ–ભગવાને માનેલ નથી, આંહી એવી શંકા નહિ કરવી કે ઉપર બ્રહ્મભૂત થયાનું ખલેલ છે, તે બ્રહ્મની સાથે એકતાબનાવનાર નથી પણ ભક્તિએકરીને ભગવાનનું સ્વરૂપ જાણીને ત્યાર પછી તેમાં પ્રવેશ કરે છે એમ આગલ કહેવાશે એજ બ્રહ્મની સાથે એકતાબનાવનાર છે. એવી શંકા કરવી યોગ્ય નથી. કારણ કે "ब्रह्मभूतः" એમ કહેલ છે, ત્યાં બ્રહ્મરૂપ થયાનો નિર્દેશ કર્યો છે. અને ત્યાર પછી તેને ભક્તિ મળવાનું કહીને તે ભક્તિથી મને તત્ત્વથી જાણે છે એમ શ્રીકૃષ્ણ–ભગવાને કહ્યું છે, ત્યાં અક્ષરાતીત–પુરુષોત્તમસ્વરૂપ–શ્રીકૃષ્ણને તત્ત્વથી જાણવાનો અભિપ્રાય છે, તેસારુ ત્યાં "अभिजानाति" એ સ્થલે "अभि" ઉપસર્ગ મૂકેલો છે, એટલે બ્રહ્મજ્ઞાનવાળો જીવન્મુક્ત ભક્તિને પ્રાપ્ત થઇને તેભક્તિથી જ્યારે પુરુષોત્તમના અભિજ્ઞાનવાળો થાય છે ત્યારે તેનો શ્રીપુરુષોત્તમમાં પ્રવેશ થાય છે, એવો તેનો સ્પષ્ટ અર્થ છે, બ્રહ્મમાં પ્રવેશ થવાનો તેનો અર્થ નથી, માટે અક્ષરબ્રહ્મના જ્ઞાનરૂપ પ્રમાણમાર્ગથી શ્રીપુરુષોત્તમના સંબંધમાં જેનું પર્યવસાન છે એવો આ પ્રમેયમાર્ગ અધિક છે, અક્ષરબ્રહ્મના જ્ઞાનમાર્ગમાં અક્ષરબ્રહ્મનું ઉપાસન છે. અને તેનાથી તેને શ્રવણાદિકની ઇચ્છા થાય છે, તે બ્રહ્મનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાથી અક્ષરબ્રહ્મની સાથે એકતારૂપ ફલ થાય છે. અને ભગવન્માર્ગમાં તો ભગવત્સંબન્ધી સ્વધર્મોના આચરણદ્વારા શ્રીપુરુષોત્તમનું ભજન થાય છે, અને તેમની કૃપાએકરીને અક્ષરબ્રહ્માત્મક ભાવ થયા પછી પણ શ્રવણ, કીર્તન અને સેવનાદિકે કરીને શ્રીશુકદેવજી તથા ઉદ્ધવાદિકની માફક શ્રીપુરુષોત્તમની ભક્તિ થવાથી શ્રીપુરુષોત્તમમાં પ્રવેશ થાય છે, એવી રીતે જ્ઞાનીઓનો અક્ષરબ્રહ્મમાં પ્રવેશ થાય છે અને ભક્તોનો પૂર્ણ–પુરુષોત્તમ–શ્રીકૃષ્ણ–ભગવાનમાં પ્રવેશ થાય છે, એ સર્વ હકીકત "गतेरर्थवत्त्वमुभयथाऽन्यथा हि विरोधः" એ વ્યાસસૂચના ત્રીજા અધ્યાયના ત્રીજા પાદના સૂત્રના ભાષ્યમાં મર્યાદા અને પુષ્ટિ એવા બેપ્રકારની ગતિ કહેલી છે, ત્યાં વિસ્તારથી નિરૂપણ કર્યું છે, (૫૪) બ્રહ્મજ્ઞાનીની ઉપર ભગવાનનો અનુગ્રહ થવાથી તેને પરા ભક્તિ થાય તે તેની નિર્ગુણ ભક્તિ છે, તે ભક્તિએ કરીને પુરુષોત્તમસ્વરૂપ જે હું જેવો અને જેવા અલૌકિક, અનંત, ઐશ્વર્યાદિ ગુણોથી જેવી લીલાના પરિકરસહિત પ્રાકૃતગુણની સૃષ્ટિથી રહિત બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન્ એવા ભેદથી વેદ, ગીતાજી અને શ્રીમદ્ભાગવતમાં હું પ્રસિદ્ધિમાં આવ્યો છું, તેનું તેને અભિજ્ઞાન થાય છે, તે અભિજ્ઞાનનુંસ્વરૂપ શ્રીભાગવતના દ્વિતીય સ્કંધમાં શ્રીભગવાને ચતુઃશ્લોકી ભાગવતથી બ્રહ્માને ઉપદેશ કર્યો છે, તેમાં કહ્યું છે કે "यावानहं यथाभावो यद्रूपगुण-

कर्मकः। तथैव तत्त्वविज्ञानमस्तु ते मदनुग्रहात्" (હું જેટલો, જેવા ભાવવાળો, અને જેવા રૂપ, ગુણ અને કર્મવાળો છું. તેવુંજ તત્ત્વજ્ઞાન મારા અનુગ્રહથી તને થાઓ) એમ બ્રહ્માજીને ભગવાને કહ્યું છે, તેજ જ્ઞાન આંહી તત્ત્વથી જાણવાનું કહ્યું છે, તેજ જ્ઞાન શ્રીકૃષ્ણ-ભગવાને કહ્યું છે, એટલે તેવાં જ્ઞાનથી પુરૂષોત્તમરૂપ જે હું તેમાં પ્રવેશ કરવારૂપ ફલ કહ્યું છે, તેથી બ્રહ્મમાં પ્રવેશ થવારૂપ ફલ સમજવાનું નથી, તેથીજ નિબંધમાં શ્રી-આચાર્યચિરણોએ આજ્ઞા કરી છે કે શ્રીકૃષ્ણની સેવાથી નિર્ગુણ મુક્તિ થાય છે અને બીજા દેવની સેવાથી સગુણ મુક્તિ થાય છે, તેમ સેવાફલમાં અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને વૈકુંઠાદિકમાં સેવોપયોગી દેહ એમ ત્રણપ્રકારે સેવાનાં ફલ કહ્યાં છે, અથવા "आविशते" એવું પદ કાઢીને શ્રીપુરૂષોત્તમથી આવિષ્ટ થાય છે, તેથીજ દશમસ્કંધની સુબોધિનીજીમાં શ્રીઆચાર્યચરણોએ વ્યાખ્યાન કરેલ છે કે "वैय्यासकिः सभगवान्" એટલે વ્યાસના પુત્ર શ્રીશુકદેવજી દશમસ્કંધની કથાનો જ્યારે પ્રારંભ કરવા લાગ્યા ત્યારે તેના અંતઃકરણમાં ભગવાન્ પધાર્યા અને તે પછી ભગવાનસહિત થઇને કથા કહેવા લાગ્યા છે, એમ બતાવવા માટે "सभगवान्" એ વિશેષણ શ્રીશુકદેવજીનું મૂકયું છે, તેથીજ પંચાધ્યાયીના પહેલા અધ્યાયમાં अन्तर्गृहगता મુક્ત થયેલાના પ્રસંગમાં પરીક્ષિતે પ્રશ્ન કરેલ છે, કે શ્રીકૃષ્ણને તેઓ કાંત જાણતા હતાં પણ પરમબ્રહ્મ જાણતાં ન હતાં, એવી રીતે ગુણબુદ્ધિવાળાં તેઓ હતાં તેઓને ગુણપ્રવાહનો ઉપરમ કેમ થયો! તેના ઉત્તરમાં શ્રીશુકદેવજીએ શ્રીકૃષ્ણનો દ્વેષ કરનાર શિશુપાલ મુક્ત થયો, ત્યારે શ્રીકૃષ્ણની પ્રિયાઓ મુક્ત કેમ જ થાય નહિ? એમ કહીને ભગવાન્‌ની સાથે નિરંતર કામ, ક્રોધ, ભય, સ્નેહ અને ઐક્ય તથા સૌહૃદ કરનારા તન્મયતાને પ્રાપ્ત થાય છે, માટે જેઓ "अन्तर्गृहगता" શ્રીકૃષ્ણથી મુક્ત થયેલ છે, તેમાં તમારે વિસ્મય કરવાજેવું નથી. એમ શ્રીશુકદેવજીએ ખુલાસો કર્યો છે ત્યાં શ્રીસુબોધિનીજીમાં यत एतत् પદનો અભિપ્રાય કહ્યો છે કે શ્રીશુકદેવજી ભાવનાએ કરીને શ્રીગોકુળમાં રહીને ઉત્તર આપે છે, તેથી એમ સમજવાનું છે કે શ્રીશુકદેવજી બ્રહ્મભૂત હતા તોપણ શ્રીપુરૂષોત્તમની ભક્તિના તત્ત્વના જ્ઞાનથી શ્રીપુરૂષોત્તમથી આવિષ્ટ થઇને તેમની લીલાના મધ્યપાતી થયા છે એમ નિશ્ચય થાય છે, ત્યાર પછી તેમને શ્રીભગવાન્‌ની સાથે કાંઈ અંતર રહેતો નથી, તે વિષે તૈત્તરીય બ્રહ્માનંદ વલ્લીમાં કહ્યું છે કે "ब्रह्मविदाप्नोति परम्" "तदेषाभ्युक्ता" "सत्यं ज्ञानमनन्तं ब्रह्म" "योवेद निहितं गुहायां परमेव्योमन् सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता (બ્રહ્મને જાણનાર પરમબ્રહ્મને પ્રાપ્ત થાય છે, તે વાત પરબ્રહ્મજાણનારાઓએ સન્મુખ કરીને આજ્ઞા કહી છે કે સત્ય, જ્ઞાન અને અનંતરૂપ બ્રહ્મને જે જાણે છે, તે હૃદયાકાશરૂપ ગુહામાં પરમ વ્યોમાત્મક પ્રકટ થયેલ અક્ષર બ્રહ્મ રહેલું છે, તેને જાણનાર

જ્ઞાની નાના પ્રકારના ભોગમાં ચતુર એવા પરબ્રહ્મની સાથે સર્વ કામોને ભોગવે છે,) એ પ્રમાણે શ્રુતિમાં નિરૂપણ કર્યું છે તેથી બ્રહ્મજ્ઞાનના માર્ગ કરતાં ભગવદ્ભક્તિના માર્ગમાં વિલક્ષણતા છે, કારણ કે જે ભક્તિમાર્ગમાં પ્રમાણ અને પ્રમેય ભગવાનજ છે, એમ બતાવ્યું છે, (૫૫) હવે સઘળાં કર્મો પણ કહેવામાં આવેલ પ્રકારથી જો કરવામાં આવે તો તેનું આજ પરિણામ આવે છે એમ કહે છે, હમેશાં જે ભગવન્માર્ગમાં પ્રવૃત્ત થયેલો તારા જેવો સઘળાં લૌકિક અને વૈદિક સ્વધર્મરૂપ કર્મોને મને અધીન થઇને કરતો એવો એટલે ભગવાનજ અંતર્યામી કર્મ કરવામાં મને પ્રેરણા કરે છે, અને તેની ઇચ્છાથી કરેલું કર્મ બંધકરનારૂં હોતું નથી, એમ માની મારો આશ્રય કરનારો મારી કૃપાથી શાશ્વત અને અવિનાશી અક્ષરધામને પામે છે, આપણ એક મુખ્ય છે "अवाप्नोति" ના અવ ઉપસર્ગથી એમ સૂચવ્યું છે કે ભક્તિના તત્ત્વના જ્ઞાનથી પુરૂષોત્તમનું સાયુજ્ય મળે છે (૫૬) માટે તું પણ યોગ અને ભક્તિની વાસનાવાળાં ચિત્તથી સાક્ષાત્ કર્તારૂપ તથા પરદેવતારૂપ મારામાં સર્વ કર્મોનું અનુસંધાન કરીને હું કર્તા નથી મારો અંતર્યામી મુખ્ય કર્તા છે તે સઘળું કરે છે, હું તેને અધીન છું અને તે જેમ પ્રેરણા કરે છે તેમ કરૂં છું એવા અભિપ્રાયથી અથવા તો મારી કહેલ બાબતને કરનારો થઇ મને પરાયણ હોઇ કહેવામાં આવેલ સાંખ્ય અને યોગના આશ્રયરૂપ બુદ્ધિયોગનો આશ્રય કરીને હમેશાં મારામાં ચિત્ત રાખનારો થા, (૫૭) તે પછી શું થાય છે તે તું ધ્યાન રાખ કે તું મારામાં ચિત્ત રાખીને સઘળાં કષ્ટોને તરીશ. અને જો આ મારા સિદ્ધાંતને અહંકારથી બીજાના સિદ્ધાંતનો અનુવાદ કરતો શંકા કરી નહિ સાંભળીશ તો સાધારણ માણસની માફક માર્યો જઇશ (૫૮) તેજ કહે છે કે જો અહંકારનો આશ્રય કરીને "હું લડાઈ કરીશ નહિ" એમ માનીશ તો આ તારો નિશ્ચય ખોટો છે કારણ કે મારી આજ્ઞા પ્રમાણે વર્તનારી ગૌણ સ્વભાવરૂપ પ્રકૃતિ તને તે યુદ્ધમાં જોડીદેશે જ (૫૯) આ ગીતાજીના બીજા અને ત્રીજા અધ્યાયમાં કહેવા પ્રમાણે સ્વભાવથી થયેલાં પોતાના કર્મોએ કરીને તું હમેશાં બંધાયેલો છો, કૌંતેય! મોહથી જે કરવાની તું ઇચ્છા કરતો નથી તે પરવશ થઇને પણ કરીશ જ (૬૦) હવે પ્રાકૃત ભૂતસમૂહના નિયંતારૂપે હું રહ્યો છું, તેમણે સર્વ પ્રાણીમાત્ર પ્રાકૃત કર્મોને અનુકૂલ એવી લીલાએ કરીને પ્રકૃતિને અનુસરવામાં નિયમિત રાખેલ છે, એવો બ્રહ્મસૂત્રનો સિદ્ધાંત કહે છે કે સર્વને નિયમમાં રાખનાર વાસુદેવ, લીલાએ કરીને ઉચ્ચ નીચ ભાવથી સરજેલા બ્રહ્માથી માંડી સ્થાવર સુધી સર્વ ભુતોના હૃદયદેશમાં રહેલા છે, તે છતાં તે નિર્લેપ છે, તેથી તે ઈશ્વર કહેવાય છે તેથીજ શ્વેતાશ્વતર ઉપનિષદ્માં કહેલ છે કે "आकाशवत्सर्वगतः एको देवः सर्वभूतेषु गूढः साक्षी चेता केवलो निर्गुणश्च"

એવી રીતે ચેતનરૂપ સ્વયંપ્રકાશ પ્રદીપની માફક સ્વપ્રકાશ હોઇને યંત્રમાં રહેલા હોય તેને જેમ ભમાવે તેવી રીતે પોતાની માયાએ કરીને સર્વને ભમાવે છે. એટલે પોતે નિર્માણ કરેલ દેહ ઇન્દ્રિયાદિમાં સર્વ પ્રાણીઓ બેઠા છે. તેની અનુકૂલતાથી સર્વને પ્રવર્ત્તાવી રહ્યા છે, આ બાબત પંદરમા અધ્યાયમાં सर्वस्य चाहं हृदि सन्निविष्टः કહ્યું છે તેના ભાષ્યરૂપ છે. (૬૧) અર્જુન ! માટે સર્વના નિયંતા સર્વના ઈશ્વર અને શરણાગતનું રક્ષણકરનાર તે ભગવાન્નેજ સર્વ પ્રકારે શરણે જા, જો તેની શરણે નહિ જા તો મારી પ્રકૃતિની પ્રેરણાથી તારાથી યુદ્ધ કરવાનો નિશ્ચય અટકાવાશે નહિ એટલે મતલબ કે જો તું તારા સ્વભાવ ઉપર આવીને યુદ્ધ કર તેના કરતાં મારી આજ્ઞાથી યુદ્ધ કર એ વધારે સારૂં છે, મારી કૃપાથી પરમ શાંત તથા શાશ્વત સ્થાનને પામીશ (આ વિષયનું એકંદર તાત્પર્ય એવું આવ્યું કે ભગવાન્ની આજ્ઞાથી સ્વધર્મ કરવાનું ઇષ્ટ છે, અને તેમ કરવાથી કરનારને બંધ થતો નથી,) (૬૨) આખી ગીતાના અર્થનો ઉપસંહાર કરતાં કહે છે કે એ પ્રમાણે છાનામાં છાનું જ્ઞાન મેં તને કહ્યું છે, (નિઃસીમ કરૂણાના સમુદ્રરૂપ ભગવાને જે જ્ઞાન કહ્યું છે તે જ્ઞાન માટેજ "यत्तद्भगवता गीतं ज्ञानं संग्राममूर्धनि"એ શ્રી ભાગવત માંહેનો પણ જ્ઞાન શબ્દ વાપર્યો છે એટલે સઘળા વેદાંતના સિદ્ધાંતના સારરૂપ આ જ્ઞાન છે એમ જણાય છે) માટે સઘળી રીતે આ વિષયનો નિશ્ચય કરીને જેમ ઈચ્છા હોય તેમ કર (૬૩) આ જ્ઞાન સઘળી રીતે જાણી શકાય નહિ એવું છે માટે ઘણી કૃપા કરવા માગતા ભગવાન્ જ પોતે પોતાના ભક્તને પોતાના તત્ત્વનો ઉપદેશ કરે છે કે—

सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥ ६४ ॥
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसिं मे ॥ ६५ ॥
सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥ ६६ ॥

અર્થ—ફરીને અત્યંત ગુહ્ય મારૂં જે વચન છે, તે તું સાંભળ, તું મને દૃઢ પ્રિય છો, તેથી તારૂં જે હિત છે તે હું કહીશ, આંહી ફરીને ગુહ્યતમ કહેવાનું કહ્યું, તેનો અભિપ્રાય એવો છે કે મૂલ પુરૂષોત્તમસ્વરૂપ પોતેજ છે એમ કહ્યું છે તોપણ (હું તારો રથ હાંકવા બેઠો છું, તે ઉપરથી) મારામાં મનુષ્યબુદ્ધિ રાખીને બીજો કોઈ પુરૂષોત્તમ અંતર્યામીરૂપ નિર્ગુણ પુરૂષોત્તમ હશે, તેનું ભજન કરવાથી હું આજ્ઞા કરૂં છું, એમ સમજવાનું નથી, પણ હુંજ જે પુરૂષોત્તમ છું તેનું ભજન કરવાની હું આજ્ઞા કરૂં છું, એમ કહીને આગલા શ્લોકમાં કહે છે કે સંદેહરહિત થઇને સર્વ વેદાંતથી

જાણવાયોગ્ય, પોતાના આશ્રિતજનોની ઉપર વાત્સલ્યરૂપ જલના સમુદ્રરૂપ અને તારૂં સારથિપણું કરનાર જે હું છું તેનામાં જ મનને ધારણ કર, એમ મે પ્રથમ જે કહ્યું છે, તેનું અનુસંધાન રાખીને મારામાં મન રાખનારો થા, મારોજ ભક્ત થા, વેદમાં યજન કરવાનું જે કહ્યું છે, તે યજન મારૂંજ કરનારો થા, નમન પણ મનેજ કર, આંહી તમામ વાકયમાં નિશ્ચયવાચક "एव" કારની યોજના કરવી, એટલે બીજામાં ભજનવિગેરેનું નિરાકરણ થાય, એવી રીતે મારામાંજ સર્વ ક્રિયા કરીશ, તો તું મનેજ પ્રાપ્ત થઈશ, એ હું સત્ય પ્રતિજ્ઞા કરૂં છું, કારણ કે તું મને પ્રિય છો, તો જે પ્રિય હોય તેને છેતરવાની વાત કહેવાની હોયજ નહિ, માટે તારા હિતની જે ખરી વાત છે. તે કહી છે, એવી રીતે કહીને શ્રીકૃષ્ણ–ભગવાને અર્જુનને ભક્તિમાર્ગનો ઉપદેશ કર્યો છે. ૬૪–૬૫.

હવે જો મારામાંજ સર્વ ક્રિયાઓ અર્પણકરવારૂપ ઉપર ઉપદિષ્ટકરવામાં આવેલ મુખ્ય ભક્તિમાર્ગ છે, તે પ્રમાણે વર્તવાને તું સમર્થ ન હો તો તારાં હિતને માટે તેના બદલારૂપ બીજો ઉપદેશ કરૂં છું, માટે હવે તારે તો મુખ્ય કર્તારૂપ, પરદેવતા પરમાત્મા-રૂપ જે હું છું તેમનામાંજ સર્વ ધર્મ અને કર્મોનો ભાર મૂકીને કેવલ મારીજ શરણે થઇને જેમ હું આજ્ઞા કરૂં છું, તે પ્રમાણે તારે કરવું યોગ્ય છે અને તેવી રીતે કરવાથી તને મોક્ષ પણ થશે એવા અભિપ્રાયથી કહે છે કે સર્વ ધર્મોને ચોતરફથી છોડીદઇને એક મારીજ શરણેજ જા, (અર્થાત્ ચિત્તની વૃત્તિને બીજા સર્વ ધર્મમાંથી કહાડીને એક મારાતરફ ચિત્ત લગાવ,) આ શ્લોકમાં સર્વ ધર્મનો ત્યાગકરવાનું કહીને પોતાનીજ શરણાગતિ કરવાનુંજ વિધાન કરે છે, તેથી આંહી સર્વ ધર્મને છોડવાનું કહ્યું છે, તેથી શરણમાર્ગના વિરોધી જે ધર્મો છે તેનું ત્યાગકરવાનું કહ્યું છે અને શરણમાર્ગને અનુકૂળ જેટલા ધર્મો છે તેનું વિધાન કરે છે એમ સૂચન થાય છે, કારણ કે આની પહેલાના "मन्मनाभव" એ શ્લોકમાં પોતામાંજ સર્વ ક્રિયા અર્પણકરવાનું કહ્યું છે, તેની સાથે સંગતિ ત્યારેજ મળે છે, અથવા સર્વ ધર્મ કરવા છે તે પુરૂષોત્તમરૂપ જે હું તેની પ્રાપ્તિમાટે કરવાના છે, તો ધર્મીરૂપ હું પ્રાપ્ત થયો પછી ધર્મ ગ્રહણકરવાનું કાંઇ કામ નથી, કેમકે શ્રીભાગવતદ્વિતીય સ્કંધમાં કહ્યું છે કે "जह्युः स्वराडिव निपानखनित्रमिन्द्रः" (જેમ મનુષ્યને જલ પ્રાપ્તકરવું હોય તે કોદાળી, કુવાડા અને પાવડો વિગેરે લઇ કુવો ખોદી જળ મેળવે અને જલ મળ્યા પછી કુવાડા અને કોદાળી વિગેરેનું કામ નહિ પડવાથી તેને છોડીદે છે, પણ ઈંદ્ર મેઘનો અધિષ્ઠાતા છે, તેના આધીનમાં સઘળા મેઘ છે તેને કુવાડા અને કોદાળી વિગેરે સાધનોની ગરજ રહેતી નથી, તેવી રીતે સર્વ ધર્મથી થતાં ફલના અધિષ્ઠાતારૂપ મારૂં ગ્રહણ કર્યા પછી કોઇ પણ સાધનરૂપ બીજા ધર્મની જરૂર રહેતી નથી,) અથવા

મારામાંજ મનને ધારણ કર, અને મારામાંજ બુદ્ધિ પ્રવિષ્ટ કર, એમ જે પ્રથમ ઉપદેશ કર્યો છે, ત્યાં "एव" કારથી બીજાનાં ભજનનું નિવારણ કરેલ છે, તેવી રીતે આંહી પણ બીજાના ભજનરૂપ સર્વ ધર્મોને છોડીને પોતાની શરણે આવવાનો ભગવાને ઉપદેશ કર્યો છે, કારણકે મર્યાદામાર્ગમાં પ્રીતિરાખનાર અર્જુનને બીજાના ભજનમાં પ્રવૃત્તિ હતી, તેને પોતાના અનુગ્રહરૂપ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરાવવા સારૂ બીજાના ભજનરૂપ સર્વ ધર્મોનો ત્યાગ કરવાનું ભગવાને કહ્યું છે, તેથીજ મર્યાદામાં પ્રીતિવાળા અર્જુનને બીજાના ભજનરૂપ ધર્મનો ત્યાગ કરવામાં પાપની સંભાવના પણ થાય છે, તે સારૂ શ્રીકૃષ્ણ–ભગવાન્ પોતાના પુષ્ટિ–પુરૂષોત્તમસ્વરૂપનો આવિર્ભાવ કરીને કહે છે કે હું તને સર્વ પાપોથી મુકાવીશ, તું શોક મકર, કારણકે સર્વના નિરોધમાટેજ મારૂં પ્રાકટ્ય છે એવા અભિપ્રાયથી આ ઉપદેશ કર્યો છે, આ સર્વ અભિપ્રાય વેદાંતાચાર્યના પદ્યમાં નિરૂપણ કરેલ છે કેઃ–

न्यासादेशेषु धर्मत्यजनवचनतोऽकिंचनाधिक्रियोक्ता
कार्पण्यं वाङ्गमुक्तं मदितरभजनापेक्षणं वा व्यपोढम् ।
दुःसाध्येच्छोद्यमौ वा क्वचिदुपशमितावन्यसंमेलने वा
ब्रह्मास्त्रन्याय उक्तस्तदिह न विहतो धर्म आज्ञादिसिद्धः ॥

અર્થ–આ ગીતાજીમાં "सर्वधर्मान्परित्यज्य" એમ કહીને સઘળા ધર્મો છોડવાની ભગવાને આજ્ઞા કરી છે તેમજ શ્રીભાગવત એકાદશસ્કંધમાં "धर्मान्संत्यज्य यः सर्वान् मां भजेत स सत्तमः એ શ્લોકમાં પણ ભગવાને ઉદ્ધવજીને સર્વ ધર્મો છોડવાની આજ્ઞા કરી છે, એવી રીતે જ્યાં જ્યાં ધર્મ છોડવાની આજ્ઞા કરી છે, તે શ્રીકૃષ્ણ–ભગવાન્ શિવાય બીજું કાંઇ પણ જેઓને નથી, કિંતુ શ્રીકૃષ્ણ–પરમાત્માજ સર્વસ્વ છે, એવા જે અકિંચન પુરૂષો છે, તેઓને સર્વ ધર્મો છોડવાનો અધિકાર છે એમ કહ્યું છે, અથવા સાધનનું બલ નહિ રાખીને ભ્રમરગીતના "दीना बहव इह विहंगा भिक्षुचर्यां चरन्ति" એ શ્લોકમાં કહ્યા પ્રમાણે ધર્માદિક સાધનબલની આશારહિત થઇને શ્રીગોપીજનોની માફક કેવલ જેઓ ભગવાન્નેજ શરણે રહેલા છે, તેઓની દીનતા ધર્મનો ત્યાગ કરવામાં અંગરૂપ છે, એમ બતાવ્યું છે, અથવા ભગવાન્ શિવાય બીજાના ભજનની અપેક્ષા છોડવાનું કહ્યું છે, એટલે ખેડ કરનાર ખેડુત લોકો જેમ મેઘનીજ આશા ઉપરજ રહે છે તેવી રીતે અનન્ય થઇને મારા શિવાય બીજાના ધર્મરૂપ ભજનને છોડીને કેવલ મારી આજ્ઞાપ્રમાણે વર્તવાનોજ ઉપદેશ કર્યો છે, અથવા ન થઇશકે એવી ઇચ્છા અને તેનો ઉદ્યમ મટાડવા માટે ધર્મનો ત્યાગ કરવાનો ઉપદેશ કર્યો છે, એટલે દ્રોણ, ભીષ્મ વિગેરેને મારવાથી પાપ લાગે તેનું પ્રાયશ્ચિત્ત હું શું કરૂં? એમ અર્જુનને

ઇચ્છા થાય અને તેને માટે પ્રાયશ્ચિત્તરૂપ ધર્મને શોધે તે નહિ કરવા માટે ધર્મના ત્યાગનો ઉપદેશ કર્યો છે, અથવા મારી શરણે આવ્યા પછી બીજા ધર્મોનું કાંઇ પણ મેલન થાય તો બ્રહ્માસ્ત્ર ન્યાય થાય એટલે હનુમાનને બ્રહ્માસ્ત્રથી બાંધેલ હતા, ત્યારે રાવણને બ્રહ્માસ્ત્ર ઉપર વિશ્વાસ ન રહ્યો તેથી લોઢાની સાંકળથી બાંધ્યા કે તુરત સાંકળ ભાંગીને હનુમાન્ ઠેકીને ચાલ્યા, ત્યાં બ્રહ્માસ્ત્રનો પ્રભાવ ચાલ્યોગયો, તેવી રીતે ભગવાન્‌ની શરણે ગયા પછી બીજાના ભજનનો કાંઇ પણ ધર્મ આવે તો ભગવાન્‌ની શરણાગતિ રહે નહિ. એમ બતાવવા માટે શ્રીકૃષ્ણ–ભગવાને સર્વ ધર્મો છોડવાનો ઉપદેશ કર્યો છે, એ પ્રમાણે સંક્ષેપમાં ઉપર લખેલા શ્લોકનો અર્થ કર્યો છે, વિશેષ જાણવાની જેઓને ઇચ્છા હોય તેઓએ શ્રી પ્રભુચરણ (શ્રીગુંસાઇજી) કૃત ન્યાસાદેશની વિવૃતિથી જાણી લેવું. આંહી ધર્મ છોડવાથી થતા પાપથી છોડાવવાનોજ જો શ્રીકૃષ્ણનો અભિપ્રાય હોત તો "मोचयिष्यामि" એમ કહેત પરંતુ "मोक्षयिष्यामि" એમ કહ્યું છે તથા સર્વ ધર્મની મર્યાદામાં જેમનું ચિત્ત પ્રવિષ્ટ છે, એવા અર્જુનને માટે પોતાના આશ્રિત જનોનું પોષણકરનાર ક્લેશવગરનું કર્મકરનારા શ્રી કૃષ્ણ–ભગવાને અત્યંત અનુગ્રહરૂપ પોતાના આશ્રયમાં સ્વીકાર કરવાયોગ્ય મોક્ષ આપ્યો છે, એમ જણાય છે. એટલે કેવળ પાપથી મૂકાવીશ એમ નહિ પણ મારા આશ્રયતલે રાખીને તને મોક્ષ આપીશ, એમ જણાવવા માટે "मोक्षयिष्यामि" એમ કહ્યું છે, આંહી કેટલાક સર્વ ધર્મનો ત્યાગ કરીને ભગવાને પોતાની શરણાગતિનો ઉપદેશ કર્યો છે, તેનો અભિપ્રાય એવો કહે છે કે ભગવાન્‌ની શરણાગતિ ત્રણ પ્રકારની છે, તેમાં સાધનાવસ્થાની શરણાગતિમાં ભગવાન્‌નોજ હું છું એવી ભાવના થાય છે, અને તેનો અભ્યાસ કરતાં કરતાં ભગવાન્ મારાજ છે એમ ભાવના થાય છે, અને તેની પરિપાકદશા થાય છે, ત્યારે ભગવાન્‌જ હું છું એવી ભાવના થાય છે, એમ ત્રણ પ્રકારની ભગવચ્છરણાગતિ છે, એવો ખેંચી તાણીને અર્થ કરે છે, પણ વાંચનારાઓ સહજમાં સમજી શકે તેમ છે કે કોઇની પણ શરણે જવું તેમાં જેની શરણે જવું એટલે તેરૂપ થઇજવું અર્થાત્ તેની બરાબરી કરવી એ શરણાગતિ કહેવાય કે તેમની મોટાઇની ભાવના અને પોતાની દીનતાની ભાવના રાખવી એ શરણાગતિ કહેવાય? એ વાંચનાર વર્ગ વિચાર કરશે ત્યારે ખરો અભિપ્રાય કયો છે? તે સહજમાં સમજીશકશે, માટે અમે જે ઉપર ત્યાગનું સ્વરૂપ બતાવ્યું તેજ ત્યાગ સાંખ્ય અને યોગમાં ભક્તિથી ભગવાન્‌ને અર્થે તે ત્યાગ કહ્યો છે, માટે સર્વ ક્રિયાઓ કરીને હરિ–ભગવાન્‌નુંજ ગ્રહણ કરો, એવી રીતે ગીતાજીનો ઉપદેશ કરનાર જે હું તેની શરણે આવેલો તું નિષ્કામ થઇને પોતાનો ધર્મ મારી આજ્ઞા પ્રમાણે કર, એવી રીતે શ્રી કૃષ્ણના વાક્યોમાં સત્યતત્ત્વ દેખાય છે, કારણ કે શ્રી પુરૂષોત્તમસ્વરૂપ શ્રી કૃષ્ણ મર્યાદાપુષ્ટિમાર્ગના અધિષ્ઠાતા છે, તેથી તે માર્ગને અનુસરીનેજ ઉપદેશ કર્યો છે. (૬૬)

એવી રીતે સમગ્ર ગીતાનો ઉપદેશ કરીને તેનો સંપ્રદાય ચલાવવામાં નિયમ બતાવે છે,

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
नचाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥ ६७ ॥
य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वामामेवैष्यत्यसंशयः ॥ ६८ ॥
न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता नच मे तस्मादन्यः प्रियतमो भुवि ॥ ६९ ॥
अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥ ७० ॥
श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।
सोऽपिमुक्तः शुभांल्लोकानाप्नुयात्पुण्यकर्मणाम् ॥ ७१ ॥
कच्चिदेतच्छ्रुतं पार्थ! त्वयैकाग्रेण चेतसा ।
कच्चिदज्ञानसंमोहः प्रनष्टस्तेधनंजय! ॥ ७२ ॥

અર્થ–તારે આ જ્ઞાન કોઇ દિવસ તપવગરનાને કહેવું નહિ, અભક્તને કહેવું નહિ, સાંભળવાની ઇચ્છા વગરનાને કહેવું નહિ, અને તેમ જે મારી નિંદા કરતો હોય તેને પણ આ જ્ઞાન કહેવું નહિ, (૬૭) ઉપર કહેવામાં આવેલા દોષોથી રહિત તો પોતાના ભક્તોજ છે, તે શિવાય બીજા લોકો દોષરહિત નથી, એમ માની પોતાના ભક્તોને જ્ઞાન દેવામાં ફલ કહે છે, કે જે આ પરમ ગુહ્ય જ્ઞાન મારા ભક્તોને કહેશે, તે મારામાં ભક્તિ રાખીને મનેજ પામશે, એમાં સંશય નથી, (૬૮) જે કોઇ પૃથ્વીપર મનુષ્યોમાં મારા ભક્તોને આ જ્ઞાન આપશે, તેનાથી બીજો કોઇ મારૂં ઉત્તમ પ્રિયકરનાર નથી, અને ઉત્તમ પ્રિયકરનાર થશે પણ નહિ, (૬૯) અર્થ–વગરના પાઠકરનારને પણ ફલ બતાવે છે કે જે આપણ બન્નેના ધર્મયુક્ત આ સંવાદનો જે કોઇ પાઠ કરશે, તોપણ તે જ્ઞાનયજ્ઞથી હું પૂજાઉં છું, એમ મારૂં માનવું છે, (આંહીઆં "अध्येष्यते" એમ કહીને ભગવાન્‌ના નામનો અર્થવગર પાઠ કરવાથી પણ જેમ ભગવાન્‌નાં નામો ફળ આપે છે, તેની માફક આ સંવાદનો પણ અર્થ-વગરનો પાઠ કરવા છતાં પણ તે ફલઆપનાર છે, એમ સૂચવે છે) (૭૦)

શ્રદ્ધાવાન્ અને ઇર્ષ્યાવગરનો થઇને જે માણસ કેવલ આ સંવાદને સાંભળે છે તે પણ મુક્ત થઇને ઉચ્ચ કર્મવાળાને પ્રાપ્ય સારા લોકને પામે છે (૭૧) હવે "कच्चित्" એ પ્રશ્ન મૂકીને ભગવાન્ અર્જુનને સાવધાન કરે છે કે–અર્જુન! તેં એકાગ્રચિત્તથી આ જ્ઞાન સાંભળ્યું કે કેમ? અર્જુન! તારો અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો મોહ નષ્ટ થયો કે કેમ? (૭૨)

अर्जुन उवाच—नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाऽच्युत! ।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥ ७३ ॥
संजय उवाच—इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥ ७४ ॥
व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ।
योगं योगेश्वरात् कृष्णात् साक्षात्कथयतः स्वयम् ॥ ७५ ॥
राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥ ७६ ॥
तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।
विस्मयो मे महान् राजन्! हृष्यामि च पुनः पुनः ॥ ७७ ॥
यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥ ७८ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
मोक्षसन्न्यासयोगो नामाष्टादशोऽध्यायः

હવે અર્જુન કહે છે કે આત્મા અને અનાત્માના અવિવેકસંબન્ધી મારૂં વિપરીત જ્ઞાન જે હતું તે નષ્ટ થયું, અને જેવું જોઇએ તેવા તત્ત્વજ્ઞાનરૂપ સ્મૃતિ આપના પ્રસાદથી મને મળી છે, તેમાં અનાત્મરૂપ પ્રકૃતિ અને પ્રકૃતિના કાર્યમાં પોતાના આત્માના અભિમાનરૂપ મોહ પરપુરૂષાર્થસ્વરૂપપણા વડે કરીને બ્રહ્માત્મક સર્વ ચિત્ અને અચિત્ વસ્તુનો આ બ્રહ્માત્મક નથી, એવા અભિમાનરૂપ અને નિત્ય-કર્માદિક ભગવદર્થે કરવામાં આવે તો ભગવાનની પ્રાપ્તિના ઉપાયરૂપ છે, તે કર્મો બંધનકરનારાં છે, એવો જે મોહ હતો તે નષ્ટથઈ ગયો છે, અને આત્માનું પ્રાકૃત સ્વભાવરહિત જ્ઞાતાપણાના સ્વરૂપનું જ્ઞાન તથા આત્મા અને અક્ષરબ્રહ્મનું ઐક્ય-જ્ઞાન અને અક્ષરબ્રહ્મથી ઉત્તમ અલૌકિક ગુણના સમૂહરૂપ પુરૂષોત્તમ એવા જે પ્રભુ તેની પ્રાપ્તિ તેમના અનુગ્રહરૂપ ભક્તિથી જ થાય છે, અને પરમપુરૂષાર્થરૂપ વાસુદેવ આપ (શ્રીકૃષ્ણ) છો, એવું સ્મૃતિરૂપ જ્ઞાન આપના પ્રસાદથી પ્રાપ્ત થયેલું છે, સાંખ્યોપદેશથી મોહ ગયો છે. અને યોગના ઉપદેશથી સ્મૃતિ પ્રાપ્ત થઈ છે, એ સાંખ્ય અને યોગ જેના અંગ છે એવી ભક્તિ આપના પ્રસાદથી થઈ છે માટે સંદેહ-રહિત થઇને યુદ્ધ કરવા વિગેરે કંઈ જે આજ્ઞા આપ કરશો તે હું કરીશ, (૭૩) એવી રીતે શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદને કહીને ચાલતી કથાનું અનુસંધાન રાખીને સંજય ધૃતરાષ્ટ્રને કહે છે કે, એવી રીતે વાસુદેવ—શ્રીકૃષ્ણ અને પૃથાના પુત્ર અર્જુન

મહાત્માનો અદ્‌ભુત અને રૂંવાણા ઉભાં કરનારો સંવાદ મેં સાંભળ્યો છે. (૭૪) આ સંવાદ તમો (મારી પાસે છેટે બેઠા હોવા છતાં) મેં ન સાંભળ્યો અને તમોએ કેમ સાંભળ્યો? એમ ધૃતરાષ્ટ્ર પ્રશ્ન કરે ત્યાં કહે છે કે વ્યાસજીના પ્રસાદથી સાક્ષાત્ યોગેશ્વર શ્રીકૃષ્ણ પરમ ગુહ્ય યોગ પોતે કહેતા હતા, તે મેં સાંભળ્યો છે, એટલે વ્યાસજીએ મને શ્રીકૃષ્ણ–ભગવાને પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવવા માટે જેમ અર્જુનને દિવ્યચક્ષુ આપ્યાં હતાં તેની માફક મને પણ દિવ્ય ચક્ષુ અને દિવ્ય શ્રોત્ર આપ્યાં હતાં, તેથી મેં સઘળું સાંભળ્યું હતું, આવી રીતના સંજયના વચનથી એમ સિદ્ધ થાય છે કે આ સાક્ષાત્ ભગવાનનાંજ વચન છે, તેથીજ ગીતા માહાત્મ્યમાં કહ્યું છે કે "या स्वयं पद्मनाभस्य मुखपद्मात् विनिःसृता" (જે ગીતાજી સાક્ષાત્ ભગવાન્‌ના મુખકમલથી નીકળી છે,) એથીજ શ્રીમહાપ્રભુજીએ "वेदाः श्रीकृष्णवाक्यानि" એ શ્લોકમાં વેદમાં થતા સંદેહને દૂર કરવા માટે ગીતાજીને પ્રમાણમાં સ્વીકારી તેને શ્રીકૃષ્ણના વાક્યપણું કહ્યું છે, તેથીજ એ ઉપદેશ અર્જુનને બોધકારક થયો છે, અને આનુશાસનિક પર્વમાં "अनुगीता"નો જે ઉપદેશ છે તે આ ગીતાના ઉપદેશનો અંગભૂત છે (૭૫) સંજય ધૃતરાષ્ટ્રને કહે છે કે राजन्! બ્રહ્મા તથા શિવજીને પણ સુખઆપનાર કેશવ ભગવાન્ અને અર્જુનનો અદ્‌ભુત પુણ્યરૂપ આ સંવાદને સંભાળીને હું વારંવાર હર્ષને પામું છું (૭૬) વળી राजन्! શ્રીકૃષ્ણ–ભગવાને અર્જુનને બતાવેલ અદ્‌ભુત વિશ્વરૂપનું વારંવાર સ્મરણ કરીને વિસ્મય થાય છે અને વારંવાર હર્ષને પામું છું, કારણ કે અનેક ધર્મના આશ્રયરૂપ અક્ષરબ્રહ્મ, કાળ, માયાને અતિક્રમ કરીને રહેલું, જેને ઉપમા આપી ન શકાય એવાં મહિમાના સ્થાનરૂપ તે સ્વરૂપ હતું, તેનો સાક્ષાત્કાર થવાથી વારંવાર મને હર્ષ થાય છે, એમ છેવટે કહેવાથી ધૃતરાષ્ટ્રને સંજયે એવો બોધ કર્યો છે કે આ યુદ્ધમાં કોનો જય થશે એ તમારા મનમાં સંશય હતો તે હવે રાખવો નહિ, કારણ કે વિશ્વરૂપ દર્શનમાં ભગવાને અર્જુનને બતાવી આપ્યું છે. (૭૭) વળી વિશેષ કહે છે કે જ્યાં શ્રીકૃષ્ણ ભગવાન્ છે, અને જ્યાં ધનુષ્ ધારણ કરનાર અર્જુન છે, ત્યાં રાજલક્ષ્મી છે, ત્યાં વિજય છે અને ત્યાં નિશ્ચલ નીતિ છે, અને બીજા પક્ષમાં તેમ નથી કારણ કે શ્રીકૃષ્ણ ભગવાન્ શ્રીપતિ છે અને અર્જુન વિજય છે, એ બન્નેનો જ્યાં યોગ હોય ત્યાં સર્વ નિશ્ચળ હોય અને નીતિ હોય એમ મારી મતિ છે એટલે બીજાને મારા પ્રમાણે ભાંસો કે ન ભાંસો પણ મને તો એમજ ભાંસે છે. (૭૮)

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ગુજરાતી ભાષાન્તરનો "મોક્ષસન્યાસયોગ" નામનો અઢારમો અધ્યાય સંપૂર્ણ. (૧૮)

હવે ટીકાકાર ટીકાની સમાપ્તિ થયા પછી નીચે પ્રમાણે ગીતાના સારરૂપ આઠ શ્લોક લખે છે.

यावत्तदुक्तमार्गेण श्रीकृष्णः शरणं मम ।
नरो न भावयेद्भक्त्या तावन्मोहो न नश्यति ॥ १ ॥
सांख्यबुद्ध्यानाऽत्मभिन्ने स्वात्मन्यवगते क्रिया ।
भगवत्यर्पिता कार्या तथा योगधियाऽपि च ॥ २ ॥
साऽपि भक्त्या गमयति श्रीकृष्णस्याक्षरं पदम् ।
तत्रापि पुष्टिभक्त्याहिहरितत्त्वावबोधनम् ॥ ३ ॥
तत्प्रवेशः फलं काम्यं भगवांस्तु परं फलम् ।
सन्न्यस्य सर्वधर्मान् वा शरणं भावयेत् प्रभुम् ॥ ४ ॥
तदाज्ञा धर्मतः सिद्धिरिति गीतार्थसंग्रहः ।
विवेकधैर्यहेतुभ्यामाश्रयोयं निरूपितः ।
तथा सति स्थिता राज्ये भगवद्धर्मतेति च ॥ ५ ॥
कर्मान्तर्गतमेव यत्र विमलं ज्ञानं विशुद्धं परम् ।
साक्षाच्छ्रीपुरुषोत्तमैकविषयं भक्तिश्च निर्हेतुका ।
मर्यादा भुवि पुष्टिरुद्भवमिता गत्या प्रपत्त्यात्मनः ।
सर्वत्यागत एव सेयममला गीता समुद्भासते ॥ ६ ॥
या वेदार्थपराद्धर्यरत्नविलसन्मंजूषिकादूषिका ।
निःसत्वस्य च यंत्रिणा भगवता पार्थार्थमुद्घाटिता ।
स्वस्नेहाद्विमतांतरालतिमिरे श्रीवल्लभाग्रेमया ।
प्रादुर्भावितदीपिकात इह सा संदृश्यतां भोबुधाः ॥ ७ ॥
श्रीवल्लभविभुचरणांबुजयुगविलसद्रजः सनाथेन ।
कृतया तुष्यतु रमया सहहरिरमया सतत्त्वदीपिकया ॥ ८ ॥

અર્થ—જ્યાંસુધી ભગવાને કહેલા માર્ગથી માણસ શ્રીકૃષ્ણ—ભગવાન્ મારૂં શરણ છે એમ ભાવના ન કરે ત્યાં સુધી મોહ નાશ પામતો નથી. (૧) સાંખ્યબુદ્ધિથી અનાત્મભિન્ન પોતાનો આત્મા જાણવામાં આવે ત્યારે ભગવાનને વિષે (પોતાની) ક્રિયા અર્પણ કરવી તેમ યોગબુદ્ધિથી પણ ક્રિયા અર્પણ કરવી, (૨) તે ક્રિયા પણ ભક્તિથી શ્રીકૃષ્ણ—ભગવાનના અક્ષરપદને જણાવે છે, તેમાં પણ પુષ્ટિભક્તિથી ભગવાનના તત્ત્વની સમજ પડે છે, (૩) તેમાં પ્રવેશ કરવો એ મોક્ષની કામનાનું ફલ છે અને ભગવાન્ મુખ્ય ફલ છે, તેમજ સર્વ ધર્મનો ત્યાગ કરીને પ્રભુની શરણભાવના કરવી, (૪) ભગવાનની આજ્ઞારૂપ ધર્મથી સિદ્ધિ છે એમ ગીતાના અર્થનું

તાત્પર્ય છે, વિવેક અને ધૈર્યરૂપ હેતુથી આ આશ્રય નિરૂપણ કરવામાં આવ્યો છે, અને તેમ થવાથી પાંડવોના રાજ્યમાં ભગવદ્‌ધર્મતા રહી છે. (૫) જે ગીતામાં કર્મના પેટામાં રહેલું જ નિર્મલ, શુદ્ધ અને ઉત્તમ જ્ઞાન છે તે જ્ઞાનનો પણ સાક્ષાત્‌ પુરૂષોત્તમ ભગવાનજ વિષય છે, અને નિષ્કામ ભક્તિ એ આ ગીતાજીમાં રહેલ છે, તેમાં આત્માની ઉત્તમ ગતિએ કરીને મર્યાદા અને સર્વનો ત્યાગ કરીને પોતાની શરણાગતિથી પુષ્ટિભક્તિ પ્રકટ કરી છે તે આ શુદ્ધ ગીતાપ્રકાશિત થઇને રહી છે (૬) જે ગીતાજી વેદના અર્થરૂપ કિમતી રત્નોથી સુશોભિત પેટી છે અને નબળા મનવાળા (દૃઢ આશ્રય વગરના) લોકોને દૂષણ આપનારી એવી આ ગીતા ચાવીવાળા ભગવાને અર્જુન માટે ઉઘાડી છે, તે ગીતાજી વિરૂદ્ધમતરૂપ અંધકારમાં શ્રી વલ્લભાગ્નિના પોતાના સ્નેહથી મેં પ્રકટ કરેલ દીપિકાથી પંડિત લોકોએ જોવી જોઇએ, (૭) શ્રીમદ્‌વલ્લભાચાર્યજી—મહાપ્રભુજીના બન્ને ચરણકમલની રજ જેની ઉપર સ્વામીપણું કરે છે, એવી રીતનો હું છું તેણે કરેલ આ તત્ત્વદીપિકાસહિત આ ગીતાજીથી શ્રીલક્ષ્મીસહિત હરિ—ભગવાન્‌ પ્રસન્ન થાઓ.

શ્રીગીતાજી ઉપર તત્ત્વદીપિકા ટીકાનું સંક્ષેપમાં ભાષાન્તર કરનાર શાસ્ત્રી છગનલાલ અમરજીની સર્વ વાચક વર્ગને શ્રી સ્મરણપૂર્વક પ્રાર્થના છે કે સમગ્ર ટીકાના અક્ષરે અક્ષરનું ભાષાન્તર કરવામાં આવે તો અતિ વિસ્તારવાળું થવાથી મોટો ગ્રન્થ થાય તો સાધારણ લોકો લઇ શકે નહિ માટે તેમનો સાર ગ્રહણ કરી ટુંકામાં લખવામાં આવી છે માટે ટીકા જોતાં કાંઇક ન્યૂનાધિકય દેખાય તો તેમાં દોષ કહાડવા જેવું નથી.

ઇતિ શ્રીભગવદ્ગીતા સમાપ્ત.

આ ગ્રંથ મળવાનાં ઠેકાણાં.

પોરબંદર—શ્રી ગોપીનાથજીની હવેલી.

મુંબઈ—શ્રી ચીમનલાલજી મહારાજની હવેલી, ભુલેશ્વર ચકલા.

મુંબઈ—પંડિત જેષ્ઠારામ મુકુંદજીની દુકાન, તેલવાડીના નાકાપર.

મુંબઈ—પંડિત નારાયણ મૂલજીની દુકાન, તેલવાડીના નાકાપર.

નડીઆદ—શા. ત્રીભોવનદાસ પીતાંબરદાસની દુકાને.

ખંભાત—શ્રી જીવનલાલજી મહારાજના મંદીરમાં.